॥ ८ । ४ । २२० ॥ वेष्टः ॥ ८ ४ । २२१ ॥ समोल्लः ॥ ८ । ४ । २२२ ॥ वोदः ॥ ८ । ४ । २२३ ॥ स्विदां ज्जः ॥ ८ । ४ । २२४ ॥ व्रज-नृत-मदां च्चः ॥ ८ । ४ । २२५ रुद्-नमोर्वः ॥ ८ । ४। २२६ ॥ उद्विजः ॥ ८ । ४ । २२७ ॥ खाद्-धावोर्लुक् ॥ ८ । ४ । २२८ ॥ सृजो रः ॥ ८ । ४ । २२९ ॥ शकादीनां द्वित्वम् ॥ ८ । ४ । २३० ॥ स्फुटि-चलेः ॥ ८ । ४ । २३१ ॥ प्रादेर्मीलेः ॥८ । ४ । २३२ ॥ उवर्णस्याव : ॥ ८ । ४ । २३३ ॥ ऋवर्णस्यार : ॥ ८ । ४ । २३४ ॥ वृषादीनामरिः ॥ ८ । ४ । २३५ ॥ रुषादीनां दीर्घः ॥ ८ । ४ । २३५ ॥ युवर्णस्य गुणः ॥ ८ । ४ । २३७ ॥ स्वराणां स्वराः ॥ ८ । ४ । २३८ ॥ व्यञ्जनाददन्ते ॥ ८ । ४ । २३९ ॥ स्वरादनतो वा ॥ ८ । ४ । २४० ॥ चि-जि-श्रु-हु-स्तु-लू-पू-धूगां णो ह्रस्वश्च ॥ ८ । ४ । २४१ ॥ न वा कर्म-भावे व्वः क्यस्य च लुक् ॥ ८ । ४ । २४२ ॥ म्मश्चेः ॥ ८ । ४ । २४३ ॥ हन्खनोऽन्त्यस्य ॥ ८ । ४ । २४४ ॥ ब्भो दुह-लिह-वह-रुधामुच्चातः ॥ ८ । ४ । २४५ ॥ दहो ज्झः ॥ ८ । ४ । २४६ ॥ बन्धो न्धः ॥ ८ । ४ । २४७ ॥ समनूपाद्रुधेः ॥ ८ । ४ । २४८ ॥ गमादीनां द्वित्वम् ॥ ८ । ४ । २४९ ॥ हृ-कृ-तृ-ज्रामोरः ॥ ८ । ४ । २५० ॥ अर्जेर्विढप्पः ॥ ८ । ४ । २५१ ॥ ज्ञो णव्वणज्जौ ॥ ८ । ४ । २५२ ॥ व्याहृगेर्वाहिप्पः ॥ ८ । ४ । २५३ ॥ आरभेराढप्पः ॥ ८ । ४ । २५४ ॥ स्निह-सिचोःसिप्पः ॥ ८ । ४ । २५५ ॥ ग्रहेर्घेप्पः ॥ ८ । ४ । २५६॥ स्पृशेश्छिप्पः ॥ ८ । ४ । २५७॥ क्तेनाप्फुण्णादयः ॥ ८ । ४ । २५८ ॥ धातवोऽर्थान्तरेऽपि ॥ ८ । ४ । २५९ ॥ तो दोनादौ शौरसेन्यामयुक्तस्य ॥ ८ । ४ । २६० ॥ अधः क्वचित् ॥ ८ । ४ । २६१ ॥ वादेस्तावति ॥८ । ४ । २६२॥ आआमन्त्र्ये सौ वेनो नः ॥८।४। २६३ ॥ मो वा ॥ ८ । ४ । २६४ ॥ भवद्भगवतोः ॥ ८ । ४ । २६५ ॥ न वा र्यो य्यः ॥ ८ । ४ । २६६ ॥ थो धः ॥ ८ । ४ । २६७॥ इह-हचोर्हस्य ॥८ । ४ । २६८॥ भुवो भः ॥ ८ । ४ । २६९ ॥ पूर्वस्य पुरवः ॥ ८ । ४ । २७० ॥ क्त्व इय-दूणौ ॥८ । ४ । २७१॥ कृ-गमो डडुअः ॥ ८ । ४ । २७२ ॥ दिरिचेचोः ॥ ८ । ४ । २७३ ॥ अतो देश्च ॥ ८ । ४ । २७४ ॥ भविष्यति स्सिः ॥ ८ । ४ । २७५ ॥ अतो ङसेर्डादो-डादू ॥ ८ । ४ । २७६ ॥ इदानीमो दाणिं ॥ ८ । ४ । २७७ ॥ तस्मात्ताः ॥ ८ । ४ । २७८ ॥ मोन्त्याण्णो वेदेतोः ॥ ८ । ४ । २७९ ॥ एवार्थे य्येव ॥ ८ । ४ । २८० ॥ हञ्जे चेट्याह्वाने ॥ ८ । ४ । २८१ ॥ हीमाणहे विस्मय-निर्वेदे ॥ ८ । ४ । २८२ ॥ णं नन्वर्थे ॥ ८ । ४ । २८३ ॥ अम्महे हर्षे ॥ ८ । ४ । २८४ ॥ हीही विदूषकस्य ॥ ८ । ४ । २८५ ॥ शेषं प्राकृतवत् ॥ ८

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

। ४ । २८६ ॥ अत एत्सौ पुंसि मागध्याम् ॥ ८ । ४ । २८७ ॥ र-सोर्ल-शौ ॥ ८ । ४ । २८८ ॥ स-षोः संयोगे सोऽग्रीष्मे ॥ ८ । ४ । २८९ ॥ ट्ट-ष्टयोस्टः ॥ ८ । ४ । २९० ॥ स्थ-र्थयोस्तः ॥ ८ । ४ । २९१ ॥ ज-द्य-यां-यः ॥ ८ । ४ । २९२ ॥ न्य-ण्य-ज्ञ-ञ्जां ञ्ञः ॥ ८ । ४ । २९३॥ व्रजो जः ॥८।४।२९४॥ छस्य श्चोनादौ ॥ ८ । ४ । २९५ ॥ क्षस्य ᳵकः ॥ ८ । ४ । २९६ ॥ स्कः प्रेक्षाचक्षोः ॥ ८ । ४ । २९७ ॥ तिष्ठश्चिष्ठः ॥८ ।४। २९८॥ अवर्णाद्वा ङसो डाहः ॥ ८ ।४। २९९ ॥ आमो डाहँ वा ॥८ ।४। ३००॥ अहं वयमोर्हगे ॥ ८ । ४ । ३०१ ॥ शेषं शौरसेनीवत् ॥८ । ४ । ३०२॥ ज्ञो ञ्ञः पैशाच्याम् ॥ ८ । ४ । ३०३ ॥ राज्ञो वा चिञ् ॥ ८ । ४ । ३०४ ॥ न्य-ण्योर्ञ्ञः ॥ ८ । ४ । ३०५ ॥ णो नः ॥८ ।४। ३०६॥ तदोस्तः ॥ ८ । ४ । ३०७ ॥ लो ळः ॥ ८ । ४ । ३०८ ॥ श-षोः सः ॥ ८ । ४ । ३०९ ॥ हृदये यस्य पः ॥ ८ ।४। ३१० ॥ टोस्तुर्वा ॥ ८ । ४ । ३११ ॥ क्त्वस्तूनः ॥ ८ ।४। ३१२॥ द्धून-त्थूनौ ष्ट्वः ॥ ८ । ४ । ३१३ ॥ र्य-स्न-ष्टां रिय-सिन-सटाः क्वचित् ॥ ८ । ४ । ३१४ ॥ क्यस्येय्यः ॥ ८ । ४ । ३१५ ॥ कृगो डीरः ॥ ८ । ४ । ३१६ ॥ यादृशादेर्दुस्तिः ॥८ ।४। ३१७ ॥ इचेचः ॥ ८ ।४। ३१८ ॥ आत्तेश्च ॥ ८ ।४। ३१९ ॥ भविष्यत्येय्य एव ॥ ८ ।४। ३२० ॥ अतो ङसेर्डातो-डातू ॥ ८ ।४। ३२१ ॥ तदिदमोष्टा नेन स्त्रीयां तु नाए ॥ ८ । ४ । ३२२ ॥ शेषं शौरसेनीवत् ॥ ८ । ४ । ३२३ ॥ न-क-ग-च-जादि-षट्-शम्यन्त-सूत्रोक्तम् ॥८ ।४। ३२४॥ चूलिका-पैशाचिके तृतीय-तुर्ययो-राद्य-द्वितीयौ ॥ ८ । ४ । ३२५ ॥ रस्य लो वा ॥ ८ ।४। ३२६ ॥ नादि-युज्यो-रन्येषाम् ॥ ८ ।४। ३२७ ॥ शेषं प्राग्वत् ॥ ८ । ४ । ३२८ ॥ स्वराणां स्वराः प्रायोऽपभ्रंशे ॥ ८ । ४ । ३२९ ॥ स्यादौ दीर्घह्रस्वौ ॥८ ।४। ३३०॥ स्यमोरस्योत् ॥ ८ । ४ । ३३१ ॥ सौ पुंस्योद्वा ॥ ८ । ४ । ३३२ ॥ एट्टि ॥८ । ४ । ३३३॥ ङिनेच्च ॥ ८ । ४ । ३३४ ॥ भिस्येद्वा ॥ ८ । ४ । ३३५ ॥ ङसेर्हे-हू ॥ ८ ।४। ३३६ ॥ भ्यसो हुं ॥ ८ । ४ । ३३७ ॥ ङसः सु-हो-स्सवः ॥ ८ । ४ । ३३८ ॥ आमो हं ॥८ ।४। ३३९॥ हुं चेदुद्भ्याम् ॥ ८ । ४ । ३४० ॥ ङसि-भ्यस्-ङीनां हे-हुं-हयः ॥ ८ । ४ । ३४१ ॥ आट्टो णानुस्वारौ ॥ ८ । ४ । ३४२ ॥ एं चेदुतः ॥ ८ । ४ । ३४३ ॥ स्यम्-जस्-शसां लुक् ॥ ८ । ४ । ३४४ ॥ षष्ठ्याः ॥८ । ४। ३४५॥ आमन्त्र्ये जसो होः ॥ ८ । ४ । ३४६ ॥ भिस्सुपोर्हिं ॥ ८ । ४ । ३४७ ॥ स्त्रियां जस्-शसोरुदोत् ॥८ । ४ । ३४८॥ ट ए ॥ ८ । ४ । ३४९ ॥ ङस्-ङस्योर्हे ॥ ८ । ४ । ३५० ॥ भ्यसामोर्हुः ॥८ ।४। ३५१॥ ङे-र्हिं ॥ ८ । ४ । ३५२ ॥ क्लीबे जस्-शसोरिं ॥८ ।४। ३५३॥ कान्तस्यात

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

उं स्यमोः ॥८।४। ३५४॥ सर्वादेर्ङसेर्हां ॥८।४।३५५॥ किमो डिहे वा ॥८।४।३५६॥ ङेर्हिं ॥८।४।३५७॥ यत्तत्किंभ्यो ङसो डासुर्नवा ॥८।४।३५८॥ स्त्रियां डहे ॥८।४।३५९॥ यत्तदः स्यमोर्ध्रुं त्रं ॥८।४।३६०॥ इदम इमुः क्लीबे ॥८।४।३६१॥ एतदः स्त्री-पुं-क्लीबे एह एहो एहु ॥८।४।३६२॥ एइर्जस्-शसोः ॥८।४।३६३॥ अदस ओइ ॥८।४।३६४॥ इदम आयः ॥८।४।३६५॥ सर्वस्य साहो वा ॥८।४।३६६॥ किमः काइं-कवणौ वा ॥८।४।३६७॥ युष्मदः सौ तुहुं ॥८।४।३६८॥ जस्-शसोस्तुम्हे तुम्हइं ॥८।४।३६९॥ टा-ड्यमा पइं तइं ॥८।४।३७०॥ भिसा तुम्हेहिं ॥८।४।३७१॥ ङसि-ङस्भ्यों तउ तुज्झ-तुध्र ॥८।४। ३७२॥ भ्यसांभ्यां तुम्हहं ॥८।४।३७३॥ तुम्हासु सुपा ॥८।४। ३७४॥ सावस्मदो हउं ॥८।४।३७५॥ जस्-शसोरम्हे अम्हइं ॥८।४।३७६॥ टा-ङ्यमा मइं ॥८।४।३७७॥ अम्हेहिं भिसा ॥८।४।३७८॥ महु मज्झु ङसि-ङस्भ्याम् ॥८।४।३७९॥ अम्हहं भ्यसाम्भ्याम् ॥८।४।३८०॥ सुपा अम्हासु ॥८।४।३८१॥ त्यादेराद्य-त्रयस्य बहुत्वे हिं नवा ॥८।४। ३८२॥ मध्य-त्रयस्याद्यस्य हिः ॥८।४। ३८३॥ बहुत्वे हुः ॥८।४।३८४॥ अन्त्य-त्रयस्याद्यस्य उं ॥८।४। ३८५॥ बहुत्वे हुं ॥८।४।३८६॥ हि-स्वयोरिदुदेत् ॥८।४।३८७॥ वर्त्स्यति स्यस्य सः ॥८।४।३८८॥ क्रियेः कीसु ॥८।४।३८९॥ भुवः पर्याप्तौ हुच्चः ॥८।४।३९०॥ ब्रूगो ब्रुवो वा ॥८।४। ३९१॥ व्रजेर्वुञः ॥८।४।३९२॥ दृशेः प्रस्सः ॥८।४।३९३॥ ग्रहेर्गृण्हः ॥८।४।३९४॥ तक्ष्यादीनां छोल्लादयः ॥८।४।३९५॥ अनादौ स्वरादसंयु-क्तानां क-ख-त-थ-प-फां ग-घ-द-ध-ब-भाः ॥८।४।३९६॥ मोऽनुनासिकोवा ॥८।४।३९७॥ वाधो रो लुक् ॥८।४।३९८॥ अभूतोऽपि क्वचित् ॥८।४।३९९॥ आपद्विपत्संपदां द इः ॥८।४।४००॥ कथं-यथा-तथां थादेरे-मेमेहेधा डितः ॥८।४।४०१॥ यादृक्तादृक्कीदृगीदृशां दादेर्डेहः ॥८।४। ४०२॥ अतां डइसः ॥८।४।४०३॥ यत्र-तत्रयोस्त्रस्य डिदेत्थ्वत्तु ॥८।४। ४०४॥ एत्थु कुत्रात्रे ॥८।४।४०५॥ यावत्तावतोर्वादेर्म उं महिं ॥८।४।४०६॥ वा यत्तदोतोर्डेवडः ॥८।४।४०७॥ वेदंकिमोर्यादेः ॥८।४।४०८॥ परस्परस्या-दिरः ॥८।४। ४०९॥ कादि-स्थैदोतोरुच्चार-लाघवम् ॥८।४।४१०॥ पदान्ते उं-हुं-हिं-हंकाराणाम् ॥८।४। ४११॥ म्हो म्भो वा ॥८।४। ४१२॥ अन्यादृशोन्नाइसावराइसौ ॥८।४। ४१३॥ प्रायसः प्राउ-प्राइव-प्राइम्व-पग्गिम्वाः ॥८

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

। ४ । ४१४ ॥ वान्यथोनुः ॥ ८ । ४ । ४१५ ॥ कुतसः कउ कहन्तिहु ॥८ ।४। ४१६॥ ततस्तदोस्तोः । ८ । ४ । ४१७ ॥ एवं-परं-समं-ध्रुवं-मा-मनाकएम्व-पर समाणु ध्रुवु मं मणाउं ॥ ८ । ४ । ४१८ ॥ किलाथवा-दिवा-सह-नहेः किराहवइ दिवे सहुं नाहिं ॥ ८ । ४ । ४१९ ॥ पश्चादेवमेवैवेदानीं-प्रत्युतेतसः पच्छइ एम्वइ जि एम्वहिं पच्चलिउ एत्तहे ॥ ८ ।४। ४२० ॥ विषण्णोक्त-वर्त्मनो वुन्न-वुत्त-विच्चं ॥ ८ । ४ । ४२१ ॥ शीघ्रादीनां वहिल्लादयः ॥ ८ । ४ । ४२२ ॥ हुहुरु-घुग्घादयः शब्द-चेष्टानुकरणयोः ॥ ८ ।४। ४२३ ॥ घइमादयोऽनर्थकाः ॥ ८ । ४ । ४२४ ॥ तादर्थ्ये केहिं-तेहिं-रेसि-रेसिं-तणेणाः ॥ ८ । ४ । ४२५ ॥ पुनर्विनः स्वार्थे डुः ॥ ८ । ४ । ४२६ ॥ अवश्यमो डें-डौ ॥ ८ । ४ । ४२७ ॥ एकशसो डिः ॥ ८ ।४। ४२८ ॥ अ-डड-डुल्लाः स्वार्थिक-क-लुक् च ॥ ८ । ४ । ४२९ ॥ योगजाश्चैषाम् ॥ ८ । ४ । ४३० ॥ स्त्रियां तदन्ताड्डीः ॥ ८ । ४ । ४३१ ॥ आन्तान्ताड्डाः ॥ ८ ॥ ८ । ४ । ४३२ ॥ अस्येदे ॥ ८ । ४। ४३३ ॥ युष्मदादेरीयस्य डारः ॥ ८ ।४। ४३४ ॥ अतोर्डेत्तुलः ॥८ । ४ । ४३५॥ त्रस्य डेत्तहे ॥८ । ४ । ४३६॥ त्व-तलोः प्पणः ॥ ८ । ४ । ४३७ ॥ तव्यस्य इएव्वउं एव्वउं एवा ॥ ८ । ४ । ४३८ ॥ क्त्व इ-इउ-इवि-अवयः ॥ ८ ।४। ४३९ ॥ एप्प्येप्पिण्वेव्येविणवः ॥८ । ४ । ४४०॥ तुम एवमणाणहमणहिं च ॥ ८ । ४ । ४४१ ॥ गमेरेप्पिण्वेप्प्योरेर्लुग् वा ॥ ८ । ४ । ४४२ ॥ तृनोणअः ॥ ८ । ४ । ४४३ ॥ इवार्थे नं-नउ-नाइ-नावइ-जणि जणवः ॥८ । ४ । ४४४॥ लिङ्गमतन्त्रम् ॥ ८ । ४ । ४४५ ॥ शौरसेनीवत् ॥ ८ । ४ । ४४६ ॥ व्यत्ययश्च ॥८ ।४। ४४७॥ शेषं संस्कृतवत्सिद्धम् ॥ ८ । ४ । ४४८ ॥

**॥ इत्याचार्यश्रीहेमचन्द्रविरचिते सिद्धहेमचन्द्राभिधानस्वोपज्ञशब्दानुशासने अष्टमस्याध्यायस्य चतुर्थः पादः समाप्तः ॥**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

श्री पार्श्वनाथाय नमः

ॐ अर्हम्

# ॥ श्रीप्राकृत (मागधी) व्याकरणम् ॥

## भाषान्तरसहितं

प्रणम्य महिमागारं श्री पार्श्वं पुरुषोत्तमम् ॥
सकलाभीष्ट संसिद्धिसाधने कल्पपादपम् ॥ १ ॥
गुरुप्रसादमासाद्य सद्योदुरितभेदकम् ॥
स्वान्योपकारकं वक्ष्ये प्राकृते टिप्पणं वरम् ॥ २ ॥

### अथ प्राकृतम् ॥८।१।१॥

अथशब्द आनन्तर्यार्थोऽधिकारार्थश्च। આ સૂત્રમાં "अथ" શબ્દ છે, તેનો અર્થ એવો છે કે, હવે પછી અથવા અધિકાર અર્થ એટલે હવે પછી જે કાંઇ કહેવામાં આવે તે બધું ।प्रकृतिः संस्कृतं तत्रभवं तत आगतं वा प्राकृतं। હવે પ્રાકૃત એ શબ્દનો અર્થ એવો થાય છે કે પ્રકૃતિ એટલે મૂળ સંસ્કૃત શબ્દ તેમાં થએલ અથવા તે શબ્દ ઉપરથી ઉપજાવેલા । संस्कृतानंतरं प्राकृतमधिक्रियते। (એટલે વ્યાકરણના પહેલા સાત અધ્યાયમાં સંસ્કૃત ભાષાનું વ્યાકરણ સંપૂર્ણ રીતે કહીને, હવે એટલે કે આ આઠમા અધ્યાયના ચારે પાદમાં પ્રાકૃત ભાષાનું વ્યાકરણ કહેવામાં આવશે, એટલે કે આ આઠમા અધ્યાયમાં ફક્ત પ્રાકૃત ભાષાનોજ આધકાર છે. । संस्कृतानंतरं प्राकृतस्यानुशासनम्। સંસ્કૃત વ્યાકરણ પૂર્ણ કરીને હવે પ્રાકૃતનું વ્યાકરણ કહીએ છીએ. તેના કેટલા ભેદ છે ? તે સામાન્ય રીતે ગણાવે છે. । सिद्ध साध्यमानभेद संस्कृतयोनेरेव तस्यलक्षणं न देश्यस्येति ज्ञापनार्थम्। સિદ્ધ એવા સંસ્કૃત ઉપરથી પ્રાકૃત બનેલ તે અને સાધતાં સાધતાં ફેરફાર થઇને સંસ્કૃત ઉપરથી પ્રાકૃત બનેલ તે એમ બન્ને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકારના પ્રાકૃત શબ્દનું આમાં કહેવામાં આવશે. પણ દેશભાષાના પ્રાકૃત અનુશાસન શબ્દોનું આમાં વ્યાકરણ એટલે વ્યુત્પત્તિ આપવામાં આવશે નહિ. એમ બતાવવા માટે ઉપરનું સૂત્ર છે. કાંઇ ભાષાનું પૌર્વાપર્ય બતાવવા માટે નથી વળી બીજું संस्कृतसमं तु संस्कृतलक्षणेनैव गतार्थम्। પ્રાકૃતની અંદર જે સંસ્કૃત સરખાં પદો જોવામાં આવે તે બધાં પહેલાનાં સાત અધ્યાયથી સિદ્ધ થયાં છે એમ જાણી લેવું.

પ્રકૃતિ[1] પ્રત્યયો[2] લિંગ[3] કારક[4] સમાસ[5] આ પાંચ વસ્તુઓ સંસ્કૃત તેમજ પ્રાકૃતમાં બન્નેમાં સરખાંજ હોય છે કયાંક કયાંક અપવાદ છે તે સૂત્રકાર પોતેજ બતાવશે.

[1]નામ ધાતુ, અવ્યય, ઉપસર્ગ વિગેરે પ્રકૃતિ કહેવાય [2]પ્રત્યય. એટલે નામને લાગતા सि વિગેરે ધાતુને લાગતા ति વિગેરે તથા શબ્દોને લાગતા તદ્ધિત વિગેરે તથા ધાતુને લાગતા કૃદંતના પ્રત્યયો તે બધા પ્રત્યયો કહેવાય. [3]પુલ્લિંગ સ્ત્રીલિંગ નપુંસકલિંગ એમ લિંગ ત્રણ છે. [4]કારક, કર્તા[1] કર્મ[2] કરણ[3] સંપ્રદાન[4] અપાદાન[5] અને અધિકરણ[6] એમ કારક છ પણ બન્નેમાં સરખાં છે. સમાસ પણ અવ્યયીભાવ[1] તત્પુરુષ[2] દ્વંદ્વ[3] કર્મધારય[4] દ્વિગુ[5] અને બહુવ્રીહી[6] એ છ રીતે સમાસ પણ બન્નેમાં સરખા છે.

लोकादितिच वर्त्तते तेन ॥ આ સૂત્રની અનુવૃત્તિ આ અધ્યાયમાં પણ આવે છે તેથી ऋ. ॠ. ऌ. ॡ. ऐ. औ. ङ. श. ष. विसर्जनीय અને प्लुत એટલા અક્ષરો સિવાયના બાકીના બધા અક્ષરો लौकिक વ્યાકરણથી જાણી લેવા કેટલેક ઠેકાણે "ङ ञ" આ બે અક્ષરો વર્ગની સાથે જોડાએલા એટલે "ङ" क વર્ગની સાથે તેમજ "ञ" च વર્ગની સાથે જોડાએલા વપરાય છે. તથા કેટલાકને મતે "ऐ" कार તથા "औ" કાર પણ ભાષામાં વપરાય છે. દાખલા તરીકે कैतवम् સંસ્કૃત ઉપરથી कैअवं તથા सौंदर्यं સંસ્કૃત ઉપરથી सौअरिअं। कौरवाः સંસ્કૃત ઉપરથી कौरवा। તથા સ્વરવિનાનો વ્યંજન, તથા દ્વિવચન, તેમજ ચતુર્થી વિભક્તિનું બહુવચન આટલાંવાનાં પ્રાકૃતમાં થતાં નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## बहुलं ॥ ८।१।२ ॥

बहुलमित्यधिकृतं वेदितव्यमाशास्त्रपरिसमाप्तेः । અર્થ:–શાસ્ત્ર પુરૂં થાય ત્યાં સુધી એટલે કે આઠમા અધ્યાયના ચારે પાદ પૂરાં થાય ત્યાં સુધી बहुलं એ સૂત્રનો અધિકાર છે. એટલે કે હવે પછી આઠમા અધ્યાયમાં જેટલાં વિધિવિધાનો કહેવામાં આવશે તે બધાં બહુલં જાણવાં बहुलं પદનો અર્થ બતાવવા માટે નીચેની કારિકા બહુ ઉપયોગી થશે એમ જાણીને આપી છે. ॥ ततश्च ॥

**क्वचित्प्रवृत्तिः क्वचिदप्रवृत्तिः क्वचिद्विभाषा क्वचिदन्यदेव**
**विधे र्विधानं बहुधा समीक्ष्य चतुर्विधं बाहुलकं वदन्ति ॥१॥**

સૂત્રમાં કરેલ વિધિ કયાંક લાગે[1] કયાંક ન લાગે[2] કયાંક વિકલ્પે લાગે એટલે કે લાગે પણ ખરો ને, ન પણ લાગે[3] તેમજ કયાંક નવીનજ થાય[4] આ રીતે બહુલ જ્યાં કહેવામાં આવેલ હોય, ત્યાં આચાર ભેદે પ્રયોગની અનુકુળતા પ્રમાણે સૂત્ર લગાડવામાં આવે છે. तच्च यथास्थानं दर्शयिष्यामः તે બાબત જ્યાં જ્યાં આવશે ત્યાં ત્યાં અમે બતાવીશું. ।

## आर्षम् ॥ ८।१।३ ॥

ऋषीणामिदमार्षं आर्षं प्राकृतं बहुलं भवति। રૂષી સંબંધી જે ભાષા તે આર્ષ ભાષા કહેવાય તે ભાષામાં પણ બહુલ પદનો અધિકાર સમજવો, એટલે તેની વ્યવસ્થા પણ ઉપર પ્રમાણે ચાર પ્રકારની સમજવી. आर्षेहि सर्वे विधयो विकल्प्यंते આર્ષ ભાષામાં સર્વે વિધિ વિધાનો વિકલ્પે થાય છે तदपि यथास्थानं दर्शयिष्याम તે પણ અમે યોગ્યસ્થાને બતાવીશું. ।

## दीर्घह्रस्वौ मिथोवृत्तौ ॥ ८।१।४ ॥

वृत्तौ समासे स्वराणां दीर्घह्रस्वौ बहुलं भवतः। मिथः परस्परं ॥ तत्र ह्रस्वस्य दीर्घः। વૃત્તિ એટલે સમાસમાં સ્વરોને દીર્ઘ અને હ્રસ્વ પરસ્પર વિકલ્પે થાય છે. તે આ પ્રમાણે. अंतर्वेदिः તેનુ [illegible] થાય. सप्तविंशतिः સં તેનું सत्तावीसा. થાય क्वचिन्नभवति કોઇ ઠેકાણે ન પણ થાય જેમકે: जुवइअणो. क्वचिद्

विकल्पः તેવું કોઇ વખત વિકલ્પે થાય છે જેમકે वारीमई, वारिमई. । सं भुजयंत्र. તેનું भुआ–यंतं, भुअ–यंतं. । सं पति–गृहं. તેનું पई–हरं। पइ–हरं (सं) वेणुवनं તેનું वेलूवणं, वेलुवणं । दीर्घस्यहृस्वः સંસ્કૃતમાં દીર્ઘ સ્વર હોય તેને ઠેકાણે પ્રાકૃતમાં હ્રસ્વ થાય તેનાં ઉદાહરણો હવે પછી આપવામાં આવશે.

अंतर्वेदिः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં अन्त्यव्यंजनस्य ॥૮।૧।૧૧॥ એ સૂત્રથી अंतवेदिः થાય. दीर्घहृस्वौ मिथोवृत्तौ ॥૮।૧।૪॥ થી त નો ता થયો. એટલે अंतावेदिः થાય તેમાં દકારનો લોપ ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી થાય ત્યારે अंतावेइ थाय. ॥૮।૩।૧૯॥ આ સૂત્રથી इકાર દીર્ઘ થાય એટલે अंतावेई થાય॥૮।૧।૧૧॥ સૂત્રથી स્નો લોપ થયો એટલે अंतावेई રૂપસિધ્ધ થાય.

सप्तविंशतिः સં. તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૧॥ સૂત્રથી सप्तन् ના નકારનો લોપ થાય ત્યારે सप्तविंशतिः થાય. ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી પકારનો લોપ થાય ત્યારે सतविंशतिः થાય ॥૮।૨।૮૯॥ સૂત્રથી तકારનો દ્વિત્વ થાય. ત્યારે सत्तविंशतिः થાય ॥૮।૧।૪॥ આ સૂત્ર વડે હ્રસ્વનો દીર્ઘ થાય ત્યારે सत्ताविंशतिः થાય ॥૮।૧।૨૮॥ આ સૂત્રથી અનુસ્વારનો लुक् થાય ત્યારે सत्ताविशतिः ॥૮।૧।૯૨॥ આ સૂત્રથી विना इनो ति ની સાથે ई થાય ત્યારે सत्तावीश થાય પછી ॥૮।૧।૨૬૦॥ આ સૂત્રથી श નો स થાય ત્યારે सत्तावीस થાય ॥ ૮ । ૩ । ૧૨ ॥ સૂત્રથી અકાર દીર્ઘ થાય ત્યારે सत्तावीसा રૂપ સિધ્ધ થાય.

युवतिजनः। એ સંસ્કૃત શબ્દ છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૪૫॥ આ સૂત્રથી य નો ज થાય ત્યારે जुवतिजनः થાય ॥૮।૧।૧૭૭॥ આ સૂત્રથી जुवतिનો त અને जनः નો ज તે બંનેનો લોપ થાય ત્યારે जुवइअनः થાય ॥૮।૧।૨૨૮॥ આ સૂત્રથી સ્વર થકી પર હોવાથી અસંયુક્ત અને અનાદિ હોવાથી न નો ण થાય ત્યારે जुवइअणः થાય ॥૮।૩।૨॥ આ સૂત્રથી અકારાંત એવા નામ થકી પર સ્યાદિની सि હેતા સ્થાને डो થાય ड ડીત્ કાર્યને માટે इत् સંજ્ઞિક હોવાથી લોપ થઇ. ને ડીત્ થવાથી તેની પહેલાંના टी નો લોપ થઇ પછી તેમાં ओકાર ભલી જવાથી जुवइअणो રૂપ સિધ્ધ થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

वारिमतिः સંસ્કૃત શબ્દ છે તેનું ॥૮।૧।૪॥ આ સૂત્રથી वारीमतिः અથવા वारिमतिः થાય. ॥૮।૧।૧૭૭॥ આ સૂત્રથી त નો લોપ થાય ત્યારે वारीमइः અથવા वारिमइः થાય ॥૮।૩।૧૯॥ આ સૂત્રથી દીર્ઘ થાય ત્યારે वारीमईः અથવા वारिमईः થાય. ॥૮।૧।૧૧॥ સૂત્રથી स् નો લુક થાય ત્યારે वारीमई અથવા वारिमई રૂપ સિધ્ધ થાય. भुजयंत्रं સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૭૭॥ આ સૂત્રથી જકારનો લુક થાય. ત્યારે भुअयंत्र થાય ॥૮।૧।૪॥ થી भुआयंत्र અને भुअयंत्र થાય. ॥૮।૨।૭૯॥ આ સૂત્રથી र् નો લુક્ થાય ત્યારે भुआयंत भुअयंत થાય ॥૮।૩।૨૫॥ આ સૂત્રથી सि ના સ્થાને म થાય છે. એટલે भुआयंतम અને भुअयंतम थाय ॥૮।૧।૨૩॥ થી मકારનો અનુસ્વાર થાય ત્યારે भुअयंतं, અને भुआयंतं રૂપ સિધ્ધ થાય છે.

पतिगृहं સંસ્કૃત શબ્દ છે. પ્રાકૃતમાં ॥૮।૧।૧૭૭॥ આ સૂત્રથી पति ના तનો લુક્ થાય. ત્યારે पइगृह થાય ॥૮।૨।૧૪૪॥ આ સૂત્રથી गृह શબ્દનો घर એવો આદેશ થાય છે. पति શબ્દ જો गृह શબ્દ પછી આવ્યો હોય તો થાય નહિ. ત્યારે पइघर એવું થાય. ॥૮।૧।૧૮૭॥ આ સૂત્રથી घरना घ નો ह થાય ત્યારે पइहर થાય ॥૮।૧।૪॥ આ સૂત્રથી पईहर અને पइहर થાય પછી ॥૮।૩।૨૫॥ સૂત્રથી सिના સ્થાને मકાર થાય ॥ ૮ । ૧ ।૨૩॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય એટલે पईहरं, पइहरं રૂપ સિધ્ધ થાય.।

वेणुवनं સંસ્કૃત શબ્દ છે, તેનું પ્રાકૃતમાં ॥ ૮।૧।૨૦૩ ॥ આ સૂત્રથી ण નો વિકલ્પે ल થાય. ત્યારે वेलुवन ॥૮।૧।૨૨૮॥ આ સૂત્રથી वन શબ્દના न નો ण થાય ત્યારે वेलुवण ॥૮।૧।૪॥ આ સૂત્રથી વિકલ્પે દીર્ઘ થાય ત્યારે वेलूवण, वेलुवण હવે પ્રથમાના એક વચનનો પ્રત્યય सि આવ્યો તેનો ॥૮।૩।૨૫॥ સૂત્રથી म થઇ પછી ॥૮।૧।૨૩॥થી અનુસ્વાર થાય, ત્યારે वेलूवणं, वेलुवणं રૂપ સિધ્ધ થાય.। नितंबशिलास्खलितवीचिमालस्य એટલે નિતંબરૂપ શિલાથી સ્ખલીત થઈ છે તરંગમાલા જેની ॥૮।૧।૧૭૭॥ આ સૂત્રથી નિતંબનો [1]त સ્ખલીતનો त [2]વીચિનો च, [3]એ ત્રણેનો લોપ થાય, ત્યારે निअंबशिलास्खलिअवीइमालस्य થાય. પછી ॥૮।૧।૨૬૦॥ આ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

शिलानो शि नो सि थाय, त्यारे निअंबसिलास्खलिअवीइमालस्य थाय. पछी ॥८।२।७७॥ सूत्रथी स्खलिअमां रहेलो स् तेनो लोप थाय त्यारे निअंबसिलाखलिअवीइमालस्य थाय पछी ॥८।१।४॥ सूत्रथी दीर्घ ला तेनो ल थाय त्यारे निअंबसिलखलिअवीइमालस्य थाय पछी ॥८।३।१०॥ सूत्रथी ङसः એટલે ષષ્ઠીના એકવચનના પ્રત્યયનો સંયુકત એવો स થાય એટલે स्स થાય, એટલે निअंबसिलखलिअवीइमालस्स સિદ્ધ થાય. ।

यमुनातटं સંસ્કૃત શબ્દ છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૪૫॥ સૂત્રથી य નો ज થઈ जमुनातटं થાય. ॥ ૮ । ૧ । ૧૭૮ ॥ આ સૂત્ર વડે जमुनाना म नो लुक् થાય છે लुक् થયે છતે म ના સ્થાને અનુનાસિક થાય છે. ત્યારે जँउनातट થયું પછી ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ આ સૂત્રથી न નો ण થાય ત્યારે जँउणातट થાય પછી तट શબ્દમાં થી त કારનો લોપ થયો. ॥૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી जँऊणाअट થયું. પછી ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી બાકી રહેલ अवर्ण તેનો यકાર થાય ત્યારે जँउणायट થાય પછી ॥૮।૧।૧૯૫॥ સૂત્રથી ट નો ड થાય ત્યારે जँउणायड થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિના સ્થાને मકાર થાય ॥૮ । ૧ ।૨૩ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે जउणायडं થાય क्वचित् विकल्पे હસ્વ થાય ત્યારે जँउणायडं जँउणयडं રૂપો સિદ્ધ થયાં.

नदीश्रोत સંસ્કૃત શબ્દ છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૪ ॥ આ સૂત્રથી દીર્ઘનો હસ્વ થયો ત્યારે नदिश्रोत થાય. પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી द् નો લોપ થઇ नइश्रोत થાય. પછી ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र्કારનો લુક્ થયો ત્યારે नइशोत થાય. પછી ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી श નો स થાય. ત્યારે नइसोत.થાય ॥૮।૨।૯૮॥ આ સૂત્રથી त કારનો દ્વિત્વ થાય, ત્યારે नइसोत्त થાય. ॥૮।૩।૨૫॥ સૂત્રથી સિના સ્થાને मકાર થાય ત્યારે नइसोत्तम् રૂપ થઈ પછી ॥૮।૧।૨૩॥ થી मકારનો અનુંસ્વાર થાય ત્યારે नइसोत्तं થાય ॥૮।૧।૪॥ સૂત્રથી इ વિકલ્પે દીર્ઘ થાય ત્યારે नईसोत्तं नइसोत्तं એ પ્રમાણે બંને રૂપ સિદ્ધ થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

गौरीगृहं संस्कृत शब्द छे तेनुं प्राकृतमां ॥८।१।१५९॥ सूत्रथी औ नो ओ थयो. त्यारे गोरीगृह थाय. ॥८।२।१४४॥ सूत्रथी गृह शब्दनो घर आदेश थई गोरीघर थाय. ॥८।१।४॥ सूत्रथी री दीर्घनो ह्रस्व विकल्पे थई गोरिघर, गोरीघर थाय. ॥८।१।१८७॥ सूत्रथी घ कारनो ह कार थाय त्यारे गोरिहर गोरीहर थाय ॥८।३।२५॥ सूत्रथी सिना स्थाने मकार थाय पछी ॥८।१।२३॥ सूत्रथी मकारनो अनुस्वार थाय त्यारे गोरिहरं गोरीहरं रूपो सिद्ध थाय.

वधूमुखं संस्कृत शब्द छे तेनुं प्राकृतमां ॥८।१।१८७॥ आ सूत्रथी वधू नो ध मुख नो ख आ बन्ने अक्षरनो ह थाय त्यारे वहूमुह थाय ॥८।१।४॥ सूत्रथी विकल्पे ह्रस्व थाय त्यारे वहूमुह, वहुमुह ॥८।३।२५॥ सूत्रथी सिना स्थाने मकार थाय पछी ॥८।१।२३॥ आ सूत्रोथी मकारनो अनुस्वार थाय त्यारे वहूमुहं, वहुमुहं रूपो सिद्ध थाय.

## पदयोः संधिर्वा ॥ ८ । १ ५ ॥

संस्कृतोक्तः संधिः सर्वः प्राकृते पदयोर्व्यवस्थितविभाषया भवति। एटले संस्कृतमां कहेला नियमनो संधि प्राकृतमां बन्ने पदने विषे व्यस्थित विभाषा (व्यस्थितविकल्पे) वडे थाय छे. व्यासऋषि संस्कृत शब्द छे तेनुं ॥८।२।७८॥ सूत्रथी व्यासमांथी य्नो लुक् थाय त्यारे वासऋषिः थाय. ॥८।१।१२८॥ सूत्रथी ऋ नो इ थाय. त्यारे वासइसि थाय. ॥८।१।५॥ सूत्रथी संधि विकल्पे थाय त्यारे वासेषि, वासइषि थाय पछी ॥८।१।२६०॥ सूत्रथी ष नो स थाय एटले वासेसि, वासइसि थाय पछी ॥८।३।१९॥ आ सूत्रथी अंत्यस्वर प्रथमाना एक वचनमां दीर्घ थवाथी वासेसी, वासइसी रूपो सिद्ध थाय.।

विषमातपः (सं.) छे तेनुं प्राकृतमां ॥८।१।२६०॥ सूत्रथी ष नो स थई विसमातप थाय अने ॥८।१।५॥ थी संधि विकल्पे करीए त्यारे विसम आतप. विसमातप थाय ॥८।१।१७७॥ सूत्रथी त नो लुक् थाय त्यारे विसमआअप विसमाअप थाय ॥८।१।१८०॥ सूत्रथी अ वर्ण पछी य कार आगम

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થાય છે ત્યારે विसमायप, विसम आयप થાય ॥૮।૧।૨૩૧॥ સૂત્રથી प નો व થાય ત્યારે विसमायव, विसम आयव ॥૮।૩।૨॥ આ સૂત્રથી सि ના સ્થાને डो થાય ત્યારે विसमायवो, विसम आयवो રૂપ સિદ્ધ થાય.

दधिईश्वर સંસ્કૃત શબ્દ છે પ્રાકૃતમાં ॥૮।૧।૧૮૭॥ સૂત્રથી धकारनो हकार થાય ત્યારે दहिईश्वर. ॥૮।૧।૫॥ સૂત્રથી વિકલ્પે સંધિ થાય ત્યારે दहि ईश्वर, दहीश्वर. ॥૮।૨।૭૯॥ સૂત્રથી व નો लुक् થાય અને ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી शकारનો सकार થાય ત્યારે दहिईसर दहीसर, ॥ ८ । ३ ।२॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે दहिईसरो, दहीसरो રૂપ સિદ્ધ થાય. ॥

स्वादुऊदकं સંસ્કૃત શબ્દ છે તેનું પ્રાકૃતમાં ॥૮।૨।૭૯॥ સૂત્રથી व નો लुक् થાય, ત્યારે सादुऊदकं થાય પછી ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી सादु નો दकार ऊदक નો दकार અને ककारનો लुक् આ સૂત્રથી થાય છે. ત્યારે साउऊअअ થાય પછી ॥ ८ । १ । १८० ॥ સૂત્રથી અવર્ણની પછી यकार આગમ થાય છે ત્યારે साउउअय. ॥૮।૧।૫॥ સૂત્રથી સંધિ વિકલ્પે થાય ત્યારે साऊअय साउ–उअय થાય ॥૮।૩।૨૫॥ સૂત્રથી सिना સ્થાને मकार થાય પછી ॥૮।૧।૨૩ સૂત્રથી मकारનો અનુસ્વાર થાય ત્યારે साऊअयं, અને साउउअयं, વિકલ્પે રૂપ સિદ્ધ થાય.।

पदयोरितिकिम् એટલે મૂલમાં બે પદનું ગ્રહણ કર્યું છે માટે पाओ તે પદમાં સંધિ વિકલ્પે ન થાય पाद શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १७७॥ થી दकारનો લોપ થાય ત્યારે पाअ થાય અને ॥૮।૩।૨॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે पाओરૂપ સિધ્ધ થાય.।

पति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૭૭॥ થી तकारનો લોપ થાય ત્યારે पइ થાય અને ॥૮।૩।૧૯॥ સૂત્રથી इकारનો દીર્ઘ થાય ત્યારે पई રૂપ સિધ્ધ થાય.।

वस्त्र શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૨।૭૯॥ સૂત્રથી र् કારનો લોપ થાય ત્યારે वस्त थाय. ॥૮।૨।૪૫॥ સૂત્રથી स्त નો थ થાય છે. ॥૮।૨।૮૯॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂત્રથી थ એવડો થાય છે. ।।૮।૨।૯૦।। સૂત્રથી પૂર્વ थ્ નો त् થયો એટલે वत्थ થાય. ।।૮।૩।१२।। સૂત્રથી जस् અને शस् પ્રત્યયો પર છતાં અકારનો આ દીર્ઘ થાય ત્યારે वत्था થાય પછી ।। ૮ । ૩ । ૪ ।। સૂત્રથી जस् અને शस्નો લોપ થાય એટલે वत्था એવું રૂપ સિદ્ધ થાય.।

मुग्धया સંસ્કૃત શબ્દ છે તેનું પ્રાકૃતમાં ।।૮।૨।૭૭।। સૂત્રથી गકારનો લોપ થાય ત્યારે मुधया ।। ૮ । ૨ । ૮૯।। સૂત્રથી ध કાર એવડો થાય ત્યારે मुध्धया ।।૮।૨।૯૦।। સૂત્રથી પૂર્વના ध् નો द् થાય. ત્યારે मुद्धया થાય પછી ।।૮।૩।૨૯।। સૂત્રથી टा ના સ્થાને इ અથવા ए થાય છે ત્યારે मुद्धाइ, मुद्धाए એવા બે રૂપો સિદ્ધ થાય છે.।

कांक्ष એ ધાતુ છે. તેનો અર્થ ઇચ્છા કરવી થાય છે. તે कांक्ष ધાતુનું પ્રાકૃતમાં ।।૮।૪।१९२।। સૂત્રથી कांक्ष् નો मह આદેશ થયો. मह એવું રૂપ થાય. व्यंजनाददंतेऽव् અને લોક વ્યાકરણથી त्यादि વિભક્તિને બદલે त्यादीनामाद्यत्रयस्याद्यस्येचेचौ[1] એ નિયમથી तिव् ને સ્થાને इ તથા ए આવે એટલે महइ અને महए એવાં રૂપો થાય. वहुलाधिकारात् क्वचिद् एकपदेपि અહિં પૂર્વના સૂત્રથી બહુલ અધિકાર ચાલ્યો આવે છે. તેથી કોઈ ઠેકાણે એકપદમાં પણ સંધિ થાય. તેથી समानानांदीर्घ એ સૂત્ર વડે काहिइ નું काही એવું રૂપ સિદ્ધ થાય. विइओ નું वीओ પણ થાય.।

[1] स्यइ

## न युवर्णस्यास्वे ।। ८ । १ । ६ ।।

इवर्णस्य उवर्णस्य च अस्वे वर्णे परे संधि र्न भवति ।

અર્થઃ—इ वर्ण તથા उवर्णने અસવર્ણિક સ્વર એટલે વિજાતિય સ્વર પર છતાં સંધિ ન થાય सं. नवैरिवर्गेऽपि अवकाशः તેનું પ્રાકૃતમાં नवेरि-वग्गेवि अवयासो તેમાં वि અને अवयासो એ બે સ્વર વચ્ચે આ નિયમથી इ વર્ણની સંધિ ન થાય वंदामि आर्यवैरं સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં वंदामि अज्जवइरं તેમાં मि અને अज्ज એ બે સ્વર વચ્ચે इ વર્ણની સંધિ આ સૂત્રથી થતી નથી.।



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

न वैरिवर्गेऽपि अवकाशः એ સંસ્કૃતનું ॥ ૮ । ૧ । ૧૪૮ ॥ સૂત્રથી वैरि શબ્દમાના ऐકારનો एकार થઇ नवेरि. પછી ॥૮।૨।૭૯॥ થી वर्गे શબ્દમાં રહેલા રેફનો લોપ થઇ नवेरिवगे. થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી બાકી રહેલા गકારનો દ્વિત્વ થયો—એટલે नवेरिवग्गे. થયું પછી अपिના अनो ॥૮।૧।૪૧॥ સૂત્રથી લોપ થઈ પછી ॥૮।૧।૨૩૧॥ થી प નો व થયો એટલે नवेरिवग्गेवि. થાય ॥૮।૧।૧૭૭॥ થી अवकाशःમાં રહેલા कકારનો લોપ થાય ત્યારે नवेरिवग्गेविअवआशः થાય ॥ ૮ । ૧ । ૧૮૦ । થી वકાર અને આકારની વચ્ચે यકાર આગમ આવે ત્યારે नवेरिवग्गेविअवयाशः થાય પછી ॥૮।૧।૨૬૦॥ થી शકારનો सકાર થયો એટલે नवेरिवग्गेविअवयासः થાય પછી વિસર્ગ જે સિને સ્થાને થએલ છે તે નહિ કરતાં ॥૮।૩।૨॥ સૂત્રથી डो આદેશ કરી डित् કરી. टीનો લોપ કરી, પછી તે ઓકાર सકારમાં ભેળવીએ ત્યારે नवेरिवग्गेवि अवयासो રૂપ સિદ્ધ થાય છે.

सं. वन्दामि आर्यवैरं છે તેનું પ્રાકૃતમાં वदुङ् धातुस्तुत्यभिवादनयोः ॥ ૪ । ૪ । ૯૮ ॥ લૌકિક વ્યાકરણ उदितः स्वराम्नोन्तः થી वद् ધાતુના द् ની પહેલાં न् વધારવાથી वन्द् થાય પછી । ૩ । ૪ । ૭૧ । कर्तर्यनद्भयः शव् એ સૂત્રથી अકાર ઉમેરવામાં આવ્યો એટલે वन्द थयुं. પછી वर्तमाना. એ સૂત્રથી ત્રીજા પુરૂષમાં ए લાગી તેનો मि થયો એટલે वन्दामि રૂપ થાય.

सं. आर्यवैरं છે તેમાં । ૮ । ૧ । ૮૪ । સૂત્રથી દીર્ઘનો હ્રસ્વ થાય ત્યારે अर्य થાય । ૮ । ૨ । ૨૪ । સૂત્રથી र्यનો जકાર થાય પછી ।૮।૨।૮૯। સૂત્રથી जકાર બેવડો થાય ત્યારે अज्ज થાય પછી सं. वैर છે તેનું પ્રાકૃતમાં । ૮ । ૧ । ૧૫૨ । સૂત્રથી वैरादि માં ऐકારનો अइ આદેશ થાય છે ત્યારે वइर થાય ત્યારે अज्जवइर થાય । ૮ । ૩ । ૨૫ । સૂત્રથી સિનાસ્થાને मકાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે अज्जवइरं રૂપ સિદ્ધ થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

दणुइन्द–रुहिर–लित्तो सहइ उइन्दो
नह–प्पहावलि–अरुणो ॥
संझा–वहु–अवऊढो णव–वारिहरोऽव-
विज्जुला–पडिभिन्नो ॥ १

सं. दनुजेन्द्ररुधिर लिप्तः शोभते उपेन्द्रो नखप्रभावलिअरुणः
संध्या वधू अवगूढो नव वारिधरइव विद्युत्प्रभाभिन्नः

અર્થઃ–દૈત્ય પતિના રૂધિરથી લેપાએલા ઉપેન્દ્ર શોભે છે નખની પ્રભાની શ્રેણી વડે લાલ થયેલા તેવા લાગે છે, સંધ્યારૂપી સ્ત્રીએ આલિંગન કરેલો નવીન મેઘ હોય તેવો લાગે છે. युवर्णस्येति किम् મૂલમાં युवर्णस्य એમ શા માટે કહ્યું ?

गूढोअर-तामरसाणुसारिणी भमर पन्तिऽव
सं. गूढोदर तामरसानुसारिणी भमर पंक्ति इव

અર્થઃ–ગૂઢ જેનો મધ્યમ ભાગ છે એવા કમલને અનુસરતા ભમરની પંક્તિની માફક આ ઠેકાણે इ વર્ણ અને उ વર્ણનો અભાવ છે તેથી સંધિ થઇ છે.

अस्वइति किम् મૂલમાં अस्व એટલે સજાતીય સ્વર ન હોય ત્યાં થાય એ કેમ કહ્યું ? તેનું ઉદાહરણ આપે છે.

पुहवीसो

पृथिवीश શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં । ૮ । ૧ । ૧૩૧ । સૂત્રથી ऋકારનો उકાર થાય ત્યારે पुथिवीश થાય । ૮ । ૧ । ૮૮ । સૂત્રથી આદિ इકારનો अકાર થાય છે ત્યારે पुथवीश થાય । ૮ । ૧ । ૧૮૭ । સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થકારનો હકાર થાય ત્યારે पुहवीश થાય । ૮ । ૧ । ૨૬૦ । સૂત્રથી शકારનો સકાર થાય ત્યારે पुहवीस થાય । ૮ । ૩ । ૨ । સૂત્રથી सि ના સ્થાને डो થાય ત્યારે पुहवीसो રૂપ થાય.

## एदोतोः स्वरे ॥ ८ । १ । ७ ॥

एकार ओकारयोः स्वरे परे संधिर्न भवति ।

अर्थः-પ્રાકૃતમાં એકાર અને ઓકારની સ્વરપર છતાં સંધિ થતી નથી. આ નીચેના શ્લોકમાં ए અને आની તથા ती અને ए તેની વચ્ચે આ સૂત્રથી સંધિ થતી નથી.

बहुआइ नहुल्लिहणे आबंधंतीए कञ्चुअं अङ्गे,
मयरद्धय–सर–धोरणि–धारा–छेअव्व दीसन्ति । १ ।

सं. वधूकायाः नखो ल्लेखने आबध्नंत्याः कंचुकं अंगे;
मकरध्वजशरधोरणि धारा छेदाइव दृश्यंते ॥ १ ॥

અર્થઃ-જેની અંદર નખથી ક્ષતો પડેલ છે એવા અંગ ઉપર કાંચલી પહેરતી વહુના ( નખક્ષતો ) જાણે કામદેવના બાણોની શ્રેણીની ધારોના પડેલા ઘા હોય નહિ ? તેવા દેખાય છે (૧)

આ નીચેના શ્લોકમાં तंचे–अ અને मो–एण्हि એ બે પદ વચ્ચે સંધિ ન થાય.

उवमासु अपज्जत्तेभ,-कलभ दंन्तावहासमूरुजुअं.
तंचेअं मलिअं विस दण्ड विरसमालक्खिमो एण्हि ।१।

सं. उपमासु अपर्याप्तेभ-कलभदंतापहासं ऊरुयुग्मं
तदेव[1] मर्दितविसदंड विरसमालक्ष्याम इदानीं १

१ [illegible]

અર્થઃ-જે સાથળનું યુગ્મ (પહેલાં) નાના હાથીના બચ્ચાંના દાંતો સરીખું હતું તેજ હાલમાં ચોળી નાંખેલ કમળના દાંડલા જેવું દેખાય છે. ॥ ૧ ॥

अहो अच्छरिअं । एदोतोरिति किम् ।

અર્થ अहो अच्छरिअं તેમાં પણ સંધિ ન થાય મુલમાં एदोतोः એ પદ ગ્રહણ કરવાનું શું કારણ? આ ગાથામાં સંધિ થતી નથી.

अत्थालोअणतरला इयरकईणं भमन्ति बुद्धीओ
अत्थच्चेअ निरारंभमे न्तिहिअयं कइन्दाणं ॥ १ ॥

सं. अर्थालोकनतरला इतरकवीनां भ्राम्यंति बुद्धयः
अर्थ एवनिरारंभं आयांति हृदयमध्ये कवीन्द्राणां ॥१॥

અર્થઃ-બીજા (સાધારણ) કવીઓની બુદ્ધીઓ અર્થની તપાસ રાખવામાં તત્પર હોય છે. પરંતુ મહાકવીઓના હૃદયમાં તો વગર પ્રયાસે અર્થ ચાલ્યો આવે છે.

स्वरस्योद्वृत्ते ॥ ८ । १ । ८ ॥

व्यञ्जनसंपृक्तः स्वरो व्यञ्जने लुप्ते योऽवशिष्यते स उद्वृत्त इहोच्यते । स्वरस्य उद्वृत्तेस्वरे परे संधिर्नभवति ।

અર્થઃ-વ્યંજન સાથે જોડાએલો સ્વર વ્યંજનનો લોપ થયા પછી જે બાકી રહે તે उद्वृत्त કહેવાય છે. તેવો उद्वृत्त સ્વર પર છતાં સ્વરની સંધિ ન થાય. ।

विसासिज्जन्त महा-पसु-दंसण-संभम-परोप्परारूढा,
गयणेच्चिय गंध-उडिं कुणन्ति तुह कउल-णारीओ ॥१॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

सं–विशस्यमान महापशुदर्शन संभ्रमपरस्परारूढाः,
गगन एव गन्धपुटीं कुर्वन्ति तव कौलनार्यः ॥ १ ॥

અર્થઃ–કપાતા મોટા પશુઓને જોવાના ગભરાટથી એક બીજા ઉપર ચઢી પડેલી કૌલ સ્ત્રીઓ ( હે રાજા ) તારો આકાશમાંજ સુગંધનો પમરાટ ફેલાવે છે. ।

निसा–अरो निसि–अरो रयणी–अरो—मणुअत्तं बहुलाधिकारात् क्वचित् विकल्पः બહુલ અધિકારથી ક્વચિત્ વિકલ્પે થાય છે कुम्भ–आरो कुम्भारो। सु-उरिसो सूरिसो। क्वचित् संधिरेव નિત્ય સંધિ થાય તે પણ બહુલ અધિકારથી सालाहणो—चक्काओ। अत एव प्रतिषेधात् समासेपि स्वरस्य संधौ भिन्नपदत्वम् ॥ એથીજ એટલે કે બહુલ અધિકાર ચાલુ હોવાથી ને તેમાં આ સંધી નિષેધનું સૂત્ર કહેલ હોવાથી સમાસ થયો હોય તેમાં બે સ્વરોની સંધી થઇ હોય છતાં પ્રયોજન હોય તો તે સંધી થયા છતાં પણ તેને જુદાં જુદાં પદો ગણી શકાય.।

निशाकर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી श કારનો स કાર થાય ત્યારે निसाकर થાય ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી क કારનો લોપ થાય ત્યારે निसाअर થાય ॥૮।૧।૭૨॥ આ સૂત્રથી आ કારનો વિકલ્પે इ કાર થાય ત્યારે निसाअर, निसिअर ॥૮।૩।૨॥ સૂત્રથી सि ના સ્થાને डो થાય ત્યારે निसाअरो निसिअरो રૂપ સિદ્ધ થાય. रजनीकर સંસ્કૃત શબ્દ છે. તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી ज કાર તથા क કારનો લોપ થાય ત્યારે रअनीअर ॥૮।૧।૨૨૮॥ સૂત્રથી न કારનો ण કાર થવાથી रअणीअर ॥૮।૩।૨॥ સૂત્રથી रअणीअरो રૂપ સિદ્ધ થાય છે.।

मनुजत्वं સંસ્કૃત શબ્દ છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૨૮॥ સૂત્રથી न કારનો ण કાર થાય ત્યારે मणुजत्वं થાય ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી ज કારનો લોપ થાય ત્યારે मणुअत्वं ॥૮।૨।૭૯॥ સૂત્રથી व् કારનો લોપ થાય ત્યારે मणुअत થાય ॥૮।૨।૮૯॥ સૂત્રથી દ્વિત્વ થાય એટલે मणुअत्त થાય ॥૮।૩।૨૫॥ સૂત્રથી सि ના સ્થાને म કાર થાય પછી ॥૮।૧।૨૩॥ સૂત્રથી म કારનો અનુસ્વાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થાય ત્યારે मणुअत्तं રૂપ સિદ્ધ થાય. બહુલ અધિકારથી કોઇ વખત વિકલ્પે સંધિ થાય कुम्भकार સંસ્કૃત શબ્દ છે. પ્રાકૃતમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી क કારનો લોપ થાય ત્યારે कुम्भआर થાય ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે कुम्भ-आरो, થાય ઉદ્વૃત્તની પણ સંધિ થઇ ત્યારે कुम्भारो રૂપ સિદ્ધ થાય છે.।

सुपुरुषः સંસ્કૃત શબ્દ છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી प કારનો લોપ થાય ત્યારે सुउरुषः ।૮।૧।૧૧૧॥ સૂત્રથી रु કારમાં રહેલ उ કારનો इ થાય ત્યારે सुउरिषः થાય. ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી મુર્ધન્ય ष કારનો દંત્ય स કાર થાય ત્યારે सुउरिसः ॥૮।૩।૨॥ સૂત્રથી सि ના સ્થાને ડો થાય सु–उरिसो ઉદ્વૃત્તની પણ સંધી થવાથી सूरिसो રૂપ સિદ્ધ થાય છે.। क्वचित्संधिरेव કવચિત્ સંધિ થાયજ. જેમકે सातवाहन સંસ્કૃત શબ્દ છે. તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૧૧॥ સૂત્રથી त કારનો ल કાર થાય ત્યારે सालवाहन અને ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી व કારનો લોપ થાય ત્યારે सालआहन ॥૮।૧।૨૨૮॥ સૂત્રથી न કારનો ण થાય ત્યારે सालआहण પછી બહુલ અધિકાર હોવાથી નિત્ય સંધી કરતાં सालाहण થાય. ॥૮।૩।૨॥ સૂત્રથી सि ના સ્થાને ડો થાય ત્યારે सालाहणो રૂપ સિદ્ધ થાય.।

चक्रवाक સંસ્કૃત શબ્દ છે તેનું પ્રાકૃતમાં ॥૮।૨।૭૯॥ સૂત્રથી र કારનો લોપ થવાથી चकवाक. થાય ॥૮।૨।૮૯॥ સૂત્રથી દ્વિત્વ થાય એટલે चक्कवाक થાય તથા ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી व તથા क નો લોપ થાય ત્યારે चक्कआअ. હવે અહીં ઉદ્વૃત્તની બહુલ આધકારથી નિત્ય સંધિ થાય તેથી चक्काअ થાય ॥૮।૩।૨॥ સૂત્રથી सि ના સ્થાને ડો થાય ત્યારે चक्काओ રૂપ સિદ્ધ થાય.।

## त्यादे ॥ ८ । १ । ९ ॥

तिवादीनां स्वरस्य स्वरे परे संधिर्न भवति ॥ भवति इह ॥ होइ इह ॥

અર્થઃ–तिवादि ધાતુના પ્રત્યયોના સ્વરને સ્વર પર છતાં સંધિ ન થાય.

P. P. Ac. Gunratnasuri M.S.                    Jin Gun Aaradhak Trust

भू धातु थकी तिव् प्रत्यय आवे ॥ ८ । ४ । ६० ॥ સૂત્રથી भू નો हो થાય. એટલે होति રૂપ થાય પછી ॥८ । ३ । १३९ ॥ સૂત્રથી ति ને સ્થાને इ એવો આદેશ થવાથી होइ રૂપ થાય તેની આગલ इह છે તે બે સ્વરોની આ નિયમથી સંધી ન થાય એટલે होइ-इह એવું રૂપ થાય છે. ।

## लुक् ॥ ८ । १ । १० ॥

स्वरस्य स्वरे परे बहुलं लुक् भवति. । त्रिदशेशः ॥

અર્થઃ-સ્વરનો સ્વર પર છતાં વિકલ્પે લુક્ થાય. સંકૃતમાં त्रिदश-ईशः તેનું પ્રાકૃતમાં ॥८ । १ । १७७॥ સૂત્રથી द्કારનો લોપ થાય ત્યારે त्रिअश-ईशः ॥८ । २ । ७९॥ સૂત્રથી रકારનો લોપ થાય છે. ત્યારે तिअश-ईशः ॥८ । १ । २६०॥ સૂત્રથી બંને शકારનો सકાર થાય. તેથી तिअस-ईसः થાય પછી ચાલતા સૂત્રથી सકારમાંથી अકારનો લોપ થઇ તેમાં ईકાર મળી જવાથી तिअसीसः ॥ ८ । ३ । २॥ સૂત્રથી सि ના સ્થાને डो થાય ત્યારે तिअसीसो રૂપ સિદ્ધ થાય છે. ।

निःश्वासोच्छ्वासौ સંસ્કૃત શબ્દ છે. તેનું પ્રાકૃતમાં ॥ ८।१।१३ ॥ સૂત્રથી निर्ના અંત્ય વ્યંજનનો લુક્ થાય. ત્યારે निश्वासोच्छ्वासौ, ॥८।१।९३ સૂત્રથી नि દીર્ઘ થાય ત્યારે नीश्वासोच्छ्वासौ. ॥ ८।२। ७९॥ સૂત્રથી બન્ને वकारनो લોપ થાય ત્યારે नीशासोच्छासौ ॥८ । १ । २६०॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે नीसासोच्छासौ. ॥८ । १ । १५७ ॥ સૂત્રથી ओनो-ऊ થાય ત્યારે नीसासूच्छासौ પછી ॥८ । १ । १७७॥ સૂત્રથી च् નો લોપ થાય એટલે छ-કારનો शકાર થાય. કારણ કેઃ-निमित्ताभावे नैमित्तिकस्याभावः એ પરિભાષાનો અર્થ એવો છે કે કારણ જાય તો તેને લઇને થએલ કાર્ય પણ મટી જાય તો આ ઠેકાણે च्કારને લીધે તાલવ્ય शકારનો छકાર થયો હતો તે च्કાર જવાથી छકારનો પાછો તાલવ્ય शકાર થઈ જવાને લીધે नीसासूशासौ થયું પછી ॥८ । १ । २६०॥ સૂત્રથી श નો स થાય તેથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નીસાસૂસાસૌ થાય હવે પ્રાકૃતમાં દ્વિવચનની જગ્યાએ બહુવચન વપરાતું હોવાથી औ પ્રત્યયને બદલે जस् પ્રત્યયનું રૂપ મુકવાથી બહુવચનમાં નીસાસૂસાસા રૂપ સિદ્ધ થાય. ।

## अन्त्य व्यञ्जनस्य ॥८।१।११॥

शब्दानां यद् अन्त्य व्यञ्जनं तस्य लुग् भवति. ।

પ્રાકૃત કરતાં સંસ્કૃત શબ્દને અંતે જે વ્યંજન હોય તેનો લુક થાય છે. यावत् શબ્દ સંસ્કૃત છે. तावत् પણ સંસ્કૃત છે. તેમાં यावत् શબ્દમાં ॥૮।૧।૨૪૫॥ સૂત્રથી य કારનો ज કાર થાય એટલે जावत् ॥૮।૧।૧૧॥ સૂત્રથી બંનેમાંથી અન્ત્ય વ્યંજન त् કારનો લોપ થાય ત્યારે जाव અને तात्र એવાં રૂપ સિધ્ધ થાય. ।

यशस् तमस् બંને સંસ્કૃત છે. ॥ ૮ । ૧ । ૨૪૫ ॥ સૂત્રથી यशस् શબ્દમાંના यકારનો जकार થાય ત્યારે जशस् થાય પછી ॥૮ । ૧ । ૨૬૦॥ સૂત્રથી शकारनो सकार થાય ત્યારે जसस् થાય અને ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી અન્ત્ય વ્યંજનનો લોપ થાય ત્યારે जस तम ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય પછી डकार डीत् कार्यार्थं એટલે ओ રહે ત્યારપછી टीनो લોપ કરી ओकार અન્ત્ય વ્યંજનમાં જોડવાથી जसो तमो એવાં રૂપો સિદ્ધ થાય છે।

जन्मन् શબ્દ સંસ્કૃત છે ॥ ૮ । ૨ । ૬૧ ॥ સૂત્રથી न्म નો म થાય છે ત્યારે जमन् થયું પછી ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી म દ્વિત્વપણાને પામે ત્યારે जम्मन् પછી ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી न्नो લોપ થયો એટલે जम्म થયું. પછી પ્રથમાના એક વચનનો सि પ્રત્યય આવતાં ॥૮। ૩ । ૨॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે जम्मो રૂપ સિદ્ધ થાય છે।

समासे तु वाक्यविभक्त्यपेक्षायां अंत्यत्वम् अनन्त्यत्वं च એટલે સમાસાંત પદ હોય તો વાકય તથા વિભક્તિની અપેક્ષાએ તે પદના વ્યંજનનું અંત્ય પણું અને અનંત્ય પણું છે. तेनोभयमपि भवति એટલે તેથી બંને



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગણાય છે જેમકે-सद्भिक्षु સંસ્કૃત શબ્દ છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી द्‌કારનો લોપ થાય ત્યારે समिक्षु થાય પછી ॥૮ ।૨। ૩॥ સૂત્રથી क्ष નો ख થાય ત્યારે समिखु થાય પછી ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ख દ્વિત્વ થાય એટલે समिख्खु થાય. ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વના ख् નો क् થાય ત્યારે समिक्खु થાય ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી દીર્ઘ થાય ત્યારે समिक्खू રૂપ સિદ્ધ થાય. ।

सज्जनः સંસ્કૃત શબ્દ છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો ण કાર થાય ત્યારે सज्जणः પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે सज्जणो રૂપ સિદ્ધ થાય છે. ।

एतद्‌गुणाः એ સંસ્કૃત છે તેને ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી त्‌કારનો લોપ થાય પછી ॥૮।૧।૧૧ । સૂત્રથી અન્ત્ય વ્યંજનનો લોપ થાય ત્યારે एअगुणाः થાય ॥૮ । ૩ । ૪॥ સૂત્રથી जस्-शसનો लुक થાય પછી ॥૮ । ૩ । ૧૨॥ સૂત્રથી अકારનો દીર્ઘ થાય ત્યારે एअगुणा રૂપ સિદ્ધ થાય. તેવીજ રીતે तद्‌गुणाः તેનું. વિશેષમાં ॥ ૮ ।૨। ૮૯ ॥ સૂત્રથી गકાર બેવડો થાય ત્યારે तग्गुणा થાય. ।

## न श्रदुदोः ॥ ८ । १ । १२ ॥

श्रद् उद् इत्येतयोरंत्यव्यंजनस्य लुग् न भवति ।

અર્થ:—श्रद् અને उद् એ બે ઉપસર્ગના અન્ત્ય વ્યંજનનો લુક્ ન થાય જેમકે श्रद्‌दधितं સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૪ । ૯ ॥ સૂત્રથી श्रद् ઉપસર્ગ પૂર્વે धा ધાતુનો दह આદેશ થાય છે પછી ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र्‌કારનો લોપ થાય ત્યારે शद् दह થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે सद्‌दह થાય પછી क्त પ્રત્યય આવ્યો પછી ॥૮।૪।૨૩૯॥ સૂત્રથી ધાતુના અન્તનો अકાર થાય અને लोकात् સૂત્રથી लुक् કરી क्त પ્રત્યય પર છતે दहि થાય પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી त्‌કારનો लुक्

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થાય ત્યારે दहिअ થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિના સ્થાને મકાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મકારનો અનુસ્વાર થાય ત્યારે सद्दहिअं રૂપ સિદ્ધ થાય આ સૂત્રથી श्रद्ના અંત્યવ્યંજન નો લોપ થાય નહીં ત્યારે सद्दहिअं રૂપ થાય.

श्रद्धा સંસ્કૃત શબ્દ છે. श्रद्धा–श्रद् ઉપર પ્રમાણે સિદ્ધ થાય ત્યારે सद् धा થાય ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી द્કારનો લોપ થાય ત્યારે सधा થાય પછી ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી धકાર બેવડો થાય પછી ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથીપૂર્વ धકારનો दકાર થાય ત્યારે सद्धा રૂપ સિદ્ધ થાય. ।

उद्गत સંસ્કૃત શબ્દ છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી द् ઉડી ગયો ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી गકાર બેવડો થયો ત્યારે उग्गत થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી गतના तકારનો લોપ થાય, ત્યારે उग्गअ થાય. ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अ વર્ણનો यકાર થાય ત્યારે उग्गय થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મકાર થાય ત્યારે उग्गयम् થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म્કારનો અનુસ્વાર થાય ત્યારે उग्गयं રૂપ સિદ્ધ થાય છે. । उन्नयं રૂપ પણ તેના સમાનજ સમજવું. । વિશેષમાં ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી અન્ત્યવ્યજન જે तકાર છે તે तનો લોપ ન થાય

## निर्दुरोर्वा ॥ ८ । १ । १३ ॥

निर् दुर् इत्येतयोरंत्यव्यंजनस्य वा लुग् न भवति ।

निर् અને दुर् એ બે ઉપસર્ગના અંત્ય વ્યંજનનો વિકલ્પે લુક્ ન થાય. જ્યારે લુક્ ન થાય ત્યારે निस्सहं એવું રૂપ થાય સંસ્કૃતના નિયમ પ્રમાણે અને જ્યારે ॥ ૮ । ૧ । ૧૩ ॥ સૂત્રથી निर् ઉપસર્ગના र્નો લોપ થયો ત્યારે निसहं એવું થયું. પછી ॥ ૮ । ૧ । ૯૩ ॥ થી निનો इકાર દીર્ઘ થયો તેથી नीसह થાય. । ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મકાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મકારનો અનુસ્વાર થાય ત્યારે नीसहं એવું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રૂપ સિદ્ધ થાય. दुस्सह સંસ્કૃત શબ્દ છે. તેના दुर् એટલા ભાગના અંત્ય વ્યંજનનો લોપ ન થયો ત્યારે તેવું ને તેવું એટલે दुस्सह એવું રહ્યું પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થયો એટલે दुस्सहो રૂપ સિદ્ધ થાય ને જ્યારે ચાલુ ॥ ૮ । ૧ । ૧૩ ॥ સૂત્રથી दुर्‌ના અંત્ય વ્યં-જનનો લોપ થયો ત્યારે दुसह થયું. પછી ॥ ૮ । ૧ । ૧૧૫ ॥ સૂત્રથી उકારનો દીર્ઘ થવાથી दूसह થયું પછી પ્રથમાના એક વચનના सि પ્રત્યયનો डो ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી થવાથી दूसहो રૂપ સિદ્ધ થાય.।

दुःखित એ સંસ્કૃત રૂપ છે તેને ॥ ૮ । ૧ । ૧૩ ॥ સૂત્રથી વિકલ્પે વ્યંજન રહેવાથી ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી જીહ્વા મૂલીયનો લોપ થયો એટલે दुखित થયું પછી ॥ ૮ । ૨ । ૮૯ ॥ થી खકાર બેવડો થાય તથા ॥ ૮ । ૨ । ૯૦ ॥ થી પૂર્વ खકારનો क्કાર થાય ત્યારે दुक्खित થાય પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ થી तનો લોપ થવાથી दुक्खिअ થયું. પછી પ્રથમાના सि પ્રત્યયનો ॥૮ । ૩ । ૨॥ સૂત્રથી डो થઈને दुक्खिओ રૂપ સિદ્ધ થાય છે.। એમ વિકલ્પે જ્યારે અન્ત્ય વ્યંજનનો લોપ થાય છે ત્યારે दुर्खित સંસ્કૃત છે તેને ॥ ૮ । ૧ । ૧૩॥ સૂત્રથી વિકલ્પે दुर्‌ના અન્ત્ય વ્યંજનનો લોપ થવાથી दुखित થયું. પછી ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી "ख" નો "ह" થવાથી दुहित થયું. પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ થી तનો લોપ થઈ दुहिअ એવું રૂપ થયું. પછી પ્રથમાના એકવચનના सि પ્રત્યયનો ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી डो થઈ ડી નો લોપ થઈ दुहिओ રૂપ સિદ્ધ થયું છે.।

## स्वरेऽन्तरश्च ॥ ८ । १ । १४ ॥

अन्तरो निर्दुरोश्चान्त्यव्यंजनस्य स्वरे परे लुग् न भवति।

अंतरप्पा। निरंतरं। निरवसेसं। दुरुत्तरं दुरवगाहं । क्वचिद् भवत्यपि अंतोवरि।

અર્થઃ—અંતર્ निर् અને दुर् એ શબ્દોના અન્ત્યવ્યંજનનો સ્વર પર છતાં નિત્ય લુક્ ન થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

संस्कृत शब्द अंतर् आत्मन् छे तेनुं प्राकृतमां ॥ ८ । २ । ५१ ॥ सूत्रथी संयुक्त व्यंजननो प विकल्पे थाय एटले अंतर् आपन् थाय. ॥ ८ । २ । ८९ । सूत्रथी पकारनो द्विर्भाव थाय. त्यारे अंतर् आप्पन् थाय. पछी॥ ८ । १ । ८४॥ सूत्रथी आनो ह्रस्व थयो एटले अंतर् अप्पन् थयुं. पछी ॥ ८ । १ । ११ ॥ सूत्रथी अन्त्य व्यंजननो लोप थवाथी अंतर् अप्प थयुं पछी ॥ ८ । ३ । ४९ ॥ थी अंत्य स्वरदीर्घ थवाथी अंतर् अप्पा थयुं. पछी र्मां अ भळी जवाथी अंतरप्पा सिद्ध थाय छे। निरंतरं। उपर प्रमाणे सिद्ध थाय. निरवशेष संस्कृत शब्द छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । २६० ॥ सूत्रथी श अने षनो सकार थाय त्यारे निरवसेस थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिनास्थाने मकार थाय त्यारे निरवसेसम् रूप थाय पछी ॥८ । १ । २३॥ सूत्रथी मकारनो अनुस्वार थाय त्यारे निरवसेसं रूप सिद्ध थाय छे.।

दुरुत्तरं संस्कृत तेनी माफक, दुरवगाहं ते पण पेलानी माफक समजवुं. क्वचिद् भवत्यपि अंतोवरि ॥ ८ । १ । १०८ ॥ सूत्रमां आपेल छे त्यांथी जोई लेवुं.।

## स्त्रियामादविद्युतः ॥ ८ । १ । १५ ॥

स्त्रियां वर्तमानस्य शब्दस्यांत्य व्यंजनस्य आत्वं भवति विद्युच्छब्दं वर्जयित्वा। लुगपवादः।

सरित् सरिआ। प्रतिपद् पाडिवया। संपद् संपआ।

अर्थः-स्त्रीलिंगमां वर्तमान एवा शब्दना अन्त्यव्यंजननो आ थाय पण ते विद्युत् शब्दने वर्जीने थाय. अहीं लुक्नो अपवाद छे.।

सरित् शब्दमां ॥ ८ । १ । ११ ॥ सूत्रथी व्यंजननो लोप थवा आव्यो पण तेनो अपवाद करीने ॥ ८ । १ । १५ ॥ सूत्रथी अन्त्य व्यंजननो आ थाय त्यारे सरिआ रूप सिद्ध थाय.।

प्रतिपद् शब्द संस्कृत छे. तेनुं प्राकृतमां ॥ ८ । १ । २०६ ॥ सूत्रथी तिनातनो ड थाय त्यारे प्रडिपद् ॥८ । १ । ४४॥ सूत्रथी आदि अकार दीर्घ थाय त्यारे प्राडिपद् ॥ ८ । २ । ७९ ॥ सूत्रथी रकारनो लोप थाय. त्यारे पाडिपद्

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

॥ ८ । १ । २३१ ॥ સૂત્રથી पનો व થાય ત્યારે पाडिवद् ॥ ८ । १ । १९ ॥ સૂત્રથી અન્ત્યવ્યજન द્નો आ થાય ત્યારે पाडिवआ થાય । संपद् તેનું संपआ થાય તે ॥ ૮ । ૧ । ૧૯ ॥ સૂત્રથી અંત્યવ્યંજનનો आ કરવાથી થાય છે। આ બહુલ અધિકાર છે. તેથી इषत् स्पृष्टतर प्रयत्नवाळा यકારનું શ્રવણ પણ થાય છે તેથી संपया सरिया पाडिवया એમ પણ થાય છે. ।

મૂલમાં विद्युत् શબ્દને વર્જીને એમ કહ્યું છે તેથી विद्युत् નું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૨૪ ॥ સૂત્રથી विजुत ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ज કાર બેવડો થાય. ત્યારે विज्जुत् ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી અન્ત્યવ્યંજનનો લોપ થાય ત્યારે विज्जु રૂપ થયું. પછી પ્રથમાના એકવચનનો પ્રત્યય લાગતાં ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી અંત્ય उકાર દીર્ઘ થયો એટલે विज्जू સિધ્ધ થાય.

## रो रा ॥ ८ । १ । १६ ॥

स्त्रियां वर्तमानस्यान्त्यस्य रेफस्य रा इत्यादेशो भवति । आत्वापवादः ।

અર્થઃ—સ્ત્રીલિંગમાં વર્તમાન એવા અન્ત્યવ્યંજનના રેફને रा એવો આદેશ થાય છે आકારનો અપવાદ છે. સંસ્કૃત શબ્દમાં गिर् पुर् धुर् એવા શબ્દો છે તેનું પ્રાકૃતમાં આ સૂત્રથી અંત્ય રેફનો रा થાય. ॥ ૮।૧।૧૧ ॥ સૂત્રથી અન્ત્ય વ્યંજનનો લુક્ થવા આવ્યો પણ આ સૂત્ર તેનું અપવાદ રૂપ હોવાથી તે નહી લાગતાં આ સૂત્ર લાગીને गिरा पुरा धुरा એવાં રૂપો સિદ્ધ થાય છે. ।

## क्षुधो हा ॥ ८ । १ । १७ ॥

क्षुध् शब्दस्यान्त्यव्यंजनस्य हादेशो भवति ।

અર્થઃ—क्षुध् શબ્દના અન્ત્ય વ્યંજન ध् નો हा એવો આદેશ થાય છે। સંસ્કૃત क्षुध् શબ્દનું પ્રાકૃત ॥ ૮ । ૧ । ૧૭ ॥ સૂત્રથી ध् નો हा થાય એટલે छुहा એવું રુપ થયું. આ ઠેકાણે અન્ત્ય વ્યંજનનો લુક્ ॥૮।૧।૧૧॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂત્રથીથવા આવ્યો પણ આ સૂત્ર અપવાદ હોવાથી તે ન થતાં આ સૂત્રથી "ह्य" આદેશ થાય છે. પછી ॥ ૮ । ૨ । ३ ॥ સૂત્રથી क्ष નો छ થાય એટલે छुह्य એવું રૂપ સિદ્ધ થયું.।

## शरदादेरत् ॥८।१।१८॥

शरदादेरन्त्य व्यंञ्जनस्याद् भवति।

અર્થ:–शरद् વિગેરે શબ્દોના અંત્ય વ્યંજનનો अत् થાય છે. સંસ્કૃત शरत् શબ્દ છે. તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી शकारनो सकार થાય ત્યારે सरद् भिषक् ના षकार નો सकार થાય ત્યારે भिसक् થાય અને क् નો अ ચાલતા સૂત્રથી એટલે ॥ ૮।૧।૧૮ ॥ સૂત્રથી થાય છે. ત્યારે सरअ भिसअ ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી પ્રથમાના એકવચનના सि પ્રત્યયનો डो આદેશ થઈ सरओ भिसओ એવું રૂપ સિદ્ધ થયું।

## दिक्प्रावृषोः सः ॥८।१।१९॥

एतयोरन्त्यव्यञ्जनस्य सो भवति।

અર્થ:–दिश् અને प्रावृष् શબ્દના અંત્ય વ્યંજનનો स થાય છે. પછી લૌકિક વ્યાકરણના ॥ ૨ । ૪ । ૧૮ ॥ સૂત્રથી "आ" પ્રત્યય લાગવાથી ને પછી સંધિ કરવાથી दिसा રૂપ સિદ્ધ થાય છે.।

प्रावृष् સંસ્કૃત શબ્દ છે. તેને પ્રથમ ॥૮।૨।૭૯॥ સૂત્રથી प्र માંથી र्કારનો લોપ કરવાથી पावृष् થયું પછી ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી वनो લોપ થઈ પછી ॥૮।૧।૧૩૧॥ સૂત્રથી ऋनो "उ"કાર થયો એટલે "पाउष" થયું પછી ॥ ૮।૧।૧૯ ॥ થી અન્ત્યવ્યંજનનો "स"કાર થયો એટલે पाउस થયું પછી પ્રથમાના એકવચનનો ॥ ૮ । ३ । २ ॥ થી सिनो डो (ओ) થઈ डीत् હોવાથી टीनो લોપ થઇ તેમાં ओकार મળી જવાથી 'पाउसो" રૂપ સિદ્ધ થાય છે.।

P. P. Ac. Gunratnasuri M.S.                    Jin Gun Aaradhak Trust

# आयुरप्सरसोर्वा ॥ ८ । १ । २० ॥

एतयो रन्त्यव्यञ्जनस्य सो वा भवति ।

અર્થ:—आयुष् અને अप्सरस् શબ્દના અંત્ય વ્યંજનનો स વિકલ્પે થાય છે. ।

दीर्घायुस् સંસ્કૃત શબ્દ છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી ઘનો ह થાય અને તેની પહેલાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र्કારનો લોપ થાય. ત્યારે दीहायुस् થયું. પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે दीहाउस् પછી ॥ ૮ । ૧ । ૨૦ ॥ સૂત્રથી અન્ત્ય વ્યંજનનો આખો सકાર થવાથી दीहाउस થાય પછી ॥ ૮ । ३ ।२ ॥ સૂત્રથી सि પ્રત્યયનો डो થઇ डीत् હોવાથી टी નો લોપ થવાથી અને ओકાર सिમાં ભળવાથી दीहाउसो રૂપ સિદ્ધ થાય છે. । અને જ્યારે ઉપરના સૂત્રમાં વિકલ્પ હોવાથી અન્ત્ય વ્યંજનનો આખો सકાર ન થાય તે વખતે ॥૮ । ૧ । ૧૧॥ સૂત્રથી स्કારનો લોપ થઈ "दीहाउ" થાય પછી ॥ ૮ ।३ । ૧૯ ॥ સૂત્રથી અંત્ય "उ"કાર દીર્ઘ થવાથી दीहाऊ રૂપ સિદ્ધ થાય છે. ।

સંસ્કૃત अप्सरस् તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ ।૨૦ ॥ સૂત્રથી स् નો सકાર થાય એટલે अप्सरस થયું પછી લૌકિક વ્યાકરણના ॥૨ । ૪ । ૧૮॥ સૂત્રથી आ પ્રત્યય સ્ત્રીલિંગનો લાગી સંધી થયાથી अप्सरसा થાય પછી ॥૮ । ૨ । ૨૧ ॥ સૂત્રથી प्स નો छ થાય પછી ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી छકારનો દ્વિર્ભાવ થાય ॥૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વના छ् નો च् થાય ત્યારે अच्छरसा રૂપ થાય. । પક્ષે

अप्सरस संस्કૃત શબ્દ છે. તેને ઉપરનું સૂત્ર વિકલ્પે લાગતું હોવાથી ન લાગ્યું ત્યારે ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી અન્ત્યવ્યંજન स्કારનો લોપ થયો એટલે अप्सर થયું. પછી ॥ ૮ । ૨ । ૨૧ ॥ તથા ॥ ૮ । ૨ । ૮૯ ॥ અને ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રોથી अच्छर થયું. પછી લૌકિક વ્યાકરણના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

॥ २ । ४ । १८॥ સૂત્રથી સ્ત્રીલિંગનો આ પ્રત્યય લાગી સંધી થઈ अच्छरा રૂપ સિદ્ધ થયું.। એટલે अच्छरसा, अच्छरा એ બે રૂપ થાય છે.।

## ककुभो हः ॥ ८ । १ । २१ ॥

ककुभ्शब्दस्यान्त्यव्यञ्जनस्य हो भवति ।

અર્થઃ—ककुभ् શબ્દના અંત્યવ્યંજનનો ह થાય છે.।

ककुभ् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮। ૧। ૧૭૭॥ સૂત્રથી ककुभ् શબ્દના બીજા ककारनो લોપ થાય ત્યારે कउभ् થયું. પછી ॥૮। ૧। ૨૧॥ સૂત્રથી અંત્યવ્યંજન भ् નો ह् થાય એટલે कउह् થાય પછી લૌકિક વ્યાકરણના ॥ ૨ । ૪ ।૧૮ ॥ સૂત્રથી आप् પ્રત્યય આવ્યો ત્યારે સંધી કરવાથી कउहा થાય.।

## धनुषो वा ॥ ८ । १ । २२ ॥

धनुः शब्दस्यान्त्यव्यञ्जनस्य हो वा भवति ।

અર્થઃ—धनुष् શબ્દના અન્ત્ય વ્યંજનનો ह વિકલ્પે થાય।

धनुष् શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥૮। ૧। ૨૨૮॥ સૂત્રથી नकारनो णकार थाय त्यारे धणुष् थाय ॥ ८ । १ । २२ ॥ સૂત્રથી धणुष्ना ष्कारनो વિકલ્પે ह થાય ત્યારે धणुह ॥૮ । ૩ । ૨૫॥ સૂત્રથી सिप्रत्ययना સ્થાને म् થાય ત્યારે धणुहम् ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી અંત્ય म्कारनो અનુસ્વાર થાય ત્યારે धणुहं। થાય વિકલ્પે धनुष्ना ष्कारनो ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી लुक् થાય ત્યારે धणु થાય પછી ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી उकारनो દીર્ઘ થાય ત્યારે धणू એવું રૂપ થાય। એવી રીતે धणुहं અને धणू એવાં બંને રૂપો સિદ્ધ થાય છે.।

## मोनुस्वारः ॥ ८ । १ । २३ ॥

अन्त्यमकारस्यानुस्वारो भवति।

અર્થઃ—અંત્ય म्कारनो અનુસ્વાર થાય છે.।

जल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮ । ૩ । ૨૫॥ સૂત્રથી सिना



P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

સ્થાને મકાર થાય. ॥૮।૧।૨૩॥ સૂત્રથી મકારનો અનુસ્વાર થાય એટલે जलं રૂપ સિદ્ધ થાય છે એવીજ રીતે फलं રૂપ સિદ્ધ થાય છે.। वृक्ष શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૬ ॥ સૂત્રથી આદિ ऋકારનો अ થાય ત્યારે वक्ष થાય. ॥૮ । ૨ । ૩॥ સૂત્રથી क्ष નો छ થાય ત્યારે वछ થાય. ॥૮।૨।૮૯॥ સૂત્રથી छ નો દ્વિર્ભાવ થાય અને ॥૮ । ૨ । ૯૦॥ સૂત્રથી પૂર્વ छ् નો च् થાય ત્યારે वच्छ થાય પછી ॥૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सि ના સ્થાને मકાર થાય ત્યારે वच्छम् થાય. ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે वच्छं રૂપ સિદ્ધ થાય.।

गिरि શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી પ્રથમાના એક વચનના सि પ્રત્યયનો मકાર થાય ત્યારે गिरिम् થાય. ॥૮ । ૧ । ૨૩॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે गिरिं રૂપ થાય.।

दृश એ સંસ્કૃત ધાતુ છે. તેનું પ્રાકૃતમાં ॥૮ । ૪ । ૧૮૧॥ સૂત્રથી पेच्छ આદેશ થાય. ત્યારે गिरिंपेच्छ એવું થયું. તેનો અર્થઃ- તું પર્વતને જો.। क्वचित् अनंत्यस्यापि આ સૂત્રથી કયાંક અંત્યે ન હોય પરંતુ રૂપના વચમાં હોય તો પણ मકારનો અનુસ્વાર થાય જેમકેઃ—वन શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥૮ । ૩ । ૧૧॥ સૂત્રથી ङि સપ્તમીના પ્રત્યેયને સ્થાને म्मि થાય. પછી ॥૮ । ૧ । ૨૨૮॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે वणम्मि થાય. આ સૂત્રથી રૂપના વચમાં રહેલ म નો અનુસ્વાર થવાથી वणंमि રૂપ સિદ્ધ થાય છે.

## वास्त्वरे मश्च ॥ ८ । १ । २४ ॥

अन्त्यमकारस्य स्वरे परेऽनुस्वारो वा भवति। पक्षे लुगपवादो मस्य मकारश्च भवति।

અર્થઃ-અંત્ય મકારનો સ્વર પર છતાં અનુસ્વાર વિકલ્પે થાય છે. પક્ષે લુક્‌ના અપવાદરૂપ मનો मકાર થાય "वंदे ऋषभमजितं" સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં वदुङ् ધાતુ स्तुत्यभिवादनयोः उदितः स्वराम्नोन्तः ॥४ । ४ । ९८॥ થીवद् ધાતુના द्‌ની પહેલાં न् વધારવાથી वन्द થયું. પછી कर्तर्यनद्भ्यः शव्

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

॥ ३ । ४ । ७१ ॥ સૂત્રથી અકાર ઉમેરવામાં આવ્યો ત્યારે वन्द થયું. ॥ ८ । ३ । १३९ ॥ त्यादीनामाद्य त्रयस्याद्यस्येचेचौ એ સૂત્રથી પ્રથમ પુરૂષના એક વચનને સ્થાને एकार આદેશ થાય પછી ॥ ૮ । ૧ । ૧૦ ॥ સૂત્રથી वन्दના અકારનો લોપ થઈ તેમાં ए પ્રત્યય મલવાથી वंदे ( वन्दे ) રૂપ સિદ્ધ થયું ।

ऋषभ શબ્દ સંસ્કૃત છે. તેને ॥ ૮ । ૧ । ૧૩૧ ॥ સૂત્રથી ऋનો उ થયો એટલે उषभ થયું. પછી ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી षકારનો सकार થયો એટલે उसभ થયું. તેને દ્વિતીયાના એકવચનનો પ્રત્યય લાગી उसभम् થયું. તેને ॥ ૮ । ૧ । ૨૩ ॥ થી म्કારનો અનુસ્વાર થઇ उसभं રૂપ સિદ્ધ થયું. ।

अजित સંસ્કૃત શબ્દ છે તેને ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ થી तનો લોપ કરવાથી अजिअ તેને દ્વિતીયાના એકવચનનો પ્રત્યય લાગવાથી अजिअम् થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ થી અંત્ય म्કારનો અનુસ્વાર કરવાથી "अजिअं" રૂપ સિદ્ધ થાય છે. ।

આ ઉદાહરણમાં "वंदे उसभं अजिअं" અનુસ્વાર પછી સ્વર આવ્યો છે, છતાં म्કારનો સ્વર પર છતાં અનુસ્વાર થયો છે ને જ્યારે સ્વરપર છતાં म्કારનો અનુસ્વાર ન થાય ત્યારે તેનો ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી લોપ ન થતાં આ સૂત્રથી એટલે ॥ ૮ । ૧ । ૨૪ ॥ સૂત્રથી म्કાર થઇને उसभ मजिअं च वन्दे એવી રીતે म्કાર अकारમાં મળી જઇને રૂપ સિદ્ધ થાય છે. ।

बहुलाधिकाराद् अनन्त्यस्यापि व्यञ्जनस्य मकारः ॥ बहुलम् ॥ ૮ । ૧ । ૨ ॥ આ અધિકાર હોવાથી તેમજ તેનો અર્થ ચાર પ્રકારનો હોવાથી કયાંક બીજા વ્યંજનને બદલે પણ म्કાર આદેશ થાય છે જેમકેઃ—साक्षात् સંસ્કૃત શબ્દ છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી साक्षात्ના સાનો स થાય सक्षात् ॥ ૮ । ૨ । ૩ ॥ સૂત્રથી क्षનો ख થાય ત્યારે सखात् ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી खકાર ડબલ થાય ત્યારે सख्खात् થાય. ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વના ख्કારનો क्કાર થયો ત્યારે सक्खात्

॥ ८ । १ । ६७ ॥ સૂત્રથી सक्खात् શબ્દમાંના આકારનો અકાર થાય ત્યારે सक्खत् થાય. ॥ ८ । १ । ११ ॥ સૂત્રથી અંત્યવ્યંજનનો લોપ ન થતાં આ સૂત્રથી એટલે કે ॥ ८ । १ । २४ ॥ સૂત્રથી म्કાર થયો ત્યારે सक्खम् ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે सक्खं રૂપ સિદ્ધ થાય છે. ।

यत् અને तत् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २४५ ॥ સૂત્રથી यत्ના યકારનો जકાર થાય ત્યારે जत् ને तत् થાય. ॥ ८ । १ । ११ ॥ સૂત્રથી અન્ત્યવ્યંજનનો લોપ ન થતાં ॥ ८ । १ । २४ ॥ સૂત્રથી मકાર થઈ जम् तम् થાય. ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે जं અને तं રૂપો સિદ્ધ થાય છે. । विष्वक् શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७१ ॥ સૂત્રથી विष्वक् ના वકારનો લોપ થાય ત્યારે विषक् થાય ॥ ८ । १ । ५२ ॥ સૂત્રથી આદિ અકારનો उ થાય ત્યારે विषुक् થાય ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી षकारનો सકાર થાય. ત્યારે विसुक् થાય ॥ ८ । १ ।४३ ॥ સૂત્રથી षકાર પછી वનો લોપ કરવાથી તેનો આદિનો સ્વર દીર્ઘ થાય. ત્યારે वीसुक् ॥८ ।१। ११॥ સૂત્રથી અંત્ય વ્યંજનનો લોપ ન થતાં ॥ ८ । १ । २४ ॥ સૂત્રથી मકાર થઇને ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે वीसुं રૂપ સિદ્ધ થાય છે. ।

पृथक् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १२८ ॥ સૂત્રથી पृथक् ના ऋકારનો इકાર થાય. ત્યારે पिथक् થાય. ॥ ८ । १ । ११ ॥ સૂત્રથી અંત્ય વ્યંજનનો લોપ ન થતાં ॥ ८ । १ । २४ ॥ સૂત્રથી मકાર થાય. ત્યારે पिथम् ॥ ८ । १ । १८७ ॥ સૂત્રથી थકારનો हકાર થાય ત્યારે पिहम् થાય પછી ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે पिहं રૂપ સિદ્ધ થાય. ।

येन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૪૫ ॥ સૂત્રથી य કારનો ज કાર થાય ત્યારે जेन થાય ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી न કારનો ण કાર થાય ત્યારે जेण રૂપ સિધ્ધ થાય धृत શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૪ । ૨૩૪ ॥ સૂત્રથી ધાતુના અંત્ય ऋ વર્ણનો अर् આદેશ થાય ત્યારે धर्त પછી ॥ ૮ । ૪ । ૨૩૯ ॥ સૂત્રથી धर् ધાતુને अ કાર આગમ થાય ત્યારે धरत થયું પછી ॥ ૪ । ૪ । ૩૨ ॥ સંસ્કૃત વ્યાકરણના સૂત્રથી "धर" ધાતુને त પ્રત્યય પર છતાં इ આગમ આવે ત્યારે પૂર્વના अ કારનો લોપ ॥ ૮ । ૧ । ૧૦ ॥ સૂત્રથી થયો ને તેમાં इ મળી જવાથી धरित થયું પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી त् કારનો લોપ થયો ત્યારે धरिअ થયું પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सि ના સ્થાને डो આદેશ થાય ત્યારે धरिओ રૂપ સિધ્ધ થાય છે स्त्रियामित्येव સ્ત્રીલિંગમાંજ આ કાર એવો આદેશ થાય એમ સમજવું પરંતુ बाहु શબ્દ પુલિંગમાં હોય તો આકાર એવો અંતાદેશ થાય નહિ જેમકે वामेअरो बाहू—वामेतरः बाहुः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી त કારનો લોપ થાય ત્યારે वामेअर થયું પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सि ના સ્થાને डो આદેશ થાય ત્યારે वामेअरो રૂપ સિધ્ધ થાય. ।

बाहुः શબ્દ સંસ્કૃત હતો તેને પ્રથમાના એક વચનમાં ॥ ૮ । ૩ ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

१९ ॥ સૂત્રથી અંત્ય સ્વર ઉકાર દીર્ઘ થઈ પ્રત્યયનો ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી લોપ થઈ बाहू રૂપ સિદ્ધ થયું. ।

## अतो डो विसर्गस्य॥ ८ । १ । ३७ ॥

संस्कृतलक्षणोत्पन्नस्यातः परस्य विसर्गस्य स्थाने डो इत्यादेशो भवति ।

અર્થઃ—સંસ્કૃત વ્યાકરણમાં ઉત્પન્ન થએલ એવો જે અકાર થકી પર જે વિસર્ગ તેના સ્થાને ડો એવો આદેશ થાય છે. ।

सव्वओ,

सर्वतः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र् કારનો લોપ થાય ત્યારે सवतः થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી व કાર બેવડો થાય ત્યારે सव्वतः થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી त् કારનો લોપ થાય ત્યારે सव्वअः થાય ॥ ૮ । ૧ । ૩૭ ॥ સૂત્રથી વીસર્ગના સ્થાને डो આદેશ થાય ત્યારે सव्वओ રૂપ સિદ્ધ થાય છે. ।

पुरओ,

पुरतः શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી त् કારનો લોપ થાય અને ॥ ૮ । ૧ । ૩૭ ॥ સૂત્રથી વીસર્ગના સ્થાને डो આદેશ થાય ત્યારે पुरओ રૂપ સિદ્ધ થાય. ।

अग्गओ,

अग्रतः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र् કારનો લોપ થાય ત્યારે अगतः ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ग કાર બેવડો થાય ત્યારે अग्गतः ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી त् કારનો લોપ થાય ત્યારે अग्गअः ॥ ૮ । ૧ । ૩૭ ॥ સૂત્રથી વીસર્ગના સ્થાને डो થાય, ત્યારે अग्गओ રૂપ સિદ્ધ થાય.

P. P. Ac. Gunratnasuri M.S.                                   Jin Gun Aaradhak Trust

मग्गओ,

मार्गतः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र् કારનો લોપ થાય ત્યારે मागतः, ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ग કાર બેવડો થાય ત્યારે माग्गत,ः ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી त કારનો લોપ થાય ત્યારે माग्गअः, ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી मा કારનો म કાર થાય ત્યારે मग्गअः, ॥ ૮ । ૧ । ૩૭ ॥ સૂત્રથી વિસર્ગને સ્થાને डो થાય ત્યારે मग्गओ, સિદ્ધ થાય। एवं सिद्धावस्थापेक्षया, તૈયાર થએલા રૂપની અપેક્ષાએ કરીને આ પ્રકારે રૂપ થાય તેવીજ રીતે भवतः સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી त् કારનો લોપ થાય અને ॥ ૮ । ૧ । ૩૭ ॥ સૂત્રથી વિસર્ગના સ્થાને डो થાય ત્યારે भवओ રૂપ સિદ્ધ થાય તેમ બીજા પણ સમજી લેવા આ સૂત્રથી (भवन्तो, सन्तो,)

સૂત્રથી भवन्तः નું भवन्तो, सन्तः નું संतो તેવા રૂપો થાય છે. ।

कुदो,

कुतः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૪ । ૨૬૦ ॥ સૂત્રથી त કારનો द કાર થાય અને ॥ ૮ । ૧ । ૩૭ ॥ સૂત્રથી विसर्ग ના સ્થાને डो થાય ત્યારે कुदो રૂપ થાય છે. ।

## निष्प्रती ओत्परी माल्यस्थो र्वा ॥ ८ । १ । ३८॥

निर् प्रति इत्येतौ माल्यशब्दे स्थाधातौ च परे यथासंख्यं ओत्, परि इत्येवंरूपौ वा भवतः अभेदनिर्देशः सर्वादेशार्थः ।

અર્થઃ–निर् અને प्रति એ બે ઉપસર્ગની પછી જો માલ્ય શબ્દ અને સ્થા ધાતુ આવે તો ओत् અને परि એવા આદેશો વિકલ્પે થાય આ સૂત્રમાં બે ઉપસર્ગોની એક સાથે વાત કરેલ છે તેથી આદેશો આખાએ ઉપસર્ગને સ્થાનકે થાય છે. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ओमालं,

निर्माल्य શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮।૧।૩૮ ॥ સૂત્રથી निर् ઉપસર્ગનો ओत् આદેશ થાય ત્યારે ओमाल्य થાય ॥ ૮।૨।૭૮ ॥ સૂત્રથી य કારનો લોપ થાય ત્યારે ओमाल थाय પછી તેને પ્રથમાના એકવચનના सिना સ્થાને ॥ ૮।૩।૨૫ ॥ સૂત્રથી म् કાર આદેશ થાય ॥ ૮।૧।૨૩ ॥ સૂત્રથી म् કારનો અનુસ્વાર થાય ત્યારે ओमालं રૂપ સિદ્ધ થાય છે.।

निर्माल्य સંસ્કૃત શબ્દ છે તેને ॥ ૮।૧।૮૪ ॥ સૂત્રથી मा કારનો म કાર થાય ત્યારે निर्मल्य થાય પછી ॥ ૮।૨।૭૯ ॥ સૂત્રથી र् કારનો લોપ થાય ત્યારે निमल्य થાય ॥ ૮।૨।૭૮ ॥ સૂત્રથી य् કારનો લોપ થાય ત્યારે निमल થાય પછી ॥ ૮।૨।૮૯ ॥ સૂત્રથી म કાર અને ल કાર બંનેનો બેવડો म કાર અને ल કાર થાય ત્યારે निम्मल्ल થાય પછી પ્રથમાના એકવચનના પ્રત્યયનો ॥ ૮।૩।૨૫ ॥ સૂત્રથી म् કાર થાય ત્યારે निम्मल्लम् થાય પછી ॥ ૮।૧।૨૩ ॥ સૂત્રથી અંત્ય म् કારનો અનુસ્વાર થઈ निम्मल्लं રૂપ સિદ્ધ થાય છે.।

ओमालयं वहइ,

सं. निर्माल्यकं वहति છે તેને ઉપર પ્રમાણે સિદ્ધ થાય સ્વાર્થમા क આવ્યો છે બાકી ઉપરના જેવું.

परिट्ठा, पइट्ठा,

प्रतिष्ठा શબ્દ સંસ્કૃત છે તેને ॥ ૮।૨।૭૭ ॥ સૂત્રથી સંયુક્ત વ્યંજનમાંના પહેલા ष् કારનો લોપ થવાથી प्रतिठा થયું પછી ॥ ૮।૨।૮૯ ॥ સૂત્રથી ठ કારનો દ્વિર્ભાવ થાય ત્યારે प्रतिठ्ठा થાય પછી ॥ ૮।૨।૯૦ ॥ સૂત્રથી પૂર્વના ठ् કારનો ट् કાર થાય ત્યારે प्रतिट्ठा થયું. પછી ॥ ૮।૧।૩૮ ॥ સૂત્રથી प्रति ઉપસર્ગનો વિકલ્પે परि આદેશ થવાથી परिट्ठा રૂપ સિદ્ધ થયું અને ઉપર પ્રમાણે प्रतिट्ठा રૂપ કર્યા પછી જ્યારે

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

परि આદેશ ન થાય ત્યારે ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી प्र માંથી र् કારનો લોપ થવાથી पतिट्ठा થયું. પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી त કારનો લોપ થવાથી पइट्ठा રૂપ સિદ્ધ થાય છે. ।

**परिट्ठिअं पइट्ठिअं,**

प्रतिष्ठित એ સંસ્કૃત શબ્દ ઉપરથી ઉપર પ્રમાણેજ परिट्ठित અને पइट्ठित એવાં બે રૂપો સિદ્ધ થયા પછી ॥ ૮ । ૧ । १७७ ॥ સૂત્રથી त્‌કારનો લોપ થવાથી परिट्ठिअ અને पइट्ठिअ થાય પછી પ્રથમાના એક વચનનો ॥ ૮ । ३ । २९ ॥ સૂત્રથી म् આદેશ થઈ તે म् કારનો ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી અનુસ્વાર થવાથી परिट्ठिअं અને पइट्ठिअं રૂપો સિદ્ધ થાય છે. ।

## आदेः ॥ ८ । १ । ३९ ॥

आदेरित्यधिकारः कगचज (॥ ८ । १ । १७७ ॥) इत्यादिसूत्रात् प्राग-विशेषे वेदितव्यः ।

અર્થ:–આદિનો આ અધિકાર છે તે कगचज–ઈત્યાદિ સૂત્રથી પહેલા જ્યાં કોઈ વિશેષ કહેવામાં આવેલ ન હોય, ત્યાં જાણવું એટલે કે જ્યાં કાંઈ કહેલ ન હોય તેવે ઠેકાણે જે શબ્દ કહેલ હોય તે શબ્દના આદિ અક્ષરને સ્થાને થાય, એમ જાણવું. ।

## त्यदाद्यव्ययात् तत्स्वरस्य लुक् ॥ ८ । १ । ४० ॥

त्यदादेरव्ययाच्च परस्य तयोरेव त्यदाद्यव्यययोरादेः स्वरस्य बहुलं लुक् भवति

અર્થ:–त्यदादि શબ્દો અને અવ્યય પછી જો તે ત્યદાદિ શબ્દો અને અવ્યય આવે તો તેમના આદિ સ્વરનો વિકલ્પે લુક્ થાય. ।

**अम्हेत्थ, अम्हे एत्थ,**

अस्मद् અને एतद् સંસ્કૃત શબ્દ છે તેનું પ્રાકૃતમા પ્રથમા બહુવચન ॥ ૮ । ३ । १०६ ॥ સૂત્રથી अस्मद् નું अम्हे આદેશ થાય છે एतद् શબ્દના અંત્ય વ્યંજનનો ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી લોપ થાય ત્યારે एत થાય ॥ ૮ ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

३ । ५९ ॥ સૂત્રથી સર્વાદિ એવા અકાર થકી પર ङः ના સ્થાને त्थ આદેશ થાય પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી त કારનો લોપ થાય ત્યારે अम्हे एत्थ, ॥ ૮ । ૧ । ૪૦ ॥ સૂત્રથી વિકલ્પે સ્વરનો લુક્ થવાથી अम्हेत्थ અને अम्हे एत्थ રૂપો સિદ્ધ થાય.।

जइमा, जइइमा,

यदि इदम् શબ્દ સંસ્કૃત છે, તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૪૫ ॥ સૂત્રથી યકારનો જકાર થાય. ત્યારે जदि इदम् થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી द्નો લોપ થાય ત્યારે जइ इदम् થાય ॥ ૮ । ૩ । ૭૨ ॥ સૂત્રથી इदम् શબ્દને સ્યાદિ પરછતાં इम આદેશ થાય છે. ત્યારે जइ इम થાય ॥ ૪ । ૪ । ૧૮ ॥ સૂત્રથી સ્ત્રીલિંગમાં આ પ્રત્યય લગાડી સંધી કરવાથી जइ इमा થાય પછી વિકલ્પે ॥ ૮ । ૧ । ૪૦ ॥ સૂત્રથી जइमा અને जइ इमा રૂપ સિદ્ધ થાય છે.।

जइहं, जइअहं,

यदि अस्मद् શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં यदि શબ્દનું પ્રાકૃતમાં પૂર્વવત્ जइ થાય છે. તે ઉપરના સૂત્રોથી જાણવું અને अस्मद्‌નું પ્રથમાના એકવચનમાં ॥ ૮ । ૩ । ૧૦૫ ॥ સૂત્રથી अहं આદેશ થાય છે. ॥ ૮ । ૧ । ૪૦ ॥ સૂત્રથી વિકલ્પે अहं ના અકારનો લોપ થાય. ત્યારે जइहं અને जइअहं રૂપ સિદ્ધ થાય છે.।

## पदादपेर्वा ॥ ८ । १ । ४१ ॥

पदात्परस्य अपेरव्ययस्यादे र्लुग् वा भवति ।

અર્થઃ–કોઈ પદની પછી જો अपि અવ્યય આવે તો તેના આદિ અક્ષર અકારનો લુક્ વિકલ્પે થાય છે જેમકેઃ–

तंपि, तमवि,

तद् अपि સંસ્કૃત શબ્દ છે. તેનું પ્રાકૃતમાં ॥૮ । ૧ । ૧૧॥ સૂત્રથી द्‌કારનો લોપ થાય ત્યારે त अपि થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિના



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્થાને મ્કાર થાય. ત્યારે तम् अपि થાય. પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે तं अपि થાય ॥ ૮ । ૧ । ૪૧ ॥ સૂત્રથી अपि ના અકારનો લોપ વિકલ્પે થાય ત્યારે तंपि થાય અને અકારનો લોપ ન કરીએ ત્યારે ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી પકારનો વકાર થાય ત્યારે तमवि રૂપ થાય એવી રીતે तंपि અને तमवि રૂપ સિદ્ધ થાય છે. ।

किंपि, किमवि,

किमपि શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં પૂર્વવત્ સમજવું જેમકે किंपि, અને किमवि.

केणवि, केणावि,

केनापि શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૩ । ૭૧ ॥ સૂત્રથી किम् નો क થાય ॥ ૮ । ૩ । ૬ ॥ સૂત્રથી તૃતીયાના એકવચન टा નો ण થાય. એટલે कण થાય. પછી ॥ ૮ । ૩ । ૧૪ ॥ સૂત્રથી અન્ત્ય અકારનો एकार થાય ત્યારે केण થાય પછી ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી પકારનો વકાર થાય. અને ॥ ૮ । ૧ । ૪૧ ॥ સૂત્રથી વિકલ્પે अपिના અકારનો લોપ થાય ત્યારે केणवि અન્યથા केणावि એવી રીતે केणवि અને केणावि રૂપ સિદ્ધ થાય છે. ।

कहंपि, कहमवि,

कथमपि શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી થકારનો હકાર થાય ત્યારે कहमपि થાય. ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી પકારનો વકાર થાય ત્યારે कहमवि સિદ્ધ થાય. બીજી રીતે कहं अपि થયા પછી ॥ ૮ । ૧ । ૪૧ ॥ સૂત્રથી अपिના અકારનો લોપ થવાથી कहंपि રૂપ સિદ્ધ થાય છે આ રૂપમાં ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્ર લાગે નહિ કારણકે પકારની પહેલાં સ્વરનો અભાવ છે.

## इतेः स्वरात् तश्च द्विः ॥ ८ । १ । ४२ ॥

पदात्परस्य इतेरादे र्लुग् भवति स्वरात् परस्य तकारो द्वि र्भवति ।

અર્થ:-કોઈ પદની પછી इति શબ્દ આવે તો તેના આદિ અક્ષર इकार તેનો લોપ થાય આવી રીતે લોપ થયા પછી સ્વર પછી આવેલ तकारनो દ્વિર્ભાવ થાય છે. જેમકે:-

किंति,

किम् इति શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી અંત્ય मकारનો અનુસ્વાર થાય છે. ત્યારે किं इति થાય પછી ॥८ । १ । ४२॥ સૂત્રથી इकारનો લોપ થાય ત્યારે किंति રૂપ સિદ્ધ થાય છે.।

जंति,

यद् इति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ११ ॥ સૂત્રથી અંત્યવ્યંજન લુક્ થાય ત્યારે य થાય. ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिना સ્થાને म्કાર થાય ત્યારે यम् થાય ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે यं થાય ॥ ८ । १ । २४५ ॥ સૂત્રથી यकारનો जकार થાય. ત્યારે जं થાય इति શબ્દના इकारનો ॥ ८ । १ । ४२ ॥ સૂત્રથી લોપ થાય ત્યારે जंति રૂપ સિદ્ધ થાય.।

दिट्ठंति,

दृष्टम् इति સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ३४ ॥ સૂત્રથી ष्टनो ठ થાય ત્યારે दृठ થાય ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી ठकार બેવડો થાય ત્યારે दृठ्ठ થાય ॥ ८ । २ । ९० ॥ સૂત્રથી પૂર્વ ठ्કારનો ट्કાર થાય ત્યારે दृट्ठ થાય ॥ ८ । १ । १२८ ॥ સૂત્રથી दृકારમાં રહેલ ऋकारनो इकार થાય ત્યારે दिट्ठ થાય પછી તેને પ્રથમા દ્વિતીયાના એકવચનનો પ્રત્યય अम् લાગે ત્યારે दिट्ठ अम् પછી ॥ ८ । ३ । ५ ॥ સૂત્રથી अम ના अकारનો લુક્ થાય અને ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી मकारનો અનુસ્વાર થાય ત્યારે दिट्ठं રૂપ સિદ્ધ થાય ८ । १ । ४२ ॥ સૂત્રથી इतिना इकारનો લોપ થાય ત્યારે दिट्ठंति રૂપ સિદ્ધ થાય છે.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**नजुत्तंति,**

नयुक्तं इति શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૪૯ ॥ સૂત્રથી यકારનો जકાર થાય ત્યારે नजुक्त થાય ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે नजुत થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી तકાર બેવડો થાય ત્યારે नजुत्त થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिના સ્થાને मકાર થાય ત્યારે नजुत्तम् થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે नजुत्तं થાય ॥ ૮ । ૧ । ૪૨ ॥ સૂત્રથી इतिના इકારનો લોપ થાય ત્યારે नजुत्तंति એવું રૂપ સિદ્ધ થાય. ।

स्वरात् । इति ના इકારનો લોપ કર્યા પછી ति જો સ્વર પછી આવેલો હોય તો દ્વિર્ભાવ થાય એમ કહેલ છે માટે સ્વર પછીના ઉદાહરણો બતાવે છે. જેમકેઃ–

**तहत्ति,**

तथा इति શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી थકારનો हકાર થાય ત્યારે तहाइति, ॥ ૮ । ૧ । ૪૨ ॥ સૂત્રથી इतिના इકારનો લોપ થાય અને तકાર બેવડો થાય એટલે तहात्ति રૂપ સિદ્ધ થાય. ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી हा નો हકાર થાય ત્યારે तहत्ति રૂપ સિદ્ધ થાય ।

**झत्ति.**

झग्–इति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી અંત્યવંજન गકારનો લુક્ થાય ॥ ૮ । ૧ । ૪૨ ॥ સૂત્રથી इतिના इકારનો લોપ થાય અને तકાર બેવડો થાય ત્યારે झत्ति રૂપ સિદ્ધ થાય છે. ।

**पिओत्ति,**

प्रिय इति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય અને ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી यકારનો લોપ થાય पिअ इति થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो આદેશ થઇ પૂર્વની ટીનો લોપ થાય ત્યારે पिओ રૂપ થાય. ॥ ૮ । ૧ । ૪૨ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

पूर्ववत् इकारनो लोप अने तकार बेवडो थाय त्यारे पिओत्ति रुप सिद्ध थाय छे.।

पुरिसोत्ति,

पुरुष इति शब्द संस्कृत छे. तेनुं प्राकृतमां ॥ ८ । १ । १११ ॥ सूत्रथी रुकारनो रिकार थाय त्यारे पुरिषः थाय ॥ ८ । १ । २६० ॥ सूत्रथी षकारनो सकार थाय त्यारे पुरिसः थाय पछी ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय पूर्वनी टीनो लोप थाय त्यारे पुरिसो थाय ॥ ८ । १ । ४२ ॥ सूत्रथी पूर्ववत् इकारनो लोप अने त्तकार बेवडो थवाथी पुरिसोत्ति रुप सिद्ध थाय।

पदादित्येव आ नियम पदनी पछीज थाय.।

इअ विञ्झ गुहा निलयाए,

इति विंध्यगुहानिलयायाः शब्द संस्कृत छे. अर्थ आ प्रकारे विंध्याचल पर्वतनी गुहा जेनुं स्थान छे. तेनुं प्राकृतमां ॥ ८ । १ । ९१ ॥ सूत्रथी वाक्यनी आदिमां रहेला इति शब्दना तकारमां रहेल इकारनो अकार थाय पछी ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी तकारनो लोप थाय त्यारे इअ थाय. ॥ ८ । २ । २६ ॥ सूत्रथी विंध्यना ध्यकारनो झकार थाय त्यारे विंझ थाय गुहानिलयाया तेनुं ॥ ८ । ३ । २९ ॥ सूत्रथी ङस्‌ना स्थाने एथाय त्यारे इअ विंझ गुहानिलयाए रुप सिद्ध थाय.

## लुप्त य. र. व. श. ष. सां. श. ष. सां. दीर्घः ॥ ८ । १ । ४३ ॥

प्राकृत लक्षण वशाल्लुप्ता याद्या उपर्यधो वा येषां शकार.षकार.सकारणां तेषामादेः स्वरस्य दीर्घो भवति।

अर्थः-प्राकृत व्याकरणना नियमथी उपर के नीचे जेमना य, र, व, श, ष अने स, लोप थएला छे. एवा शकार, षकार अने सकार तेना आदिस्वरने स्थाने दीर्घ थाय छे.।"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

शस्य य लोपे, શકાર કે જેમાનાં યકારનો લોપ થએલ છે. તેવો શકાર પર છતાં પૂર્વનો સ્વર દીર્ઘ થાય તેનાં ઉદાહરણો જેમકેઃ-

पासइ,

पश्यति શબ્દ સંસ્કૃત તેનું પ્રાકૃતમાં ॥ ૮ ।૨।૭૮ ॥ સૂત્રથી યકારનો લોપ થાય ત્યારે पशति થાય. ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી प નો पा થાય. અને ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી શકારનો સકાર થાય. ત્યારે पासति થાય. ॥ ૮ । ૩ । ૧૩૯॥ સૂત્રથી तिકારના સ્થાને इ થાય. ત્યારે पासइ રૂપ સિદ્ધ થાય. ।

कासवो,

कश्यपः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી યકારનો લોપ થાય ત્યારે कशपः થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી શકારનો સકાર થાય ત્યારે कसपः અને ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી આદિસ્વર દીર્ઘ થાય ત્યારે कासपः અને ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી पકારનો वકાર થાય ત્યારે कासवः થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે कासवो રૂપ સિદ્ધ થાય. ।

आवासयं,

आवश्यक શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી યકારનો લોપ થાય ત્યારે आवशक થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી શકારનો સકાર થાય ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી આદિનો સ્વર દીર્ઘ થાય ત્યારે आवासक થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે आवासअ ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अ વર્ણનો યકાર થાય ત્યારે आवासय થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી પ્રથમાના એકવચનના પ્રત્યય सिનો मકાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે आवासयं રૂપ સિદ્ધ થાય. ।

वीसमइ,

र लोपे, રકારનો લોપ થએલ હોય એવા શકારનાં ઉદાહરણો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેમકેઃ-विश्राम्यति સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र्કારનો લોપ થાય ત્યારે विशाम्यति થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી श કારનો सકાર થાય ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી દીર્ઘ થાય ત્યારે वीसाम्यति ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી હ્રસ્વ થાય ત્યારે वीसम्यति થાય ॥૮ । ૨ । ૭૮॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે वीसमति થાય ॥ ૮ । ३ । ૧૩૯ ॥ સૂત્રથી तिना સ્થાને इ થાય ત્યારે वीसमइ સિદ્ધ થાય. ।

वीसामो,

विश्रामः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र्કારનો લોપ થાય ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી આદિનો સ્વર દીર્ઘ થાય ત્યારે वीशामः થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે वीसामः થાય ॥ ૮ । ३ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય પૂર્વની टीનો લોપ થઈ ओ ભળે ત્યારે वीसामो રૂપ સિદ્ધ થાય. ।

मीसं,

मिश्रम् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र्કારનો લોપ થાય છે અને ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી આદિ સ્વર દીર્ઘ થાય છે ત્યારે मीशम् થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે मीसम् થાય ॥૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે मीसं રૂપ સિદ્ધ થાય છે. ।

संफासो,

संस्पर्शः શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૫૩ ॥ સૂત્રથી स्पनो फ થાય છે. ત્યારે संफर्सः થાય છે ॥ ૮ । ૨ । ૭૯॥ સૂત્રથી र्કારનો લોપ થાય અને ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી આદિ સ્વર દીર્ઘ થાય અને ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે संफासः થાય ॥૮।૩।૨॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે संफासो રૂપ સિદ્ધ થાય છે.।

व लोपे, वકારનો લોપ થયા પછી બાકી રહેલ शકાર પરછતાં દીર્ઘનાં ઉદાહરણો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**आसो,**

अश्वः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી वकारનો લોપ થાય અને ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી આદિ સ્વરનો દીર્ઘ થાય ત્યારે आशः થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शकारનો सकार થાય ત્યારે आसः થાય પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે आसो રૂપ સિદ્ધ થાય છે. ।

**विससइ,**

वि ઉપસર્ગ સહિત श्वस् ધાતુ विश्वसिति સં. ધાતુનું રૂપ છે પ્રાકૃતમાં ॥ ૮ । ૪ । ૨૩૯ ॥ સૂત્રથી अकार આગમ થવાથી विश्वस થયું પછી ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી वकारનો લોપ થાય ત્યારે विशस થયા પછી ॥૮।૧।૪૩॥ સૂત્રથી આદિસ્વર દીર્ઘ થાય ત્યારે वीशस થાય ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી शकारનો सकार થાય ત્યારે वीसस થાય પછી ॥ ૮ । ૩ । ૧૩૯ ॥ સૂત્રથી પ્રથમ પુરૂષના એકવચનના ति પ્રત્યયને સ્થાને इकार થાય ત્યારે वीससइ રૂપ સિદ્ધ થાય છે.

**वीसासो,**

विश्वासः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી वकारનો લોપ થાય છે. અને ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી આદિસ્વર દીર્ઘ થાય ત્યારે वीशास થાય પછી ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शकारનો स થાય ત્યારે वीसासः થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે वीसासो રૂપ સિદ્ધ થાય છે. ।

**दूसासणो,**

श लोपे शकारનો લોપ થઈ શેષ રહેલા शकार પરછતે પૂર્વના સ્વરના દીર્ઘના ઉદાહરણોઃ—

दुश्शासनः શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી शकारનો લોપ થાય અને ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી આદિસ્વર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દીર્ઘ થાય ત્યારે दूशासनः થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે दूसासनः થાય. ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે दूसासणः થાય. । ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે दूसासणो રૂપ સિદ્ધ થાય છે. ।

मणासिला,

मनश्शिला શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં दुश्शासनःની માફક સિદ્ધ થાય છે એટલે मणासिला રૂપ સિદ્ધ થાય છે. ।

षस्य य लोपे યકારનો લોપ થયા પછી શેષ રહેલા ષકાર પર છતાં પૂર્વ સ્વર દીર્ઘ થાય તેનાં ઉદાહરણોઃ—

सीसो

शिष्यः શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી યકારનો લોપ થાય. ત્યારે शिषः થાય. ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકાર અને षકાર એ બંનેનો सકાર થાય. ત્યારે सिसः થાય. ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી આદિનો સ્વર દીર્ઘ થાય. ત્યારે सीसः થાય. પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે सीसो રૂપ સિદ્ધ થાય. ।

पूसो અને मणूसो,

पुष्य, मनुष्य, બન્ને સંસ્કૃત શબ્દો છે તેનું પ્રાકૃતમાં शिष्य શબ્દવત્ સાધનિકા જાણવી એટલે पूसो અને मणूसो શબ્દ સિદ્ધ થાય છે. ।

र, लोपे રકારનો લોપ કર્યે છતે શેષ રહેલા ષકાર પર છતાં પૂર્વ સ્વર દીર્ઘ થાય તેનાં ઉદાહરણોઃ—

कासओ,

कर्षकः શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે कषकः થાય. ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી षકારનો सકાર થાય. અને ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી આદિ સ્વર દીર્ઘ થાય. ત્યારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कासकः થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે कासअः થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે कासओ રૂપ સિદ્ધ થાય છે. ।

वासा,

वर्षा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે वषा થાય. ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી આદિ સ્વર દીર્ઘ થાય ત્યારે वाषा થાય. પછી ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી षકારનો सકાર થાય. ત્યારે वासा રૂપ સિદ્ધ થાય. ।

वासो,

वर्षः શબ્દ સંસ્કૃત છે તે वर्षाની માફક સમજવું. પરંતુ ફરક એટલો કે આ ઠેકાણે ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो આદેશ થાય. ત્યારે वासो રૂપ સિદ્ધ થાય.

व लोपे, वકારનો લોપ થયે છતે શેષ રહેલા षકાર પર છતે પૂર્વસ્વર દીર્ઘ થાય તેનાં ઉદાહરણો:—

वीसाणो,

विष्वाणः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી वકારનો લોપ થાય ત્યારે विषाणः થાય ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી આદિ સ્વર દીર્ઘ થાય ત્યારે वीषाणः થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી षકારનો सકાર થાય ત્યારે वीसाणः થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે विसाणो રૂપ સિદ્ધ થાય છે. ।

वीसुं

विष्वक् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી विष्वक् ના वકારને લોપ થાય ત્યારે विषक् થાય ॥ ૮ । १ । ૯૨ ॥ સૂત્રથી આદિ अકારનો उકાર થાય ત્યારે विषुक् થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી षકારનો सકાર થાય ત્યારે विसुक् થાય ॥૮ ।૧। ૪૩ ॥ સૂત્રથી આદિસ્વર દીર્ઘ થાય ત્યારે वीसुक् થાય ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી અંત્ય વ્યંજનનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લોપ ન થતાં ॥ ૮ । ૧ । ૨૪ ॥ સૂત્રથી क्‌કારનો અનુસ્વાર થઇ વીસું રૂપ થાય છે. ।

ष लोपे षકારનો લોપ થયે છતે શેષ રહેલા षકાર પર છતાં પૂર્વસ્વર દીર્ઘનાં ઉદાહરણોઃ—

नीसित्तो,

निष्षिक्तः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી षકારનો લોપ થયો અને ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી આદિ સ્વર દીર્ઘ થાય ત્યારે नीषिक्तः થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી षકારનો सકાર થાય ત્યારે नीसिक्तः થાય ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે नीसितः થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી तકારનો દ્વિર્ભાવ થાય ત્યારે नीसित्तः થાય પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो આદેશ થાય ત્યારે नीसित्तो રૂપ સિદ્ધ થાય. ।

सस्य यलोपे, यકારનો લોપ થયે છતે શેષ રહેલા षકાર પર છતાં પૂર્વસ્વર દીર્ઘનાં ઉદાહરણોઃ—

सासं,

सस्यम् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી यકારનો લોપ થાય અને ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી આદિ સ્વર દીર્ઘ થાય ત્યારે सासम् થાય પછી ॥ ૮ ।૧। ૨૩ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે सासं રૂપ સિદ્ધ થાય. ।

कासइ,

कस्यचित् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી यકારનો લોપ થાય અને ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી આદિનો સ્વર દીર્ઘ થાય ત્યારે कासचित् થાય ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી અંત્યવ્યંજન तકારનો લોપ થાય ત્યારે कासचि થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી चકારનો લોપ થાય ત્યારે कासइ રૂપ સિદ્ધ થાય. ।

P. P. Ac. Gunratnasuri M.S.　　　　Jin Gun Aaradhak Trust

र लोपे रकारनो लोप थये छते शेष रहेला सकार पर छतां पूर्व-स्वर दीर्घनां उदाहरणोः--

ऊसो,

उस्रः शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । २ । ७९ ॥ सूत्रथी रकारनो लोप थाय पछी ॥ ८ । १ । ४३ ॥ सूत्रथी आदिस्वर दीर्घ थाय त्यारे ऊसः थाय पछी ॥ ८ ।३। २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय एटले ऊसो रूप सिद्ध थाय. ।

विश्रम्भः शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । २ । ७९ ॥ सूत्रथी रकारनो लोप थाय. अने ॥ ८ । १ । ४३ ॥ सूत्रथी आदि स्वर दीर्घ थाय त्यारे वीशम्भः थाय. ॥ ८ । १ । २६० ॥ सूत्रथी शकारनो सकार थाय त्यारे वीसम्भः थाय. ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे वीसम्भो रूप सिद्ध थाय. ।

व लोपे, वकारनो लोप थये छते शेष रहेला सकार पर छतां पूर्व स्वरदीर्घना उदाहरणोः—

विकासरो

विकस्वरः शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । २ । ७९ ॥ सूत्रथी वकारनो लोप थाय अने ॥ ८ । १ । ४३ ॥ सूत्रथी आदि स्वर दीर्घ थाय त्यारे विकासरः थाय. ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो आदेश थाय त्यारे विकासरो रूप सिद्ध थाय. ।

नीसो

निस्वः शब्द संस्कृत छे तेनुं प्राकृतमां विकस्वरनी माफक समजवुं. एटले नीसो रूप सिद्ध थाय. ।

स लोपे सकारनो लोप थये छते शेष रहेला सकार पर छतां पूर्व स्वर दीर्घ थाय तेनां उदाहरणोः--

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

निसहो,

निस्सहः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી સકારનો લોપ થાય અને ॥ ૮ । ૧ । ૪૩ ॥ સૂત્રથી આદિ સ્વર દીર્ઘ થાય ત્યારે नीसहः થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે नीसहो રૂપ સિદ્ધ થાય. ।

न दीर्घानुस्वाराद् ( २–९२ । ) इति प्रतिषेधात् सर्वत्र अनादौ शेषादेशयो र्द्वित्वम् २ । ८९ । इति द्वित्वाभावः ।

॥ ૮ । ૨ । ૯૨ ॥ સૂત્રથી નિષેધ કર્યો છે તેથી સર્વ સ્થલે ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રના નિયમથી થતા દ્વિર્ભાવ તેનો અભાવ થાય. ।

## अतः समृद्ध्यादौ वा ॥ ८ । १ । ४४ ॥

समृद्धि इत्येवमादिषु शब्देषु आदेरकारस्य दीर्घो वा भवति ।

અર્થઃ—समृद्धि વિગેરે શબ્દોમાં આદિ એવો જે अકાર તેનો દીર્ઘ વિકલ્પે થાય છે. ।

सामिद्धी–समिद्धी,

समृद्धि શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૮ ॥ સૂત્રથી આદિ ऋકારનો इકાર થાય ત્યારે समिद्धि થાય. ॥ ૮ । ૧ । ૪૪ ॥ ચાલતા સૂત્રથી આદિ अકાર દીર્ઘ વિકલ્પે થાય ત્યારે सामिद्धि અને समिद्धि થાય. ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી અંત્ય इકાર દીર્ઘ થાય ત્યારે सामिद्धी અને समिद्धी રૂપ સિદ્ધ થાય છે. ।

पासिद्धी, पसिद्धी

प्रसिद्धी શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે पसिद्धि થાય. ॥ ૮ । ૧ । ૪૪ ॥ સૂત્રથી આદિ अકાર વિકલ્પે દીર્ઘ થાય ત્યારે पासिद्धि અને पसिद्धि થાય. ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી દીર્ઘ થાય ત્યારે पासिद्धी અને पसिद्धी રૂપ સિદ્ધ થાય છે. ।

P. P. Ac. Gunratnasuri M.S.                                        Jin Gun Aaradhak Trust

पायडं, पयडं

प्रकट શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે पकट થાય. ॥ ૮ । ૧ । ૪૪ ॥ સૂત્રથી આદિ અકાર વિકલ્પે દીર્ઘ થાય ત્યારે पाकट થાય. ॥ ૮ ।૧। ૧૭૭ ॥ સૂત્રથી ककारનો લોપ થાય ત્યારે पाअट અને पअट થાય. ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अ વર્ણનો यकार થાય ત્યારે पायट અને पयट થાય. ॥ ૮ । ૧ । ૧૯૫ ॥ સૂત્રથી टकारनो डकार થાય. ત્યારે पायड અને पयड થાય. ॥ ૮ ।૩। ૨૫ ॥ સૂત્રથી સિના સ્થાને म् થાય. અને ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે पायडं અને पयडं રૂપ સિદ્ધ થાય છે. ।

पाडिवआ, पडिवआ,

प्रतिपत् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે पतिपत् થાય. ॥ ૮ । ૧ । ૪૪ ॥ સૂત્રથી આદિ અકાર વિકલ્પે દીર્ઘ થાય ત્યારે पातिपत् અને पतिपत् થાય. ॥ ૮ ।૧। ૨૦૬॥ સૂત્રથી तकारनो डकार થાય ત્યારે पाडिपत् અને पडिपत् થાય. ॥ ૮ ।૧। ૨૩૧॥ સૂત્રથી पकारनो वकार થાય ત્યારે पाडिवत् અને पडिवत् થાય. ॥૮।૧। ૧૫॥ સૂત્રથી સ્ત્રીલિંગમાં રહેલ શબ્દ તેના અંત્ય વ્યંજનનો આકાર થાય છે. ત્યારે पाडिवआ અને पडिवआ રૂપ સિદ્ધ થાય છે. ।

पासुत्तो, पसुत्तो

प्रसुप्तः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે पसुप्तः થાય. ॥ ૮ । ૧ । ૪૪ ॥ સૂત્રથી આદિ અકાર વિકલ્પે દીર્ઘ થાય ત્યારે पासुप्तः અને पसुप्तः થાય. ॥ ૮ ।૨। ૭૭ ॥ સૂત્રથી पकारनो લોપ થાય ત્યારે पासुतः અને पसुतः થાય. ॥ ૮ ।૨। ૮૯ ॥ સૂત્રથી तकार બેવડો થાય ત્યારે पासुत्तः અને पसुत्तः થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે पासुत्तो અને पसुत्तो રૂપ સિદ્ધ થાય છે.।

पाडिसिद्धी, पडिसिद्धी

प्रतिसिद्धि શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રકારનો લોપ થાય ત્યારે पतिसिद्धि થાય. ॥૮।૧।૪૪॥ સૂત્રથી :આદિ અકાર વિકલ્પે દીર્ઘ થાય ત્યારે पातिसिद्धि અને पतिसिद्धि થાય.॥૮।૧।૨૦૬॥ સૂત્રથી तકારનો ड કાર થાય ત્યારે पाडिसिद्धि અને पडिसिद्धि થાય. ॥૮।૩।૧૯॥ સૂત્રથી इકાર દીર્ઘ થાય ત્યારે पाडिसिद्धी અને पाडीसिद्धी રૂપ સિદ્ધ થાય છે.।

सारिच्छो, सरिच्छो,

सदृक्ष શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૪૨॥ સૂત્રથી दृश् ધાતુનો रि આદેશ થાય છે. અને ॥૮।૧।૪૪॥ સૂત્રથી આદિનો અકાર વિકલ્પે દીર્ઘ થાય છે ત્યારે सारिक्ष અને सरिक्ष થાય.॥૮।૨।૩॥ સૂત્રથી क्ष નો छ થાય ત્યારે सारिछ અને सरिछ થાય.।૮।૨।૮૯॥ સૂત્રથી પૂર્વ छકાર બેવડો થાય ત્યારે सारिछ्छ અને सरिछ्छ થાય.॥૮।૨।૯૦॥ સૂત્રથી પૂર્વ छકારનો चકાર થાય ત્યારે सारिच्छ અને सरिच्छ થાય. પછી ॥૮।૩।૨॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે सारिच्छो અને सारच्छो રૂપ સિદ્ધ થાય.।

माणंसी, मणंसी,

मनस्विन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૪૪॥ સૂત્રથી આદિ અકાર વિકલ્પે દીર્ઘ થાય એટલે मકારનો माકાર થાય ત્યારે मानस्विन થાય આ શબ્દ ॥૮।૧।૨૬॥ સૂત્રમાં સાધનિકા થઈ ગઈ છે તેમાંથી જોઈ લેવું એટલે माणंसी અને मणंसी રૂપ થાય।

माणंसिणी, मणंसिणी,

मनस्विनी શબ્દ સંસ્કૃત છે તેનું પણ ॥૮।૧।૨૬॥ સૂત્રમાં જોઈ લેવું અને ચાલતા એટલે ॥૮।૧।૪૪॥ સૂત્રથી આદિ અકાર વિકલ્પે દીર્ઘ થાય ત્યારે माणंसिणी, અને मणंसिणी રૂપ સિદ્ધ થાય છે.।

आहिआइ, अहिआइ,

अभियाति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮।૧।૧૮૭ ॥

P. P. Ac. Gunratnasuri M.S.     Jin Gun Aaradhak Trust

સૂત્રથી મકારનો હકાર થાય ત્યારે अहियाति થાય અને ॥ ८ । १ । ४४ ॥ સૂત્રથી આદિ અકાર વિકલ્પે દીર્ઘ થાય ત્યારે आहियाति થાય ॥८।१।१७७॥ સૂત્રથી યકારનો લોપ થાય અને તિને સ્થાને ॥ ८ । ३ । १३९ ॥ સૂત્રથી इકાર થાય ત્યારે आहिआइ, અને अहिआइ રૂપ સિદ્ધ થાય છે.।

पाराहो, परोहो,

प्ररोह શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે परोह થાય અને ॥ ८ । १ । ४४ ॥ સૂત્રથી આદિ અકાર વિકલ્પે દીર્ઘ થાય ત્યારે पारोह અને परोह થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે पारोहो અને परोहो રૂપ સિદ્ધ થાય।

पावासू, पवासू,

प्रवासिन् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી ર્કારનો લોપ થાય ત્યારે पवासिन् થાય ॥ ८ । १ । ४४ ॥ સૂત્રથી આદિ અકાર વિકલ્પે દીર્ઘ થાય ત્યારે पावासिन् અને पवासिन् થાય ॥८।१।९५॥ સૂત્રથી આદિ इકારનો उકાર થાય અને ॥ ८ । १ । ११ ॥ સૂત્રથી અંત્ય-વ્યંજનનો લોપ થાય ત્યારે पावासु અને पवासु થાય ॥ ८ । ३ । १९ ॥ સૂત્રથી અંત્ય उકાર દીર્ઘ થાય ત્યારે पावासू અને पवासू રૂપ સિદ્ધ થાય।

पाडिप्फद्धी, पडिप्फद्धी

प्रतिस्पर्द्धिन् સંસ્કૃત શબ્દ છે પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે पतिस्पर्द्धिन् થાય ॥ ८ । १ । ४४ ॥ સૂત્રથી આદિ અકાર વિકલ્પે દીર્ઘ થાય ત્યારે पातिस्पर्द्धिन् અને पतिस्पर्द्धिन् થાય ॥ ८ । १ । २०६ ॥ સૂત્રથી तકારનો डકાર થાય ત્યારે पाडिस्पर्द्धिन् અને पडिस्पर्द्धिन् થાય ॥ ८ । २ । ५३ ॥ સૂત્રથી स्प નો फ થાય ત્યારે पाडिफर्द्धिन् અને पडिफर्द्धिन् થાય ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી फકાર બેવડો થાય અને ॥ ८ । २ । ९० ॥ સૂત્રથી પૂર્વ फકારનો पકાર થાય ત્યારે पाडिप्फर्द्धिन् અને पडिप्फर्द्धिन् થાય ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

पाडिप्फद्धिन् અને पडिप्फद्धिन् થાય ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી અંત્યવ્યંજનનો લોપ થાય ત્યારે पाडिप्फद्धि पडिप्फद्धि થાય ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી इकार દીર્ઘ થાય ત્યારે पाडिप्फद्धी અને पडिप्फद्धि રૂપ સિદ્ધ થાય. ।

॥ आकृतिगणोऽयम् ॥ તેન આ समृद्धि વિગેરે જે શબ્દો ગણાવેલા છે તેના જેવા ભાષામાં બીજા શબ્દો હોય તે પણ તેમાં જાણવા. । તેથી

आफंसो,

अस्पर्शः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૪૪ ॥ સૂત્રથી આદિ અકાર દીર્ઘ થાય ત્યારે आस्पर्श થાય. ॥ ૮ । ૪ । ૧૮૨ ॥ સૂત્રથી स्पर्शने સ્થાને फंस થાય ત્યારે आफंसः થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે आफंसो રૂપ સિદ્ધ થાય. ।

पारकेरं, पारक्कं

परकीयम् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૪૪ ॥ સૂત્રથી આદિ અકારનો આકાર થાય. ત્યારે पारकीयम् ॥ ૮ । ૨ । ૧૪૮ ॥ સૂત્રથી ચકારનું ગ્રહણ છે તેથી कीयने સ્થાને केर આદેશ થાય ત્યારે पारकेर पारक्क થાય. ॥ ૮ । ૩ । ૨૯ ॥ સૂત્રથી सिना સ્થાને म्કાર થાય ત્યારે पारकेरम् અને पारक्कम् થાય. ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે पारकेरं અને पारक्कं બન્ને રૂપો સિદ્ધ થાય. ।

पावयणं,

प्रवचनं શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે पवचनम्. ॥ ૮ । ૧ । ૪૪ ॥ સૂત્રથી આદિ અકારનો આકાર થાય ત્યારે पावचनम् થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી ચકારનો લોપ થાય ત્યારે पावअनम् થાય. ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अ વર્ણનો યકાર થાય ત્યારે पावयनम् થાય. ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી નકારનો ણકાર થાય ત્યારે पावयणम् થાય. ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે पावयणं રૂપ સિદ્ધ થાય. ।



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

चाउरन्तम्,

चतुरन्तम् શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી તકારનો લોપ થાય ત્યારે चउरन्तम् થાય. ॥ ૮ । ૧ । ૪૪ ॥ સૂત્રથી આદિ અકારનો આકાર થાય ત્યારે चाउरन्तम् રૂપ સિદ્ધ થાય. इत्याद्यपि भवति । એ વગેરે પ્રયોગો થાય. ।

## दक्षिणे हे ॥ ८।१।४५॥

दक्षिणशब्दे आदेरतो हे परे दीर्घो भवति । दाहिणो ॥ ह इति किम् दक्खिणो ॥

दक्षिण શબ્દના આદિ અકારને ह પર છતાં દીર્ઘ થાય. ।

दाहिणो,

दक्षिण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૨ ॥ સૂત્રથી સંયુક્ત વ્યંજનના સ્થાને એટલે કે क्ष ના સ્થાને हકાર વિકલ્પે થાય ત્યારે दहिण થાય. ॥ ૮ । ૧ । ૪૫ ॥ સૂત્રથી આદિ અકાર દીર્ઘ થાય ત્યારે दाहिण થાય. ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે दाहिणो રૂપ સિદ્ધ થાય. ।

ह इति किम् हકાર પર છતાં દીર્ઘ થાય તેમ કહ્યું છે માટે–

दक्खिणो,

दक्षिण શબ્દ સંસ્કૃત છે તેનું ॥ ૮ । ૨ । ३ ॥ સૂત્રથી क्षનો खકાર થાય ત્યારે दखिण થાય. । ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી खકાર બેવડો થાય ત્યારે दख्खिण થાય ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ खકારનો कકાર થાય ત્યારે दक्खिण થાય ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે दक्खिणो રૂપ સિદ્ધ થાય આ ઠેકાણે हકાર નહિ હોવાથી દીર્ઘ ન થયો.।

## इः स्वप्नादौ ॥ ८।१।४६॥

स्वप्न इत्येवमादिषु आदेरस्य इत्वं भवति ।

स्वप्न શબ્દોમાં આદિ અકારનો इકાર થાય છે. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

सिविणो, सिमिणो–सुमिणो

स्वप्न શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ४६ ॥ સૂત્રથી स्विप्न થાય ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી वकारनो લોપ થાય ત્યારે सिप्न થાય ॥ ८ । २ । १०८ ॥ સૂત્રથી नकार થકી પૂર્વે इकार થાય ત્યારે सिपिन થાય ॥ ८ । १ । २३१ ॥ સૂત્રથી पकारनो वकार થાય ત્યારે सिविन થાય ॥ ८ । १ । २२८ ॥ સૂત્રથી नकारनो णकार થાય ત્યારે सिविण થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिने સ્થાને डो થાય ત્યારે सिविणो રૂપ સિદ્ધ થાય. ।

બીજા પક્ષમાં ८ । १ । २५९ ॥ સૂત્રથી वकारने સ્થાને मकार થાય ત્યારે सिमिणो થાય અને आर्ष પ્રયોગથી अकारनो उकार પણ થાય ત્યારે सुमिणो રૂપ થાય. ।

ईसि.

ईषत् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી षकारनो सकार થાય ત્યારે ईसत् થાય ॥ ८ । १ । ४६ ॥ સૂત્રથી આદિ अकारनो इकार થાય ત્યારે ईसित् થાય ॥ ८ । १ । ११ ॥ સૂત્રથી અંત્ય-વ્યંજન तकारनो લોપ થાય ત્યારે ईसि રૂપ સિદ્ધ થાય. ।

वेडिसो

वेतस શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ४६ ॥ સૂત્રથી આદિ अकारनो इकार થાય ત્યારે वेतिस થાય ॥ ८ । १ । २०७ ॥ સૂત્રથી तकारनो डकार થાય ત્યારે वेडिस થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिने સ્થાને डो થાય ત્યારે वेडिसो રૂપ સિદ્ધ થાય. ।

विलिअं,

व्यलीक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७८ ॥ સૂત્રથી यकारनो લોપ થાય ત્યારે वलीक થાય ॥ ८ । १ । ४६ ॥ સૂત્રથી આદિ अकारनो इकार થાય ત્યારે विलीक થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી ककारनो લોપ થાય ત્યારે विलीअ થાય ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिना

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

સ્થાને મકાર થાય ત્યારે વિલિઅમ્ થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મકારનો અનુસ્વાર થાય ત્યારે વિલિઅં રૂપ સિદ્ધ થાય છે. ।

**विअणं,**

व्यजन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી યકારનો લોપ થાય ત્યારે वजन થાય ॥ ૮ । ૧ । ૧૧૭ ॥ સૂત્રથી જકારનો લોપ થાય ત્યારે वअन થાય ॥ ૮ । ૧ । ૪૬ ॥ સૂત્રથી આદિ અકારનો ઇકાર થાય ત્યારે विअन થાય ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી નકારનો ણકાર થાય ત્યારે विअण થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મકાર થાય ત્યારે विअणम् થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મકારનો અનુસ્વાર થાય ત્યારે विअणं રૂપ સિદ્ધ થાય. ।

**मुइङ्गो,**

मृदङ्ग શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૩૭ ॥ સૂત્રથી ઉકાર થાય ત્યારે मुदङ्ग થાય. ॥ ૮ । ૧ । ૪૬ ॥ સૂત્રથી આદિ અકારનો ઇકાર થાય. ત્યારે मुदिङ्ग થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી દકારનો લોપ થાય ત્યારે मुइङ्ग થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે मुइङ्गो રૂપ સિદ્ધ થાય. ।

**किविणो,**

कृपण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૮ ॥ સૂત્રથી આદિ ऋકારનો ઇકાર થાય ત્યારે किपण થાય. ॥ ૮ । ૧ । ૪૬ ॥ સૂત્રથી આદિ અકારનો ઇકાર થાય ત્યારે किपिण થાય. ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી પકારનો વકાર થાય ત્યારે किविण થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે किविणो રૂપ સિદ્ધ થાય. ।

**उत्तिमो**

उत्तम શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૪૬ ॥ સૂત્રથી આદિ અકારનો ઇકાર થાય ત્યારે उत्तिम થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે उत्तिमो રૂપ સિદ્ધ થાય છે. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

मिरिअं

मरिच શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ४६ ॥ સૂત્રથી આદિ અકારનો ઇકાર થાય ત્યારે मिरिच થાય. ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી चકારનો લોપ થાય ત્યારે मिरिअ થાય. ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिना સ્થાને मकार થાય ત્યારે मिरिअम् થાય. અને ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે मिरिअं રૂપ સિદ્ધ થાય. ।

दिण्णं

दत्त શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ४६ ॥ સૂત્રથી આદિ અકારનો ઇકાર થાય ત્યારે दित्त થાય. ॥ ८ । २ । ४३ ॥ સૂત્રથી સંયુક્ત त્તકારનો णकार થાય ત્યારે दिण થાય. ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી णकार બેવડો થાય ત્યારે दिण्ण થાય. ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिना સ્થાને मकार થાય ત્યારે दिण्णम् થાય. ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી मकारनो અનુસ્વાર થાય ત્યારે दिण्णं રૂપ સિદ્ધ થાય. । बहुलाधिकाराण्णत्वाभावे न भवति । बहुल શબ્દનો અધિકાર હોવાથી જ્યારે ॥ ८ । २ । ४३ ॥ સૂત્રથી णकार ન થાય. ત્યારે આ ॥ ८ । १ । ४६ ॥ સૂત્ર પણ ન લાગે ત્યારે दत्तं જ રહે. તેવીજ રીતે देवदत्त नुं देवदत्तो થાય. ।

## पक्काङ्गार ललाटे वा ॥ ८ । १ । ४७ ॥

एष्वादेरत इत्वं वा भवति । આ શબ્દોમાં આદિ અકારનો ઇકાર વિકલ્પે થાય છે. ।

पिक्कं, पक्कं.

पक्व શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ४७ ॥ સૂત્રથી આદિ અકારનો ઇકાર વિકલ્પે થાય ત્યારે पिक्व અને पक्व થાય. ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી वकारनो લોપ થાય ત્યારે पिक અને पक થાય. ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી ककार બેવડો થાય ત્યારે पिक्क અને पक्क થાય. । ८ । ३ । २५॥ સૂત્રથી सिना સ્થાને मकार થાય ત્યારે पिक्कम् અને पक्कम् થાય. ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી मकारनो અનુસ્વાર થાય ત્યારે पिक्कं અને पक्कं રૂપ સિદ્ધ થાય. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

इङ्गालो, अङ्गारो

अङ्गार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ४७ ॥ સૂત્રથી આદિ અકારનો વિકલ્પે ઇકાર થાય ત્યારે इङ्गार अङ्गार થાય ॥८।१। २५४॥ સૂત્રથી રકારનો લકાર થાય છે ત્યારે इङ्गाल થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે इङ्गालो અને अङ्गारो રૂપ સિદ્ધ થાય છે.।

णिडालं णडालं

ललाट શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २५७॥ સૂત્રથી લકારનો ણકાર થાય ત્યારે णलाट થાય ॥ ८ । १ । १९५ ॥ સૂત્રથી ટકારનો ડકાર થાય ત્યારે णलाड થાય ॥ ८ । २ । १२३ ॥ સૂત્રથી લકાર અને ડકાર બંનેનો ફેરફાર થાય ત્યારે णडाल થાય ॥ ८। १ । ४७ ॥ સૂત્રથી આદિ અકારનો ઇકાર વિકલ્પે થાય ત્યારે णिडाल અને णडाल થાય ॥ ८ ।३। २५ ॥ સૂત્રથી સિના સ્થાને મ્કાર થાય ત્યારે णिडालम् અને णडालम् થાય ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે णिडालं અને णडालं રૂપ સિદ્ધ થાય છે.।

## मध्यम कतमे द्वितीयस्य ॥ ८ । १ । ४८ ॥

मध्यमशब्दे कतमशब्दे च द्वितीयस्यात इत्वं भवति।

અર્થ: मध्यम શબ્દમાં અને कतम શબ્દમાં બીજા અકારનો ઇકાર થાય છે ।

मज्झिमो

मध्यम શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८।१।४८॥ સૂત્રથી બીજા અકારનો ઇકાર થાય ત્યારે मध्यिम થાય. ॥ ८ । २ । २६ ॥ સૂત્રથી ध्यनो झ થાય ત્યારે मझिम થાય. ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી झकार બેવડો થાય ત્યારે मझ्झिम થાય. અને ॥ ८ । २ । ९० ॥ સૂત્રથી પૂર્વના झकारनो जकार થાય ત્યારે मज्झिम થાય.॥ ८ । ३ । २ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે मज्झिमो રૂપ સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कइमो

कतम શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે कअम થાય. ॥ ८ । १ । ४८ ॥ સૂત્રથી બીજા અકારનો इકાર થાય ત્યારે कइम રૂપ થાય. ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે कइमो સિદ્ધ થાય. ।

## सप्तपर्णे वा ॥ ८ । १ । ४९ ॥

सप्तपर्णे द्वितीयस्यात इत्वं वा भवति । અર્થઃ—सप्तपर्ण શબ્દના બીજા અકારનો इકાર વિકલ્પે થાય છે. ।

छत्तिवण्णो छत्तवण्णो,

सप्तपर्ण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २६५ ॥ સૂત્રથી આદિવર્ણનો छકાર થાય. ત્યારે छप्तपर्ण થાય. ॥ ८ । २ । ७७ ॥ સૂત્રથી पકારનો લોપ થાય. અને ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી तકાર બેવડો થાય. ત્યારે छत्तपर्ण થાય. ॥ ८ । १ । २३१ ॥ સૂત્રથી पકારનો वકાર થાય ત્યારે छत्तवर्ण થાય. ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે छत्तवण थाय. ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી णકાર બેવડો થાય ત્યારે छत्तवण्ण થાય. ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે छत्तवण्णो રૂપ સિદ્ધ થાય. અને ॥ ८ । १ । ४९ ॥ સૂત્રથી બીજા અકાર इકાર વિકલ્પે થાય ત્યારે छत्तिवण्णो રૂપ સિદ્ધ થાય એ રીતે छत्तवण्णो અને छत्तिवण्णो રૂપો સિદ્ધ થાય. ।

## मयट्य इ र्वा ॥ ८ । १ । ५० ॥

मयट् प्रत्यये आदेरतः स्थाने अइ इत्यादेशो भवति वा ।

અર્થઃ मयट् પ્રત્યયમાં રહેલો જે આદિ અકાર તેના સ્થાને अइ એવો આદેશ વિકલ્પે થાય છે. ।

विसमइओ विसमओ,

विषमयः શબ્દ સંસ્કૃત છે, તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

षकारनो सकार थाय त्यारे त्रिसमयः थाय. ॥८।१।५०॥ सूत्रथी मकारमां रहेला अकारना स्थाने अइ आदेश थाय त्यारे त्रिसमइयः थाय. ॥८।१।१७७॥ सूत्रथी यकारनो लोप थाय त्यारे त्रिसमइअः थाय. ज्यारे अइ आदेश न थाय त्यारे त्रिसमयः उपर प्रमाणे थाय पछी ॥८।१।१७७॥ सूत्रथी यकारनो लोप थाय त्यारे त्रिसमअः थाय. ॥८।३।२॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे त्रिसमइओ अने त्रिसमओ रूपो सिद्ध थाय.।

## ईर्हरे वा ॥ ८ । १ । ५१ ॥

हरशब्दे आदेरत ई र्वा भवति ।

अर्थः—हर शब्दमां आदि अकारनो ईकार विकल्पे थाय.।

हीरो हरो,

हर शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । ५१ ॥ सूत्रथी अकारनो ईकार विकल्पे थाय त्यारे हीर हर थाय ॥८।३।२॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे हीरो, हरो रूप सिद्ध थाय.।

## ध्वनिविष्व चोरुः ॥ ८ । १ । ५२ ॥

अनयोरादेरस्य उत्वं भवति ।

अर्थः—आ शब्दोना आदि अकारनो उत्व थाय.।

झुणी,

ध्वनि शब्द संस्कृत छे. तेनुं प्राकृतमां ॥ ८ । २ । १६ ॥ सूत्रथी ध्वनो झकार थाय अने ॥ ८ । १ । ५२ ॥ सूत्रथी अकारनो उकार थाय त्यारे झुनि थाय पछी ॥ ८ । १ । २२८ ॥ सूत्रथी नकारनो णकार थाय त्यारे झुणि थाय ॥ ८ । ३ । १९ ॥ सूत्रथी अंत्य इकार दीर्घ थाय त्यारे झुणी रूप सिद्ध थाय.।

वीसु,

विष्वक् शब्द संस्कृत छे तेनुं प्राकृत रूप ॥ ८ ।१। २४॥ सूत्रमां वीसु जोइ लेवुं.। कथं सुणओ ? सुणओ ए रूप शी रीते थाय ? तो ए शुनक एवी बीजी प्रकृतिमां थाय छे ते नीचे मुजबः-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

सुणओ,

शुनक શબ્દ સંસ્કૃત થાય છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે सुनक થાય ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે सुणक થાય ॥ ૮ ।૧। ૧૭૭॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે सुणअ થાય પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે सुणओ રૂપ સિદ્ધ થાય.।

॥ इति प्रकृत्यन्तरस्य ॥ ઉપર બતાવેલ सुणओ એ રૂપ તો शुनक એ શબ્દ ઉપરથી થયેલ છે અને श्वन्शब्दस्यतुसा साणो इति प्रयोगोभवतः श्वन् શબ્દ ઉપરથી તો सा, અને साणो, એવાં બે રૂપો થાય છે.

श्वन् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી वકારનો લોપ થાય ત્યારે शन् થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે सन् થાય ॥૮ ।૧। ૧૧॥ સૂત્રથી અંત્યવ્યંજન नકારનો લોપ થાય ત્યારે स થાય પછી ॥ ૮ । ૩ । ૪૯ ॥ સૂત્રથી आકાર થાય ત્યારે सा થાય પક્ષે ॥ ૮ । ૩ । ૫૬ ॥ સૂત્રથી પુલિંગે અન્ત્ય नકારને સ્થાને आण આદેશ થાય ત્યારે साण થાય પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે साणो રૂપ સિદ્ધ થાય છે.।

## वन्द्र खण्डिते णा वा ॥ ८।१।५३ ॥

अनयोरादेरस्य णकारेण सहितस्य उत्वं वा भवति।

આ બંને શબ્દોના આદિ अકારનો णકાર સાથે उકાર વિકલ્પે થાય છે.।

वुन्द्रं, वन्द्रं,

वन्द्रं શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ૮ । ૧ । ૫૩ ॥ સૂત્રથી વિકલ્પે આદિ अકારનો उકાર થાય ત્યારે वुन्द्र અને वन्द्र રૂપ થાય હવે ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી પ્રથમના એકવચનના પ્રત્યયનો मકાર થાય ત્યારે वुन्द्रम અને वन्द्रम् થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે वुन्द्रं અને वन्द्रं રૂપ સિદ્ધ થાય છે.।



P. P. Ac. Gunratnasuri M.S.                                        Jin Gun Aaradhak Trust

चुंडं चण्डं,

( चण्ड खण्डिते णा वा ) ॥ ८।२।५३ ॥ આવો પાઠ લઇએ ત્યારે चण्ड શબ્દનો આદિ અકાર તેનો णકારની સાથે વિકલ્પે उકાર થાય એવો અર્થ થવાથી ઉપર પ્રમાણે સાધનિકાથી चुंडं અને चण्डं રૂપો સિદ્ધ થાય છે.।

खुडिओ खण्डिओ,

खण्डित શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८।१।५३ ॥ સૂત્રથી આદિ અકારનો णકારની સાથે વિકલ્પે उકાર થાય ત્યારે खुडित થાય ॥ ८।१।१७७ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે खुडिअ થાય અને બીજા રૂપમાં खण्डिअ થાય ॥ ८।३।२ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે खुडिओ અને खण्डिओ રૂપ સિદ્ધ થાય છે.।

## गवये वः ॥ ८।१।५४ ॥

गवयेशब्दे वकाराकारस्य उत्वं भवति।

અર્થઃ—गवय શબ્દમાંના वકારના અકારનો ऊકાર થાય છે.

गउओ, गउआ

गवय શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८।१।५४ ॥ સૂત્રથી वનો वु થાય ત્યારે गवुय થાય ॥ ८।१।१७७ ॥ સૂત્રથી गवुय શબ્દના वકાર અને यકાર બંનેનો લોપ થાય ત્યારે गउअ થાય ॥ ८।३।२ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે गउओ રૂપ થાય અને ॥ ८।१।१३ ॥ સૂત્રથી સ્ત્રિલીંગમાં डा પ્રત્યય થાય ત્યારે गउआ થાય પુલિંગે गउओ થાય છે.।

## प्रथमे पथो र्वा ॥ ८।१।५५ ॥

प्रथमशब्दे पकारथकारयोरकारस्य युगपत् क्रमेण च उकारो वा भवति।

અર્થઃ—प्रथम શબ્દના पકાર અને थકારના અકારનો એકી સાથે અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનુક્રમે વિકલ્પે ઉકાર થાય ॥ વિશેષ ॥ પેલાક્રમમાં બન્ને સાથે ઉકાર થાય બીજા ક્રમમાં પેલા અકારનો ઉકાર થાય ત્રીજા ક્રમમાં બીજા અકાર નો ઉકાર થાય ચોથા ક્રમમાં કોઇ અકારનો ઉકાર થાય જ નહી.

पुढुमं पढुमं, पुढमं पढमं

प्रथम શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય અને ॥ ૮ । ૧ । ૯૯ ॥ સૂત્રથી વિકલ્પે ઉકાર થાય ત્યારે પુથુમ રૂપ થાય હવે ॥ ૮ । ૧ । ૨૧૯ ॥ સૂત્રથી થકારનો ઢકાર થાય ત્યારે પુઢુમ થાય અને ॥ ૮ । ૧ । ૯૯ ॥ સૂત્ર વિકલ્પે ઉકાર હોવાથી પુઢુમ પુઢમ અને પઢમ રૂપો થાય ॥ ૮ । ૩ । ૨૯ ॥ સૂત્રથી સિના સ્થાને મ્ થાય અને ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે पढुमं पुढमं पुढुमं અને पढमं રૂપો થાય છે. ।

## ज्ञो णत्वेभिज्ञादौ ॥ ८ । १ । ५६ ॥

अभिज्ञ एवं प्रकारेषु ज्ञस्य णत्वे कृते ज्ञस्यैव अत उत्वं भवति ।

અર્થ:—अभिज्ञ એ શબ્દ જેવા શબ્દોના ज्ञકારનો णકાર કર્યે છતે ज्ञકારના અકારનો ઉકાર થાય છે. ।

अहिण्णू

अभिज्ञ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી भકારનો हકાર થાય ત્યારે अहिज्ञ થાય ॥ ૮ । ૨ । ૪૨ ॥ સૂત્રથી ज्ञકારનો णકાર થાય ત્યારે અને ॥ ૮ । ૧ । ૫૬ ॥ સૂત્રથી અકારનો ઉકાર થાય ત્યારે अहिणु થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી णકાર બેવડો થાય ત્યારે अहिण्णु થાય ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી દીર્ઘ થાય ત્યારે अहिण्णू રૂપ સિદ્ધ થાય ।

सव्वण्णू

सर्वज्ञ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે सवज्ञ થાય ॥ ૮ ।૨। ૮૯ ॥ સૂત્રથી वકાર બેવડો

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

થાય ત્યારે सव्वज्ञ થાય પછી ॥ ૮ । ૨ । ૪૨ ॥ સૂત્રથી ज्ञકારનો णકાર થાય પછી ॥ ૮ । ૧ । ૫૬ ॥ સૂત્રથી अકારનો उકાર થાય ત્યારે सव्वणु થાય ॥ ૮ । ૨ ।૮૯॥ સૂત્રથી णકાર બેવડો થાય ત્યારે सव्वण्णु થાય ॥૮।૩।૧૯॥ સૂત્રથી દીર્ઘ થાય ત્યારે सव्वण्णू રૂપ સિદ્ધ થાય છે।

**कयण्णू**

कृतज्ञ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૬ ॥ સૂત્રથી ऋકારનો अકાર થાય ત્યારે कतज्ञ થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે कअज्ञ થાય ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अ વર્ણનો यકાર થાય ત્યારે कयज्ञ થાય ॥ ૮ । ૨ । ૪૨ ॥ સૂત્રથી ज्ञકારનો णકાર થાય અને ॥ ૮ । ૧ । ૫૬ ॥ સૂત્રથી अકારનો उકાર થાય ત્યારે कयणु થાય।૮।૨।૮૯। સૂત્રથી णકાર બેવડો થાય ત્યારે कयण्णु થાય પછી ॥ ૮ ।૩ ।૧૯ ॥ સૂત્રથી દીર્ઘ થાય ત્યારે कयण्णू રૂપ સિદ્ધ થાય છે।

**आगमण्णू**

आगमज्ञ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૫૬ ॥ સૂત્રથી પૂર્વવત્ થાય ત્યારે आगमण्णू રૂપ પૂર્વના સૂત્ર લગાડવાથી સિદ્ધ થાય છે।

णत्व इति किम् ? अभिज्ञ શબ્દ સંસ્કૃત તેનું પ્રાકૃતમાં।૮।૧।૧૮૭। સૂત્રથી भકારનો हકાર થાય ત્યારે अहिज्ञ થાય ॥ ૮ । ૨ । ૮૩॥ સૂત્રથી ज्ञ સંબંધી ञ्लुक् વિકલ્પે થાય ત્યારે जકાર રહે ત્યારે अहिज થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી जકાર બેવડો થાય ત્યારે अहिज्ज થાય । ૮ । ૩ । ૨ । સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે अहिज्जो રૂપ સિદ્ધ થાય.।

अभिज्ञादाविति किम् ? अभिज्ञ વિગેરે શબ્દોમાંજ अકારનો उકાર થાય એમ કેમ ?

**पण्णो**

प्राज्ञ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે पाज्ञ થાય ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી पाકારનો पકાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થાય ત્યારે पज्ञ થાય ॥ ૮ । ૨ । ૪૨ ॥ સૂત્રથી ज्ञકારનો णકાર થાય ત્યારે पण થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી णકાર બેવડો થાય ત્યારે पण्ण થાય ।૮।૩।૨। સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે पण्णो રૂપ સિદ્ધ થાય છે. ।

येषां ज्ञस्य णत्वे उत्वं दृश्यते ते अभिज्ञादयः

અર્થઃ—જે શબ્દોમાં ज्ञનો ण કર્યા પછી જો ઉકાર થએલો હોય તો તેઓને अभिज्ञादि જાણવા. ।

## एच्छय्यादौ ॥ ८ । १ । ५७ ॥

शय्यादिय आदेरस्य एत्वं भवति ।

અર્થઃ—शय्या વિગેરે શબ્દોમાં આદિ अકારનો एકાર થાય છે. ।

सेज्जा,

शय्या શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૫૭ ॥ સૂત્રથી આદિથી अકારનો एકાર થાય ત્યારે शेय्या થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે सेय्या થાય ॥ ૮ । ૨ । ૨૪ ॥ સૂત્રથી य्यકારનો जકાર થાય ત્યારે सेजा થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી जકાર બેવડો થાય ત્યારે सेज्जा રૂપ સિદ્ધ થાય. ।

सुन्देरं,

सौन्दर्य શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૦ ॥ સૂત્રથી औકારનો ઉકાર થાય ત્યારે सुन्दर्य થાય ॥ ૮ । ૨ । ૬૩ ॥ સૂત્રથી र्यકારનો रકાર થાય ત્યારે सुंदर થાય ॥ ૮ । ૧ । ૫૭ ॥ સૂત્રથી આદિ अકારનો एકાર થાય ત્યારે सुन्देर થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી પ્રથમાના એકવચનના પ્રત્યયનો म्‌કાર થાય ત્યારે सुन्देरम थाय ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે सुन्देरं રૂપ સિદ્ધ થાય. ।

गेन्दुअ,

कन्दुक શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૨ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

कन्दुकना આદિ कકારનો गકાર થાય ત્યારે गन्दुक થાય ॥ ८ । १ । ५७ ॥ સૂત્રથી આદિ अકારનો एકાર થાય ત્યારે गेन्दुक થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે गेन्दुअ થાય પછી ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिના સ્થાને म્કાર થાય ત્યારે गेन्दुअम् થાય ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म્કારનો અનુસ્વાર થાય ત્યારે गेन्दुअं રૂપ સિદ્ધ થાય. ।

पुरेकम्मं,

पुराकर्म आर्षे સૂત્રથી आકારનો एકાર થાય ત્યારે पुरेकर्म થાય ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે पुरेकम થાય ॥८।२।८९॥ સૂત્રથી म્કાર બેવડો થાય ત્યારે पुरेकम्म થાય ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिના સ્થાને म્કાર થાય ત્યારે पुरेकम्मम् થાય ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म્કારનો અનુસ્વાર થાય ત્યારે पुरेकम्मं રૂપ સિદ્ધ થાય છે. ।

## वल्ल्युत्कर–पर्यंताश्चर्ये वा ॥ ८ । १ । ५८ ॥

एषु आदेरस्य एत्वं वा भवति । અર્થ:—वल्ली, उत्कर, पर्यंत અને आश्चर्य આ શબ્દોના આદિ अકારનો एકાર વિકલ્પે થાય છે. ।

वेल्ली, वल्ली

वल्ली શબ્દ સંસ્કૃત છે તેનું ८ । १ । ५८ ॥ સૂત્રથી આદિ अકારનો एકાર વિકલ્પે થાય ત્યારે वेल्ली અને वल्ली રૂપ સિદ્ધ થાય છે. ।

उक्केरो, उक्करो

उत्कर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે उकर થાય. ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી कકાર બેવડો થાય ત્યારે उक्कर થાય. ॥ ८ । १ । ५८ ॥ સૂત્રથી આદિ अકારનો एકાર વિકલ્પે થાય ત્યારે उक्केर અને उक्कर થાય. ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે उक्केरो અને उक्करो રૂપ સિદ્ધ થાય. ।

पेरंतो पज्जंतो

पर्यंत શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ५८ ॥ સત્રથી આદિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

अकारनो एकार विकल्पे थाय त्यारे पेर्यन्त थाय ॥ ८ । २ । ६५ ॥ सूत्रथी र्यकारनो रकार थाय त्यारे पेरन्त थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे पेरन्तो रूप सिद्ध थाय पक्षे ॥ ८ । २ । २४ ॥ सूत्रथी र्यकारनो जकार थाय ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी जकार बेवडो थाय त्यारे पज्जन्त थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे पज्जन्तो रूप सिद्ध थाय।

अच्छेरं अच्छरिअं अच्छअरं अच्छरिज्जं अच्छरीअं

॥ आश्चर्य ॥ शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । ८४ ॥ सूत्रथी आकारनो अकार थाय त्यारे अश्चर्य थाय ॥ ८ । २ । २१ ॥ सूत्रथी श्चकारनो छकार थाय त्यारे अछर्य थाय ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी छकार बेवडो थाय त्यारे अने ॥ ८ । २ । ९० ॥ सूत्रथी पूर्व छकारनो चकार थाय त्यारे अच्छर्य थाय पछी ॥ ८ । २ । ६६॥ सूत्रथी र्यकारनो रकार थाय त्यारे अच्छर थाय ॥ ८ । १ । ५८ ॥ सूत्रथी आदि अकारनो एकार थाय त्यारे अच्छेर थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिना स्थाने मकार थाय त्यारे अच्छेरम् थाय ॥ ८ । १ । २३ ॥ सूत्रथी मकारनो अनुस्वार थाय त्यारे अच्छेरं थाय पक्षे ॥ ८ । २ । ६७ ॥ सूत्रथी आश्चर्यमां रहेल अकारथकीपर एवो र्यकार तेनो रिअ-अर-रिज्ज रीअ एवा आदेश थाय छे अच्छरिअ अच्छअर अच्छरिज्ज अच्छरीअ थाय अने उपरोक्त ॥ ८ । ३ । २५ ॥ अने ॥ ८ । १ । २३ ॥ सूत्रो लागी अच्छरिअं अच्छअरं अच्छरिज्जं अच्छरीअं रूपो सिद्ध थाय।

अत इति किम् ? ॥ ८ ।१। ५८ ॥ सूत्रथी आदि अकारनो एकार थाय त्यारे अच्छेरं एवुं एकज रूप उपर प्रमाणे थाय छे. कारणके अकार थकी पर होय त्यारेज विकल्पो कहेल होवाथी अच्छेरं ए उदाहरणमां एकार थकी पर होवाथी उपरोक्त विकल्पो थता नथी. कारण के अकार थकी पर नथी.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ब्रह्मचर्ये चः ॥८।१।५९॥

ब्रह्मचर्यशब्दे चस्य अत एत्वं भवति ।

અર્થ:—બ્રહ્મચર્ય શબ્દના ચકારના અકારનો એકાર થાય છે. ।

बम्हचेरं,

બ્રહ્મચર્ય શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે बह्मचर्य થાય ॥ ૮ । ૨ । ૭૪ ॥ સૂત્રથી ह्म નો म्ह થાય ત્યારે बम्हचर्य થાય. ॥ ૮ । ૨ । ૬૩ ॥ સૂત્રથી र्यकारनो रકાર થાય ત્યારે बम्हचर થાય. ॥ ૮ । ૧ । ૫૯ ॥ સૂત્રથી ચકારમાં રહેલા અકારનો એકાર થાય ત્યારે बम्हचेर થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિના સ્થાને મકાર થાય. પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મકારનો અનુસ્વાર થાય ત્યારે बम्हचेरं રૂપ સિદ્ધ થાય. ।

## तोन्तरि ॥ ८ । १ । ६० ॥

अन्तर्शब्दे तस्य अत एत्वं भवति ।

અર્થ:—अन्तर् શબ્દમાં રહેલો તકાર તેના અકારનો એકાર થાય છે.।

अन्तेउरं

अन्तःपुरम् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ ।૧। ૧૧ ॥ સૂત્રથી अन्तर् શબ્દમાં રહેલા र्કારનો લુક્ થાય ત્યારે अन्तपुरम् થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી પકારનો લોપ થાય ત્યારે अन्तउरम् થાય. ॥ ૮ । ૧ । ૬૦॥ સૂત્રથી તકારમાં રહેલા અકારનો એકાર થાય ત્યારે अन्तेउरम् થાય. ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મકારનો અનુસ્વાર થાય ત્યારે अन्तेउरं રૂપ સિદ્ધ થાય. ।

अन्तेआरी

अन्तश्चारी શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી र्કારનો લુક્ થાય. અન ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી ચકારનો લોપ થાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે अन्तआरी થાય. અને ચાલતું સૂત્ર લાગી अકારનો एકાર થતાં अन्तेआरी રૂપ સિદ્ધ થાય.

क्वचिन्न भवति ક્યાંક અંતર શબ્દના अકારનો एકાર ન પણ થાય જેમકેઃ—

अन्तग्गयं

अन्तर्गतं શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ११ ॥ સૂત્રથી अन्तर्ના અંત્ય વ્યંજન र્કારનો લોપ થાય ત્યારે अन्तगतं થાય. ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે अन्तगअ થાય ॥ ८ ।२। ८९ ॥ સૂત્રથી गકાર બેવડો થાય ત્યારે अन्तग्गअ થાય. અને ॥ ८ । १ । १८० ॥ સૂત્રથી अવર્ણનો यકાર થતાં अन्तग्गय થાય. ॥८ । ३ । २५॥ સૂત્રથી सिना સ્થાને म् થાય. અને ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે अन्तग्गयं રૂપ સિદ્ધ થાય. ।

अन्तो वीसम्भनिवेसिआणं,

अन्तो विश्रंभनिवेसितानाम् સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८।२।७९ ॥ સૂત્રથી विश्रम्भ માંથી र्કારનો લોપ થાય ત્યારે विशंभ થાય ॥८।१।२६०॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે विसंभ થાય ॥ ८ । १ । ४३ ॥ સૂત્રથી वि દીર્ઘ થાય ત્યારે वीसंभ થાય ॥८।१।१७७॥ સૂત્રથી निवेसितानाम् સંસ્કૃત છે તેના तકારનો લોપ થાય ત્યારે अन्तो वीसंभनिवेसिअ થાય ॥ ८।३।१२ ॥ સૂત્રથી अકાર દીર્ઘ થાય ત્યારે અને ॥ ८ । ३ । ६ ॥ સૂત્રથી अકાર પર છઠ્ઠીના બહુવચનનો आम् તેનો ण આદેશ થાય. ત્યારે निवेसिआण થાય ત્યારે ॥८।१।२३॥ સૂત્રથી म्કાર અનુસ્વાર થાય ત્યારે अन्तो वीसम्भनिवेसिआणं રૂપ સિદ્ધ થાય. ।

## ओत्पद्मे ॥ ८ । १ । ६१ ॥

पद्म शब्दे आदेरत ओत्वं भवति ।

અર્થઃ-पद्म શબ્દના આદિ अકારનો ओકાર થાય છે. ।

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

पद्म શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૬૧ ॥ સૂત્રથી આદિ અકારનો ઓકાર થાય ત્યારે पोद्म થાય ॥૮।૨।૭૭॥ સૂત્રથી द् કારનો લોપ થાય ત્યારે पोम થાય પછી ॥ ૮। ૨।૮૯ ॥ સૂત્રથી मकार બેવડો થાય ત્યારે पोम्म થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिना સ્થાને म्कार થાય ત્યાર પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्कारनो અનુસ્વાર થાય ત્યારે पोम्मं રૂપ સિદ્ધ થાય છે. ।

पद्म छद्म ॥ ८ । २ । ११२ ॥ इति विश्लेषे न भवति ।

અર્થ:-पद्म छद्म એ સૂત્રથી જ્યાં વિશ્લેશ થાય ત્યાં આ સૂત્રનો નિયમ લાગે નહિ ત્યાં સંસ્કૃત શબ્દ पद्मं નું पउमं રૂપ થાય તે ॥૮।૨।૧૧૨॥ સૂત્રમાં સાધવામાં આવશે.

## नमस्कार परस्परे द्वितीयस्य ॥ ८ । १ । ६२ ॥

अनयो द्वितीयस्य अत ओत्वं भवति ।

અર્થ:-नमस्कार અને परस्पर એ બંને શબ્દના બીજા અકારનો ઓકાર થાય. ।

नमोक्कारो

नमस्कार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી स्કારનો લોપ થાય ત્યારે नमकार થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ककार બેવડો થાય ત્યારે नमक्कार થાય ॥ ૮ । ૧ । ૬૨ ॥ સૂત્રથી બીજા અકારનો ઓકાર થાય ત્યારે नमोक्कार થાય ॥૮ ।૩। ૨॥ સૂત્રથી सिना સ્થાને डो થાય અને ड इत्संज्ञा થઈ તેની પહેલાની ટીનો લોપ થઇ તે ओ પૂર્વના વ્યં-જનમાં મળવાથી नमोक्कारो રૂપ સિદ્ધ થાય છે. ।

परोप्परं,

परस्पर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

सकारनो लोप थाय त्यारे परपर थाय ॥ ८ । १ । ६२ ॥ सूत्रथी बीजा अकारनो ओकार थाय त्यारे परोपर थाय ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी पकारे बेवडो थाय त्यारे परोप्पर थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिनो मकार थाय पछी ॥ ८ । १ । २३ ॥ सूत्रथी मकारनो अनुस्वार थाय त्यारे परोप्परं रूप सिद्ध थाय. ।

## वार्पौ ॥ ८ । १ । ६३ ॥

अर्पयतौ धातौ आदेरस्य ओत्वं वा भवति ।

અર્થ:–अर्पयति ધાતુમાં આદિ અકારનો વિકલ્પે ઓકાર થાય છે. ।

ओप्पेइ अप्पेइ,

अर्पयति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી ર્કારનો લોપ થાય ત્યારે अपयति થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી पकार બેવડો થાય ત્યારે अप्पयति થાય ॥ ૮ । ૧ । ૬૩ ॥ સૂત્રથી अर्पयति ધાતુના અકારનો ઓકાર વિકલ્પે થાય છે. ત્યારે ओप्पयति અને अप्पयति થાય પછી ॥ ૮ । ૩ । ૧૪૯ ॥ સૂત્રથી "णि" પ્રત્યય નો જે અત્રે अय થયેલ છે તેને સ્થાને "ए" આદેશ થાય એટલે ओप्पेति અને अप्पेति થયું પછી ॥ ૮ । ૩ । ૧૩૯ ॥ સૂત્રથી ति પ્રત્યયને સ્થાને इ આદેશ થયો એટલે ओप्पेइ અને अप्पेइ રૂપો સિદ્ધ થયાં. ।

## स्वपावुच्च ८ ॥ । १ । ६४ ॥

स्वपितौ धातौ आदेरस्य ओत् उत् च भवति ।

અર્થ:–स्वप् ધાતુમાં આદિ અકારનો ઓકાર અને ઉકાર થાય છે. ।

सोवइ सुवइ,

स्वप् ધાતુ છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૪ । ૨૩૯ ॥ સૂત્રથી વ્યંજનાંત ધાતુને છેડે અકાર ઉમેરવામાં આવે છે તે પ્રમાણે अकार ઉમેરવાથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

सव थाय पछी ॥ ८ । १ । २६० ॥ सूत्रथी ष्‌कारनो स्‌कार थाय त्यारे स्वप थाय ॥ ८ । २ । ७९ ॥ सूत्रथी व्‌कारनो लोप थाय त्यारे सप थाय ॥८।१।२३१॥ सूत्रथी पकारनो वकार थाय त्यारे सव थाय ॥ ८ ।१। ६४ ॥ सूत्रथी आदि अकारनो ओकार अने उकार अनुक्रमे थाय त्यारे सोव अने सुव थाय ॥ ८ । ३ । १३९ ॥ सूत्रथी तिने स्थाने इकार थाय एटले सोवइ अने सुवइ रूप थाय. ।

## नात्पुनर्यादाइ वा ॥ ८ । १ । ६५ ॥

नञः परे पुनः शब्दे आदेरस्य आ आइ इत्यादेशौ वा भवति ।

अर्थः–नञ् अव्यय पछी आवेला पुनर् शब्दना आदि अकारने स्थाने आ आइ एवा आदेशो थाय छे. ।

नउणा नउणाइ.

न पुनर् संस्कृत छे. तेने प्राकृतमां ॥ ८ । १ । ११ ॥ सूत्रथी अंत्य-व्यंजन र्‌कारनो लुक् थाय त्यारे नपुन थाय. ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी पकारनो लुक् थाय. त्यारे नउन थाय. पछी ॥ ८ । १ । २२८ ॥ सूत्रथी नकारनो णकार थाय. त्यारे नउण थाय. ॥८। १। ६५॥ सूत्रथी नउणा अने नउणाइ रूप सिद्ध थाय. ।

पक्षे नउण अने नउणो ॥ केवलस्यापि दृश्यते पुणाइ ॥ एकलो पुनर् शब्द होय तो पण कयांक उपरना आदेशो जोवामां आवे छे।

## वालाब्वरण्ये लुक् ॥ ८ । १ । ६६ ॥

अलाब्वरण्य शब्दयोरादेरस्य लुग् वा भवति ।

अर्थः–अलाबू अने अरण्य शब्दोना आदि अकारनो विकल्पे लुक् थाय. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

लाउं अलाउं. लाऊ अलाऊ।

अलावु શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી વકારનો લોપ થાય. ત્યારે अलाउ થાય. ॥ ૮ । ૧ । ૬૬ ॥ સૂત્રથી આદિ અકારનો લોપ. વિકલ્પે થાય ત્યારે लाउ अलाउ થાય. નપુસકમાં ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય. પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય. ત્યારે लाउं અને अलाउं રૂપ સિદ્ધ થાય. અને સ્રીલિંગમાં ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી દીર્ઘ થાય. ત્યારે अलाऊ અને लाऊ થાય. (अलाबु શબ્દ તુંબડાના વેલા વાચક સ્ત્રીલિંગે છે. અને ફલ વાચક નપુંસકલિંગે છે)।

रण्णं अरण्णं.

अरण्य શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી યકારનો લોપ થાય ત્યારે अरण थाय. ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી णकार બેવડો થાય. ત્યારે अरण्ण થાય. ॥ ૮ । ૧ । ૬૬ ॥ સૂત્રથી આદિ અકારનો વિકલ્પે લોપ થાય. ત્યારે रण्ण અને अरण्ण થાય. ॥ ૮ । ૧ । ૨૫ ॥ સૂત્રથી સિનો મકાર થાય. પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય. ત્યારે रण्णं અને अरण्णं રૂપ સિદ્ધ થાય.

अत इत्येव.

अरण्य શબ્દના અકારનોજ લોપ થાય. તેથી કરીને आरण्ण कुञ्जरोव्व वेल्लन्तो એટલે आरण्यकुञ्जर इव रममाणः। એવા વાકય સંસ્કૃત છે તેનું નીચે પ્રમાણે

आरण्ण.

आरण्य શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી ય્કારનો લોપ થાય. ત્યારે आरण થાય. ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી णकार બેવડો થાય. ત્યારે आरण्ण થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कुञ्जरो.

કુંજર શબ્દ સંસ્કૃત છે. તેને પ્રથમાના એકવચનના सि પ્રત્યયનો ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી डो આદેશ થઇ कुञ्जरो રૂપ થયું. ।

व्व.

इव શબ્દ સંસ્કૃત છે. તેને ॥ ૮ । ૨ । ૧૮૨ ॥ સૂત્રથી व्व આદેશ થયો એટલે કે તે અર્થ જણાવવા તે અવ્યય મુકવામાં આવ્યું. એટલે व्व રૂપ સિદ્ધ થયું.

वेल्लन्तो.

रम्‌धातु સંસ્કૃત છે. તેને ॥ ૮ । ૪ । ૧૬૮ ॥ સૂત્રથી वेल्ल આદેશ થયો. પછી ॥ ૮ । ૩ । ૧૮૧ ॥ સૂત્રથી आनश्च પ્રત્યયને સ્થાને न्त આદેશ થયો ત્યારે वेल्लन्त થયું. પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सि પ્રત્યયને સ્થાને डो આદેશ થઈ वेल्लन्तो રૂપ સિદ્ધ થએલ છે. ।

## वाव्ययोत्खातादावदातः ॥ ८ । १ । ६७ ॥

अव्ययेषु उत्खातादिषु च शब्देषु आदेराकारस्य अद् वा भवति ।

અર્થ:-अव्यय અને उत्खात વિગેરે શબ્દોના આદિ आકારનો વિકલ્પે अકાર થાય. અવ્યયના ઉદાહરણો.

जह जहा,

यथा શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૪૫ ॥ સૂત્રથી यકારનો जકાર થાય ત્યારે जथा થાય. ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી थકારનો हકાર થાય ત્યારે जहा થાય. ॥૮ । ૧ । ૬૭॥ સૂત્રથી આદિ आકારનો अકાર વિકલ્પે થાય ત્યારે जह અને जहा રૂપ સિદ્ધ થાય. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

तह तहा,

तथा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ઉપર પ્રમાણે સમજવું. એટલે तह અને तहा થાય.।

अहव अहवा,

अथवा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ઉપર પ્રમાણે સમજવું એટલે अहव અને अहवा.।

व वा,

वा સંસ્કૃત છે તેનું પ્રાકૃત ઉપર પ્રમાણે કરવું એટલે व वा થાય.।

ह हा,

हा સંસ્કૃત છે તેનું પ્રાકૃત ઉપર પ્રમાણે સમજવું એટલે ह हा થાય.।

उत्खातादि—उत्खात વિગેરે શબ્દોનાં ઉદાહરણો.।

उक्खयं उक्खायं,

उत्खात શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૬૭ ॥ સૂત્રથી આદિ આકારનો અકાર વિકલ્પે થાય. ॥૮ । ૨ । ૭૭॥ સૂત્રથી त्કારનો લોપ થાય ત્યારે उखत અને उखात થાય. ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી खકાર બેવડો થાય ત્યારે उख्खात અને उख्खत થાય. ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ ख्કારનો कકાર થાય ત્યારે उक्खात અને उक्खत થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે उक्खाअ અને उक्खअ થાય. ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી અવર્ણનો यકાર થાય ત્યારે उक्खय અને उक्खाय થાય. ॥ ૮ । ३ । ૨૫ ॥ સૂત્રથી सिनो मકાર થાય. પછી ॥ ૮ । ૧ । ૨३ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે उक्खयं અને उक्खायं રૂપ સિદ્ધ થાય.।

चमरो चामरो,

चामर શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૬૭ ॥ સૂત્રથી આદિ આકારનો અકાર વિકલ્પે થાય ત્યારે चमर અને चामर થાય. ॥ ૮ । ३ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે चमरो અને चामरो રૂપ સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कलओ कालओ,

कालक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૬૭ ॥ સૂત્રથી આદિ આકારનો અકાર વિકલ્પે થાય ત્યારે कालक અને कलक થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી ककारनो લોપ થાય ત્યારે कालअ અને कलअ થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે कलओ અને कालओ રૂપ સિદ્ધ થાય.

ठविओ ठाविओ,

स्थापित શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૪ । ૧૬ ॥ સૂત્રથી स्थाનો ठा થાય ત્યારે ठापित થાય. ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી पકારનો वકાર થાય ત્યારે ठावित થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે ठाविअ થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે ठाविओ થાય. ॥ ૮ । ૧ । ૬૭ ॥ સૂત્રથી આદિ આકારનો અકાર વિકલ્પે થાય ત્યારે ठविओ અને ठाविओ રૂપ સિદ્ધ થાય. ।

परिट्ठविओ परिट्ठाविओ,

प्रतिस्थापित શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮ ।૧। ૩૮॥ સૂત્રથી प्रति શબ્દનો परि આદેશ થાય ત્યારે परिस्थापित થાય ॥ ૮ । ૪ । ૧૬ ॥ સૂત્રથી परिठापित થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ठકાર બેવડો થયો પછી ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી पકારનો वકાર થાય ત્યારે परिट्ठावित ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી त्‌કારનો લોપ થાય ત્યારે परिट्ठाविअ થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય. ત્યારે परिट्ठाविओ થાય. ॥ ૮ । ૧ । ૬૭ ॥ સૂત્રથી આદિ આકારનો વિકલ્પ અકાર થાય. परिट्ठाविओ અને परिट्ठविओ રૂપ સિદ્ધ થાય. ।

संठविओ, संठाविओ,

संस्थापित શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં પૂર્વવત્ સાધનિકા સમજવી ત્યારે संठाविओ અને संठविओ રૂપ સિદ્ધ થાય. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

पययं, पाययं।

प्राकृत શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી ર્કારનો લોપ થાય ત્યારે पाकृत થાય ॥ ८ । १ । १२६ ॥ સૂત્રથી આદિ ऋકારનો अકાર થાય ત્યારે पाकत થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી कકાર અને तકાર બંનેનો લોપ થાય ત્યાર પછી ॥ ८ । १ । १८० ॥ સૂત્રથી अ વર્ણનો यકાર થાય ત્યારે पायय થાય ॥ ८ । १ । ६७ ॥ સૂત્રથી આદિ आ કારનો अકાર વિકલ્પે થાય ત્યારે पयय અને पायय થાય ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिनो मકાર થાય ત્યાર પછી ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે पययं અને पाययं સિદ્ધ થાય.।

तलवेण्टं, तालवेण्टं, तलवोण्टं, तालवोण्टं,

तालवृन्त સંસ્કૃત શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १३९ ॥ સૂત્રથી वृन्त શબ્દના ऋકારનો इકાર एકાર ओકાર થાય છે ત્યારે तालवेन्त થાય ॥ ८ । २ । ३१ ॥ સૂત્રથી न्तनो ण्ट થાય ત્યારે तालवेण्ट થાય પછી ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिनो म્કાર થાય ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म કારનો અનુસ્વાર થાય ત્યારે तालवेण्टं થાય ॥ ८ । १ । ६७ ॥ સૂત્રથી આદિ आકારનો अકાર વિકલ્પે થાય ત્યારે तलवेण्टं અને तालवेण्टं રૂપ સિદ્ધ થાય પક્ષે જ્યારે वृन्त શબ્દના ऋકારનો ओકાર કરીએ ત્યારે तलवोण्टं तालवोण्टं થાય.

हलिओ, हालिओ, नराओ, नाराओ, वलया, बलाया, कुमरो, कुमारो,

हालिक नाराच बलाका कुमार એ શબ્દો સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ६७ ॥ સૂત્રથી આદિ आકારનો अકાર વિકલ્પે થાય ત્યારે हालिक हलिक. नाराच, नराच. बलाका, बलका. कुमार, कुमर. થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી हालिक નો कકાર नाराच નો चકાર बलाका નો कકાર એ ત્રણેનો લોપ થાય ત્યારે हलिअ, हालिअ, नाराअ, नराअ, बलाआ, बलया, कुमार कुमर થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે हालिओ, हलिओ, नाराओ, नराओ, ॥ ८ । १ । १८० ॥ સૂત્રથી अ વર્ણનો यકાર

१४

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

થાય ત્યારે वलया અને वलाया થાય અને ઉપર પ્રમાણે कुमारो અને कुमरो રૂપ સિદ્ધ થાય છે.।

खइरं, खाइरं,

खादिर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી દકારનો લોપ થાય ત્યારે खाइर થાય ॥ ૮ । ૧ । ૬૭ ॥ સૂત્રથી આદિ આકારનો અકાર વિકલ્પે થાય ત્યારે खाइर અને खइर થાય ॥ ૮।૩।૨૫ ॥ સૂત્રથી સિનો म् કાર થાય ત્યારે खाइरम् અને खइरम् થાય પછી ॥૮।૧।૨૩॥ સૂત્રથી म् કારનો અનુસ્વાર થાય ત્યારે खाइरं અને खइरं રૂપ સિદ્ધ થાય.।

केचिद् ब्राह्मणपूर्वाह्णयोरपीच्छन्ति કેટલાક આચાર્યો ब्राह्मण તથા पूर्वाह्ण શબ્દોમાં પણ આદિ આકારનો વિકલ્પે અકાર થાય તેમ ઇચ્છે છે તેથી કરીને.

बम्हणो, बाम्हणो,

ब्राह्मण શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र्કારનો લોપ થાય. ત્યારે बाह्मण થાય. ॥ ૮ । ૨ । ૭૪ ॥ સૂત્રથી ह्म નો म्ह થાય. ત્યારે बाम्हण થાય. ॥ ૮ । ૧ । ૬૭ ॥ સૂત્રથી આદિ આકારનો અકાર વિકલ્પે થાય. ત્યારે बम्हण અને बाम्हण થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય. ત્યારે बम्हणो बाम्हणो રૂપો સિદ્ધ થાય છે.

पुव्वण्हो, पुव्वाण्हो,

पूर्वाह्ण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र्કારનો લોપ થાય. ત્યારે पूवाह्ण થાય. ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી વકાર બેવડો થાય. ત્યારે पुव्वाह्ण થાય. ॥૮।૧।૮૪॥ સૂત્રથી पू હ્રસ્વ થાય. ત્યારે पुव्वाह्ण થાય. ॥ ૮ । ૧ । ૬૭ ॥ સૂત્રથી આદિ આકારનો અકાર વિકલ્પે થાય. ત્યારે पुव्वह्ण અને पूव्वाह्ण થાય. ॥ ૮ । ૨ । ૭૫ ॥ સૂત્રથી ह्णનો ण्ह થાય. ત્યારે पुव्वण्ह અને पुव्वाण्ह થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય. ત્યારે पुव्वण्हो અને पुव्वाण्हो રૂપ સિદ્ધ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

दवग्गी,

दवाग्नि શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી નકારનો લોપ થાય. ત્યારે दवागि થાય. ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી गકાર બેવડો થાય. ત્યારે दवाग्गि થાય. ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી દીર્ઘનો હ્રસ્વ થાય. ત્યારે दवग्गि થાય. ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી દીર્ઘ થાય. ત્યારે दवग्गी રૂપ સિદ્ધ થાય. ।

दावग्गी,

दावाग्नि શબ્દ સંસ્કૃત છે તેને ઉપર પ્રમાણે સૂત્રો લગાડવાથી दावग्गी રૂપ થાય ।

चडू,

चटु શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૯૫ ॥ સૂત્રથી ટકારનો ડકાર થાય. ત્યારે चडु થાય. ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી પ્રથમાના એકવચનમાં અંત્ય સ્વર દીર્ઘ થાય. ત્યારે चडू રૂપ સિદ્ધ થાય.

चाडू,

चाटु શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં રૂપ પૂર્વવત્ સાધવું એટલે चाडू રૂપ સિદ્ધ થાય. इति शब्द भेदात् सिद्धम् ઉપરનાં ચાર રૂપોનો જુદા જુદા શબ્દો ઉપરથી સિદ્ધ થાય છે તેને ॥ ૮ । ૧ । ૬૭ ॥ સૂત્ર લગાડવાની જરૂર નથી.

## घञ् वृद्धे र्वा ॥ ८ । १ । ६८ ॥

घञ् निमित्तो यो वृद्धिरुप आकारस्तस्यादिभूतस्य अद् वा भवति ।

અર્થઃ—घञ् પ્રત્યય નિમિત્ત થએલી વૃદ્ધીના આકારનો વિકલ્પે અકાર થાય છે.

पवहो, पवाहो,

प्रवाह શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી ર્કારનો લોપ થાય છે. ત્યારે पवाह થાય. ॥ ૮ । ૧ । ૬૮ ॥ સૂત્રથી આકારનો અકાર વિકલ્પે થાય. ત્યારે पवह અને पवाह થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે पवहो અને पवाहो રૂપ સિદ્ધ થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

पहरो, पहारो,

प्रहार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી ર્કારનો લોપ થાય પછી ॥ ८ । १ । ६८ ॥ સૂત્રથી આદિ આકારનો અકાર વિકલ્પે થાય ત્યારે पहर અને पहार થાય પછી ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે पहरो અને पहारो રૂપ સિદ્ધ થાય.

पयरो, पयारो,

प्रचार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી ર્કારનો લોપ થાય ત્યારે पचार થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી ચકારનો લોપ થાય ત્યારે पआर થાય ॥ ८ । १ । १८० ॥ સૂત્રથી अ વર્ણનો યકાર થાય ત્યારે पयार થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી સિને સ્થાને डो થાય ત્યારે पयारो થાય ત્યાર પછી ॥ ८ । १ । ६८ ॥ સૂત્રથી આદિ આકારનો અકાર વિકલ્પે થાય ત્યારે पयरो અને पयारो રૂપ સિદ્ધ થાય.

पत्थवो, पत्थावो,

प्रस्ताव શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી ર્કારનો લોપ થાય ત્યારે पस्तावः થાય ॥ ८ । २ । ४५ ॥ સૂત્રથી स्त નો थ થાય ત્યારે पथावः થાય ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી થકાર બેવડો થાય ત્યારે पथ्थावः થાય પછી ॥ ८ । २ । ९० ॥ સૂત્રથી પૂર્વ થ્કારનો ત્કાર થાય ત્યારે पत्थावः ॥ ८ । १ । ६८ ॥ સૂત્રથી આદિ આકારનો અકાર વિકલ્પે થાય ત્યારે पत्थवः અને पत्थावः થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે पत्थवो અને पत्थावो રૂપ સિદ્ધ થાય.

राओ,

क्वचित् न भवति કયાંક આકારનો અકાર થાય એ નિયમ લાગતો હોય તો પણ ન થાય જેમકે रागः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી गકારનો લોપ થાય ત્યારે राअ થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે राओ સિદ્ધ થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## महाराष्ट्रे ॥८।१।६९॥

महाराष्ट्र शब्दे आदेराकारस्य अद् भवति।

અર્થઃ—महाराष्ट्र શબ્દમાં આદિ આકારનો અકાર થાય.

मरहट्ठं, मरहट्ठो,

महाराष्ट्र શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૬૯ ॥ સૂત્રથી આદિ આકારનો અકાર થાય ત્યારે महराष्ट्र થાય. ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી દીર્ઘનો હ્રસ્વ થાય ત્યારે महराष्ट्र થાય પછી ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી ર્કારનો લોપ થાય ત્યારે महराष्ट थाय પછી ॥ ૮ । ૨ । ૩૪ ॥ સૂત્રથી ष्टनो ठ થાય ત્યારે महरठ થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ઠકાર બેવડો થાય ત્યારે महरठ्ठ થાય ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ ઠકારનો ટકાર થાય ત્યારે महरट्ठ થાય પછી ॥ ૮ । ૨ । ૧૧૯ ॥ સૂત્રથી હકાર અને રકારનો વ્યત્યય થાય ત્યારે मरहट्ठ થાય પછી ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે मरहट्ठं રૂપ થાય.

પુલિંગે ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે मरहट्ठो રૂપ સિદ્ધ થાય.

## मांसादिष्वनुस्वारे ॥ ८ । १ । ७० ॥

मांस प्रकारेषु अनुस्वारे सति आदेरातः अद् भवति।

અર્થઃ—मांस શબ્દના જેવા પ્રકારવાલા શબ્દોને અનુસ્વાર કર્યે છતે આદિ આકારનો અકાર થાય છે.

मंसं,

मांस શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૭૦ ॥ સૂત્રથી આદિ આકારનો અકાર થાય ત્યારે मंस થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી અનુસ્વાર થાય ત્યારે मंसं રૂપ સિદ્ધ થાય.

P. P. Ac. Gunratnasuri M.S.                                                     Jin Gun Aaradhak Trust

पंसू,

पांशु શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૭૦ ॥ આદિ આકારનો અકાર થાય ત્યારે पंशु થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शकारनो सकार થાય ત્યારે पंसु થાય ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી દીર્ઘ થાય ત્યારે पंसू રૂપ સિદ્ધ થાય. ।

पंसणो,

पांसन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૭૦ ॥ સૂત્રથી પૂર્વવત્ આકારનો અકાર થાય ત્યારે पंसन થાય ॥૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नकारनो णकार થાય ત્યારે पंसण થાય પછી ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે पंसणो રૂપ સિદ્ધ થાય છે.

कंसं,

कांस्य શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી यकारनो લોપ થાય ત્યારે कांस થાય ॥ ૮ । ૧ । ૭૦ ॥ સૂત્રથી આકારનો અકાર થાય ત્યારે कंस થાય પછી ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिनो म्‌કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्‌કારનો અનુસ્વાર થાય ત્યારે कंसं રૂપ સિદ્ધ થાય. ।

कंसिओ,

कांसिक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી ककारनो લોપ થાય ત્યારે कांसिअ થાય ॥ ૮ । ૧ । ૭૦ ॥ સૂત્રથી આકારનો અકાર થાય ત્યારે कंसिअ થાય ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય. ત્યારે कंसिओ રૂપ સિદ્ધ થાય.

वंसिओ,

वांशिक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शकारनो सकार થાય ત્યારે वांसिक થાય પછી कांसिकनी જેમ સમજવો એટલે वंसिओ રૂપ સિદ્ધ થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

पंडवो,

पांडव शબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ७० ॥ સૂત્રથી આદિ આકારનો અકાર થાય ત્યારે पंडव થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી સિનો ડો થાય ત્યારે पंडवो રૂપ સિદ્ધ થાય. ।

संसिद्धिओ,

सांसिद्धिक સંસ્કૃત શબ્દ છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ७० ॥ સૂત્રથી આદિ આકારનો અકાર થાય ત્યારે संसिद्धिक થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી ककારનો લોપ થાય ત્યારે संसिद्धिअ થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી સિનો ડો થાય ત્યારે संसिद्धिओ રૂપ સિદ્ધ થાય. ।

संजत्तिओ,

सांयात्रिक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २४५ ॥ સૂત્રથી યકારનો જકાર થાય ત્યારે सांजात्रिक થાય ॥ ८ । १ । ७० ॥ સૂત્રથી આદિ આકારનો અકાર થાય ત્યારે संजात्रिक થાય. ॥ ८ । १ । ८४ ॥ સૂત્રથી દીર્ઘનો હ્રસ્વ થાય ત્યારે संजत्रिक થાય ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી रकारનો લોપ થાય ત્યારે संजतिक થાય ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી तકાર બેવડો થાય ત્યારે संजत्तिक થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે संजत्तिअ થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે संजत्तिओ રૂપ સિદ્ધ થાય છે. ।

मासं, पामू,

अनुस्वार इति किम् એટલે અનુસ્વાર કર્યે છતે આકારનો અકાર થાય એમ કેમ ? ॥ ८ । १ । २९ ॥ સૂત્રથી વિકલ્પે અનુસ્વારનો લોપ થાય ત્યારે मासं અને पामू રૂપ થાય.

## श्यामाके मः ॥ ८ । १ । ७१ ॥

श्यामाके मस्य आतः अद् भवति ।

અર્થ:—श्यामाक શબ્દમાં मકારના આકારનો અકાર થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

सामओ

श्यामाक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે शामाक થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે सामाक થાય ॥ ૮ । ૧ । ૭૧ ॥ સૂત્રથી मકારમાંના આકારનો अકાર થાય ત્યારે सामक થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે सामअ થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિનો ડો થાય ત્યારે सामओ રૂપ સિદ્ધ થાય. ।

## इः सदादौ वा ॥ ८।१।७२ ॥

सदादिषु शब्देषु आत इत्त्वं वा भवति ।

અર્થ:—सदा આદિ શબ્દોમાં રહેલ આકાર તેનો इકાર વિકલ્પે થાય.।

सइ सया

सदा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૭૨ ॥ સૂત્રથી આકારનો इકાર વિકલ્પે થાય ત્યારે सदि सदा થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી दકારનો લોપ થાય ત્યારે सइ અને सआ થાય ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अ વર્ણનો यકાર થાય ત્યારે सया થાય એવી રીતે सइ અને सया રૂપ સિદ્ધ થાય. ।

निसिअरो निसाअरो

निशाकर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૭૨ ॥ સૂત્રથી આકારનો इકાર વિકલ્પે થાય ત્યારે निशिकर અને निशाकर થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે निसिकर અને निसाकर થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે निसिअर निसाअर થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે निसिअरो निसाअरो રૂપ સિદ્ધ થાય.

कुप्पिसो कुप्पासो

कूर्पास શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દીર્ઘનો હ્રસ્વ થાય ત્યારે कुर्पास થાય ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી रकारनो લોપ થાય ત્યારે कुपास થાય ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી पकार બેવડો થયો ત્યારે कुप्पास થાય ॥ ८ । १ । ७२ ॥ સૂત્રથી આકારનો વિકલ્પે इकार થાય ત્યારે कुप्पिस અને कुप्पास થાય ॥८ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે कुप्पिसो અને कुप्पासो રૂપ સિદ્ધ થાય. ।

## आचार्ये चोच्च ॥ ८ । १ । ७३ ॥

आचार्य शब्दे चस्य आत इत्वं अत्वं च भवति ।

અર્થ:—आचार्य શબ્દમાં ચકારમાં રહેલ આકાર તેનો इकार અને अकार થાય છે.

आइरिओ आयरिओ

आचार्य શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । १०७ ॥ સૂત્રથી યકારની પહેલાં इकार આગમ થાય ત્યારે आचारिय થાય ॥ ८ । १ । ७३ ॥ સૂત્રથી ચકારમાંના આકારનો इकार અને अकार થાય ત્યારે आचिरिय અને आचरिअ થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી ચકાર અને યકારનો લોપ થાય ત્યારે आइरिअ आअरिअ થાય ॥ ८ । १ । १८० ॥ સૂત્રથી બીજા શબ્દમાં अ વર્ણનો યકાર થાય ત્યારે आयरिअ થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે आइरिओ અને आयरिओ રૂપ સિદ્ધ થાય.

## ई: स्त्यान खल्वाटे ॥ ८ । १ । ७४ ॥

स्त्यानखल्वाटयोरादेरात ई र्भवति ।

અર્થ:—स्त्यान અને खल्वाट શબ્દના આદિ આકારનો ઈકાર થાય છે.

ठीणं थीणं थिण्णं.

स्त्यान શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७८ ॥ સૂત્રથી યકારનો લોપ થાય ત્યારે स्तान થાય ॥ ८ । २ । ३३ ॥ સૂત્રથી स्तनो વિકલ્પે ठ થાય ત્યારે ठान થાય ॥ ८ । १ ७४ ॥ સૂત્રથી આદિ આકારનો



P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

ઈકાર થાય ત્યારે ઠીન થાય ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી નકારનો ણકાર થાય ત્યારે ઠીણ થાય બીજા પક્ષમાં ॥ ૮ । ૨ । ૪૯ ॥ સૂત્રથી स्तनो थ થાય ત્યારે થીણ થાય ત્રીજા પક્ષમાં ॥ ૮ । ૨ । ૯૯ ॥ સૂત્રથી ણકાર બેવડો થાય ત્યારે थीण्ण થાય ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી દીર્ઘનો હ્રસ્વ થાય ત્યારે थिण्ण થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે ठीणं थीणं थिण्णं રૂપો સિદ્ધ થાય. ।

खल्लीडो

खल्वाट શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી વકારનો લોપ થાય ત્યારે खलाट થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી લકાર બેવડો થાય ત્યારે खल्लाट થાય ॥ ૮ । ૧ । ૭૪ ॥ સૂત્રથી આદિ આકારનો ઈકાર થાય ત્યારે खल्लीट થાય ॥ ૮ । ૧ । ૧૯૫ ॥ સૂત્રથી ટકારનો ડકાર થાય ત્યારે खल्लीड થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિનો डो થાય ત્યારે खल्लीडो રૂપ સિદ્ધ થાય

संखायम् इति तु समः स्त्यः खा. ॥ ८ । ४ । १५ ॥ इति खा देशे सिद्धम् ।

અર્થ:—संखायम् એ પ્રયોગ તો सम् ઉપસર્ગ પછી स्त्यै ધાતુને સ્થાને खा એવો આદેશ ॥ ૮ । ૪ । ૧૫ ॥ સૂત્ર પ્રમાણે થાય છે. સાધનિકા ॥ ૮ । ૪ । ૧૫ ॥ સૂત્રમાં જોઇ લેવી.

## उ: सास्ना स्तावके ॥ ८ । १ । ७५ ॥

अनयो रादेरात उत्वं भवति ।

અર્થ:—આ બંને શબ્દના આદિ આકારનો ઉકાર થાય છે ।

मुण्हा

सास्ना શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૫ ॥ સૂત્રથી स्नाનો ण्हा થાય ત્યારે साण्हा થાય ॥ ૮ । ૧ । ૭૫ ॥ સૂત્રથી આદિ આકારનો ઉકાર થાય ત્યારે सुण्हा રૂપ સિદ્ધ થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

थुवओ

स्तावक શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૪૫ ॥ સૂત્રથી स्तનો थકાર થાય ત્યારે थावक થાય ॥ ૮ । ૧ । ૭૫ ॥ સૂત્રથી આદિ આકારનો उકાર થાય ત્યારે थुवक થાય ॥૮ । ૧ । ૧૭૭॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે थुवअ થાય ॥૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય થાય ત્યારે थुवओ રૂપ સિદ્ધ થાય.

## ऊद्वासारे ॥ ८ । १ । ७६ ॥

आसार शब्दे आदेरात ऊद् वा भवति ।

અર્થ:—आसार શબ્દના આદિ आકારનો ऊકાર વિકલ્પે થાય ।

ऊसारो आसारो

आसार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૭૬ ॥ સૂત્રથી આદિ आકારનો ऊકાર વિકલ્પે થાય. ત્યારે ऊसार અને आसार થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिનો डो થાય ત્યારે ऊसारो અને आसरो રૂપો સિદ્ધ થાય ।

## आर्याया र्यः श्वश्वाम् ॥। ८ । १ । ७७ ॥

आर्या शब्दे श्वश्राम् वाच्यायां र्यस्यात ऊर्भवति ।

અર્થ:—आर्या શબ્દનો જો સાસુ અર્થ થતો હોય તો તે શબ્દના र्यમાં રહેલા आકારનો ऊકાર થાય ।

अज्जू

आर्या શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૭૭ ॥ સૂત્રથી र्यમાં રહેલા आકારનો ऊકાર થયો એટલે आर्यू થયું ॥ ૮ । ૨ । ૨૪ ॥ સૂત્રથી र्यકારનો जકાર થાય ત્યારે आजू થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી जકાર બેવડો થાય ત્યારે आज्जू થાય ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી દીર્ઘનો હ્રસ્વ થાય ત્યારે अज्जू રૂપ સિદ્ધ થાય.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

अश्वाम इति किम् સાસુ અર્થ ન થતો હોય તો अज्जा રૂપ થાય ।

अज्जा

आर्या શબ્દ સંસ્કૃત છે તેનો સાસુ અર્થ ન થતો હોવાથી ॥ ૮ । ૧ । ૭૭ ॥ સૂત્રથી લાગે નહિ તેથી પ્રથમજ ॥ ૮ । ૨ । ૨૪ ॥ સૂત્રથી ર્યને ઠેકાણે જકાર આદેશ થયો એટલે आजा થયું ॥ ૮ । ૨ । ૮૧ ॥ સૂત્રથી જકારનો દ્વિર્ભાવ થાય ત્યારે आज्जा થાય પછી ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી આદિ આકારનો હ્રસ્વ થઈ अज्जा રૂપ સિદ્ધ થાય.

## एद् ग्राह्ये ॥ ૮ । ૧ । ૭૮ ॥

ग्राह्यशब्दे आदेशात एत्वं भवति ।

ग्राह्य શબ્દના આદિ આકારનો एકાર થાય ।

गेज्झं

ग्राह्य શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૨૬ ॥ સૂત્રથી ह्यનો झ્કાર થાય ત્યારે ग्राझ થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી झકાર બેવડો થાય ત્યારે ग्राझ्झ થાય ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી આદિ झકારનો જકાર થાય ग्राज्झ થાય ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી ર્કારનો લોપ થાય ત્યારે गाज्झ થાય. ॥ ૮ । ૧ । ૭૮ ॥ સૂત્રથી આદિ આકારનો एકાર થાય ત્યારે गेज्झ થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सि પ્રત્યયનો મ્કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મકારનો અનુસ્વાર થાય ત્યારે गेज्झं રૂપ સિદ્ધ થાય ।

## द्वारे वा ॥ ૮ । ૧ । ૭૯ ॥

द्वारे शब्दे आत एद् वा भवति

અર્થ:—द्वार શબ્દમાં રહેલ આકારનો एકાર વિકલ્પે થાય છે. ।

देरं दुआरं दारं वारं.

द्वार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

वकारनो लोप थाय त्यारे दार थाय ॥ ८ । १ । ७९ ॥ सूत्रथी आकारनो एकार थाय त्यारे देर थाय बीजा पक्षमां ॥ ८ । २ । ११२ ॥ सूत्रथी संयुकतना अंत्य व्यंजन थकी पूर्वे उ आगळ विकल्पे थाय. पछी द्वारमां दकार अने वकारने जुदा पाडी वकारनी पूर्वे उकार आगळ आवे त्यारे दुवार थाय ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी वकारनो लोप थाय त्यारे दुआर थाय । त्रीजा पक्षमां द्वार शब्दने ॥८ ।१। १७७॥ सूत्रथी वकारनो लोप थाय त्यारे दार थाय । चोथा पक्षमां दार छे तेने ॥ ८ । २ । ७७ ॥ सूत्रथी दकारनो लोप थाय त्यारे वार थाय हवे ए सिद्ध थएला चारे रूपोने प्रथमाना एकवचनना सि प्रत्ययने स्थाने ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी मकार थाय पछी ॥ ८ । १ । २३ ॥ सूत्रथी मकारनो अनुस्वार थाय त्यारे चारे पक्षमां देरं दुआरं दारं अने वारं रूपो सिद्ध थाय।

कथं नेरइओ नारइओ ? अर्थ:—नेरइओ अने नारइओ रूपो शी रीते बनेल छे. जवाब; निरये भवो नैरयिक; १ नरके भवो नारकिक; २ आवी रीते बनेला १ नैरयिक शब्द उपरथी नेरइओ रूप सिद्ध थशे २ नारकिक उपरथी नारइओ सिद्ध थशे ते नीचे प्रमाणे.

नेरइओ नारइओ.

नैरयिक संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १४८ ॥ सूत्रथी ऐकारनो एकार थाय त्यारे नेरयिक थाय ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी य अने क बंनेनो लोप थाय त्यारे नेरइअ थाय.।

नारकिक शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ८ । १। १७७ ॥ सूत्रथी ककारनो लोप थाय त्यारे नारइअ थाय ॥ ८ । ३ । ॥ २ ॥ सूत्रथी बंने शब्दोमां सिना स्थाने डो थाय त्यारे नेरइओ अने नारइओ रूपो सिद्ध थाय।

आर्षे अन्यत्रापि आगमनी भाषामां बीजे ठेकाणे पण एकार थाय छे. जेमके:--

पच्छे कम्मं

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

पश्चात् कर्मन् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ ।૧૧॥ સૂત્રથી અંત્ય વ્યંજનોનો લોપ થાય ત્યારે पश्चा कर्म થાય ॥ ૮ । ૨ । ૨૧ ॥ સૂત્રથી श्चનો छकार થાય ત્યારે पछा कर्म થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી छकार બેવડો થાય। ત્યારે पछ्छा कर्म થાય ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી આદિ छकारનો चकार થાય ત્યારે पच्छा कर्म થાય. आर्ष હોવાથી આ ઠેકાણે પણ ॥ ૮ । ૧ । ૭૯ ॥ સૂત્રથી एकार થાય ત્યારે पच्छे कर्म થાય ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી रकारનો લોપ થાય ત્યારે पच्छे कम થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી मकार બેવડો થાય ત્યારે पच्छे कम्म થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી म्कार सिने સ્થાને થાય અને ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्कारનો અનુસ્વાર થાય ત્યારે पच्छेकम्मं રૂપ સિદ્ધ થાય.

असहेज्ज

असहाय्य શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૭૯ ॥ સૂત્રથી एकार થાય ત્યારે असहेय्य થાય ॥ ૮ । ૨ । ૨૪ ॥ સૂત્રથી य्यकारनો जकार થાય પછી ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી जकार બેવડો થાય ત્યારે असहेज्ज રૂપ થાય એમ असहेज्ज देवासुरी રૂપ સિદ્ધ થાય.

## पारापते रो वा ॥ ८ । १ । ८० ॥

पारापत शब्दे रस्यस्यात एद् वा भवति।

અર્થ:-पारापत શબ્દમાં રહેતા रकारના आकारનો एकार વિકલ્પે થાય.

पारेवओ पारावओ.

पारापत શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૮૦ ॥ સૂત્રથી વિકલ્પે आकारનો एकार થાય. ત્યારે पारेपत થાય. અને पारापत થાય. ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી पकारનો वकार થાય. ત્યારે पारेवत અને पारावत થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तकारનો લોપ થાય. ત્યારે पारेवअ અને पारावअ થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય. ત્યારે पारेवओ અને पारावओ રૂપ સિદ્ધ થાય. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## मात्रटि वा ॥ ८ । १ । ८१ ॥

मात्रट्प्रत्यये आत एद् वा भवति।

અર્થઃ—मात्रट् પ્રત્યયના મ્કારમાં રહેલા આકારનો एકાર વિકલ્પે થાય છે.।

एत्तिअमेत्तं एत्तिअमत्तं.

एतावनमात्रं શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૧૫૭ ॥ સૂત્રથી एत्तिअ માત્ર થાય. ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી ર્કારનો લોપ થાય. ત્યારે एत्तिअमात થાય. ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી तકાર બેવડો થાય. ત્યારે एत्तिअमात्त થાય. ॥ ૮ । ૧ । ૮૧ ॥ સૂત્રથી मात्रट्ना મ્કારમાં રહેલ આકાર તેનો एકાર વિકલ્પે થાય. ત્યારે एत्तिअमेत्त एत्तिअमात्त ॥एत्तिअमात्त॥ શબ્દમાં ॥ ૮ । ૧ । ८४ ॥ સૂત્રથી माકારના આકારનો હ્રસ્વ થાય. ત્યારે एत्तिअमत्त થાય. પછી બંને રૂપોમાં ॥ ૮ । ३ । २५ ॥ સૂત્રથી सिनो મ્કાર થાય. પછી ॥ ૮ । ૧ । ૨३ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય. ત્યારે एत्तिअमेत्तं एत्ति-अमत्तं રૂપ સિદ્ધ થાય.। बहुलाधिकारात् क्वचिन् मात्रशब्देपि । भोअणमेत्तं અર્થઃ— बहूल શબ્દનો અધિકાર હોવાથી ક્યાંક "मात्र" એ પ્રત્યય ન હોય તો પણ તેના આકાર નાસ્થાને एકાર આદેશ થાય છે. જેમકેઃ—

भोजनमात्रं શબ્દ સંસ્કૃત છે તેની ઉપર પ્રમાણે સાધવાથી भोअणमेत्तं રૂપ સિદ્ધ થાય.।

## उदोद्वार्द्रे ॥८।१।८२॥

आर्द्रे शब्दे आदेरात उद् ओच्च वा भवतः ।

અર્થ—आर्द्र શબ્દમાં રહેલ આદિ આકારનો उકાર અને ओકાર વિકલ્પે થાય છે.।

उल्लं ओल्लं.

आर्द्र શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી ઉર્ધ્વ રહેલો ર્કાર તેનો લોપ થાય. ત્યારે आद्र થાય. ॥ ૮ । ૧ । ૮૨ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂત્રથી આદિ આકાર તેનો ઉકાર અને ઓકાર થાય. ત્યારે उद्र અને ओद्र થાય. ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી દ્કારનો લોપ થાય. ત્યારે उर અને ओर થાય. ॥ ૮ । ૧ । ૨૫૪ ॥ સૂત્રથી ર્કારનો લ્કાર થાય. ત્યારે उल અને ओल થાય. ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી લકાર બેવડો થાય. ત્યારે उल्ल અને ओल्ल થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય. પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે उल्लं અને ओल्लं રૂપો સિદ્ધ થાય પક્ષે अद्धं અને अद्दं રૂપ થાય ।

वाह सलिल पवहेण उल्लेइ

बाष्प શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૦ ॥ સૂત્રથી ष्पनो हકાર થાય ત્યારે वाह થાય प्रवाह શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૬૮ ॥ સૂત્રમાં સિદ્ધ કરેલ છે અને ॥ ૮ । ૩ । ૬ ॥ સૂત્રથી टामोर्णथी णકાર થાય. ॥ ૮ । ૩ । ૧૪ ॥ સૂત્રથી णકારની પહેલાંના अકારનો एકાર થાય ત્યારે पवाहेण आद्रयतिनुं उल्लेइ ઉપર પ્રમાણે જાણવું ।

## ओदाल्यां पंक्तौ ॥ ८ । १ । ८३ ॥

आलिशब्दे पंक्ति वाचिनि आत ओत्वं भवति ।

અર્થ:—पंक्ति वाचि आली શબ્દ તેના આકારનો ઓકાર થાય ।

ओली

आली શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૮૩ ॥ સૂત્રથી આકારનો ઓકાર થાય ત્યારે ओली રૂપ સિદ્ધ થાય पंक्तौ इति किम મૂલમાં पंक्ति વાચક કહ્યું છે માટે आली શબ્દ सखी વાચક હોય તો પ્રાકૃતમાં आली થાય છે ।

## ह्रस्वः संयोगे ॥ ८ । १ । ८४ ॥

दीर्घस्य यथादर्शनंयोगे परे ह्रस्वो भवति ।

અર્થ;—દીર્ઘસ્વરને જોડેલા અક્ષર પર છતે હ્રસ્વ થાય છે પ્રયોગમાં જોવામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદાહરણો.

आत् આકાર હ્રસ્વનાં ઉદાહરણો.

अम्बं

आम्र શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ५६ ॥ સૂત્રથી म्रनो म्ब थाय त्यारे आम्ब थाय ॥ ८ । १ । ८४ ॥ સૂત્રથી આકારનો અકાર થાય ત્યારે अम्ब થાય ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिनो म्‌કાર થાય પછી ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી મ્‌કારનો અનુસ્વાર થાય अम्बं રૂપ થાય।

तम्बं

ताम्र શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં तम्बं રૂપ પૂર્વવત્ જાણવું ।

विरहग्गी.

विरहाग्निः શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७८ ॥ સૂત્રથી नકારનો લોપ થાય ત્યારે विरहागिः થાય. ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી गકાર બેવડો થાય ત્યારે विरहाग्गिः થાય. ॥ ८ । १ । ८४ ॥ સૂત્રથી આકારનો અકાર થાય ત્યારે विरहग्गिः થાય. ॥ ८ । १ । १९ ॥ સૂત્રથી દીર્ઘ થાય ત્યારે विरहग्गीः રૂપ સિદ્ધ થાય.।

अस्सं

आस्य શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७८ ॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે आस થાય. ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી सકાર બેવડો થાય. ત્યારે आस्स થાય. ॥ ८ । १ । ८४ ॥ સૂત્રથી આકારનો અકાર થાય. ત્યારે अस्स થાય. ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिना સ્થાને મ્‌કાર થાય. પછી ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી મ્‌કારનો અનુસ્વાર થાય. ત્યારે अस्सं રૂપ સિદ્ધ થાય છે.।

ईत् દીર્ઘ ईनो હ્રસ્વ થાય તેના ઉદાહરણો.

मुणिन्दो

मुनीन्द्रः શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી र्‌કારનો લોપ થાય. ત્યારે मुनीन्द थाय. ॥ ८ । १ । ८४ ॥ સૂત્રથી હ્રસ્વ



P. P. Ac. Gunratnasuri M.S.                    Jin Gun Aaradhak Trust

થાય. ત્યારે मुनिन्दः થાય. ॥ ८ । १ । २२८ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે मुणिन्दः થાય. ८ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય. ત્યારે मुणिन्दो રૂપ સિદ્ધ થાય. ।

तिन्थं

तीर्थ શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી र्કારનો લોપ થાય. ત્યારે तीथ થાય. ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી थકાર બેવડો થાય ત્યારે तीथ्थ થાય. ॥ ८ । २ । ९० ॥ સૂત્રથી પૂર્વ थકારનો तકાર થાય. ત્યારે तीत्थ થાય ॥ ८ । १ । ८४ ॥ સૂત્રથી હ્રસ્વ થાય. ત્યારે तित्थ થાય. ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिनो म્કાર થાય. પછી ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય. ત્યારે तित्थं રૂપ સિદ્ધ થાય.

ऊत् દીર્ઘ ऊકારનો હ્રસ્વ થાય. તેનાં ઉદાહરણો.

गुरुल्लावा

गुरूल्लापाः શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २३१ ॥ સૂત્રથી पકારનો वકાર થાય. ત્યારે गुरूल्लावाः થાય. ॥ ८ । १ । ८४ ॥ સૂત્રથી દીર્ઘનો હ્રસ્વ થાય ત્યારે गुरुल्लावाः થાય. ॥ ८ । ३ । ४ ॥ સૂત્રથી બહુવચનના પ્રત્યયનો लुक् થાય. અને ॥८।३।१२॥ સૂત્રથી પૂર્વનો अકાર દીર્ઘ થાય ત્યારે गुरुल्लावा રૂપ સિદ્ધ થાય. ।

चुण्णो

चूर्णः શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે चूणः થાય. ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી णકાર બેવડો થાય ત્યારે चूण्णः થાય. ॥ ८ । १ । ८४ ॥ સૂત્રથી દીર્ઘનો હ્રસ્વ થાય ત્યારે चुण्णः થાય. ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सि ના સ્થાને डो થાય ત્યારે चुण्णो રૂપ થાય. ।

एत्, एકારનો હ્રસ્વ થાય તેનાં ઉદાહરણો.

नरिन्दो

नरेन्द्रः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

रकारनो लोप थाय. त्यारे नरेन्दः थाय. ॥ ८ । १ । ८४ ॥ सूत्रथी ह्रस्व थाय त्यारे नरिन्दः थाय. ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सि ना स्थाने डो थाय. त्यारे नरिन्दो रूप सिद्ध थाय. ।

मिलिच्छो

म्लेच्छः शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । २ । १०६ ॥ सूत्रथी संयुक्त लकारनी पहेलां इकारनो आगम थाय छे तेथी मिलेच्छः रूप थाय. पछी ॥ ८ । १ । ८४ ॥ सूत्रथी ह्रस्व थाय. त्यारे मिलिच्छः थाय. ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सि ना स्थाने डो थाय त्यारे मिलिच्छो रूप सिद्ध थाय. ।

दिट्ठीक्क थण वट्टं !

अर्थः-कांचली उतारवा वखते जोवामां आवेल एक स्तन

दृष्टैकस्तनपृष्ठं शब्द संस्कृत छे. तेनुं प्राकृतमां ॥ ८ । २ । ३४ ॥ सूत्रथी ष्टनो ठकार थाय. त्यारे दृठ थाय. ॥ ८ । १ । १२८ ॥ सूत्रथी आदि ऋकार नो इकार थाय. त्यारे दिठ थाय. ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी ठकार बेवडो थाय. त्यारे दिठ्ठ थाय. ॥ ८ । २ । ९० ॥ सूत्रथी पूर्व ठकारनो टकार थाय त्यारे दिट्ठ थाय. ।

एक शब्द संस्कृत तेनुं प्राकृतमां ॥ ८ । २ । ९९ ॥ सूत्रथी ककार बेवडो थाय त्यारे एक्क रूप थाय. ।

स्तन शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । २ । ४५ ॥ सूत्रथी स्तनो थ थाय त्यारे थन थाय. ॥ ८ । १ । २२८ ॥ सूत्रथी नकारनो णकार थाय त्यारे थण रूप थाय. ।

पृष्ठ शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १२६ ॥ सूत्रथी ऋकारनो अकार थाय त्यारे पष्ठ थाय ॥ ८ । १ । २३१ ॥ सूत्रथी पकारनो वकार थाय त्यारे वष्ठ थाय पछी ॥ ८ । २ । ३४ ॥ सूत्रथी ष्ठनो ठकार थाय त्यारे वठ थाय ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी ठकार बेवडो थाय त्यारे वठ्ठ थाय ॥ ८ । २ । ९० ॥ सूत्रथी पूर्व ठकारनो टकार थाय त्यारे वट्ठ थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સિનો મ્કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે वट्टं રૂપ સિદ્ધ થાય. ।

હવે दिट्ठ एक थण वट्टं છે તેને ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી एકારનો હ્રસ્વ થાય ત્યારે इકાર થાય એટલે दिट्ठ इक्क થાય ॥ ૮ । ૧ । ૧૦ ॥ સૂત્રથી ठકારમાં રહેલ अકારનો લોપ થઇ તેમાં इકાર મેલવવાથી दिट्ठिक्क थण वट्टं રૂપ સિદ્ધ થાય. ।

ओत् ઓકારનો હ્રસ્વ થાય તેનાં ઉદાહરણો:—

अहरुट्ठं,

अधरोष्ठः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી धકારનો हકાર થાય ત્યારે अहरोष्ठ થાય ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી रोકારનો रुકાર થાય ત્યારે अहरुष्ठ થાય ॥ ૮ । ૨ । ૩૪ ॥ સૂત્રથી ष्ठકારનો ठકાર થાય ત્યારે अहरुठ થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ठકાર બેવડો થાય ત્યારે अहरुठ्ठ થાય ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ ठકારનો टકાર થાય ત્યારે अहरुट्ठ થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે अहरुट्ठं રૂપ સિદ્ધ થાય. ।

नीलुप्पलं,

नीलोत्पलम् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી लोનો लु થાય ત્યારે नीलुत्पलम् થાય ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી त्કારનો લોપ થાય ત્યારે नीलुपलम् થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી पકાર બેવડો થાય ત્યારે नीलुप्पलम् થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે नीलुप्पलं રૂપ સિદ્ધ થાય. ।

संयोग इति किम ? સંયોગ પર છતાં પૂર્વ સ્વર હ્રસ્વ થાય એમ કેમ કહ્યું ? ઉત્તર:—

आयासं,

સંયોગ પર ન હોય તો હ્રસ્વ ન થાય आकाश શબ્દ સંસ્કૃત છે તેનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી ककारનો લોપ થાય ત્યારે आआश થાય ॥૮।૧।૧૮૦॥ સૂત્રથી અવર્ણનો યકાર થાય ત્યારે आयाश थाय॥૮।૧। ૨૬૦॥ સૂત્રથી શકારનો સકાર થાય ત્યારે आयास થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્ કારનો અનુસ્વાર થાય ત્યારે आयासं રૂપ સિદ્ધ થાય. ।

અહીં સંયોગ ન હોવાથી હ્રસ્વ ન થયો. વળી यथादर्शनं પ્રયોગમાં જોવામાં આવે તો થાય એમ કહેલ હોવાથી નીચેના ઉદાહરણોમાં પણ હ્રસ્વ થયો નથી.

ईसरो

ईश्वर શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી व કારનો લોપ થાય. ત્યારે ईशर થાય. ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सकार થાય ત્યારે ईसर થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે ईसरो રૂપ સિદ્ધ થાય. ।

ऊसवो

उत्सव શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૧૪ ॥ સૂત્રથી આદિ उકારનો ऊકાર થાય ત્યારે ऊत्सव થાય. ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે ऊसव થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે ऊसवो રૂપ સિદ્ધ થાય. ।

## इत एद्वा ॥८।१।८५॥

संयोगे इति वर्तते । आदेरिकारस्य संयोगे परे ए कारो वा भवति ।

**અર્થઃ-સંયોગ પર છતાં આદિ इકારનો एકાર વિકલ્પે થાય છે.**

पेण्डं—पिण्डं

पिण्ड શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૮૫ ॥ સૂત્રથી इ કારનો ए કાર વિકલ્પે થાય. ત્યારે पेण्ड અને पिण्ड થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥

P. P. Ac. Gunratnasuri M.S.　Jin Gun Aaradhak Trust

સૂત્રથી સિનો મ્કાર થાય. પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય. ત્યારે पेण्डं અને पिण्डं રૂપ સિદ્ધ થાય. ।

धम्मेल्लं धम्मिल्लं

धम्मिल्ल શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં પૂર્વવત્ રૂપ થાય છે ત્યારે धम्मेल्लं અને धम्मिल्लं રૂપ સિદ્ધ થાય. ।

सेन्दूरं सिन्दूरं

सिन्दूर શબ્દ સંસ્કૃત છે તેનું પૂર્વવત્ પ્રાકૃતમાં થાય છે ત્યારે सेन्दूरं અને सिन्दूरं રૂપ સિદ્ધ થાય. ।

वेण्हू विण्हू

विष्णु શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૫ ॥ સૂત્રથી ष्ण નો ण्ह થાય ત્યારે विण्हु થાય. ॥ ૮ । ૧ । ૮૫ ॥ સૂત્રથી इકારનો વિકલ્પે एકાર થાય. પછી ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી અંત્યનો उકાર દીર્ઘ થાય ત્યારે वेण्हू અને विण्हू રૂપ સિદ્ધ થાય. ।

पेट्ठं पिट्ठं

पिष्ट શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૮૫ ॥ સૂત્રથી इકારનો સંયોગ પર છતાં વિકલ્પે एકાર થાય. ત્યારે पिष्ट અને पेष्ट થાય. ॥ ૮ । ૨ । ૩૪ ॥ સૂત્રથી ष्ट નો ठકાર થાય. ત્યારે पिठ અને पेठ થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ठકાર બેવડો થાય. ત્યારે पिठ्ठ અને पेठ्ठ થાય. ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ ठકારનો टકાર થાય. ત્યારે पिट्ठ અને पेट्ठ થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सि નો મ્કાર થાય અને ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય. ત્યારે पिट्ठं અને पेट्ठं રૂપ સિદ્ધ થાય. ।

बेल्लं बिल्लं

बिल्व શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી व કારનો લોપ થાય. ત્યારે बिल થાય. ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી लકાર બેવડો થાય. ત્યારે बिल्ल થાય. પછી ॥ ૮ । ૧ । ૮૫ ॥ સૂત્રથી इકારનો વિકલ્પે एકાર થાય ત્યારે बेल्ल અને बिल्ल થાય. । ॥૮ । ૩ । ૨૫॥ સૂત્રથી સિનો મ્કાર થાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યાર પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે वेल्लं અને विल्लं રૂપ સિદ્ધ થાય. ।

क्वचिन्न भवति चिन्ता ( ક્યાંક સંયોગ પર છતાં પણ इકારનો एકાર ન થાય જેમકે चिन्ता શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં પણ એમજ રહે છે પણ एકાર વિકલ્પે નથી થતો. )

## किंशुके वा ॥ ८ । १ । ८६ ॥

किंशुकशब्दे आदेरित एकारो वा भवति ।

અર્થ:—किंशुक શબ્દમાં આદિ इકારનો एकार વિકલ્પે થાય છે. ।

केसुअं किंसुअं,

किंशुक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં मांसादे र्वा ॥ ८।१।२९ ॥ સૂત્રમાં સિદ્ધ થએલ છે તેથી અત્રે સિદ્ધ કરેલ નથી. આવાં રૂપો વિકલ્પે થાય છે તેની સાધનિકા ત્યાંથી જોઈ લેવી. ।

## मिरायाम् ॥ ८ । १ । ८७ ॥

मिरा शब्दे इत एकारो भवति ।

અર્થ:—मिरा શબ્દમાંના इકારનો एકાર થાય. ।

मेरा,

मिरा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ८७ ॥ સૂત્રથી इકારનો एકાર થાય ત્યારે मेरा રૂપ સિદ્ધ થાય. ।

## पथि-पृथिवी-प्रतिश्रुन्मूषिक-हरिद्रा-बिभीतकेष्वत् ॥८।१।८८॥

एषु आदेरितोकारो भवति ।

અર્થ:—આ શબ્દોમાં આદિ इકારનો अકાર થાય છે. ।

पहो

पथिन् શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ११ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અંત્ય न् કારનો લોપ થયો ત્યારે पथि થયું. પછી ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી थ કારનો ह કાર થાય ત્યારે पहि થાય. ॥ ૮ । ૧ । ૮૮ ॥ સૂત્રથી इ કારનો अ કાર થાય ત્યારે पह થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सि ના સ્થાને डो થાય ત્યારે पहो રૂપ સિદ્ધ થાય. ।

पुहई पुढवी

पृथिवी શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૩૧ ॥ સૂત્રથી આદિ ऋ કારનો उ કાર થાય ત્યારે पुथिवी થાય. ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી थ કારનો ह કાર થાય ત્યારે पुहिवी થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી व કારનો લોપ થાય ત્યારે पुहिई થાય પછી ॥ ૮ । ૧ । ૮૮ ॥ સૂત્રથી हि માંના इ કારનો अ કાર થાય ત્યારે पुहई રૂપ સિદ્ધ થાય. બીજા પક્ષે ॥ ૮ । ૧ । ૧૩૧ ॥ સૂત્રથી उ કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૧૬ ॥ સૂત્રથી थ કારનો ढ કાર થાય ત્યારે पुढिवी થાય. ॥ ૮ । ૧ । ૮૮ ॥ સૂત્રથી ढि માંના इ કારનો अ કાર થાય ત્યારે पुढवी સિદ્ધ થાય છે. આવી રીતે पुहई અને पुढवी બંને રૂપો સિદ્ધ થયાં. ।

पडंसुआ

प्रतिश्रुत् શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં वक्रादावंतः ॥ ૮ । ૧ । ૨૬ ॥ સૂત્રમાં સાધેલ છે. ત્યાંથી જોઈ લેવું તેમાં पडंसुआ સિદ્ધ કરેલ છે. ।

मूसओ

मूषिक શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૮૮ ॥ સૂત્રથી इ કારનો अ કાર થાય. ત્યારે मूषक થાય. ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી ष કારનો स કાર થાય ત્યારે मूसक થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી क કારનો લોપ થાય ત્યારે मूसअ થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सि ના સ્થાને डो થાય ત્યારે मूसओ રૂપ સિદ્ધ થાય ।

हलद्दी हलद्दा

हरिद्रा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૮૮ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

इकारनो अकार थाय त्यारे हरद्रा थाय ॥ ८ । १ । २५४ ॥ सूत्रथी जोड्या विनाना रकारनो लकार थाय त्यारे हलद्रा थाय ॥ ८ । २ । ८० ॥ सूत्रथी द्र शब्दमांना रकारनो लुक् विकल्पे थाय त्यारे हलदा थाय ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी दकार बेवडो थाय त्यारे हलद्दा थाय ॥ ८ । १ । ७२ ॥ सूत्रथी स्त्री लिंगमां विकल्पे ङी थाय त्यारे हलद्दी अने हलद्दा रूप सिद्ध थाय.।

वहेडओ,

तिभीतक शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । ८८ ॥ सूत्रथी इकारनो अकार थाय त्यारे वभीतक थाय ॥ ८ ।१। १८७ ॥ सूत्रथी भकारनो हकार थाय पछी ॥ ८ । १ । १०५ ॥ सूत्रथी ईकारनो एकार थाय त्यारे वहेतक थाय ॥ ८ । १ । २०६ ॥ सूत्रथी तकारनो डकार थाय त्यारे वहेडक थाय ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी ककारनो लोप थाय त्यारे वहेडअ थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे वहेडओ रूप सिद्ध थाय.।

पन्थं किर देसित्तेति तु पथिशब्द समानार्थस्य पन्थ शब्दस्य भविष्यति। पन्थं किर देसित्ता

आ वाक्यनी अंदर पन्थं रूप थएल छे ते पथिन् शब्दनुं नथी, पण पथिन् शब्दना जेवा अर्थवाळा पन्थ शब्दनुं छे माटे केम थयुं ? ते शंका करवी नहि हरिद्रायां विकल्प इत्यन्ये हरिद्रा शब्दमां इकारनो अकार विकल्पे थाय एम बीजा आचार्यो माने छे ते मते हलीद्दी अने हलिद्दा रूपो वधारे थाय विकल्प वडे इकार कहे छे तेथी आ सूत्रथी अ. इ. बन्ने थाय साधनिका पूर्ववत् जाणवी.

## शिथिलेंगुदे वा ॥ ८।१।८९ ॥

अनयोरादेरितोऽद् वा भवति।

अर्थः—आ बंने शब्दोना आदि इकारनो अकार विकल्पे थाय.।

सढिलं सिढिलं पसढिलं पसिढिलं,

शिथिल शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । २१० ॥ सूत्रथी



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ऋकारनो सकार थाय त्यारे सिथिल थाय ॥ ८ । १ । ८१ ॥ सूत्रथी आदि इकारनो विकल्पे अकार थाय त्यारे सथिल अने सिथिल थाय ॥ ८ । १ । २१५ ॥ सूत्रथी थकारनो ढकार थाय त्यारे सढिल अने सिढिल सिद्ध थाय. ।

प्रशिथिल शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । २ । ७९ ॥ सूत्रथी रकारनो लोप थाय त्यारे पशिथिल थाय पछी सिथिलनी माफक सिद्ध थाय त्यारे पसिढिल अने पसढिल थाय छे पछी ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिनो म् थई ॥ ८ । १ । २३ ॥ सूत्रथी अनुस्वार थइने चारे रूपो सिद्ध थयां छे.।

अङ्गुअं इङ्गुअं.

इङ्गुद शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । ८९ ॥ सूत्रथी इकारनो अकार विकल्पे थाय त्यारे अङ्गुद अने इङ्गुद थाय ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी दकारनो लोप थाय त्यारे अङ्गुअ अने इङ्गुअ थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिनो म्कार थाय पछी॥ ८ । १ । २३ ॥ सूत्रथी म्कारनो अनुस्वार थाय त्यारे अङ्गुअं अने इङ्गुअं रूप सिद्ध थाय. ।

निर्मित शब्दे तु वा आत्वं न विधेयं। निर्मातनिर्मित शब्दाभ्यामेव सिद्धेः ।

निर्मित संस्कृत शब्दना इकारनो आकार करवानी जरूर नथी निर्मात संस्कृत शब्द उपरथी निम्माओ थशे अने निर्मित शब्द उपरथी निम्मिओ थशे माटे सूत्र करवानी जरूर नथी.

## तित्तिरौ रः ॥८।१।९०॥

तित्तिरि शब्दे रस्येतोऽद् भवति ।

अर्थः—तित्तिरि शब्दमां रहेल रकारना इकारनो अकार थाय. ।

तित्तिरो

तित्तिरि शब्द संस्कृत छे. तेनुं प्राकृतमां ॥ ८ । १ । ९० ॥ सूत्रथी रकारमां रहेल इकारनो अकार थाय त्यारे तित्तिर थाय पछी ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे तित्तिरो रूप सिद्ध थाय. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## इतौ तो वाक्यादौ ॥ ८ । १ । ९१ ॥

वाक्यादि भूते इतिशब्दे यस्तस्तत्संबंधिन इकारस्य अकारो भवति ।

અર્થઃ—વાક્યની આદિમાં રહેલ इति શબ્દમાં જે તકાર છે. તેમાંના ઇકારનો અકાર થાય. ।

इअ जम्पिआवसाणे

इति जल्पितावसाने વાક્ય સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ९१ ॥ સૂત્રથી ઇકારનો અકાર થાય. ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી તકારનો લોપ થાય ત્યારે इअ થાય. शेषं पूर्ववत् जम्पिआवसाणे એ પ્રમાણે સિદ્ધ કરવું. ।

इअ विअसिअ कुसुम सरो

इति विकसितकुसुमशरः વાક્ય સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં પૂર્વવત્ કરવું એટલે इअ विअसिअ कुसुम सरो સિદ્ધ થાય છે. वाक्यादाविति किम् ?

पिओत्ति

प्रिय इति શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે पिय इति થાય. ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી य કારનો લોપ થાય ત્યારે पिअ इति शेषं पूर्ववत् ॥ ८ । १ । ४२ ॥ સૂત્રમાં સિદ્ધ કરેલ છે. તેવી રીતે पुरिसोत्ति પણ સિદ્ધ કરેલ છે. ત્યાંથી જોઈ લેવું. ।

## ई जिह्वा-सिंह-त्रिंशद्विंशतौ त्या ॥ ८ । १ । ९२ ॥

जिह्वादिषु इकारस्य ति शब्देन सह ई भवति ।

અર્થઃ—जिह्वादि શબ્દોમાં ति શબ્દની સાથે ઈકાર થાય છે.

जीहा

जिह्वा શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી વકારનો લોપ થાય ત્યારે जिहा થાય. ॥ ८ । १ । ९२ ॥ સૂત્રથી ઈકાર થાય ત્યારે जीहा રૂપ સિદ્ધ થાય. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

सीहो

सिंह શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૯ ॥ સૂત્રમાં સિદ્ધ કરેલ છે. ત્યાં જોઈ લેવું. । त्रिंशत् विंशति શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી ર્કારનો લોપ થાય. ત્યારે तिंशत् થાય. शेषं पूर्ववत् એટલે ॥ ૮ । ૧ । ૨૮ ॥ સૂત્રમાં જોઈ લેવું. तीसा અને वीसा સિદ્ધ થાય છે. ।

बहुलाधिकारात् क्वचिन्नभवति । બહુલ અધિકાર હોવાથી. (સર્વે વિધિઓ વિકલ્પે હોવાથી) કયાંક દીર્ઘ ન પણ થાય. सिंह दत्तो सिंह राओ આ ઉદાહરણમાં અનુસ્વારનો લોપ તથા દીર્ઘ બંને વિધિઓ થતા નથી. ।

## र्लुकिनिरः ॥ ८ । १ । ९३ ॥

निर् उपसर्गस्य रेफलोपे सति इत ईकारो भवति ।

અર્થ:-निर् ઉપસર્ગના રેફનો લોપ થયે છતે ઈકાર થાય છે. ।

नीसरइ.

निर् सरति શબ્દ સંસ્કૃત છે. તેનું પાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૩ ॥ સૂત્રથી ર્કારનો લોપ વિકલ્પે થાય. ત્યારે અને ॥ ૮ । ૧ । ૯૩ ॥ સૂત્રથી इकारनो ઈકાર થાય. ત્યારે नीसरति થાય; ॥ ૮ ।३। ૧૩૯ ॥ સૂત્રથી इકાર થાય. ત્યારે नीसरइ રૂપ સિદ્ધ થાય. ।

नीसासो.

निर्श्वास શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૩ ॥ સૂત્રથી ર્કારનો લોપ વિકલ્પે થાય. અને वकारनो લોપ ॥ ૮ ।२। ૭૯ ॥ સૂત્રથી થાય. ત્યારે निशास થાય. પછી ર્કારનો લોપ થયે છતે ॥ ૮ । ૧ । ૯૩ ॥ સૂત્રથી દીર્ઘ થઈ नीशास થાય. ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સુત્રથી शકારનો सકાર થાય. ત્યારે नीसास થાય. ॥ ૮ । ३ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય. ત્યારે नीसासो રૂપ થાય. । र्लुकि इति किम् ?.

निण्णओ.

निर्णय શબ્દ સંસ્કૃત છે તેનું પાકૃતમાં ॥ ૮। ૨ । ૭૯ ॥ સૂત્રથી ર્કા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

रनो लोप थाय. त्यारे निणय थाय. ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी णकार બेवडो थाय त्यारे निण्णय थाय. ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी यकारनो लोप थाय. त्यारे निण्णअ थाय. ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय. त्यारे निण्णओ રૂપ સિદ્ધ થાય.

निस्सहाइं.

निर् सह शब्द संस्कृत छे. तेनुं प्राकृतमां ॥ ८ । २ । ७९ ॥ सूत्रथी र्कारनो लोप थाय. त्यारे निसह थाय. ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी सकार બेवडो थाय. त्यारे निस्सह थाय. पछी द्वितीयाना બहुवचनमां ॥ ८ । ३ । २६ ॥ सूत्रथी जस् अने शस्ने ठेकाणे इं आदेश थयो अने इं पर छतां पूर्वस्वर दीर्घ थयो એटले निस्सहाइं રૂપ સિદ્ધ થયું. ।

अङ्गाइं.

अङ्ग शब्द संस्कृत छे. तेने प्रथमा द्वितीयाना બहुवचनमां ॥ ८ । ३ । २६ ॥ सूत्रथी जस् अने शस्ने ठेकाणे इं आदेश थयो. अने आदेशनो पहेलांनो स्वर दीर्घ थयो. એटले अङ्गाइं રૂપ સિદ્ધ થયું. ।

## द्विन्योरुत् ॥ ८ । १ । ९४ ॥

द्विशब्दे नावुपसर्गे च इत उद् भवति ।

अर्थः—द्वि शब्द अने नि उपसर्गना इकारनो उकार थाय. ।

दुमत्तो,

द्विमात्र शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥८ । २ । ७९॥ सूत्रथी वकार अने रकारनो लोप थाय त्यारे दिमात थाय ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी तकार બेवडो थाय त्यारे दिमात्त थाय ॥ ८ । १ । ८४ ॥ सूत्रथी आकारनो अकार थाय त्यारे दिमत्त थाय ॥ ८ । १ । ९४ ॥ सूत्रथी इकारनो उकार थाय त्यारे दुमत्त थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे दुमत्तो રૂપ સિદ્ધ થાય. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

दुआई,

द्विजाति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી વકારનો લોપ થાય ત્યારે दिजाति થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી જકાર તકારનો લોપ થાય ત્યારે दिआइ થાય ॥ ८ । १ । ९४ ॥ સૂત્રથી इકારનો उકાર થાય ત્યારે दुआइ થાય ॥ ८ । ३ । १९ ॥ સૂત્ર । इકાર દીર્ઘ થાય ત્યારે दुआई રૂપ સિદ્ધ થાય. ।

दुविहो,

द्विविध શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥८।२। ७९॥ સૂત્રથી વકારનો લોપ થાય ત્યારે दिविध થાય ॥ ८ ।१। ९४ ॥ સૂત્રથી इકારનો उકાર થાય ત્યારે दुविध થાય પછી ॥ ८ । १ । १८७ ॥ સૂત્રથી धકારનો हકાર થાય ત્યારે दुविह થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે दुविहो રૂપ સિદ્ધ થાય.

दुरेहो,

द्विरेफ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી વકારનો લોપ થાય ત્યારે दिरेफ થાય ॥ ८ । १ । ९४ ॥ સૂત્રથી इકારનો उકાર થાય ત્યારે दुरेफ થાય ॥ ८ । १ । २३६ ॥ સૂત્રથી फકારનો हકાર થાય ત્યારે दुरेह થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે दुरेहो રૂપ સિદ્ધ થાય. ।

दुवयणं,

द्विवचन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી વકારનો લોપ થાય ત્યારે दिवचन થાય ॥ ८ । १ । ९४ ॥ સૂત્રથી इકારનો उકાર થાય ત્યારે दुवचन થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી चકારનો લોપ થાય ત્યારે दुवअन થાય ॥ ८ । १ । १८० ॥ સૂત્રથી અવર્ણનો यકાર થાય ત્યારે दुवयन થાય ॥ ८ । १ । २२८ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે दुवयण થાય ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી સિનો म્‌કાર થાય પછી ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म્‌કારનો અનુસ્વાર થાય ત્યારે दुवयणं રૂપ સિદ્ધ થાય. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

दुउणो विउणो,

द्विगुण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી વકારનો લોપ થાય અને ॥ ૮ । ૧ । ૯૪ ॥ સૂત્રથી इकारनो उकार થાય ત્યારે दुगुण થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી गकारનો લોપ થાય ત્યારે दुउण થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે दुउणो રૂપ સિદ્ધ થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી गकारનો લોપ થાય ત્યારે बिउणो રૂપ થાય.।

दुइओ विइओ

द्वितीय શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી व कारनो લોપ થાય. ત્યારે द्वितीय થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી वितीय પણ થાય. ॥ ૮ । ૧ । ૯૪ ॥ સૂત્રથી इकारनो વિકલ્પે उकार થાય. ત્યારે दुतीय અને वितीय થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तकार અને यकारનો લોપ થાય ત્યારે दुईअ અને विईअ થાય. ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી ईकारનો इकार થાય ત્યારે दुइअ અને विइअ થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે दुइओ અને विइओ રૂપ સિદ્ધ થાય.।

क्वचिन्न भवति ક્યાંક उकार એવો આદેશ ન થાય જેમકેઃ–

दिओ

द्विजः શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી व कारનો લોપ થાય ત્યારે दिजः થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી जकारનો લોપ થાય ત્યારે दिअः થાય. પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે दिओ રૂપ સિદ્ધ થાય.।

दिरओ

द्विरद શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં પૂર્વવત્ સિદ્ધ કરવું એટલે दिरओ સિદ્ધ થાય.। क्वचिद् ओत्वमपि ક્યાંક द्वि શબ્દ અને नि ઉપસર્ગના इकारને સ્થાને ओकार પણ થાય છે.।

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

दो–वयणं

જેમકેઃ–द्विवचनं શબ્દ સંસ્કૃત છે. અને પ્રાકૃતમાં કોઈ વખત ओ થાય ત્યારે दो થાય અને वयणं શબ્દ પૂર્વવત્ જાણવું.।

नि ઉપસર્ગ પૂર્વક पद् ધાતુના સ્થાને ॥ ८ । ४ । १२३ ॥ સૂત્રથી मज्ज એવો આદેશ થાય છે. ત્યારે

णुमज्जइ

निमज्जति થયું. પછી ॥ ८ । १ । ९४ ॥ સૂત્રથી निના इકારનો उકાર થાય. ત્યારે नुमज्जति થયું. ॥ ८ । १ । २२८ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે णुमज्जति થયું. ॥ ८ । ३ । १३९ ॥ સૂત્રથી तिના સ્થાને इ આદેશ થાય ત્યારે णुमज्जइ રૂપ સિદ્ધ થાય.।

णुमन्नो

निमग्न શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७७ ॥ સૂત્રથી ग् કારનો લોપ થયો. ત્યારે निमन થાય પછી ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી नકારનો દ્વિર્ભાવ થાય. ત્યારે निमन्न થાય પછી ॥ ८ । १ । ९४ ॥ સૂત્રથી नि ના इ કારનો उ કાર થયો. ત્યારે नुमन्न થયું. પછી ॥ ८ । १ । २२८ ॥ સૂત્રથી नકારનો णકાર થાય. ત્યારે णुमन्न થયું. અને ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે णुमन्नो રૂપ સિદ્ધ થયું.।

निवडइ

निपतति સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २३१ ॥ સૂત્રથી पનો व થયો ત્યારે निवतति થાય. ॥ ८ । ४ । २१९ ॥ સૂત્રથી पत् ધાતુના त् નો ड् આદેશ થયો ત્યારે निवडति થયું પછી ॥ ८ । ३ । १३९ ॥ સૂત્રથી तिને સ્થાને इ આદેશ થાય ત્યારે निवड्इ રૂપ સિદ્ધ થાય.।

## प्रवासीक्षौ ॥ ८ । १ । ९५ ॥

अनयोरादेरित उत्वं भवति ।

અર્થઃ—આ બે શબ્દોના આદિ इकारનો उકાર થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

पावासुओ

प्रवासिक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય. ॥ ૮ । ૧ । ૪૪ ॥ સૂત્રથી અકારનો આકાર થાય ત્યારે पावासिक થાય. ॥ ૮ । ૧ । ૯૫ ॥ સૂત્રથી इकारનો उकार થાય ત્યારે पावासुक થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી ककारनो લોપ થાય ત્યારે पावासुअ થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिने સ્થાને डो થાય ત્યારે पावासुओ રૂપ સિદ્ધ થાય.

उच्छू,

इक्षु શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૯૫ ॥ સૂત્રથી इकारનો उकार થાય ત્યારે उक्षु થાય. ॥ ૮ । ૨ । ૧૭ ॥ સૂત્રથી क्षकारનો छकार થાય ત્યારે उछु થાય. ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી छकार બેવડો થાય ત્યારે उछछु થાય. ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ छकारनो चकार થાય ત્યારે उच्छु થાય. ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી દીર્ઘ થાય ત્યારે उच्छू રૂપ સિદ્ધ થાય. ।

## युधिष्ठिरे वा ॥ ८ । १ । ९६ ॥

युधिष्ठिरशब्दे आदेरित उत्वं वा भवति ।

અર્થ:—युधिष्ठिर શબ્દના આદિ इकारनो उकार વિકલ્પે થાય છે. ।

जहुट्ठिलो, जहिट्ठिलो,

युधिष्ठिर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૪૫ ॥ સૂત્રથી यकारनो जकार થાય છે ત્યારે जुधिष्ठिर થાય. ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી धकारनो हकार થાય ત્યારે जुहिष्ठिर થાય. ॥ ૮ । ૧ । ૯૬ ॥ સૂત્રથી इकारनो उकार વિકલ્પે થાય ત્યારે जुहुष्ठिर અને जुहिष्ठिर થાય. ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી षकारनो લોપ થાય ત્યારે जुहुठिर અને जुहिठिर થાય. ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ठकार બેવડો થાય ત્યારે जुहुठ्ठिर અને जुहिठ्ठिर થાય. ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ ठकारनो टकार થાય ત્યારે जुहुट्ठिर અને जुहिट्ठिर થાય. ॥૮।૧। ૨૫૪॥ સૂત્રથી रकारनो लकार થાય ત્યારે जुहुट्ठिल અને जुहिट्ठिल થાય. ॥૮।૧।૧૦૭ ॥ સૂત્રથી આદિ उकारनो अकार થાય ત્યારે जहुट्ठिल અને



P. P. Ac. Gunratnasuri M.S.		Jin Gun Aaradhak Trust

जहिट्ठिल थाय. ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે जहुट्ठिलो અને जहिट्ठिलो રૂપ સિદ્ધ થાય છે. ।

## ओच्च द्विधा कृगः ॥ ८ । १ । ९७ ॥

द्विधा शब्दे कृग् धातोः प्रयोगे इत ओत्वं चकारादुत्वं च भवति ।

અર્થ:—द्विधा શબ્દ સાથે कृग् ધાતુના પ્રયોગમાં इકારનો ओકાર અને उકાર થાય છે. ।

दोहा किज्जइ, दुहा किज्जइ,

द्विधा क्रियते સંસ્કૃત વાક્ય છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી वકારનો લોપ થાય ત્યારે दिधा થાય. । ८ । १ । १८७ ॥ સૂત્રથી धકારનો हકાર થાય ત્યારે दिहा થાય. પછી ॥ ८ । १ । ९७ ॥ સૂત્રથી इકારનો ओકાર અને उકાર અનુક્રમે થાય ત્યારે दोहा અને दुहा થાય. પછી क्रियतेनुं પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી र्કારનો લોપ થાય ત્યારે कियते થાય. । इअ इज्जौ क्यस्य ॥ ८ । ३ । १६० ॥ સૂત્રથી સંસ્કૃતના આદેશથી પ્રાપ્ત થએલ क्यને સ્થાને इअ અને इज्ज એવા બે આદેશ થાય છે. તે પૈકી અહીં इज्ज આદેશ થાય ત્યારે कृइज्ज થયું પછી ॥ ८ । १ । १० ॥ સૂત્રથી ऋકારનો લોપ થઈ તેમાં इકાર મળવાથી किज्ज થયું. પછી ॥ ८ ।३। १३९ ॥ સૂત્રથી ते ने સ્થાને इ આદેશ થવાથી किज्जइ રૂપ થયું. તેને दोहा અને दुहा સાથે જોડવાથી दोहा किज्जइ અને दुहा किज्जइ પ્રયોગો સિદ્ધ થાય છે. ।

दोहाइअं दुहाइअं.

द्विधा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ઉપર મુજબ दोहा અને दुहा થયું પછી कृत સંસ્કૃત શબ્દ છે તેમાંના ऋકારનો ॥ ८ । १ । १२८ ॥ સૂત્રથી इકાર થયો ત્યારે कित થયું. પછી ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી कકાર અને तકાર બંનેનો લોપ થયો. ત્યારે इअ થયું પછી ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી પ્રથમાના એકવચનના सि પ્રત્યયને સ્થાને म् થયો ત્યારે इअम्

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થયું પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે इअं થયું તેને दोहा અને दुहाની સાથે જોડતાં दोहा इअं અને दुहा इअं પ્રયોગો સિદ્ધ થાય.। कृग् इति किम्? द्विधा શબ્દની પછી कृ ધાતુનો પ્રયોગ હોય ત્યારેજ इકારનો ओ અને उકાર થાય. એમ કહેલ છે માટે બીજા ધાતુનો પ્રયોગ હોય તો તે ફેરફાર ન થાય જેમકેઃ—

दिहागयं.

द्विधागत સંસ્કૃત શબ્દ છે. તેને પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી વકારનો લોપ થયો ત્યારે दिधागत થયું પછી ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી ધકારનો હકાર થયો ત્યારે दिहागत થાય પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી त्કારનો લોપ થયો પછી ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી यકારનું શ્રવણ થાય ત્યારે दिहागय થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिનો म् થાય. ત્યારે दिहागयम् થાય. ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય. ત્યારે दिहागयं રૂપ સિદ્ધ થાય. क्वचित्केवलस्यापि કયાંક એકલો द्विधा શબ્દ હોય તોપણ उકાર આદેશ થાય છે. જેમકે दुहाविसो सुरवहू सत्थो આમાં द्विधा શબ્દ એકલો છે તોપણ ઉપર પ્રમાણે તેનું दुहा રૂપ થએલ છે.।

## वा निर्झरे ना ॥ ८ । १ । ९८ ॥

निर्झरशब्दे नकारेण सह इत ओकार वा भवति।

અર્થઃ—निर्झर શબ્દના नકારની સાથે इકારનો ओકાર વિકલ્પે થાય (એટલે निનો ओ થાય.)

ओज्झरो निज्झरो.

निर्झर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે निझर થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી झકાર બેવડો થાય ત્યારે निझ्झर થાય ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ झકારનો जકાર થાય ત્યારે निज्झर થાય પછી ॥ ૮ । ૧ । ૯૮ ॥ સૂત્રથી વિકલ્પે नि

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

नो ओ थाय त्यारे ओज्झर અને निज्झर थाय ॥૮।૩।૨॥ સૂત્રથી સિને સ્થાને डो થાય ત્યારે ओज्झरो અને निज्झरो રૂપ થાય.।

## हरीतक्यामीतोत् ॥८।१।९९॥

हरीतकीशब्दे आदेरीकारस्य अद् भवति !

અર્થ:—हरीतकी શબ્દના આદિ ઈકારનો અકાર થાય છે.।

हरडई.

हरीतकी શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮। ૧। ૯૯ ॥ સૂત્રથી ઈકારનો અકાર થાય. ત્યારે हरतकी થાય ॥ ૮। ૧। ૨૦૬ ॥ સૂત્રથી तકારનો डકાર થાય ત્યારે हरडकी થાય ॥ ૮। ૧। ૧૭૭॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે हरडई રૂપ સિદ્ધ થાય છે.।

## आत्कश्मीरे ॥ ८ । १ । १०० ॥

कश्मीर शब्दे ईत आद् भवति ।

અર્થ:—कश्मीर શબ્દના ઈકારનો આકાર થાય.।

कम्हारा,

कश्मीर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧। ૧૦૦॥ સૂત્રથી ઈકારનો આકાર થાય ત્યારે कश्मार થાય ॥ ૮। ૨। ૭૪ ॥ સૂત્રથી श्मनो म्ह થાય ત્યારે कम्हार થાય પછી ॥ ૮। ૩। ૧૨ ॥ સૂત્રથી પ્રથમના બહુવચનમાં દીર્ઘ થાય ત્યારે कम्हारा રૂપ સિદ્ધ થાય. ।

## पानीयादिष्वित् ॥ ८।१।१०१ ॥

पानीयादिषु शब्देषु ईत इद् भवति ।

અર્થ:—पानीय ઇત્યાદિ શબ્દને વિષે ઈકારનો ઇકાર થાય છે.।

पाणिअं,

पानीय શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં॥ ૮ ।૧। ૨૨૮ ॥સૂત્રથી नકારનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

णકાર થાય ત્યારે पाणीय થાય ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી ઈકારનો इકાર થાય ત્યારે पाणिय થાય પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે पाणिअ થાય ॥ ૮ । ३ । २९ ॥ સૂત્રથી सिના સ્થાને म્કાર થાય પછી ॥૮।૧। २३॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે पाणिअं રૂપ સિદ્ધ થાય.।

अलिअं,

अलीक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી ઈકારનો इકાર થાય ત્યારે अलिक થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે अलिअ થાય ॥ ૮ । ३ । २९ ॥ સૂત્રથી सिના સ્થાને म્કાર થાય ત્યારે अलिअम् થાય પછી ॥ ૮ । ૧ । २३ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે अलिअं રૂપ સિદ્ધ થાય.।

जिअइ जिअउ,

जीव् ધાતુ સંસ્કૃત છે તેને ॥ ૮ । ४ । २३९ ॥ સૂત્રથી તેમાં अકાર ઉમેરવામાં આવ્યો ત્યારે जीव થયું પછી ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી દીર્ઘનો હ્રસ્વ થયો ત્યારે जिव થયું ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી व્કારનો લોપ થયો એટલે जिअ થયું પછી ॥ ૮ । ३ । ૧૭३ ॥ સૂત્રથી આજ્ઞાર્થ ત્રીજા પુરૂષ એકવચનમાં उ પ્રત્યય આવ્યો ત્યારે जिअउ સિદ્ધ થાય.।

ઉપર પ્રમાણે जिअ કર્યા પછી વર્તમાન કાળ ત્રીજા પુરૂષ એકવચનના ति પ્રત્યયના સ્થાને ॥ ૮ । ३ । ૧३९ ॥ સૂત્રથી इ આદેશ થવાથી जिअइ રૂપ સિદ્ધ થાય છે.।

विलिअं,

व्रीडित શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । २ । ७९ ॥ સૂત્રથી र્કારનો લોપ થાય ત્યારે वीडित થાય ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી ઈકારનો इકાર થાય ત્યારે विडित થાય ॥ ૮ । ૧ । २०२ ॥ સૂત્રથી डકારનો लકાર થાય ત્યારે विलित થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે विलिअ થાય ॥ ૮ । ३ । २९ ॥ સૂત્રથી सि પ્રત્યયને સ્થાને म् થાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે विलिअं રૂપ સિદ્ધ થાય.।

करिसो

करीष શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી ઈકારનો इकार થાય ત્યારે करिष થાય. ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી षकारनो सकार થાય છે. ત્યારે करिस થાય પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે करिसो રૂપ સિદ્ધ થાય.।

सिरिसो

सिरीष શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી ઈકારનો इकार થાય ત્યારે सिरिष થાય. ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી षकारनो सकार થાય ત્યારે सिरिस થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે सिरिसो રૂપ સિદ્ધ થાય.।

दुइअं तइअं

द्वितीय અને तृतीय શબ્દો સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી द्वितीय માંથી वकारनो લોપ થાય. અને ॥ ૮ । ૧ । ૧૨૬ ॥ સૂત્રથી तृतीय માંના ऋकारनो अकार થાય ત્યારે दितीय અને ततीय થાય ॥૮।૧। ૯૪॥ સૂત્રથી दि નો दु થાય. ત્યારે दुतीय અને ततीय થાય. ॥ ૮। ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तकारनो અને यकारनो બંનેનો લોપ થાય ત્યારે दुईअ અને तईअ થાય. ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી ઈકારનો इकार થાય ત્યારે दुइअ અને तइअ થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिनो म्कार થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म् કારનો અનુસ્વાર થાય ત્યારે दुइअं અને तइअं રૂપ સિદ્ધ થાય.।

गहिरं

गभीर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮। ૧ । ૧૮૭॥ સૂત્રથી भकारनो हकार થાય ત્યારે गहीर થાય. ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી ઈકારનો इकार થાય ત્યારે गहिर થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिनो म् कार થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म् કારનો અનુસ્વાર થાય ત્યારે गहिरं રૂપ સિદ્ધ થાય. ।

उवणिअं,

उपनीत શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી पकारनो वकार થાય ત્યારે उवनीत થાય. ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नकारनो णकार થાય ત્યારે उवणीत થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तकारनो લોપ થાય ત્યારે उवणीअ થાય. ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી ईकारनो इकार થાય ત્યારે उवणिअ થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सि પ્રત્યયને સ્થાને म्कार થાય. ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्कारनो અનુસ્વાર થાય ત્યારે उवणिअं રૂપ સિદ્ધ થાય. ।

आणिअं,

आनीत શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नकारनो णकार થાય ત્યારે आणीत થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तकारनो લોપ થાય ત્યારે आणीअ થાય. ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી ईकारनो इकार થાય ત્યારે आणिअ થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिनो म्कार થાય ત્યારે आणिअम् થાય. ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्कारनो અનુસ્વાર થાય ત્યારે आणिअं રૂપ સિદ્ધ થાય. ।

पलिविअं,

प्रदीपित શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र्कारनो લોપ થાય ત્યારે पदीपित થાય. ॥ ૮ । ૧ । ૨૨૧ ॥ સૂત્રથી द्कारनो लकार થાય ત્યારે पलीपित થાય. ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી पकारनो वकार થાય पलीवित થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तकारनो લોપ થાય ત્યારે पलीविअ થાય. ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી ईकारनो इकार થાય ત્યારે पलिविअ થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिनो म्कार થાય. પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्कारनो અનુસ્વાર થાય ત્યારે पलिविअं રૂપ સિદ્ધ થાય. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ओसिअन्तं.

अवसीदत् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૨ ॥ સૂત્રથી अवनो ओ થાય ત્યારે ओसीदत् થાય ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી ईકારનો इकार થાય ત્યારે ओसिदत् થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી दકારનો લોપ થાય ત્યારે ओसीअत् થાય ॥ ૮ । ૩ । ૧૮૧ ॥ સૂત્રથી शतृ પ્રત્યયનો "न्त" આદેશ થાય ત્યારે ओसिअन्त થાય ॥ ૮ । ૩ । ૨૯ ॥ સૂત્રથી सिनो म्કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે ओसिअन्तं રૂપ થાય.।

पसिअ.

प्रसीद શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र्કારનો લોપ થાય ત્યારે पसीद થાય ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી ईકારનો इકાર થાય ત્યારે पसिद થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી दકારનો લોપ થાય ત્યારે पसिअ રૂપ સિદ્ધ થાય.।

गहिअं.

गृहीत શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૬ ॥ સૂત્રથી ऋકારનો અકાર થાય ત્યારે गहीत થાય. ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી ईકારનો इકાર થાય ત્યારે गहित થાય. પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે गहिअ થાય ॥ ૮ । ૩ । ૨૯ ॥ સૂત્રથી સિનો म્કાર થાય અને ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म् કારનો અનુસ્વાર થાય ત્યારે गहिअं રૂપ સિદ્ધ થાય.।

वम्मिओ,

वल्मीक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે वल्मीअ થાય. ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી लકારનો લોપ થાય ત્યારે वमीअ થાય. ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી म્કાર બેવડો થાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે वम्मीअ થાય ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી ઈકારનો इકાર થાય ત્યારે वम्मिअ થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે वम्मिओ રૂપ સિદ્ધ થાય. ।

तयाणिं,

तदानीम् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી द્કારનો લોપ થાય ત્યારે तआनीम् થાય. ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अ વર્ણનો यકાર થાય ત્યારે तयानीम् થાય. પછી ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે तयाणीम् થાય. ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્રથી ઈકારનો इકાર થાય ત્યારે तयाणिम् થાય. ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે तयाणिं રૂપ સિદ્ધ થાય. इतिपानीयादयः "पानीय" વિગેરે શબ્દો ઉપર પ્રમાણે જાણવા. बहुलाधिकारादेषु क्वचिन्नित्यं, क्वचिद् विकल्पः तेन पाणीअं अलीअं जीअइ करीसो उवणीओ इत्यादि सिद्धम्। बहुलम् ॥ ૮ । ૧ । ૨ ॥ સૂત્રથી દરેક વિધીઓ વિકલ્પે થાય. એમ કહેલ હોવાથી દીર્ઘ ઈકારને સ્થાને હ્રસ્વ—इકાર વિકલ્પે કરવાથી ઉપર સિદ્ધ કર્યા પ્રમાણે ફક્ત ॥ ૮ । ૧ । ૧૦૧ ॥ સૂત્ર ન લગાડવાથી पाणीअं । अलीअं । जीअइ । करीसो । उवणीओ વિગેરે રૂપો સિદ્ધ થાય છે.

## उज्जीर्णे ॥ ८ । १ । १०२ ॥

जीर्ण शब्दे इत उद् भवति।

અર્થઃ-जीर्ण શબ્દમાં ઈકારનો उકાર થાય છે. ।

जुण्णसुरा,

जीर्णसुरा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૦૨ ॥ સૂત્રથી ઈકારનો उકાર થાય ત્યારે जुर्ण થાય. ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र્કારનો લોપ થાય ત્યારે जुण થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી णકાર બેવડો થાય. ત્યારે जुण्णसुरा રૂપ સિદ્ધ થાય. ।

क्वचिन्न भवति ક્યાંક जीर्ण શબ્દના ઈકારનો उકાર ન પણ થાય. ।



P. P. Ac. Gunratnasuri M.S.                    Jin Gun Aaradhak Trust

જેમકેઃ—

जिण्णे भोअणमत्ते.

जीर्णे भोजनमात्रे સંસ્કૃત વાકય છે. તેનું પ્રાકૃતમાં जीर्ण શબ્દનો ઈકાર તેનો ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી હ્રસ્વ થયો ત્યારે जिर्णे થયું પછી ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र्કારનો લોપ થાય ત્યારે जिणे થાય પછી ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી णકારનો બેવડો થયો ત્યારે जिण्णे રૂપ સિદ્ધ થયું.। भोजनमात्रे સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી जકારનો લોપ થાય પછી ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र्કારનો લોપ થાય ત્યારે भोअ-नमाते થયું પછી ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી तકારનો બેવડો થયો ત્યારે भोअनमात्ते થાય. ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી आકારનો હ્રસ્વ થયો ત્યારે भोअनमत्ते થયું. પછી ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થવાથી भोअणमत्ते રૂપ સિદ્ધ થાય.।

## ऊर्हीन–विहीने वा ॥ ८ । १ । १०३ ॥

अनयो रीत ऊत्वं वा भवति।

અર્થઃ–આ બંને શબ્દોના ईકારનો ऊકાર વિકલ્પે થાય.।

हूणो हीणो.

हीन શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૦૩ ॥ સૂત્રથી ईકારનો ऊકાર વિકલ્પે થાય ત્યારે हून અને हीन થાય ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે हूण અને हीण થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે हूणो અને हीणो રૂપ સિદ્ધ થાય.।

विहूणो विहीणो.

विहीन શબ્દ સંસ્કૃત છે તેનું પૂર્વવત્ જાણવું. विहीन इति किम्? प्रहीनजरमरणाः તેનું पहीण जरमरणा થાય અહીં हीनने સ્થાને हून થાય નહિં કારણ કે મૂળ સૂત્રમાં हीन શબ્દ ઉપસર્ગ રહીત હોવાથી वि ઉપસર્ગને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ થઈ શકત. છતાં પણ "हीन विहीन" એમ કહેલ હોવાથી वि ઉપસર્ગ સિવાય બીજો ઉપસર્ગ આવે તો ત્યાં ऊ આદેશ ન થાય. એવો ભાવાર્થ નીકળતો હોવાથી प्रहीन સંસ્કૃત ઉપરથી पहीण થાય. ।

## तीर्थे हे ॥ ८ । १ । १०४ ॥

तीर्थ शब्दे हे सति ईत ऊत्वं भवति ॥। तूहं ॥ हु इति किम् । तित्थं ॥

અર્થઃ–तीर्थ શબ્દમાં हકાર થએ છતે ईકારનો ऊકાર થાય. ।

तूहं

तीर्थ શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७२ ॥ સૂત્રથી સંયુક્ત "र्थ" નો ह વિકલ્પે થાય. ત્યારે तीह થાય. પછી ॥ ८ । १ । १०४ ॥ સૂત્રથી तूह રૂપ થાય પછી ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सि નો म् કાર થાય. અને ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म् કારનો અનુસ્વાર થાય. ત્યારે तूहं રૂપ સિદ્ધ થાય. । પક્ષે ॥ ८ ।२। ७९ ॥ સૂત્રથી र्‌કારનો લોપ થઈ ॥८।२। ८९॥ સૂત્રથી थકાર બેવડો થાય ત્યારે तीथ्थ થાય. ॥८।२।९०॥ સૂત્રથી પૂર્વ थકારનો तકાર થાય ત્યારે तीत्थ થાય. ॥ ८ । १ । ८४ ॥ સૂત્રથી હ્રસ્વ સંયોગે દીર્ઘનો હ્રસ્વ થાય ત્યારે तित्थ થાય. ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिना સ્થાને म् કાર થાય ત્યારે तित्थम् થાય. ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म् કારનો અનુસ્વાર થાય ત્યારે तित्थं રૂપ સિદ્ધ થાય. એવી રીતે तूहं અને तित्थं રૂપ સિદ્ધ થાય છે. ह इति किम् ? तित्थं રૂપ થાય તેમાં इકારનો ऊકાર થાયજ નહિ. । કારણકે ત્યાં સંયુક્ત વ્યંજનનો हકાર થયો નથી માટે.

## एत्पीयूषापीड-बिभीतक-कीदृशेदृशे ॥ ८ । १ । १०५ ॥

एषु ईत एत्वं भवति ।

અર્થઃ—આ શબ્દોમાં ईકારનો एકાર થાય છે. ।

पेऊसं

पीयूष શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १०५ ॥ સૂત્રથી पी

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

નો પે થાય ત્યારે पेयूष થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી યકારનો લોપ થાય ત્યારે पेऊष થાય. ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી ષકારનો સકાર થાય ત્યારે पेऊस થાય. પછી ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્ કાર થાય ને ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્ કારનો અનુસ્વાર થાય ત્યારે पेऊसं રૂપ સિદ્ધ થાય. ।

आमेलो

आपीड શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૩૪ ॥ સૂત્રથી પકારનો મકાર થાય ત્યારે आमीड થાય. ॥ ૮ । ૧ । ૧૦૫ ॥ સૂત્રથી ईકારનો एકાર થાય ત્યારે आमेड થાય. ૮ । ૧ । ૨૦૨ ॥ સૂત્રથી डકારનો लકાર થાય ત્યારે आमेल થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય. ત્યારે आमेलो રૂપ સિદ્ધ થાય. ।

बहेडओ

बिभीतक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં बहेडओ રૂપ થાય છે તેની સાધનિકા ॥ ૮ । ૧ । ૮૮ ॥ સૂત્રમાં જોઈ લેવી તેમાં સિદ્ધ કરેલ છે. ।

केरिसो–एरिसो

कीदृश–इदृश શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૦૫ ॥ સૂત્રથી ईકારનો एકાર થાય ત્યારે केदृश અને एदृश થાય. ૮ । ૧ । ૧૪૨ ॥ સૂત્રથી दृश ધાતુના ऋકારને સ્થાને रिકાર થાય ત્યારે केरिश અને एरिश થાય પછી ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે केरिस અને एरिस થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सि ના સ્થાને डो થાય. ત્યારે केरिसो અને एरिसो સિદ્ધ થાય. ।

## नीड पीठे वा ॥ ८।१।१०६ ॥

अनयोरीत एत्वं वा भवति ।

અર્થઃ—આ બંને શબ્દોના ईકારનો एકાર વિકલ્પે થાય છે. ।

नेडं–नीडं

नीड શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૦૬ ॥ સૂત્રથી ईકારનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

एकार વિકલ્પે થાય ત્યારે नेड અને नीड થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सि નો म् કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે नेडं અને नीडं રૂપ સિદ્ધ થાય. ।

पेढं पीढं.

पीठ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૦૬ ॥ સૂત્રથી इ કાર વિકલ્પે થાય ત્યારે पेठ અને पीठ થાય ॥ ૮ । ૧ । ૧૯૯॥ સૂત્રથી ठકારનો ढકાર થાય ત્યારે पेढ અને पीढ થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिનો मકાર થાય અને ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે पेढं અને पीढं રૂપ સિદ્ધ થાય. ।

## उतोमुकुलादिष्वत् ॥ ८ । १ । १०७ ॥

मुकुल इत्येवमादिषु शब्देषु आदेरुतोऽत्वं भवति ।

અર્થઃ—मुकुल વિગેરે શબ્દોના આદિ उકારનો अકાર થાય છે ।

मउलं मउलो.

मुकुल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૦૭ ॥ સૂત્રથી उકારનો अકાર થાય ત્યારે मकुल થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે मउल થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिના સ્થાને म् થાય. પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે मउलं સિદ્ધ થાય. અથવા લિંગના ભેદથી પુલિંગ ગણીએ ત્યારે ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે मउलो રૂપ સિદ્ધ થાય છે. ।

मउरं,

मुकुर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ઉપરના સૂત્રો લગાડી સિદ્ધ કરવું. मउरं થાય છે.

मउडं,

मुकुट શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૦૭ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

उकारने। अकार थाय त्यारे मकुट थाय. ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी ककारने। लोप थाय त्यारे मउट थाय. पछी ॥८ ।१। १९५॥ सूत्रथी टकारने। डकार थाय त्यारे मउड थाय. ॥८ । ३ । २५॥ सूत्रथी सिने। म्‌कार थाय. ॥ ८।१। २३ ॥ सूत्रथी म्‌कारने। अनुस्वार थाय त्यारे मउडं रूप सिद्ध थाय छे.।

अगरुं,

अगुरु शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १०७ ॥ सूत्रथी उकारने। अकार थाय त्यारे अगरु थाय. ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिने। म्‌कार थाय. पछी ॥ ८ । १ । २३ ॥ सूत्रथी मकारने। अनुस्वार थाय त्यारे अगरुं रूप सिद्ध थाय.।

गरुई

गुर्वी शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १०७ ॥ सूत्रथी उकारने। अकार थाय त्यारे गर्वी थाय. ॥ ८ । २ । ११३ ॥ सूत्रथी गरुवी थाय. ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी वकारने। लोप थाय त्यारे गरुई रूप सिद्ध थाय.।

जहुट्ठिलो, जुहुट्ठिलो,

युधिष्ठिर शब्द संस्कृत छे तेनुं प्राकृतमां रूप ॥ ८ । १ । ९६ ॥ सूत्रमां जोई लेवुं. तेमां सिद्धी पण करेल छे.।

सोअमल्लं,

सौकुमार्य शब्द संस्कृत छे. तेनुं प्राकृतमां ॥ ८ । १ । १०७ ॥ सूत्रथी उकारने। अकार थाय त्यारे सौकमार्य थाय. ॥ ८ । १ । १५९ ॥ सूत्रथी औकारने। ओकार थाय. पछी ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी ककारने। लोप थाय त्यारे सोअमार्य थाय. ॥ ८ । १ । ८४ ॥ सूत्रथी ह्रस्व संयोगे मा ने। म थाय त्यारे सोअमर्य थाय. पछी ॥ ८ । २ । ६८ ॥ सूत्रथी र्य ए संयुक्त व्यंजनने। बेवडो ल्लकार थाय त्यारे सोअमल्ल थाय. ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिने। म्‌कार थाय पछी ॥ ८ । १ । २३ ॥ सूत्रथी म्‌कारने। अनुस्वार थाय त्यारे सोअमल्लं रूप सिद्ध थाय. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

गलोई,

गडूची શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૪ ॥ સૂત્રથી ઉકારનો ओकार થાય ત્યારે गडोची થાય. ॥ ૮ । ૧ । ૨૦૨ ॥ સૂત્રથી डकारनो लकार થાય ત્યારે गलोची થાય પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી चकारनो લોપ થાય ત્યારે गलोई રૂપ સિદ્ધ થાય. ।

इति मुकुलादयः આ રીતે "मुकुल" વિગેરે શબ્દો જાણવા. क्वचिदाकारोऽपि ક્યાંક પ્રયોગમાં ઉકારનો આકાર પણ થાય છે. જેમકેઃ—

विद्दाओ,

विद्रुत શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી र्કારનો લોપ થાય ત્યારે विदुत થાય. ॥ ૮ । ૧ । ૧૦૭ ॥ સૂત્રથી ઉકારનો આકાર થાય. પછી ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી दकार બેવડો થાય ત્યારે विद्दात થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तकारनो લોપ થાય ત્યારે विद्दाअ થાય. ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે विद्दाओ રૂપ સિદ્ધ થાય. ।

## वोपरौ ॥ ८ । १ । १०८ ॥

उपरावुतोऽद् वा भवति ।

અર્થઃ—उपरि શબ્દના ઉકારનો વિકલ્પે अकार થાય. ।

अवरिं—उवरिं

उपरि શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૦૮ ॥ સૂત્રથી उपरि ના ઉકારનો વિકલ્પે अकार થાય. ત્યારે अपरि અને उपरि થાય. ॥૮ ।૧। ૨૩૧॥ સૂત્રથી पकारनो वकार થાય ત્યારે अवरि અને उवरि થાય. ॥ ૮ । ३ । २५ ॥ સૂત્રથી सिनो म् થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्कारनो અનુસ્વાર થાય ત્યારે अवरिं અને उवरिं રૂપ સિદ્ધ થાય છે. ।

## गुरौ के वा ॥ ८ । १ । १०९ ॥

गुरौ स्वार्थे के सति आदेरुतोऽद् वा भवति ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અર્થ:-गुरु શબ્દને સ્વાર્થ क પ્રત્યય આવતાં તેના આદિ उકારનો अકાર વિકલ્પે થાય.।

गरुओ-गुरुओ,

गुरुक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૦૯ ॥ સૂત્રથી उકારનો अકાર વિકલ્પે થાય. ત્યારે गरुक અને गुरुक થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે गरुअ અને गुरुअ થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે गरुओ અને गुरुओ રૂપ સિદ્ધ થાય. क इति किम ? क પ્રત્યય ન હોય તો શું થાય ? તો ॥૮। ३ । ૧૯ ॥ સૂત્રથી उકાર દીર્ઘ થાય ત્યારે गुरू રૂપ સિદ્ધ થાય. આ ઠેકાણે उકારનો अકાર થાય નહિ ।

## इ र्भ्रुकुटौ ॥ ८ । १ । ११० ॥

भ्रुकुटावादेरुत इ र्भवति ।

અર્થ:-भ्रुकुटि શબ્દમાં આદિ उકારનો इકાર થાય છે.

भिउडी.

भ्रुकुटि શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સુત્રથી र्કારનો લોપ થાય ત્યારે भुकुटि થાય ॥ ૮ । ૧ । ૧૧૦ ॥ સૂત્રથી આદિ उકારનો इકાર થાય ત્યારે भिकुटि થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે भिउटि થાય પછી ॥ ૮ । ૧ । ૧૯૫ ॥ સૂત્રથી टકારનો डકાર થાય ત્યારે भिउडि થાય. ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી દીર્ઘ થાય. ત્યારે भिउडी રૂપ સિદ્ધ થાય.।

## पुरुषे रोः ॥ ८ । १ । १११ ॥

पुरुष शब्दे रोरुत इ र्भवति ।

અર્થ:—पुरुष શબ્દમાં रुકારમાંના उકારનો इકાર થાય છે.

पुरिसो

पुरुष શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૧૧ ॥ સૂત્રથી रुકારનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

रिકાર થાય ત્યારે पुरिष થાય ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી षકારનો सકાર થાય ત્યારે पुरिस થાય પછી ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે पुरिसो રૂપ સિદ્ધ થાય. ।

पउरिसं,

पौरष શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १६२ ॥ સૂત્રથી औકારનો अउ આદેશ થાય ત્યારે पउरष થાય ॥ ८ । १ । १११ ॥ સૂત્રથી रुકારનો रिકાર થાય ત્યારે पउरिष થાય ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી षકારનો सકાર થાય ત્યારે पउरिस થાય પછી ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिના સ્થાને म્ કાર થાય ત્યારે पउरिसम् થાય ॥ ८ ।१। २३ ॥ સૂત્રથી म् કારનો અનુસ્વાર થાય ત્યારે पउरिसं રૂપ સિદ્ધ થાય. ।

## ई: क्षुते ॥ ८ ।१। ११२ ॥

क्षुत शब्दे आदेरुत ईत्वं भवति ।

અર્થ:—क्षुत શબ્દમાં આદિ उકારનો ईકાર થાય છે. ।

छीअं,

क्षुत શબ્દ સંસ્કૃત છે તેનું પાકૃતમાં ॥ ८ । १ । ११२ ॥ સૂત્રથી उકારનો ईકાર થાય ત્યારે क्षीत થાય ॥ ८ । २ । १७ ॥ સૂત્રથી क्षનો छકાર થાય ત્યારે छीत થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી त्કારનો લોપ થાય ત્યારે छीअ થાય. ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिનો म्કાર થાય ત્યારે छीअम् થાય. ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म् કારનો અનુસ્વાર થાય ત્યારે छीअं રૂપ સિદ્ધ થાય.।

## ऊत् सुभग मुसले वा ॥ ८ ।१।११३ ॥

अनयोरादेरुत् ऊद् वा भवति ।

અર્થ:—આ બંને શબ્દના આદિ उકારનો ऊકાર વિકલ્પે થાય છે.।

सूहवो सुहओ,

सुभग શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ११३ ॥ સૂત્રથી



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

उकारनो ऊकार विकल्पे थाय त्यारे सूभग अने सुभग रूप थाय पछी ॥ ८। १। १९२ ॥ सूत्रथी गकारनो वकार थाय त्यारे सूभव अने सुभग थाय ॥ ८। १। १८७ ॥ सूत्रथी भकारनो हकार थाय त्यारे सूहव अने सुहग थाय ॥ ८। १। १७७ ॥ सूत्रथी विकल्पे भकारनो लोप थाय त्यारे सूहव अने सुहअ थाय ॥ ८। ३। २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे सूहवो अने सुहओ रूप सिद्ध थाय छे।

मूसलं मुसलं

मुसल शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८। १। ११३ ॥ सूत्रथी उकारनो ऊकार विकल्पे थाय त्यारे मूसल अने मुसल थाय. ॥८। ३। २५ ॥ सूत्रथी सिनो म्‌कार थाय पछी ॥ ८। १। २३ ॥ सूत्रथी म्‌कारनो अनुस्वार थाय त्यारे मूसलं मुसलं रूप सिद्ध थाय छे।

## अनुत्साहोत्सन्ने त्सच्छे ॥ ८। १। ११४ ॥

उत्साहोत्सन्नवर्जिते शब्दे यौ त्सच्छौ तयोः परयोरादेरुत ऊद् भवति।

अर्थः—उत्साह अने उत्सन्न शब्द विना बीजा शब्दोमां ज्यां त्स अने च्छ आवे ते पर छतां तेना आदि उकारनो ऊकार थाय।

ऊसुओ ऊसवो

उत्सुक अने उत्सव शब्दो संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८। १। ११४ ॥ सूत्रथी आदि उकारनो ऊकार थाय त्यारे ऊत्सुक अने ऊत्सव थाय. ।८।२।७७। सूत्रथी तकारनो लोप थाय अने ॥ ८। १। १७७ ॥ सूत्रथी ककारनो लोप थाय त्यारे ऊसुअ अने ऊसव थाय पछी ॥ ८। ३। २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे ऊसुओ अने ऊसवो रूप सिद्ध थाय।

ऊसित्तो

उत्सिक्त शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८। १। ११४ ॥ सूत्रथी उकारनो ऊकार थाय त्यारे ऊत्सिक्त थाय. ॥ ८। २। ७७ ॥ सूत्रथी तकार

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને कકારનો લુક્ થાય ત્યારે ऊसित થાય. ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી तકાર બેવડો થાય ત્યારે ऊसित्त થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે ऊसित्तो રૂપ સિદ્ધ થાય।

ऊसरइ

उत्सरति સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ ૧ । ૧૧૪ ॥ સૂત્રથી उકારનો ऊકાર થાય ત્યારે ऊत्सरति થાય. ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી त्કારનો લોપ થાય ત્યારે ऊसरति થાય. ॥ ૮ । ૩ । ૧૩૯ ॥ સૂત્રથી त्यादिના तिનો इકાર થાય ત્યારે ऊसरइ સિદ્ધ થાય।

ऊसुओ

उद्गताः शुकाः यस्माद् सः उच्छुकः તેનું પ્રાકૃતમાં ऊसुओ થાય તે ઉપર પ્રમાણે સાધનિકાથી સિદ્ધ કરવું તેમાં ફકત એક ॥ ૮।૧। ૨૬૦॥ સૂત્રથી शકારનો सકાર કરવો એટલું વિશેષ છે।

ऊससइ

સંસ્કૃત उत् श्वस् છે એટલે उत् ઉપસર્ગ પૂર્વક श्वस् ધાતુ છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી त्કારનો લોપ થાય ત્યારે उश्वस् થયું પછી ॥ ૮ । ૪ । ૨૩૯ ॥ સૂત્રથી અંત્ય વ્યંજનમાં अકાર ઉમેરાયો ત્યારે उश्वस થાય. ॥ ૮ । ૨ । ૭૦ ॥ સૂત્રથી वકારનો લોપ થાય ત્યારે उशस થયું પછી ॥ ૮ । ૧ । ૧૧૪॥ સૂત્રથી उકારનો ऊકાર થાય ત્યારે ऊशस થયું. ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે ऊसस થાય ॥૮।૩।૧૩૯॥ સૂત્રથી ત્યાદિના तिનો इકાર થાય ત્યારે ऊससइ રૂપ સિદ્ધ થાય। अनुत्साहोत्सन्न इति किम् उत्साह અને उत्सन्न એ બે સિવાય કહેલ છે માટે તે બે શબ્દોમાં દીર્ઘ ન થાય જેમકેઃ—

उच्छाहो,

उत्साह શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૨૧ ॥ સૂત્રથી त्सનો छકાર થાય ત્યારે उछाह થાય. ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી छકારનો બેવડો

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

થાય પછી ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ છકારનો ચ્કાર થાય ત્યારે उच्छाह થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે उच्छाहो રૂપ સિદ્ધ થાય.।

उच्छन्नो.

उत्सन्न શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ઉપર પ્રમાણે उच्छन्नो રૂપ થાય.।

## र्लुकि दुरो वा ॥ ८ । १ । ११५ ॥

दुर् उपसर्गस्य रेफस्य लोपे सति उत ऊत्वं वा भवति।

અર્થ:—दुर् ઉપસર્ગના રેફનો લોપ થયે છતે उકારનો ऊકાર વિકલ્પે થાય છે.।

दूसहो दुसहो.

दुःसह શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૩ ॥ સૂત્રથી ર્કારનો લોપ થાય ત્યારે दुसह થાય. ॥ ૮ । ૧ । ૧૧૫ ॥ સૂત્રથી उકારનો વિકલ્પે ऊકાર થાય. ત્યારે दूसह અને दुसह થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય. ત્યારે दूसहो અને दुसहो રૂપ સિદ્ધ થાય છે.।

दूहवो दुहओ.

दुर्भग શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૩ ॥ સૂત્રથી ર્કારનો લોપ થાય. ત્યારે दुभग થાય ॥ ૮ । ૧ । ૧૧૫ ॥ સૂત્રથી उકારનો ऊકાર વિકલ્પે થાય ત્યારે दूभग અને दुभग થાય ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી भકારનો हકાર થાય ત્યારે दूहग અને दुहग થાય. ॥ ૮ । ૧ । ૧૯૨ ॥ સૂત્રથી गકારનો દીર્ઘ ऊકારવાલા રૂપમાં वકાર થાય ત્યારે दूहव થાય અને दुहग થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી गકારનો લોપ થાય ત્યારે दुहअ થાય પછી બંને રૂપોમાં ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે दूहवो અને दुहओ રૂપ સિદ્ધ થાય છે.।

र्लुकि इति किम्? સૂત્રમાં ર્નો લોપ થયો હોય તો उકાર દીર્ઘ થાય એમ કહેલ છે માટે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

दुस्सहो.

दुःसह संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १३ ॥ सूत्रमां दुस्सहो सिद्ध करेल छे त्यां जोई लेवुं त्यां उदाहरण छे दुस्सहो विरहो दुःखे सहन थाय एवो विरह.

## ओत्संयोगे ॥ ८ । १ । ११६ ॥

संयोगे परे आदेरुत ओत्वं भवति।

अर्थः—संयोग पर छतां आदि उकारनो ओकार थाय छे.।

तोण्डं.

तुण्ड शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । ११६ ॥ सूत्रथी उकारनो ओकार थाय. त्यारे तोण्ड थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिनो म्‌कार थाय पछी ॥ ८ । १ । २३ ॥ सूत्रथी म्‌कारनो अनुस्वार थाय त्यारे तोण्डं रूप सिद्ध थाय.।

मोण्डं,

मुण्ड शब्द संस्कृत छे तेनुं पूर्ववत् समजवुं एटले मोण्डं रूप थाय. ।

पोक्खरं,

पुष्कर शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । २ । ४ ॥ सूत्रथी ष्कनो ख थाय त्यारे पुखर थाय ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी खकार बेवडो थाय त्यारे पुख्खर थाय पछी ॥ ८ । २ । ९० ॥ सूत्रथी पूर्व खकारनो ककार थाय त्यारे पुक्खर थाय ॥ ८ । १ । ११६ ॥ सूत्रथी उकारनो ओकार थाय त्यारे पोक्खर थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिनो म्‌कार थाय पछी ॥८ ।१। २३॥ सूत्रथी म्‌कारनो अनुस्वार थाय त्यारे पोक्खरं रूप सिद्ध थाय.।

कोट्टिमं,

कुट्टिम शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । ११६ ॥ सूत्रथी उकारनो ओकार थाय त्यारे कोट्टिम थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिनो

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

म् કાર થાય પછી ॥૮।૧।૨૩॥ સૂત્રથી म् કારનો અનુસ્વાર થાય ત્યારે कोट्टिमं સિદ્ધ થાય.।

पोत्थओ,

पुस्तक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૧૬॥ સૂત્રથી उકારનો ओકાર થાય ત્યારે पोस्तक થાય ॥૮।૨।૪૫॥ સૂત્રથી स्त નો थકાર થાય ત્યારે पोथक થાય ॥૮।૨।૮૯॥ સૂત્રથી थકાર બેવડો થાય ત્યારે पोथ्थक થાય ॥૮।૨।૯૦॥ સૂત્રથી પૂર્વ થકારનો तકાર થાય ત્યારે पोत्थक થાય ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે पोत्थअ થાય ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે पोत्थओ રૂપ થાય.।

लोद्धओ,

लुब्धक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૧૬॥ સૂત્રથી उકારનો ओકાર થાય ત્યારે लोब्धक થાય ॥૮।૨।૭૯॥ સૂત્રથી बકારનો લોપ થાય ત્યારે लोधक થાય ॥૮।૨।૮૯॥ સૂત્રથી धકાર બેવડો થાય પછી ॥૮।૨।૯૦॥ સૂત્રથી પૂર્વ ध્કારનો द્કાર થાય ત્યારે लोद्धक થાય ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે लोद्धअ થાય ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે लोद्धओ રૂપ સિદ્ધ થાય.।

मोत्था,

मुस्ता શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૧૬॥ સૂત્રથી उકારનો ओકાર થાય ત્યારે मोस्ता થાય ॥૮।૨।૪૫॥ સૂત્રથી स्त નો थકાર થાય ત્યારે मोथा થાય ॥૮।૨।૮૯॥ સૂત્રથી थકાર બેવડો થાય ત્યારે मोथ्था થાય ॥૮।૨।૯૦॥ સૂત્રથીપૂર્વ थકારનો तકાર થાય ત્યારે मोत्था રૂપ સિદ્ધ થાય.।

मोग्गरो.

मुग्दर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૨।૭૭॥ સૂત્રથી द्કારનો લોપ થાય ત્યારે मुगर થાય ॥૮।૨।૮૯॥ સૂત્રથી गકાર બેવડો થાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે મુગ્ગર થાય ॥ ૮ । ૧ । ૧૧૬ ॥ સૂત્રથી ઉકારનો ઓકાર થાય ત્યારે મોગ્ગર થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે મોગ્ગરો રૂપ સિદ્ધ થાય.।

पोग्गलं.

पुद्गल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં पोग्गलं થાય તેની સાધનિક પૂર્વવત્ જાણવી.।

कोण्ढो.

कुष्ट શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૧૬ ॥ સૂત્રથી ઉકારનો ઓકાર થાય ત્યારે कोष्ट થાય ॥ ૮ । ૨ । ૩૪॥ સૂત્રથી ष्टનો ઠકાર થાય ત્યારે कोठ થાય ॥ ૮ । ૧ । ૧૯૯ ॥ સૂત્રથી ઠકારનો ઢકાર થાય ત્યારે कोढ થાય પછી ॥ ૮ । ૧ । ૨૬ ॥ સૂત્રથી અનુસ્વારનો આગમ થાય ત્યારે कोंढ થાય. પછી લૈકિક વ્યાકરણના "तौ मुमो व्यंञ्जनेस्वौ" એ સૂત્રથી અનુસ્વારનો ण્કાર થાય ત્યારે कोण्ढ થાય પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે कोण्ढो રૂપ સિદ્ધ થાય.।

कोन्तो.

कुंत શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૧૬ ॥ સૂત્રથી ઉકારનો ઓકાર થાય. ત્યારે कोन्त થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે कोन्तो રૂપ સિદ્ધ થાય.।

वोक्कन्तं,

व्युत्क्रांत શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી યકારનો લોપ થાય ત્યારે वुत्क्रांत થાય ॥૮।૧।૧૧૬ ॥ સૂત્રથી ઉકારનો ઓકાર થાય ત્યારે वोत्क्रांत થાય પછી ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે वोत्कांत થાય ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી त्કારનો લોપ થાય ત્યારે वोकान्त થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ककार બેવડો થાય ત્યારે वोक्कान्त થાય ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી क्काના આકારનો સંયુક્ત વ્યંજન પર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છતાં હ્રસ્વ થાય ત્યારે वोक्कन्त થાય ॥ ૮ । ૩ । ૨૯ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે वोक्कन्तं રૂપ સિદ્ધ થાય. ।

## कुतूहले वा ह्रस्वश्च ॥ ८ । १ । ११७ ॥

कुतूहल शब्दे उत ओद् वा भवति तत्संनियोगे ह्रस्वश्च वा ।

અર્થ:—कुतूहल શબ્દના ઉકારનો ઓકાર વિકલ્પે થાય અને તેના યોગમાં વિકલ્પે હ્રસ્વ થાય. ।

कोऊहलं, कुऊहलं, कोउहल्लं,

कुतूहल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૧૭ ॥ સૂત્રથી ઉકારનો ઓકાર વિકલ્પે હ્રસ્વ થાય ત્યારે कोतूहल અને જે પક્ષમાં ઓકાર થયો તે પક્ષમાં ॥ ૮ । ૧ । ૧૧૭ ॥ સૂત્રથી વિકલ્પે વ થાય ત્યારે कोतुहल થાય અને ઓકાર ન થાય એ પક્ષમાં कुतूहल થાય ॥ ૮ ।૧। ૧૭૭ ॥ સૂત્રથા તકારનો લોપ થાય ત્યારે कोऊहल कोउहल અને कुऊहल થાય પછી कोउहल પ્રયોગમાં ॥ ૮ । ૨ । ૯૯ ॥ સૂત્રથી લકાર બેવડો થાય ત્યારે कोउहल्ल થાય ॥ ૮ । ૩ । ૨૯ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે પ્રથમ પક્ષે कोउहलं બીજે પક્ષે कुऊहलं અને ત્રીજે પક્ષે कोउहल्लं સિદ્ધ થાય. ।

## अदूतः सूक्ष्मे वा ॥ ८ । १ । ११८ ॥

सुक्ष्म शब्दे ऊतोद् वा भवति ।

અર્થ:—सूक्ष्म શબ્દમાં ઉકારનો વિકલ્પે અકાર થાય છે.।

सण्हं सुण्हं आर्षे सुहुमं.

सूक्ष्म શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૧૮ ॥ સૂત્રથી વિકલ્પે ઊકારનો અકાર થાય ત્યારે सक्ष्म અને सूक्ष्म થાય ॥૮ । ૨ । ૭૯॥ સૂત્રથી क्ष्मનો ण्ह થાય ત્યારે सण्ह અને सूण्ह થાય. ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દીર્ઘનો હ્રસ્વ થાય ત્યારે सण्ह અને सुण्ह થાય. ત્રીજે પક્ષે આર્ષમાં ॥ ૮ । ૨ । ૧૧૩ ॥ સૂત્રથી મકારની પહેલાં ઉકારનો આગમ થાય ત્યારે सुक्षुम થાય. ॥ ૮ । ૨ । ૩ ॥ સૂત્રથી क्षકારનો खકાર થાય ત્યારે सुखुम થાય. ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી खકારનો हકાર થાય ત્યારે सुहुम થાય. ।૮।૩।૨૫। સૂત્રથી સિનો મ્કાર થાય પછી ॥૮।૧। ૨૩॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે सण्हं सुण्हं सुहुमं રૂપો સિદ્ધ થાય છે.

## दुकूले वा लश्च द्विः ॥ ८ । १ । ११९ ॥

दुकूल शब्दे ऊकारस्य अत्वं वा भवति तत्संनियोगे च लकारो द्विर्भवति ।

અર્થ:—दुकूल શબ્દના ઉકારનો અકાર વિકલ્પે થાય છે અને તેના યોગે લકાર બેવડો થાય ।

दुअल्लं दुऊलं आर्षे दुगुलं,

दुकूल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૧૯ ॥ સૂત્રથી दुकल्ल અને दुकूल થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે दुअल्ल અને दुऊल થાય. આર્ષ પ્રયોગમાં ऊકારનો હ્રસ્વ ઉકાર થાય ત્યારે दुकुल થાય ॥ ૮ । ૪ । ૩૯૬ ॥ સૂત્રથી कકારનો गકાર થાય ત્યારે दुगुल થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે [1]दुअल्लं [2]दुऊलं [3]दुगुलं એ રૂપો સિદ્ધ થાય છે. ।

## ईर्वोद्व्यूढे ॥ ८ । १ । १२० ॥

उद्व्यूढ शब्दे ऊत ईत्वं वा भवति ।

અર્થ:—उद्व्यूढ શબ્દના ऊકારનો ईકાર વિકલ્પે થાય. ।

उव्वीढं उव्वूढं,

उद्व्यूढ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨। ૭૮ ॥ સૂત્રથી



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યકારનો લોપ થયો ત્યારે उद्रूढ થાય ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી द्‌કારનો લોપ થાય ત્યારે उव्रूढ થાય પછી ॥ ૮ । ૨ । ૮૯॥ સૂત્રથી वકાર બેવડો થાય ત્યારે उव्व्रूढ થાય ॥ ૮ । ૧ । ૧૨૦ ॥ સૂત્રથી ऊકારનો ઈકાર વિકલ્પે થાય ત્યારે उव्वीढ અને उव्वूढ થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્‌કાર થાય અને ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્‌કારનો અનુસ્વાર થાય ત્યારે उव्वीढं અને उव्वूढं રૂપ સિદ્ધ થાય. ।

## उर्भ्रू हनूमत् कण्डूय वातूले ॥ ८ । १ । १२१ ॥

एषु ऊत उत्वं भवति । અર્થ:—આ શબ્દોમાં ऊકારનો उકાર થાય છે.।

भुमया,

भ्रू શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૧૬૭ ॥ સૂત્રથી भ्रू શબ્દ થકી સ્વાર્થમાં मया પ્રત્યય થાય ત્યારે भ्रूमया થાય ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી ર્‌કારનો લોપ થાય. ત્યારે भूमया થાય ॥ ૮ । ૧ । ૧૨૧ ॥ સૂત્રથી ऊકારનો उકાર થાય ત્યારે भुमया રૂપ સિદ્ધ થાય.।

हणुमन्तो,

हनूमत् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે हणूमत् થાય ॥ ૮ । ૨ । ૧૫૯ ॥ સૂત્રથી मत् પ્રત્યયને સ્થાને मन्त થાય ત્યારે हणूमन्त થાય. ॥ ૮ । ૧ । ૧૨૧ ॥ સૂત્રથી ऊકારનો उકાર થાય ત્યારે हणुमन्त થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય. ત્યારે हणुमन्तो રૂપ થાય.।

कण्डुअइ,

कण्डूयति રૂપ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૧ ॥ સૂત્રથી ऊકારનો उકાર થાય. ત્યારે कण्डुयति થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી યકારનો લોપ થાય. ત્યારે कण्डुअति થાય ॥ ૮ । ૩ । ૧૩૯ ॥ સૂત્રથી तिનો इકાર થાય ત્યારે कण्डुअइ રૂપ સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

वाउलो,

वातूल શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૧ ॥ સૂત્રથી ऊકારનો उકાર થાય. ત્યારે वातुल થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય. ત્યારે वाउल થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે वाउलो રૂપ સિદ્ધ થાય.।

## मधूके वा ॥ ८ । १ । १२२ ॥

मधूक शब्दे ऊत उद् वा भवति। અર્થઃ—मधूक શબ્દમાં ऊકારનો उકાર વિકલ્પે થાય.।

महुअं महूअं,

मधूक શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૨ ॥ સૂત્રથી ऊકારનો उકાર વિકલ્પે થાય. ત્યારે मधुक અને मधूक થાય ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી धકારનો हકાર થાય ત્યારે महुक અને महूक થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે महुअ અને महूअ થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिના સ્થાને म्કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે महुअं અને महूअं રૂપ સિદ્ધ થાય.।

## इदेतौ नूपुरे वा ॥ ८ । १ । १२३ ॥

नूपुरशब्दे ऊत इत् एत् इत्येतौ वा भवतः।

અર્થઃ—नूपुर શબ્દમાં ऊકારનો इકાર અને एકાર એવા બે આદેશો વિકલ્પે થાય છે.।

निउरं नेउरं नूउरं,

नूपुर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૩ ॥ સૂત્રથી ऊકારનો इકાર અને एકાર થાય. ત્યારે निपुर અને नेपुर પક્ષે नूपुर થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી पકારનો લોપ થાય निउर नेउर પક્ષે नूउर થાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી સિનો મ્ થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે निउरं नेउरं પક્ષે नूउरं રૂપો સિદ્ધ થાય.।

## ओत्कूष्माण्डी तूणीर कूपर स्थूल ताम्बूल गडूची मूल्ये ।८।१।१२४।

एषु ऊत ओद् भवति।

અર્થ:—આ શબ્દોમાં ऊકારનો ओકાર થાય છે.।

कोहण्डी कोहली,

कूष्माण्डी શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૪ ॥ સૂત્રથી ऊકારનો ओકાર થાય ત્યારે कोष्माण्डी થાય ॥ ૮ । ૨ । ૭૩ ॥ સૂત્રથી कुष्माण्डीના ष्मનો हકાર થાય અને ण्डનો लકાર વિકલ્પે થાય ત્યારે कोहण्डी અને कोहली રૂપ સિદ્ધ થાય.।

तोणीरं,

तूणीर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૪ ॥ સૂત્રથી ऊકારનો ओકાર થાય ત્યારે तोणीर થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર ત્યારે तोणीरम् થાય પછી ॥ ૮।૧।૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે तोणीरं રૂપ સિદ્ધ થાય.।

कोप्परं,

कूर्पर શબ્દ સંસ્કૃત તેનું પ્રાકૃતમાં ॥ ૮ ।૧। ૧૨૪ ॥ સૂત્રથી ऊકારનો ओકાર થાય ત્યારે कोर्पर થાય ॥ ૮ । ૧ । ૭૯ ॥ સૂત્રથી ર્કારનો લોપ થાય ત્યારે कोपर થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી पકાર બેવડો થાય ત્યારે कोप्पर થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિના સ્થાને મ્કાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે कोप्परं રૂપ સિદ્ધ થાય.।

थोरं,

स्थूल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમા ॥ ૮ ।૨। ૭૭ ॥ સૂત્રથી સ્કારનો લોપ થાય ત્યારે थूल થાય ॥ ૮ । ૧ । ૧૨૪ ॥ સૂત્રથી ऊકારનો ओકર થાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે थोल થાય ॥ ૮ । ૧ । ૨૫૫ ॥ સૂત્રથી स्थूल શબ્દના लकारनो रकार થાય ત્યારે थोर થાય પછી ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिनो म् कार થાય ॥ ૮ ।૧। ૨૩ ॥ સૂત્રથી म् कारनो અનુસ્વાર થાય ત્યારે थोरं રૂપ સિદ્ધ થાય.।

तम्बोलं,

ताम्बूल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી સંયોગ પર છતાં દીર્ઘનો હ્રસ્વ થાય ત્યારે तम्बूल થાય ॥ ૮ । ૧ । ૧૨૪ ॥ સૂત્રથી ऊकारनो ओकार થાય ત્યારે तम्बोल થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिनो म् कार થાય પછી ॥૮। ૧ । ૨૩ ॥ સૂત્રથી म् कारनो અનુસ્વાર થાય तम्बोलं રૂપ સિદ્ધ થાય.।

गलोई,

गडूची શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૦૭॥ સૂત્રમાં સાધેલ છે તે પ્રમાણે गलोई રૂપ સિદ્ધ થાય છે.।

मोल्लं,

मूल्य શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૪॥ સૂત્રથી ऊकारनो ओकार થાય ત્યારે मोल्य થાય ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી यकारनो લોપ થાય ત્યારે मोल થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી लकार બેવડો થાય ત્યારે मोल्ल થાય પછી ॥ ૮ । ૩ । ૨૫॥ સૂત્રથી सिना સ્થાને म् कार થાય ત્યારે मोल्लम् થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म् कार અનુસ્વાર થાય ત્યારે मोल्लं રૂપ સિદ્ધ થાય છે.।

## स्थूणा तूणे वा ॥ ८ । १ । १२५ ॥

अनयोरूत ओत्वं वा भवति।

અર્થ:—આ બંને શબ્દોના ऊकारनो ओकार વિકલ્પે થાય છે.।
थोणा थूणा,

स्थूणा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૭॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્કારનો લોપ થાય ત્યારે થૂણા થાય. ॥ ૮ । ૧ । ૧૨૫ ॥ સૂત્રથી ऊકારનો ઓકાર વિકલ્પે થાય ત્યારે થોણા અને થૂણા રૂપ સિદ્ધ થાય.।

तोणं तूणं,

तूण શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૫ ॥ સૂત્રથી ऊકારનો ઓકાર વિકલ્પે થાય. ત્યારે तोण અને तूण થાય ॥ ૮ । ૩ । ૨૫॥ સૂત્રથી સિનો મ્કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે तोणं અને तूणं સિદ્ધ થાય.।

## ऋतोऽत् ॥ ८ । १ । १२६ ॥

आदेर्ऋकारस्य अत्वं भवति। અર્થઃ—આદિ ऋકારનો અકાર થાય છે.।

घयं,

घृत શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૬ ॥ સૂત્રથી ऋકારનો અકાર થાય ત્યારે घत થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ तકારનો લોપ થાય ત્યારે घअ થાય પછી ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अ વર્ણનો यકાર થાય ત્યારે घय થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મૂકાર થાય ॥૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે घयं રૂપ સિદ્ધ થાય.।

तणं,

तृण શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૬ ॥ સૂત્રથી ऋકારનો અકાર થાય ત્યારે तण થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્ થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મૂકારનો અનુસ્વાર થાય ત્યારે तणं રૂપ સિદ્ધ થાય.।

कयं,

कृतम् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં घृतंનું घयं તેમજ જાણવું એટલે कयं રૂપ સિદ્ધ થાય.।

वसहो,

वृषभः શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૬ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ऋકારનો અકાર થાય ત્યારે वषभ થાય ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી षકારનો सકાર થાય ત્યારે वसभ થાય ॥ ८ । १ । १८७ ॥ સૂત્રથી भકારનો हકાર થાય ત્યારે वसह થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે वसहो રૂપ થાય.।

मओ,

मृगः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १२६ ॥ સૂત્રથી ऋકારનો અકાર થાય ત્યારે मगः થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી गકારનો લોપ થાય ત્યારે मअ થાય પછી ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે मओ રૂપ સિદ્ધ થાય.।

घट्ठो,

घृष्ट શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १२६ ॥ સૂત્રથી ऋકારનો અકાર થાય ત્યારે घष्ट થાય ॥ ८ । २ । ३४ ॥ સૂત્રથી ष्टનો ठકાર થાય ત્યારે घठ થાય ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી ठકાર બેવડો થાય ત્યારે घठ्ठ થાય ॥ ८ । २ । ९० ॥ સૂત્રથી પૂર્વ ठકારનો टકાર થાય ત્યારે घट्ठ થાય પછી ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે घट्ठो રૂપ સિદ્ધ થાય છે.।

"दुहाइअमिति कृपादिपाठात्" द्विधाकृतम् તેનું दुहाइअं એવું રૂપ कृतम्માંના ऋકારનો इકાર "इत्कृपादौ" ॥ ८ ।१। १२८॥ સૂત્રથી થાય છે તેની પૂરી સાધનિકા ॥ ८ । १ । ९७ ॥ સૂત્રમાં જોઈ લેવી ત્યાં સાધી ગયા છીએ.

## आत्कृशा-मृदुक-मृदुत्वे वा ॥ ८ । १ । १२७ ॥

एषु आदेर्ऋत आद् वा भवति ।

અર્થ:—આ શબ્દોમાં આદિ ऋકારનો આકાર વિકલ્પે થાય છે.।

कासा किसा,

कृशा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १२७ ॥ સૂત્રથી ऋકારનો વિકલ્પે આકાર થાય ત્યારે काशा થાય ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

शकारनो सकार थाय त्यारे कासा रूप सिद्ध थाय अने किसा रूप तो उपर प्रमाणे कृसा थया पछी ॥ ८ । १ । १२८ ॥ सूत्रथी सिद्ध थाय. ।

माउअं मउअं,

मृदुक शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १२७ ॥ सूत्रथी ऋकारनो विकल्पे आकार थाय त्यारे मादुक थाय ॥ ८ । १ । १२६ ॥ सूत्रथी मृनो मकार थाय त्यारे मदुक थाय थाय ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी दकार अने ककारनो लोप थाय त्यारे माउअ अने मउअ थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिनो म्कार थाय पछी ॥ ८ । १ । २३ ॥ सूत्रथी म्कारनो अनुस्वार थाय त्यारे माउअं अने मउअं रूप सिद्ध थाय. ।

माउक्कं मउत्तणं,

मृदुत्व शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १२७ ॥ सूत्रथी ऋकारनो आकार विकल्पे थाय त्यारे मादुत्व थाय ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी दकारनो लोप थाय त्यारे माउत्व थाय ॥ ८ ।२। २॥ सूत्रथी संयुक्त व्यंजननो ककार विकल्पे थाय त्यारे माउक थाय ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी ककार बेवडो थाय त्यारे माउक्क थाय अने बीजा पक्षमां ॥ ८ ।१। १२६ ॥ सूत्रथी ऋकारनो अकार थाय त्यारे मउत्व थाय ॥ ८ । २ । १५४ ॥ सूत्रथी त्व प्रत्ययने स्थाने त्तण आदेश थाय त्यारे मउत्तण थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिना स्थाने म्कार आदेश थाय पछी ॥ ८ । १ । २३ ॥ सूत्रथी म्कारनो अनुस्वार थाय त्यारे माउक्कं अने मउत्तणं रूप सिद्ध थाय. ।

## इत्कृपादौ ॥ ८ । १ । १२८ ॥

कृपा इत्यादिषु शब्देषु आदेर्ऋत इत्वं भवति ।

वैजवन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૧ ॥ સૂત્રથી वैनो वइ થાય ત્યારે वइजवन થાય ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે वइजवण થાય પછી ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે वइजवणो રૂપ સિદ્ધ થાય. ।

दइवअं,

दैवत શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૧ ॥ સૂત્રથી दैनो दइ થાય ત્યારે दइवत થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે दइवअ થાય ॥ ૮ । ३ । २५ ॥ સૂત્રથી सिनो म्કાર થાય પછી ॥ ૮ । ૧ ।२३ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે दइवअं રૂપ સિદ્ધ થાય.।

वइआलीअं,

वैतालीअ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૧ ॥ સૂત્રથી वैनो वइ થાય ત્યાર પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકાર અને यકારનો લોપ થાય ત્યારે वइआलीअ થાય ॥ ૮ । ३ । २५ ॥ સૂત્રથી सिनो म्કાર થાય પછી ॥ ૮ । ૧ । २३ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે वइआलीअं રૂપ સિદ્ધ થાય. ।

वइएसो,

वैदेश શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૧ ॥ સૂત્રથી वैनो वइ થાય ત્યારે वइदेश થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી दકારનો લોપ થાય ત્યારે वइएश થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે वइएस થાય ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે वइएसो રૂપ સિદ્ધ થાય. ।

वइएहो,

वैदेह શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં રૂપ પૂર્વવત્ કરવું ત્યારે वइएहो સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S.                    Jin Gun Aaradhak Trust

वइदब्भो,

वैदर्भ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૧ ॥ સૂત્રથી वैનો वइ થાય ત્યારે वइदर्भ થાય ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે वइदभ થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ભકાર બેવડો થાય ત્યારે वइदभ्भ થાય ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ ભકારનો बકાર થાય ત્યારે वइदब्भ થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે वइदब्भो રૂપ સિદ્ધ થાય છે. ।

वइस्साणरो,

वैश्वानर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૧ ॥ સૂત્રથી वैનો वइ થાય ત્યારે वइश्वानर થાય ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી वકારનો લોપ થાય ત્યારે वइशानर થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે वइसानर થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી सકાર બેવડો થાય ત્યારે वइस्सानर થાય પછી ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે वइस्साणर થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે वइस्साणरो રૂપ સિદ્ધ થાય. ।

कइअवं,

कैतव શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૧ ॥ સૂત્રથી कैનો कइ થાય ત્યારે कइतव થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે कइअव થાય ॥૮।૩।૨૫॥ સૂત્રથી सिनो म्કાર થાય પછી ॥ ૮ ।૧। ૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે कइअवं રૂપ સિદ્ધ થાય છે. ।

वइसाहो,

वैशाख શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૧ ॥ સૂત્રથી वैનો वइ થાય ત્યારે वइशाख થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે वइसाख થાય પછી ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી खકારનો हકાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થાય ત્યારે वइसाह થાય ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે वइसाहो રૂપ સિદ્ધ થાય. ।

वइसालो,

वैशाल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં પૂર્વવત્ કરવું ત્યારે वइसालो રૂપ સિદ્ધ થાય. ।

सइरं,

स्वैर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ ।૨। ૭૯ ॥ સૂત્રથી वकारनो લોપ થાય ત્યારે सैर થાય ॥ ૮ । ૧ । ૧૫૧ ॥ સૂત્રથી सैनो सइ થાય ત્યારે सइर થાય ॥ ૮ । ३ । ૨૫ ॥ સૂત્રથી सिनो म्કાર થાય પછી ॥૮ ।૧। ૨३॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે सइरं રૂપ સિદ્ધ થાય. ।

चइत्तं,

चैत्य શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૧ ॥ સૂત્રથી चैनो चइ થાય ત્યારે चइत्य થાય ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે चइत थाय ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી तકાર બેવડો થાય ત્યારે चइत्त थाय ॥ ૮ । ३ । ૨૫ ॥ સૂત્રથી सिनो म्કાર થાય પછી ॥૮ ।૧। ૨३॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે चइत्तं રૂપ સિદ્ધ થાય. ।

इत्यादि विश्लेषे न भवति ।

જ્યારે સંયુક્ત વ્યંજનને છુટા પાડી તેમાં કોઈ સ્વર ઉમેરવામાં આવે ત્યારે ऐકારનો अइ આદેશ થતો નથી જેમકે:–चैत्य શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૪૮ ॥ સૂત્રથી ऐકારનો एકાર થાય ત્યારે चेत्य થાય પછી ॥ ૮ । ૨ । ૧૦૭ ॥ સૂત્રથી यકારની પૂર્વે इકાર થાય ત્યારે चेतिय થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે चेइय થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે चेइअ થાય ॥૮।३।૨૫॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂત્રથી સિનો મ્‌કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્‌કારનો અનુસ્વાર થાય ત્યારે चेइअं રૂપ સિદ્ધ થાય.।

आर्षे चैत्यवंदनम्,

आर्ष હોવાથી चैને સ્થાને ची થાય ત્યારે चीवंदन થાય ॥૮।૧।૨૨૮॥ સૂત્રથી નકારનો णકાર થાય ત્યારે चीवंदण થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્‌કાર થાય ॥ ૮ । ૧ । ૨૩॥ સૂત્રથી મ્‌કારનો અનુસ્વાર થાય ત્યારે चीवंदणं સિદ્ધ થાય.।

## वैरादौ वा ॥ ८।१।१५२॥

वैरादिषु ऐतो अइरादेशो वा भवति।

અર્થઃ—वैर ઇત્યાદિ શબ્દમાં રહેલ ऐકાર તેનો अइ વિકલ્પે થાય છે.।

वइरं वेरं,

वैर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૨॥ સૂત્રથી ऐકારનો अइકાર વિકલ્પે થાય. ત્યારે वइर થાય ॥૮ । ૧ । ૧૪૮ ॥ સૂત્રથી ऐકારનો एકાર થાય ત્યારે वेर થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્‌કાર થાય. પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્‌કારનો અનુસ્વાર થાય. ત્યારે वइरं અને वेरं રૂપો સિદ્ધ થાય છે.।

कइलासो केलासो,

कैलास શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૨ ॥ સૂત્રથી कैનો कइ વિકલ્પે થાય બીજા પક્ષમાં ॥ ૮ । ૧ । ૧૪૮॥ સૂત્રથી कैનો के થાય. ત્યારે कइलास केलास થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે कइलासो केलासो રૂપો સિદ્ધ થાય.।

कइरवं केरवं,

कैरव શબ્દ સંસ્કૃત તેનું પ્રાકૃતમાં પૂર્વવત્ સાધનિકા જાણવી ત્યારે कइरवं અને केरवं રૂપો સિદ્ધ થાય છે.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

वइसवणो वेसवणो,

वैश्रवण શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૨ ॥ સૂત્રથી वैનો વિકલ્પે वइ થાય બીજા પક્ષે ॥ ૮ । ૧ । ૧૪૮ ॥ સૂત્રથી वैનો वे થાય. वइश्रवण અને वेश्रवण થાય. ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે वइशवण वेशवण થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે वइसवण वेसवण થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે वइसवणो અને वेसवणो રૂપો સિદ્ધ થાય.।

वेसम्पायणो वइसम्पायणो,

वैशम्पायन શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૨ ॥ સૂત્રથી वैનો વિકલ્પે वइ થાય. બીજા પક્ષે ॥ ૮ । ૧ । ૧૪૮ ॥ સૂત્રથી वैનો वे થાય ત્યારે वइशम्पायन અને वेशम्पायन થાય. ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે वइशम्पायण અને वेशम्पायण થાય. પછી ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે वइसम्पायण અને वेसम्पायण થાય. ॥૮।૩।૨॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે वइसम्पायणो અને वेसम्पायणो રૂપ સિદ્ધ થાય.।

वइआलिओ वेआलियो,

वैतालिक શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૨ ॥ સૂત્રથી वैનો वइ થાય બીજા પક્ષે ॥ ૮ । ૧ । ૧૪૮ ॥ સૂત્રથી वैનો वे થાય ત્યારે वइतालिक અને वेतालिक થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકાર અને कકારનો લોપ થાય ત્યારે वइआलिअ અને वेआलिअ થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે वइआलिओ અને वेआलिओ રૂપ સિદ્ધ થાય છે.।

वइसिअं वेसिअं,

वैशिक શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૨ ॥ સૂત્રથી वैનો वइ થાય. બીજા પક્ષે ॥ ૮ । ૧ । ૧૪૮ ॥ સૂત્રથી वैનો वे થાય ત્યારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

वइशिक અને वेशिक થાય. ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી शकारनो सकार થાય. ત્યારે वइसिक અને वेसिक થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી ककारनो લોપ થાય ત્યારે वइसिअ અને वेसिअ થાય. ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिनो म्કાર થાય ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય. ત્યારે वइसिअं અને वेसिअं રૂપ સિદ્ધ થાય.।

चइत्तो चेत्तो,

चैत्र શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १५२ ॥ સૂત્રથી चैना चइ થાય. બીજે પક્ષે ॥ ८ । १ । १४८ ॥ સૂત્રથી चैनो चे થાય ત્યારે चइत्र અને चेत्र થાય. ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી रकारनो લોપ થાય ત્યારે चइत અને चेत થાય ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી तकार બેવડો થાય ત્યારે चइत्त અને चेत्त થાય. ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે चइत्तो અને चेत्तो રૂપો સિદ્ધ થાય છે.

## एच्च दैवे ॥ ८ । १ । १५३ ॥

दैवशब्दे एत एत् अइश्चादेशो भवति।

અર્થઃ—दैव શબ્દના ऐकारनो एकार અને अइ એવો પણ આદેશ થાય છે.।

देव्वं दइव्वं दइवं,

दैव શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १५३ ॥ સૂત્રથી ऐनो ए થાય. ત્યારે देव થાય. ॥ ८ । २ । ९९ ॥ સૂત્રથી द्वित्व વિકલ્પે થાય ત્યારે देव्व થાય બીજા પક્ષે दैनो दइ થાય અને ઉપરોક્ત સૂત્રથી વિકલ્પે द्वित्व થાય ત્યારે दइव्व અને दइव थाय પછી ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिनो म्કાર થાય ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય. ત્યારે देव्वं दइव्वं અને दइवं રૂપો સિદ્ધ થાય છે.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## उच्चैर्नीचैस्य अः ॥ ८ । १ । १५४ ॥

अनयोरैतः अअ इत्यादेशो भवति ।

उच्चैस् અને નીચૈસ્ એ બે અવ્યયોના ऐકારને સ્થાને अअ, એવો આદેશ થાય છે.

उच्चअं,

उच्चैस् સંસ્કૃત અવ્યય છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૪ ॥ સૂત્રથી ऐકારનો अ-अ આદેશ થાય ત્યારે उच्चअ થાય. પછી ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिનો म्કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે उच्चअं રૂપ સિદ્ધ થાય.।

नीचअं,

नीचस् એ સંસ્કૃત અવ્યય છે તેનું પ્રાકૃતમાં પૂર્વવત્ જાણવું ત્યારે नीचअं સિદ્ધ થાય.

## ईद्धैर्ये ॥ ८ । १ । १५५ ॥

धैर्यशब्दे ऐत ईद् भवति ।

અર્થ:–धैर्य શબ્દના ऐકારનો ईકાર થાય છે.।

धीरं हरइ विसाओ,

धैर्यं हरति विषादः, સંસ્કૃત વાક્ય છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૫ ॥ સૂત્રથી ऐકારનો ईકાર થાય ત્યારે धीर्य થાય ॥ ૮ । ૨ । ૬૪ ॥ સૂત્રથી र्यનો रકાર વિકલ્પે થાય ત્યારે धीर થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिનો म्કાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે धीरं રૂપ સિદ્ધ થાય.। हरति ક્રિયાપદના तिनो ॥ ८ । ३ । ૧૩૯ ॥ સૂત્રથી इકાર થાય ત્યારે हरइ થાય विषाद સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ ।૧। ૨૬૦ ॥ સૂત્રથી षકારનો सકાર થાય ત્યારે विसाद થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી द्કારનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લોપ થાય ત્યારે विसाअ થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिનો डो થાય ત્યારે विसाओ રૂપ સિદ્ધ થાય એ રીતે धीरं हरइ विसाओ સિદ્ધ થાય છે.।

## ओतोद्वान्योन्य प्रकोष्ठातोद्य शिरोवेदना-मनोहर-सरोरुहे क्तोश्चवः ॥ ८ । १ । १५६ ॥

एषु ओतोऽत्वं वा भवति, तत्संनियोगे च यथासंभवं ककारतकारयोर्वादेशः।

અર્થઃ—આ શબ્દોમાં ઓકારનો અકાર વિકલ્પે થાય અને તેના યોગે યથા સંભવ કકાર અને તકારના સ્થાને વકાર એવો આદેશ થાય છે.।

अन्नन्नं अन्नुन्नं,

अन्योन्य શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી બન્ને યકારનો લોપ થાય ત્યારે अनोन થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી બન્ને નકાર બેવડા થાય ત્યારે अन्नोन्न થાય પછી ॥ ૮ । ૧ । ૧૫૬ ॥ સૂત્રથી ઓકારનો અકાર થાય ત્યારે अन्नन्न થાય બીજા પક્ષે ॥ ૮ ।૧। ૮૪ ॥ સૂત્રથી ઓકારનો ઉકાર થાય ત્યારે अन्नुन्न થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिનો म્કાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म્કારનો અનુસ્વાર થાય ત્યારે अन्नन्नं અને अन्नुन्नं સિદ્ધ થાય.।

पवट्ठो पउट्ठो,

प्रकोष्ठ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૬ ॥ સૂત્રથી ઓકારનો અકાર થાય ત્યારે प्रकष्ठ થાય ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે पकष्ठ થાય પછી ॥ ૮ । ૧ । ૧૫૬ ॥ સૂત્રથી તત્સંનિયોગે રહેલા કકારનો વકાર થાય ત્યારે पवष्ठ થાય ॥ ૮ । ૨ । ૩૪ ॥ સૂત્રથી ष्ठનો ઠકાર થાય ત્યારે पवठ થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ઠકાર બેવડો થાય ત્યારે पवठ्ठ થાય ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ ઠકારનો ટકાર થાય ત્યારે पवट्ठ થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે पवट्ठो રૂપ સિદ્ધ થાય.। બીજા પક્ષે ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી ઓકારનો ઉકાર થાય અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બાકીનું બધું ઉપર પ્રમાણે કરવાથી पउट्ठो રૂપ સિદ્ધ થાય છે.।

आवज्जं आउज्जं

આતોદ્ય શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૬ ॥ સૂત્રથી ઓકારનો અકાર થાય તત્સંનિયોગે તકારનો વકાર થાય ત્યારે आवद्य થાય ॥ ૮ । ૨ । ૨૪ ॥ સૂત્રથી द्यનો જકાર થાય ત્યારે आवज થાય ॥ ૮ ।૨। ૮૯ ॥ સૂત્રથી જકાર બેવડો થાય ત્યારે आवज्ज થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે आवज्जं રૂપ સિદ્ધ થાય.। બીજા પક્ષમાં ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી ઓકારનો ઉકાર થાય ત્યારે आतुद्य થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી તકારનો લોપ થાય ત્યારે आउद्य થાય શેષં પૂર્વવત્ ત્યારે आउज्जं રૂપ થાય.।

सिर विअणा सिरो विअणा,

શિરોવેદના શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી શકારનો સકાર થાય ત્યારે सिरोवेदना થાય ॥ ૮ ।૧। ૧૫૬ ॥ સૂત્રથી ઓકારનો અકાર વિકલ્પે થાય ત્યારે सिरवेदना અને सिरोवेदना થાય ॥ ૮ ।૧। ૧૭૭ ॥ સૂત્રથી दકારનો લોપ થાય ત્યારે सिर वेअना અને सिरो वेअना થાય ॥૮।૧।૨૨૮॥ સૂત્રથી નકારનો णકાર થાય ત્યારે सिर वेअणा અને सिरो वेअणा થાય પછી ॥ ૮ । ૧ । ૧૪૬ ॥ સૂત્રથી वेदनाના एકારનો इકાર થાય ત્યારે सिर विअणा सिरो विअणा રૂપ સિદ્ધ થાય.।

मणहरं मणोहरं,

मनोहर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૬ ॥ સૂત્રથી ઓકારનો અકાર વિકલ્પે થાય ત્યારે मनहर અને मनोहर થાય ॥૮।૧।૨૨૮॥ સૂત્રથી નકારનો णકાર થાય ત્યારે मणहर અને मणोहर થાય ॥ ૮ ।૩। ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે मणहरं અને मणोहरं સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S.                    Jin Gun Aaradhak Trust

सररुहं सरोरुहं,

सरोरुह શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १५६ ॥ સૂત્રથી ઓકારનો અકાર વિકલ્પે થાય ત્યારે सररुह અને सरोरुह થાય॥ ८ ।३। २५॥ સૂત્રથી સિનો મ્કાર થાય ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે सररुहं અને सरोरुहं સિદ્ધ થાય. ।

## ऊत्सोच्छ्वासे ॥ ८ । १ । १५७ ॥

सोच्छ्वासशब्दे ओत ऊद् भवति ।

અર્થ:—सोच्छ्वास શબ્દના ओकारनो ऊकार થાય. ।

सूसासो,

सोच्छ्वास શબ્દ સંસ્કૃત છે તેનુ પ્રાકૃતમાં ॥ ८ । १ । १५७ ॥ સૂત્રથી ઓકારનો ઉકાર થાય ત્યારે सूच्छ्वास થાય ॥ ८ । १ । ११ ॥ સૂત્રથી અંત્ય વ્યંજનનો લોપ થાય ત્યારે सूश्वास થાય ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી वकारनो લોપ થાય ત્યારે सूशास થાય ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી शकारनो सकार થાય ત્યારે सूसास થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે सूसासो રૂપ સિદ્ધ થાય. ।

## गव्यउ आअः ॥ ८ । १ । १५८ ॥

गोशब्दे ओतः अउ आअ इत्यादेशौ भवतः ।

અર્થ:—गो શબ્દમાં રહેલ ઓકારનો अउ અને आअ આદેશો થાય છે.।

गउओ गउआ गाओ,

गोकः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં । ८ । १ । १५८ ॥ સૂત્રથી गोनो गउ થાય સ્વાર્થના ककारनो ॥८ । १ । १७७॥ સૂત્રથી લોપ થાય ત્યારે गउअ થાય ८ । ३ । २ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે गउओ સિદ્ધ થાય છે. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગો શબ્દમાં બીજા પક્ષમાં ॥ ૮।૧।૧૫૮॥ સૂત્રથી ગોનો ગઉ થાય સ્વાર્થે क: આવે પછી ॥ ૮ । ૩ । ૩૯ ॥ સૂત્રથી સ્ત્રિલિંગમાં ङा પ્રત્યય થાય ત્યારે गउआ રૂપ સિદ્ધ થાય.।

ગોને ત્રીજા પક્ષમાં ચાલતા સૂત્રથી आअ થાય. ત્યારે गाअ થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે गाओ રૂપ સિદ્ધ થાય.।

સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય આવે ત્યારે આનો લોપ થાય ત્યારે गाई રૂપ સિદ્ધ થાય.।

हरस्स एसा गाई,

(हरस्य एषा गौः) हर શબ્દ સંસ્કૃત છે તેને ષષ્ઠીના એક વચનના પ્રત્યયનો ॥ ૮ । ૧ । ૧૦ ॥ સૂત્રથી स्स આદેશ થયો ત્યારે हरस्स એવું રૂપ સિદ્ધ થયું एतत् શબ્દ સંસ્કૃત છે. તેને ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી અંત્ય વ્યંજનનો લોપ થયો. ત્યારે एत થયું પછી સંસ્કૃત પ્રમાણે તેને સ્ત્રીલિંગમાં आ પ્રત્યય લાગે ત્યારે एता થયું પછી ॥ ૮ । ૩ । ૮૬ ॥ સૂત્રથી તકારનો સકાર થાય ત્યારે एसा રૂપ સિદ્ધ થાય છે.।

## औत ओत् ॥ ८ । १ । १५९ ॥

औकारस्यादेरोद् भवति ।

અર્થ:-શબ્દના આદિ औકારનો ओકાર થાય.।

कोमुई,

कौमुदी શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૯ ॥ સૂત્રથી औકારનો ओકાર થાય ત્યારે कोमुदी થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી दકારનો લોપ થાય ત્યારે कोमुई રૂપ સિદ્ધ થાય.।

जोव्वणं,

यौवन શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૫૯ ॥ સૂત્રથી औકારનો ओકાર થાય ત્યારે योवन થાય. ॥ ૮ । ૧ । ૨૪૫ ॥ સૂત્રથી यકારનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

जकार थाय त्यारे जोवन थाय ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी द्वित्व थाय त्यारे जोव्वन थाय ॥ ८ । १ । २२८ ॥ सूत्रथी नकारनो णकार थाय त्यारे जोव्वण थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिनो मूकार थाय ॥ ८ । १ । २३ ॥ सूत्रथी मूकारनो अनुस्वार थाय त्यारे जोव्वणं रूप सिद्ध थाय.।

कोत्थुहो,

कौस्तुभ शब्द संस्कृत छे. तेनुं प्राकृतमां ॥ ८ । १ । १५९ ॥ सूत्रथी कौनो को थाय त्यारे कोस्तुभ थाय ॥ ८ । २ । ४५ ॥ सूत्रथी स्तनो थकार थाय त्यारे कोथुभ थाय ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी थकार बेवडो थाय त्यारे कोथ्थुभ थाय ॥ ८ । २ । ९० ॥ सूत्रथी थूकारनो तूकार थाय त्यारे कोत्थुभ थाय. ॥ ८ । १ । १८७ ॥ सूत्रथी भकारनो हकार थाय त्यारे कोत्थुह थाय पछी ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे कोत्थुहो सिद्ध थाय.।

कोसम्बी,

कौशाम्बी शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १५९ ॥ सूत्रथी कौनो को थाय त्यारे कोशाम्बी थाय ॥ ८ । १ । २६० ॥ सूत्रथी शकारनो सकार थाय त्यारे कोसाम्बी थाय ॥ ८ । १ । ८४ ॥ सूत्रथी दीर्घनो ह्रस्व थाय त्यारे कोसम्बी रूप सिद्ध थाय.।

कोञ्चो,

क्रौञ्च शब्द संस्कृत छे तेनुं प्राकृतमां । ८ । १ । १५९ ॥ सूत्रथी क्रौनो क्रो थाय त्यारे क्रोञ्च थाय ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी रकारनो लोप थाय त्यारे कोञ्च थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे कोञ्चो रूप सिद्ध थाय.।

कोसिओ,

कौशिक शब्द संस्कृत छे. तेनुं प्राकृतमां ॥ ८ । १ । १५९ ॥ सूत्रथी कौ नो को थाय. त्यारे कोशिक थाय. ॥ ८ । १ । २६० ॥ सूत्रथी शकारनो सकार थाय त्यारे कोसिक थाय. ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी ककारनो लोप थाय.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે कोसिअ થાય. ॥૮।૩।૨॥ સૂત્રથી सिના સ્થાને डो થાય. ત્યારે कोसिओ રૂપ સિદ્ધ થાય છે.।

## उत्सौन्दर्यादौ ॥८।१।१६०॥

सौन्दर्यादिषु शब्देषु औत उद् भवति ।

અર્થઃ—सौदर्यादि શબ્દમાં રહેલા औકારનો उકાર થાય છે।

सुन्देरं–सुन्दरिअं,

सौन्दर्य શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮।૧।૧૬૦ ॥ સૂત્રથી औકારનો उકાર થાય ત્યારે सुन्दर्य થાય તેનું सुन्देरं રૂપ ॥ ૮।૧।૫૭॥ સૂત્રમાં સાધેલ છે ત્યાં જોઇ લેવું. બીજા પક્ષમાં सुन्दर्य શબ્દમાં॥૮।૨।૧૦૭॥ સૂત્રથી यકારની પૂર્વે इકાર એવો આગમ થાય ત્યારે सुन्दरिय થાય. ॥૮।૩।૨૫॥ સૂત્રથી सिનો म्કાર થાય પછી ॥૮।૧।૨૩॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે सुन्दरिअं રૂપ સિદ્ધ થાય।

मुञ्जायणो,

मौञ्जायन શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૬૦॥ સૂત્રથી मौ નો मु થાય ત્યારે मुञ्जायन થાય ॥ ૮।૧।૨૨૮॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે मुञ्जायण થાય ॥૮।૩।૨॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે मुञ्जायणो રૂપ સિદ્ધ થાય।

सुद्धोअणी,

शौद्धोदनि શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮।૧।૧૬૦ ॥ સૂત્રથી शौનો शु થાય ત્યારે शुद्धोदनि થાય ॥ ૮।૧।૧૭૭ ॥ સૂત્રથી दકારનો લોપ થાય ત્યારે शुद्धोअनि થાય પછી ॥ ૮।૧।૨૬૦॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે सुद्धोअनि થાય ॥ ૮।૧।૨૨૮॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે सुद्धोअणि થાય પછી ॥ ૮।૩।૧૯ ॥ સૂત્રથી અંત્યસ્વર દીર્ઘ થાય ત્યારે सुद्धोअणी રૂપ સિદ્ધ થાય।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

दुवारिओ,

दौवारिक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૦ ॥ સૂત્રથી दौनो दु થાય ત્યારે दुवारिक થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી કકારનો લોપ થાય ત્યારે दुवारिअ થાય ॥ ૮ ।૩। ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે दुवारिओ રૂપ સિદ્ધ થાય।

सुगन्धत्तणं,

सौगन्ध्य શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૦ ॥ સૂત્રથી सौनो सु થાય ત્યારે सुगन्ध्य થાય ॥ ૮ । ૨ । ૧૫૪ ॥ સૂત્રથી यना સ્થાને त्तण આદેશ થાય ત્યારે सुगन्धत्तण થાય ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિને સ્થાને મકાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે सुगन्धत्तणं રૂપ સિદ્ધ થાય।

पुलोमी,

पौलोमी શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૦ ॥ સૂત્રથી औकारनो उकार થાય. ત્યારે पुलोमी રૂપ સિદ્ધ થાય છે.।

सुवण्णिओ,

सौवर्णिक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૦ ॥ સૂત્રથી सौनुं सु થાય ત્યારે सुवर्णिक થાય ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે सुवणिक થાય પછી ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ણકાર બેવડો થાય ત્યારે सुवण्णिक થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી કકારનો લોપ થાય ત્યારે सुवण्णिअ થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે सुवण्णिओ રૂપ સિદ્ધ થાય।

## कौक्षेयके वा ॥ ८ । १ । १६१ ॥

कौक्षेयकशब्दे औत उद् वा भवति.।

અર્થ:—कौक्षेयक શબ્દમાં औકારનો उकार વિકલ્પે થાય છે।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कुच्छेअयं कोच्छेअयं,

कौक्षेयक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૧ ॥ સૂત્રથી कौनो कु થાય બીજા પક્ષે ॥ ૮ । ૧ । ૧૫૯ ॥ સૂત્રથી कौનો को થાય ત્યારે कुक्षेयक અને कौक्षेयक થાય ॥ ૮ । ૨ । ૧૭ ॥ સૂત્રથી क्षનો छકાર થાય ત્યારે कुछेयक અને कोछेयक થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી छકાર બેવડો થાય ત્યારે कुछ्छेयक અને कोछ्छेयक થાય ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ छકારનો चકાર થાય ત્યારે कुच्छेयक અને कोच्छेयक થાય પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી यકાર અને कકારનો લોપ થાય ત્યારે कुच्छेअअ અને कोच्छेअअ થાય ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अ વર્ણનો यકાર થાય ત્યારે कुच्छेअय અને कोच्छेअय થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिनो मકાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે कुच्छेअयं અને कोच्छेअयं રૂપો સિદ્ધ થાય।

## अउः पौरदौच ॥ ८ । १ । १६२ ॥

कौक्षेयके पौरादिषु च औत अउरादेशो भवति ।

અર્થ:—कौक्षेयक અને पौरादिक શબ્દોમાં औકારનો अउ આદેશ થાયછે।

कउच्छेअयं,

कौक्षेयक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૬૨॥ સૂત્રથી कौनो कउ થાય શેષ સાધનિકા પૂર્વવત્ જાણવી ત્યારે कउच्छेअयं રૂપ સિદ્ધ થાય।

पउरो,

पौर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૨ ॥ સૂત્રથી पउ થાય ॥ ૮ । ३ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે पउरो રૂપ સિદ્ધ થાય।

पउरजणो,

पौरजन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં પૂર્વવત્ पउर થાય અને जन શબ્દના नકારનો ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી णકાર થાય ત્યારે पउरजण થાય ॥ ૮ । ३ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે पउरजणो રૂપ સિદ્ધ થાય।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कउरव,

कौरव શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૨ ॥ સૂત્રથી कौनो कउ થાય ત્યારે कउरव થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે कउरवो રૂપ સિદ્ધ થાય.।

कउसलं,

कौशल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૧૬૨ ॥ સૂત્રથી कौनो कउ થાય ત્યારે कउशल થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર ત્યારે कउसल થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે कउसलं રૂપ સિદ્ધ થાય.।

पउरिसं,

पौरुष શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૨ ॥ સૂત્રથી पौनो पउ થાય ત્યારે पउरुष થાય શેષં પૂર્વવત્ ॥ ૮ । ૧ । ૧૧૧ ॥ સૂત્રમાં સાધનિકા જોઇ લેવી ત્યાં पउरिसं થએલ છે.।

सउहं,

सौध શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૨ ॥ સૂત્રથી सौनो सउ થાય ત્યારે सउध થાય ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી धકારનો हકાર થાય ત્યારે सउह થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય ॥૮।૧।૨૩॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે सउहं સિદ્ધ થાય.।

गउडो,

गौडः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૨ ॥ સૂત્રથી गौनो गउ થાય ત્યારે गउड થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે गउडो રૂપ સિદ્ધ થાય.।

मउली,

मौलि શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૨ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

मौनो मउ થાય ત્યારે मउलि થાય ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી इકાર દીર્ઘ થાય ત્યારે मउली રૂપ સિદ્ધ થાય.।

मउणं,

मौन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૨ ॥ સૂત્રથી मौनो मउ થાય ત્યારે मउन થાય ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે मउण થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिनो म्કાર થાય ॥ ૮ । ૧ । ૨૩॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે मउणं સિદ્ધ થાય.।

सउरा,

सौराः શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૨ ॥ સૂત્રથી सौनो सउ થાય ત્યારે सउर થાય પછી પ્રથમા બહુવચનમાં અંત્યસ્વર ॥ ૮ । ૩ । ૧૨ ॥ સૂત્રથી દીર્ઘ થાય અને ॥ ૮ । ૩ । ૪ ॥ સૂત્રથી जस् અને शस्નો લોપ થાય ત્યારે सउरा રૂપ સિદ્ધ થાય.।

कउला,

कौल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં પૂર્વવત્ જાણવું એટલે कउला સિદ્ધ થાય પ્રથમા બહુવચન છે.।

## आच्च गौरवे ॥ ८ । १ । १६३ ॥

गौरवशब्दे औत आत्वं अउश्च भवति।

અર્થઃ-गौरव શબ્દમાં રહેલા औકારનો आકાર અને अउ થાય છે.।

गारवं गउरवं,

गौरव શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૨ ॥ સૂત્રથી गौनो गा થાય બીજા પક્ષ गौनो गउ થાય ત્યારે गारव અને गउरव થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिनो म्કાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે गारवं અને गउरवं રૂપો સિદ્ધ થાય છે.।

P. P. Ac. Gunratnasuri M.S.                    Jin Gun Aaradhak Trust

## नाव्यावः ॥ ८ । १ । १६४ ॥

नौशब्दे औत आवादेशो भवति ।

અર્થ:—नौ શબ્દમાં રહેલા औकारનો आव આદેશ થાય છે. ।

नावा

नौ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૪ ॥ સૂત્રથી नौ નો नाव આદેશ થાય અને સ્રીલિંગમાં आप् આવે ત્યારે नावा રૂપ સિદ્ધ થાય. ।

## एत्त्रयोदशादौ स्वरस्य सस्वरव्यंजनेन ॥८।१।१६५॥

त्रयोदश इत्येवंप्रकारेषु संख्याशब्देषु आदेः स्वरस्य परेण सस्वरेण व्यंजनेन सह एद् भवति ।

અર્થ:—त्रयोदश શબ્દના જેવા સંખ્યાવાચક શબ્દની આદિમાં રહેલા સ્વરનો બીજા સ્વર સહિત વ્યંજન સાથે ए થાય. ।

तेरह

त्रयोदश त्रयोविंशति त्रयस्त्रिंशत् શબ્દો સંસ્કૃત છે. તેનાં પ્રાકૃતમાં રૂપો આ પ્રમાણે પ્રથમ त्रयोदश શબ્દનું પ્રાકૃતમાં રૂપ ॥૮ । ૧ । ૧૬૫ ॥ સૂત્રથી त्रयो ને સ્થાને ते થાય ત્યારે तेदश થાય ॥ ૮ । ૧ । ૨૧૯ ॥ સૂત્રથી द કારનો रकार થાય ત્યારે तेरश થાય. ॥ ૮ । ૧ । ૨૬૨ ॥ સૂત્રથી शकारनो हकार થાય ત્યારે तेरह રૂપ સિદ્ધ થાય છે. ।

तेवीसा

त्रयोविंशति શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ ।૧। ૧૬૫ ॥ સૂત્રથી त्रयो ને સ્થાને ते થાય શેષ विंशति શબ્દ ॥ ૮ । ૧ । ૨૮ ॥ સૂત્રમાં જોઇ લેવો અથવા ॥ ૮ । ૧ । ૯૨ ॥ સૂત્રમાં સાધનિકા થએલ છે. ત્યાં वीसा થાય છે. એવી રીતે तेवीसा સિદ્ધ થાય. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

तेतीसा

त्रयस्त्रिंशत् શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં પૂર્વવત્ સિદ્ધ કરવું ત્યારે तेतीसा થાય.।

## स्थविर विचकिलायस्कारे ॥ ८ ।१। १६६ ॥

एषु आदेः स्वरस्य परेण सस्वरव्यंजनेन सह एद् भवति ।

અર્થઃ—આ શબ્દોમાં આદિસ્વરનો પછીના સ્વર સહિત વ્યંજન સાથે ए થાય.।

थेरो

स्थविर શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७७ ॥ સૂત્રથી સકારનો લોપ થાય ત્યારે थविर થાય ॥ ८।१।१६६ ॥ સૂત્રથી थविनो थे થાય ત્યારે थेर થાય. ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે थेरो રૂપ સિદ્ધ થાય.।

वेइल्लं

विचकिल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १६६ ॥ સૂત્રથી विच ના સ્થાને वे થાય ત્યારે वेकिल ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી ककारनो લોપ થાય ત્યારે वेइल થાય ॥ ८ । २ । ९८ ॥ સૂત્રથી लकार દ્વિત્વ થાય ત્યારે वेइल्ल થાય ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिनो म्‌કાર થાય ॥ ८।१। २३ ॥ સૂત્રથી मकारनो અનુસ્વાર થાય ત્યારે वेइल्लं રૂપ સિદ્ધ થાય છે.।

मुद्ध विअइल्ल पसूणपुञ्जा इत्यपि दृश्यते,

मूर्द्धविचकिलप्रसूनपुञ्जा તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ८४ ॥ સૂત્રથી દીર્ઘનો હ્રસ્વ થાય ત્યારે मुर्द्ध થાય ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી रकारनो લોપ થાય ત્યારે मुद्ध થાય विचकिल ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી चकार અને ककारनो લોપ થાય ત્યારે विअइल થાય ॥ ८ । २ । ९८ ॥ સૂત્રથી लकार બેવડો થાય

P. P. Ac. Gunratnasuri M.S.                    Jin Gun Aaradhak Trust

ત્યારે વિઅઇલ્લ થાય મમ્રૂન શબ્દમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે પમૂન થાય પછી ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી નકારનો णકાર થાય ત્યારે પમૂण થાય ત્યારે मुद्धविअइल्ल पमूणपुञ्जा એવું થાય છે તેનો અર્થ:–મસ્તકમાં મોગરાના ફુલનો સમુહ છે જેઓને.

एक्कारो,

अयस्कार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૬ ॥ સૂત્રથી अयने સ્થાને एકાર થાય ત્યારે एस्कार થાય ॥૮।૨।૭૭॥ સૂત્રથી सકારનો લોપ થાય ત્યારે एकार થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી क્કકાર બેવડો થાય ત્યારે एक्कार થાય ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને डो થાય एक्कारो રૂપ સિદ્ધ થાય ।

## वा कदले ॥ ८ । १ । १६७ ॥

कदलशब्दे आदेः स्वरस्य परेण सस्वरव्यंजनेन सह एद् वा भवति ।

અર્થ:—कदल શબ્દમાં આદિ સ્વરનો બીજા સ્વર સહિત વ્યંજન સાથે ए વિકલ્પે થાય ।

केलं कयलं,

कदल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૭ ॥ સૂત્રથી कदनो के થાય ત્યારે केल થાય બીજા પક્ષમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી दકારનો લોપ થાય ત્યારે कअल થાય પછી ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अ વર્ણનો यકાર થાય ત્યારે कयल થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો मૂકાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી मૂકારનો અનુસ્વાર થાય ત્યારે केलं અને कयलं રૂપો સિદ્ધ થાય ।

केली कयली,

कदली શબ્દ પણ પૂર્વવત્ થાય ત્યારે केली અને कयली રૂપ સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# वेतः कर्णिकारे ॥ ८ । १ । १६८ ॥

कर्णिकारे इतः सस्वरव्यंजनेन सह एद् वा भवति।

અર્થ:–कर्णिकार શબ્દમાં ઇકારનો સ્વર સહિત વ્યંજન સાથે વિકલ્પે एકાર થાય.।

कण्णेरो कण्णिआरो,

कर्णिकार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે कणिकार થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી णકાર બેવડો થાય ત્યારે कण्णिकार થાય ॥ ૮ । ૧ । ૧૬૮ ॥ સૂત્રથી इका એટલા ભાગનો एકાર વિકલ્પે થાય ત્યારે कण्णेर થાય અને બીજા પક્ષમાં कण्णिकार ઉપર પ્રમાણે થયા પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે कण्णिआर થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે कण्णेरो અને कण्णिआरो રૂપ સિદ્ધ થાય.।

# अयौ वैत् ॥ ८ । १ । १६९ ॥

अयिशब्दे आदेः स्वरस्य परेण सस्वरव्यंजनेन सह ऐद् वा भवति।

અર્થ:–अयि શબ્દની આદિ સ્વરના બીજા સ્વર સહિત વ્યંજન સાથે ऐકાર વિકલ્પે થાય.

ऐ बीहेमि,

अयि बिभेमि સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૬૯ ॥ સૂત્રથી अयि સ્થાને ऐકાર વિકલ્પે થાય ત્યારે ऐ बिभेमि થાય भीधातु સંસ્કૃત તેને ॥ ૮ । ૪ । ૫૩ ॥ સૂત્રથી भीનો बीह् આદેશ થાય અને मि પ્રત્યય આવે ત્યારે ॥ ૮ । ૪ । ૨૩૯ ॥ સૂત્રથી વ્યંજનાંત એવા ધાતુને અંતે अકાર થાય છે. ત્યારે बीह्–अ–मि થાય ॥ ૮ । ૩ । ૧૫૮ ॥ સૂત્રથી વર્તમાના પંચમી અને शतृ એ પર છતાં अકારના સ્થાને एકાર થાય ત્યારે बीहेमि થાય એવી રીતે ऐ बीहेमि રૂપ સિદ્ધ થાય છે.।



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

अइ उम्मत्तिए,

अयि उन्मत्तिके એ સંસ્કૃત વાક્ય છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે अइ થાય ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી उन्मत्तिके શબ્દમાં વ્યંજનનો લોપ થાય ત્યારે उमत्तिके થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી म्કાર બેવડો થાય ત્યારે उम्मत्तिके થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી ककारनो લોપ થાય ત્યારે उम्मत्तिए રૂપ સિદ્ધ થાય.।

वचनादैकारस्यापि प्राकृते प्रयोगः આ સૂત્રમાં अयि અવ્યયને સ્થાને ऐकार આદેશ કરેલ છે જો કે પ્રાકૃત ભાષામાં ऐकार નથી છતાં પણ આ અવ્યયમાં તો ऐकारનો પ્રયોગ થાય છે.।

## ओत्पूतर-बदर-नवमालिका नवफलिका-पूगफले॥८।१।१७०॥

पूतरादिषु आदेः स्वरस्य परेण सस्वरव्यंजनेन सह ओद् भवति । पूतर વગેરે પાંચ શબ્દોમાં પહેલો સ્વર તથા પછીનો સ્વર સહિત વ્યંજન સાથે ओत् એટલે ઓકાર થાય છે.।

पोरो,

पूतर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૦ ॥ સૂત્રથી पूतनो पो થાય ત્યારે पोर થાય ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે पोरो રૂપ સિદ્ધ થાય.।

बोरं बोरी,

बदर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૦ ॥ સૂત્રથી बदनो बो થાય ત્યારે बोर થાય ॥ ૮ । ३ । २५ ॥ સૂત્રથી सिनो म्કાર થાય ॥ ૮ । ૧ । ૨३ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે बोरं અને સ્ત્રીલિંગમાં बोरी એવાં રૂપ સિદ્ધ થાય છે.।

नोमालिआ,

नवमालिका શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૦ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

नवनो नो આદેશ થાય ત્યારે નોમાલિका થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી ककारનો લોપ થાય ત્યારે नोमालिआ સિદ્ધ થાય.।

नोहलिआ,

नवफलिका શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૦ ॥ સૂત્રથી नवनो नो આદેશ થાય ત્યારે नोफलिका થાય ॥૮।૧।૧૮૭॥ સૂત્રથી फकारનો हकार થાય ત્યારે नोहलिका થાય પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી ककारનો લોપ થાય ત્યારે नोहलिआ રૂપ સિદ્ધ થાય.।

पोप्फलं पोप्फली,

पूगफल શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૭૦॥ સૂત્રથી पूगनो पो થાય ત્યારે पोफल થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી फकार બેવડો થઈ । ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ फ्कारનો प्कार થાય. ત્યારે पोप्फल થાય પછી ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिनो म्कार થાય. ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्कारનો અનુસ્વાર ત્યારે पोप्फलं અને સ્ત્રીલિંગમાં पोप्फली રૂપ સિદ્ધ થાય છે.।

## न वा-मयूख-लवण-चतुर्गुण-चतुर्थ-चतुर्दश-चतुर्वार-सुकुमार-कुतूहलोदूखलोलूखले ॥ ८। १। १७१ ॥

मयूखादिषु आदेः स्वरस्य परेण सस्वरव्यंजनेन सह ओद् वा भवति।

અર્થ:-मयूखादि શબ્દોમાં આદિ રહેલા સ્વરનો બીજા સ્વર સહિત વ્યંજન સાથે ओकार વિકલ્પે થાય છે.।

मोहो मऊहो,

मयूख શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૧ ॥ સૂત્રથી मयूनो मो થાય ત્યારે मोख થાય ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી खकारનો हकार થાય ત્યારે मोह થાય બીજા પક્ષમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી यकारનો લોપ થાય ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી खनो ह થાય ત્યારે मऊह થાય ॥ ૮ । ૩ ।૨॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે मोहो અને मऊहो રૂપો સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

लोणं,

लवण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૧ ॥ સૂત્રથી લવનો लो થાય ત્યારે लोण થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્‌કાર થાય પછી ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્‌કારનો અનુસ્વાર થાય ત્યારે लोणं રૂપ સિદ્ધ થાય. ।

इअ लवणुग्गमा,

इति लवणोद्गम સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૬૧ ॥ સૂત્રથી इति શબ્દના ઇકારનો અકાર થાય ત્યારે इत થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી તકારનો લોપ થાય ત્યારે इअ થાય लवणोद्गम ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી णोનો णु થાય ત્યારે लवणुद्गम થાય ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી દકારનો લોપ થાય ત્યારે लवणुगम થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ગકાર બેવડો થાય ત્યારે लवणुग्गम થાય પછી ॥ ૮ । ૩ । ૪ ॥ સૂત્રથી जस् પ્રત્યયનો લોપ થાય ॥ ૮ । ૩ । ૧૨ ॥ સૂત્રથી અકારનો આકાર થાય ત્યારે इअ लवणुग्गमा રૂપ સિદ્ધ થાય. ।

चोग्गुणो चउग्गुणो,

चतुर्गुण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૧ ॥ સૂત્રથી चतुना સ્થાને चो થાય ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ ત્યારે चोगुण થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ગકાર બેવડો થાય ત્યારે चोग्गुण થાય બીજા પક્ષમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી તકારનો લોપ થાય ત્યારે चउर्गुण થાય પછી ઉપરોકત સૂત્ર લગાડીએ ત્યારે चउग्गुण થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે चोग्गुणो અને બીજા પક્ષે चउग्गुणो રૂપ સિદ્ધ થાય।

चोत्थो चउत्थो, चोत्थी चउत्थी,

चतुर्थ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૧ ॥ સૂત્રથી चतुना સ્થાને चो થાય. પછી ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે चोथ થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી થકાર બેવડો થાય ॥ ૮ । ૨ । ૯૦ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂત્રથી પૂર્વ થકારનો તકાર થાય ત્યારે चोत्थ થાય બીજા પક્ષમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી તકારનો લોપ થાય ત્યારે चउर्थ થાય શેષં પૂર્વવત् चउत्थ થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે चोत्थो અને चउत्थो થાય અને સ્ત્રીલિંગે ङी પ્રત્યય થાય ત્યારે चोत्थी અને चउत्थी રૂપો સિદ્ધ થાય.।

चोद्दह चउद्दह,

चतुर्दश શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૧ ॥ સૂત્રથી પૂર્વવત् चो થાય અને चउ થાય પૂર્વવત् रકારનો લોપ થાય પછી दश શબ્દને ॥ ૮ । ૧ । ૨૬૨ ॥ સૂત્રથી शકારનો हકાર થાય અને ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી दકાર બેવડો થાય ત્યારે चोद्दह અને चउद्दह રૂપો સિદ્ધ થાય.।

चोद्दसी चउद्दसी,

चतुर्दशी શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૧ ॥ સૂત્રથી चतुનો चो અને चउ થાય પછી ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે चोदशी અને चउदशी થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી दકાર બેવડો થાય અને ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે चोद्दसी અને चउद्दसी રૂપો સિદ્ધ થાય.।

चोव्वारो चउव्वारो

चतुर्वार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૧ ॥ સૂત્રથી चो અને પૂર્વવત્ चउ થાય પછી પૂર્વવત્ रકારનો લોપ થાય ॥૮।૨।૮૯॥ સૂત્રથી वકાર બેવડો થાય ત્યારે चोव्वार અને चउव्वार થાય ॥ ૮ ।૩। ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે चोव्वारो અને चउव्वारो રૂપો સિદ્ધ થાય.।

सोमालो सुउमालो सुकुमालो

सुकुमार શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૧ ॥ સૂત્રથી सुकु ના સ્થાને सो થાય ત્યારે सोमार થાય બીજા પક્ષમાં ॥૮ ।૧। ૧૭૭॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂત્રથી ककારનો લોપ થાય ત્યારે सुउमार થાય લોપ ન કરે ત્યારે सुकुमार થાય ॥ ૮ । ૧ । ૨૫૪ ॥ સૂત્રથી रકારનો लકાર થાય ત્યારે सोमाल सुउमाल सुकुमाल થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે सोमालो બીજા પક્ષે सुउमालो અને सुकुमालो રૂપો સિદ્ધ થાય.।

कोहलं कोउहल्लं (लं)

કુતૂહલ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૧ ॥ સૂત્રથી कुतूને સ્થાને को થાય ત્યારે कोहल થાય બીજા પક્ષે कोउहल्ल થાય ॥૮।૧।૧૧૭॥ સૂત્રમાં સાધનિકા થએલ છે ત્યાં જોઇ લેવું ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिનો मકાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે कोहलं અને कोउहल्लं રૂપો સિદ્ધ થાય.।

तथा मन्ये कौतुहलिके આ સંસ્કૃત વાક્ય ઉપરથી (तह मन्ने कोहलिए) થાય.

ओहलो उऊहलो,

उदूखल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮।૧ । ૧૭૧ ॥ સૂત્રથી उदूનો ओકાર થાય ત્યારે ओखल થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી खકારનો हકાર થાય ત્યારે ओहल થાય બીજા પક્ષમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ दકારનો લોપ થાય ત્યારે उऊखल થાય શેષં પૂર્વવત્ જાણવું ओहल અને उऊहल થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે ओहलो અને उऊहलो રૂપ સિદ્ધ થાય.।

ओक्खलं उलूहलं,

उलूखल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૧ ॥ સૂત્રથી उलूના સ્થાને ओકાર થાય ત્યારે ओखल થાય ॥ ૮ । ૨ । ૯૧ ॥ સૂત્રથી खકાર બેવડો થાય ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ खકારનો कકાર થાય ત્યારે ओक्खल થાય બીજા પક્ષમાં ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી खકારનો हકાર થાય ત્યારે उलूहल થાય ॥૮।૩।૨૫॥ સૂત્રથી सिનો मકાર થાય ॥૮।૧।૨૩॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે ओक्खलं અને उलूहलं રૂપો સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

मोरो मउरो,

इति तु मोर-मयूरशब्दाभ्यां सिद्धम्। मोरो અને मउरो આ બે પ્રયોગો તો સંસ્કૃતમાં मोर અને मयूर એવા બે શબ્દો જુદા જુદા છે તે ઉપરથી બનેલ છે માટે આ સૂત્રમાં मयूर શબ્દ કહેલ નથી તે ધ્યાનમાં રાખવાં.।

मोरो,

मोर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिनो डो થવાથી मोरो રૂપ સિદ્ધ થએલ છે.।

मऊरो,

मयूर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમા ॥८।१।१७७॥ સૂત્રથી यकारनो લોપ થાય ત્યારે मऊर થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે मऊरो રૂપ સિદ્ધ થાય.।

## अवापोते ॥ ८ । १ । १७२ ॥

अवापयोरुपसर्गयोरुत इति विकल्पार्थनिपाते च आदेः स्वरस्य परेण सस्वर व्यंजनेन सह ओद् वा भवति।

અર્થ:—अव અને अप ઉપસર્ગ તેમજ વિકલ્પ અર્થવાલા उत અવ્યયના આદિસ્વરનો બીજા સ્વર સહિત વ્યંજનની સાથે વિકલ્પે ओ થાય છે.।

ओअरइ अवयरइ

अवतरति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १७२ ॥ સૂત્રથી अवनो ओ થાય ओतरति થાય ॥८।१।१७७॥ સૂત્રથી तकारनो લોપ થાય ત્યારે ओअरति થાય ॥ ८ । ३ । १३९ ॥ સૂત્રથી ति नो इ થાય ત્યારે ओअरइ બીજા પક્ષમાં ॥ ८। १ । १७७ ॥ સૂત્રથી तकारनो લોપ થાય ॥ ८ । १ । १८० ॥ સૂત્રથી अवर्णनो यकार શેષં પૂર્વવત્ એવી રીતે ओअरइ અને अवयरइ રૂપ સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

ओआसो अवयासो

अवकाश શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૨ ॥ સૂત્રથી अवने। ओ થાય ત્યારે ओकाश થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી ककारने। લોપ થાય ત્યારે ओआश થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शकारने। सकार થાય ત્યારે ओआस થાય બીજા પક્ષમાં ॥ ૮ ।૧। ૧૭૭ ॥ સૂત્રથી ककारने। લોપ થાય પછી ॥૮।૧। ૧૮૦॥ સૂત્રથી अवर्णने। यकार થાય ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી शकारने। सकार થાય ત્યારે अवयास થાય ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે ओआसो અને अवयासो રૂપો સિદ્ધ થાય.।

ओसरइ अवसरइ

अपसरति સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૨ ॥ સૂત્રથી अपने। ओ થાય ત્યારે ओसरति થાય ॥ ૮ । ३ । ૧३૯ ॥ સૂત્રથી तिना સ્થાને इ થાય ત્યારે ओसरइ થાય અને अप તેને ॥ ૮ । ૧ । २३૧ ॥ સૂત્રથી पकारने। वकार થાય ત્યારે अव થાય શેષં પૂર્વવત્ अवसरइ રૂપ સિદ્ધ થાય.।

ओसारिअं अवसारिअं

अपसारित શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૨ ॥ સૂત્રથી अपने। ओ થાય ત્યારે ओसारित થાય ॥ ૮ ।૧। ૧૭૭॥ સૂત્રથી तकारने। લોપ થાય ત્યારે ओसारिअ થાય બીજા પક્ષમાં अप તેને ॥ ૮ ।૧। २३૧ ॥ સૂત્રથી पकारने। वकार થાય શેષં પૂર્વવત્ થાય ત્યારે अवसारिअ થાય ૮ । ३ । २૫ ॥ સૂત્રથી सिने। म्‌कार થાય ॥ ૮ । ૧ । २३ ॥ સૂત્રથી म्‌कारने। અનુસ્વાર થાય ત્યારે ओसारिअं અને अवसारिअं રૂપો સિદ્ધ કરાય છે.।

ओवणं उअवणं

उपवन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮। ૧ । ૧૭૨ ॥ સૂત્રથી उपने। ओथाय ત્યારે ओवन થાય ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नकारने। ण कार થાય ત્યારે ओवण થાય બીજા પક્ષે उप તેને ॥ ૮।૧।૧૭૭ ॥ સૂત્રથી पकारने। લોપ થાય ત્યાર उअ થાય શેષં પૂર્વવત્ ત્યારે उअवण થાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી સિના સ્થાને મ્કાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે ओवणं અને उअवणं સિદ્ધ થાય. ।

ओघणो उअघणो,

उतघन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૨ ॥ સૂત્રથી उतનો ओ થાય ત્યારે ओघन થાય ॥૮।૧।૨૨૮॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે ओघण થાય બીજા પક્ષે उत તેને ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે उअ થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે ओघणो અને उअघणो રૂપો સિદ્ધ થાય છે.

क्वचिन्न भवति-अवगयं, अवसद्दो, उअरवी,

अवगयं,

अपगत શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી पકારનો वકાર થાય ત્યારે अवगत થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે अवगअ થાય ॥૮।૧।૧૮૦॥ સૂત્રથી અવર્ણનો यકાર થાય ત્યારે अवगय થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય ॥૮। ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે अवगयं રૂપ સિદ્ધ થાય.।

अवसद्दो,

अपशब्द શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૩૧॥ સૂત્રથી पકારનો वકાર થાય ત્યારે अवशब्द થાય ॥૮।૨।૭૯॥ સૂત્રથી ब्કારનો લોપ થાય ત્યારે अवशद થાય ॥ ૮।૧।૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે अवसद થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી दકાર બેવડો થાય ત્યારે अवसद्द થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય अवसद्दो રૂપ સિદ્ધ થાય. ।

उअरवी,

उतरवि શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે उअरवि થાય ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી इકાર દીર્ઘ થાય ત્યારે उअरवी સિદ્ધ થાય. ।



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ऊच्चोपे ॥ ८ । १ । १७३ ॥

उपशब्दे आदेः स्वरस्य परेण सस्वरव्यंजनेन सह ऊत् ओच्चादेशौ वा भवतः।

અર્થ:—उप શબ્દમાં આદિ સ્વરને બીજા સ્વર સહિત વ્યંજન સાથે ऊકાર અને ओકાર વિકલ્પે થાય.।

ऊहसिअं ओहसिअं उवहसिअं,

उपहसित શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૩ ॥ સૂત્રથી उपનો ऊ અને ओ બંને થાય ત્યારે ऊहसित અને ओहसित થાય ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે ऊहसिअ અને ओहसिअ થાય અને उप તેને ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી पકારનો वકાર થાય ત્યારે उवहसित થાય પૂર્વવત્ तકારનો લોપ થાય ત્યારે उवहसिअ થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिનો म્કાર થાય અને ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म્કારનો અનુસ્વાર થાય ત્યારે ऊहसिअं-[२]ओहसिअं અને [३]उवहसिअं રૂપો સિદ્ધ થાય છે.।

ऊज्झाओ ओज्झाओ उवज्झाओ,

उपाध्याय શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૩ ॥ સૂત્રથી उपનો ऊ અને ओ થાય બીજા પક્ષમાં उपा તેને ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી पानो वा થાય ત્યારે उवा થાય ॥૮।૧।૮૪॥ સૂત્રથી હ્રસ્વ સંયોગે आકારનો अકાર થાય ત્યારે ऊध्याय-ओध्याय અને उवध्याय થાય પછી ॥ ૮ । ૨ । ૨૬ ॥ સૂત્રથી ध्यानो झा થાય ॥૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી झકાર બેવડો થાય ત્યારે झ्झा થાય પછી ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ झ્કારનો ज્કાર થાય ત્યારે ऊज्झाय ओज्झाय અને उवज्झाय થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે ऊज्झाअ-ओज्झाअ અને उवज्झाअ થાય ॥ ૮ । ३ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે ऊज्झाओ-ओज्झाओ અને उवज्झाओ રૂપો સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ऊआसो ओआसो उववासो,

उपवास શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં उपने પૂર્વની માફક ત્રણ આદેશ થાય ऊ. ओ. उव. वास તેમાં ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી वકારનો લોપ થાય ત્યારે ऊआस ओआस અને उववास થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે ऊआसो ओआसो અને उववासो રૂપો સિદ્ધ થાય. ।

## उमो निषण्णे ॥ ८ । १ । १७४ ॥

निषण्णशब्दे आदेः स्वरस्य परेण सस्वरव्यंजनेन सह उम आदेशो वा भवति ।

અર્થઃ-निषण्ण શબ્દની આદિમાં રહેલા સ્વરનો બીજા સ્વર સહિત વ્યંજન સાથે उम આદેશ વિકલ્પે થાય.।

णुमण्णो णिसण्णो,

निषण्ण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १७४ ॥ સૂત્રથી निषના સ્થાને नुम આદેશ થાય ત્યારે नुमण्ण થાય ॥८।१।२२८॥ સૂત્રથી નકારનો णકાર થાય ત્યારે णुमण्ण થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिનો डो થાય ત્યારે णुमण्णो રૂપ સિદ્ધ થાય બીજા પક્ષમાં निष શબ્દના षકારનો ॥ ८ ।१। २६० ॥ સૂત્રથી सકાર થાય ત્યારે निसण्ण થાય શેષં પૂર્વવત્ એવી રીતે णुमण्णो અને णिसण्णो રૂપો સિદ્ધ થાય.।

## प्रावरणे अङ्गुवाऊ ॥ ८ । १ । १७५ ॥

प्रावरणशब्दे आदेः स्वरस्य सस्वरव्यंजनेन सह अङ्गु आउ इत्येतावादेशौ वा भवतः ।

અર્થઃ-प्रावरण શબ્દની આદિમાં રહેલા સ્વરનો બીજા સ્વર સહિત વ્યંજન સાથે अङ्गु અને आउ એવા બે આદેશો વિકલ્પે થાય છે.।

पङ्गुरणं पाउरणं पावरणं,

प्रावरण શબ્દ સંસ્કૃત છે તેમાના आव એટલા ભાગને પ્રાકૃતમાં

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

॥ ८।१। १७५ ॥ સૂત્રથી अङ्गु અને आउ એવા બે આદેશો વિકલ્પે થાય ત્યારે मङ्गुरण माउरण અને मावरण થાય ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે पङ्गुरण पाउरण पावरण થાય ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી સિનો म્કાર થાય ॥८।१।२३ ॥ સૂત્રથી म્કારનો અનુસ્વાર થાય ત્યારે पङ्गुरणं पाउरणं पावरणं થાય.।

## स्वरादसंयुक्तस्यानादेः॥ ८ । १ । १७६ ॥

अधिकारोऽयम् । यद् इत ऊर्ध्वमनुक्रमिष्यामस्तत्स्वरात्परस्यासंयुक्तास्यानादे र्भवति, इति, वेदितव्यम्।

અર્થ:-આ અધિકાર સૂત્ર છે, અહીંથી આગળ અનુક્રમે જે કહેવામાં આવશે તે સ્વરથી પર, જોડાક્ષર વગરનો, અને જે આદિ ન હોય તેને સ્થાને થાય, એમ જાણી લેવું.।

## क-ग-च-ज-त-द-प-य-वा प्रायो लुक् ॥८।१।१७७॥

स्वरात्परेषामनादिभूतानामसंयुक्तानां क ग च ज त द प यवानां प्रायो लुग् भवति।

અર્થ:—સ્વર થકી પર એવા અને જોડાક્ષર વગરના અને આદિભૂત નહિ એવા क-ग-च-ज-त-द-प-य-व તેઓનો પ્રાયે કરીને લુક્ થાય છે.।

तित्थयरो,

( क લોપનાં ઉદાહરણો. ) तीर्थकर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । ८४ ॥ સૂત્રથી દીર્ઘનો હ્રસ્વ થાય ત્યારે तिर्थकर થાય ॥८।२।७९॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે तिथकर થાય ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી थકાર બેવડો થાય ત્યારે तिथ्थकर થાય ॥ ८ । २ । ९० ॥ સૂત્રથી પૂર્વ थકારનો तકાર થાય ત્યારે तित्थकर થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે तित्थअर થાય ॥ ८। १ । १८० ॥ સૂત્રથી अ વર્ણનો यકાર થાય ત્યારે तित्थयर થાય ८ । ३ । २ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે तित्थयरो સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

लोओ,

लोक संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी ककारनो लोप थाय त्यारे लोअ थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे लोओ रूप सिद्ध थाय. ।

सयढं

शकट शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । २६० ॥ सूत्रथी शकारनो सकार थाय त्यारे सकट थाय ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी ककारनो लोप थाय त्यारे सअट थाय ॥ ८ । १ । १८० ॥ सूत्रथी अवर्णनो यकार थाय त्यारे सयट थाय ॥ ८ । १ । १९६ ॥ सूत्रथी टनो ढ थाय त्यारे सयढ थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिनो म्‌कार थाय ॥ ८ । १ । २३ ॥ सूत्रथी म्‌कारनो अनुस्वार थाय त्यारे सयढं रूप सिद्ध थाय. ।

नओ

( ग् लोपनां उदाहरणो ) नग शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी ग्‌कारनो लोप थाय त्यारे नअ थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे नओ रूप सिद्ध थाय. ।

नयरं,

नगर शब्द संस्कृत छे. तेनुं प्राकृतमां ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी गकारनो लोप थाय त्यारे नअर थाय. ॥ ८ । १ । १८० ॥ सूत्रथी अवर्णनो यकार थाय त्यारे नयर थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिनो म्‌कार थाय पछी ॥ ८ । १ । २३ ॥ सूत्रथी म्‌कारनो अनुस्वार थाय त्यारे नयरं रूप सिद्ध थाय. ।

मयङ्को,

मृगांक शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी गकारनो लोप थाय त्यारे मृआङ्क थाय ॥ ८ । १ । १२६ ॥ सूत्रथी ऋकारनो

P. P. Ac. Gunratnasuri M.S.                                        Jin Gun Aaradhak Trust

अકાર થાય ॥૮।૧।૧૮૦॥ સૂત્રથી અવર્ણનો યકાર થાય ત્યારે મયાङ्क થાય પછી ॥ ૮।૧।૮૪॥ સૂત્રથી દીર્ઘનો હ્રસ્વ થાય ત્યારે મયङ्क થાય પછી ॥ ૮।૩।૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે મયङ्को રૂપ સિદ્ધ થાય છે.।

सई

(च् લોપનાં ઉદાહરણો) शची શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે सची થાય ॥ ૮।૧।૧૭૭॥ સૂત્રથી चકાર લોપ થાય ત્યારે सई સિદ્ધ થાય.।

कयग्गहो,

कचग्रह શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી चકારનો લોપ થાય ત્યારે कअग्रह થાય ॥ ૮।૧।૧૮૦ ॥ સૂત્રથી અવર્ણનો यકાર ત્યારે कयग्रह થાય ॥ ૮।૨।૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે कयगह થાય ॥ ૮।૨।૮૯ ॥ સૂત્રથી गકાર બેવડો થાય ત્યારે कयग्गह થાય ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે कयग्गहो સિદ્ધ થાય.।

रययं,

( ज् લોપનાં ઉદાહરણો ) रजत શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮।૧।૧૭૭ ॥ સૂત્રથી जકાર અને तકાર બંનેનો લોપ થાય પછી ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી અવર્ણનો यકાર થાય ત્યારે रयय થાય ॥૮।૩।૨૫॥ સૂત્રથી સિના સ્થાને म्કાર થાય ॥૮।૧।૨૩॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે रययं રૂપ સિદ્ધ થાય.।

पयावई,

प्रजापति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮।૨।૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે पजापति થાય ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી जકારનો લોપ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થાય ત્યારે पआपति થાય ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી અવર્ણનો यકાર થાય ત્યારે पयापति થાય ॥૮।૧।૨૩૧॥ સૂત્રથી पકારનો वકાર થાય ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે पयावइ થાય પછી ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી इકાર દીર્ઘ થાય ત્યારે पयावई રૂપ સિદ્ધ થાય. ।

गओ,

गज શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી जકારનો લોપ થાય ત્યારે गअ થાય પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે गओ રૂપ સિદ્ધ થાય. ।

विआणं,

(त લોપનાં ઉદાહરણો.) वितान શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે विआन થાય ॥૮।૧।૨૨૮॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે विआण થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिનો म્કાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म્કારનો અનુસ્વાર થાય ત્યારે विआणं સિદ્ધ થાય. ।

रसायलं,

रसातल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે रसाअल થાય ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अ વર્ણનો यકાર થાય ત્યારે रसायल થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिનો म્કાર થાય ॥૮।૧।૨૩॥ સૂત્રથી म્કારનો અનુસ્વાર થાય ત્યારે रसायलं રૂપ સિદ્ધ થાય.।

जई,

यति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૪૫ ॥ સૂત્રથી यકારનો जકાર થાય ત્યારે जति થાય ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે जइ થાય ॥ ૮ ।૩। ૧૯ ॥ સૂત્રથી इકારનો દીર્ઘ ईકાર થાય ત્યારે जई રૂપ સિદ્ધ થાય. ।

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

**गया,**

(द् લોપન ઉદાહરણો) गदा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી दકારનો લોપ થાય ત્યારે गआ થાય ॥૮।૧।૧૮૦॥ સૂત્રથી अ વર્ણનો यકાર થાય ત્યારે गया રૂપ સિદ્ધ થાય.।

**मयणो,**

मदन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી दકારનો લોપ થાય ત્યારે मअन થાય ॥ ૮।૧।૧૮૦ ॥ સૂત્રથી अ વર્ણનો यકાર થાય ત્યારે मयन થાય ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે मयण થાય ॥ ૮ ।३। २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે मयणो થાય.।

**रिऊ,**

(प् લોપનાં ઉદાહરણો) रिपु શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી पકારનો લોપ થાય ત્યારે रिउ થાય ॥ ૮ । ३ । ૧૯ ॥ સૂત્રથી उકારનો ऊકાર થાય ત્યારે रिऊ રૂપ સિદ્ધ થાય.।

**दयालू,**

(य् લોપનાં ઉદાહરણો) दयालु શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી यકારનો લોપ થાય પછી ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अ વર્ણનો यકાર થાય ત્યારે दयालु થાય ॥ ૮ । ३ । ૧૯ ॥ સૂત્રથી उકારનો ऊકાર થાય ત્યારે दयालू રૂપ સિદ્ધ થાય.।

**नयणं,**

नयन શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી यકારનો લોપ થાય પછી ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अवર્ણનો यકાર થાય ત્યાને नयन થાય ॥૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે नयण થાય ॥ ૮ । ३ । ૨૫ ॥ સૂત્રથી सिનો म्કાર થાય ॥ ૮ । ૧ । ૨३ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે नयणं રૂપ સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

विओओ,

त्रियोग શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે त्रिओग થાય તેજ સૂત્રથી गકારનો લોપ થાય ત્યારે त्रिओअ થાય ૮ ।૩। ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે विओओ રૂપ સિદ્ધ થાય. ।

लायण्णं,

(व् લોપનાં ઉદાહરણો) लावण्य શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી वકારનો લોપ થાય ત્યારે लाअण्य થાય ॥૮।૧।૧૮૦॥ સૂત્રથી अ વર્ણનો यકાર થાય ત્યારે लायण्य થાય પછી ॥ ૮ । ૨ । ૭૮ ॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે लायण થાય ॥૮।૨।૮૯॥ સૂત્રથી णકાર બેવડો થાય ત્યારે लायण्ण થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिનો म्કાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે लायण्णं રૂપ સિદ્ધ થાય. ।

विउहो,

विबुध શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી बकારનો લોપ થાય ત્યારે विउध થાય ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી धકારનો हકાર થાય ત્યારે विउह થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે विउहो રૂપ સિદ્ધ થાય. ।

वलयाणलो,

वडवानल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૦૨॥ સૂત્રથી डકારનો लકાર થાય ત્યારે वलवानल થાય ॥ ૮ ।૧। ૧૭૭ ॥ સૂત્રથી वકારનો લોપ થાય ત્યારે वलआनल થાય પછી ॥ ૮ ।૧। ૧૮૦ ॥ સૂત્રથી अवर्णનો यકાર થાય ત્યારે वलयानल થાય ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકાર નો णકાર થાય ત્યારે वलयाणल થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે वलयाणलो રૂપ સિદ્ધ થાય.। प्रायो ग्रहणात् क्वचिन्न भवति ઘણું કરીને થાય એમ કહેલ હોવાથી ક્યાંક ન પણ થાય.।



P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

सुकुसुमं,

सुकुसुम શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ककारनो લોપ ન થાય ત્યારે એમજ રહે અને ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिनो म्‌કાર થાય ॥८।१।२३॥ સૂત્રથી म्‌કારનો અનુસ્વાર થાય ત્યારે सुकुसुमं થાય.।

पयागजलं,

प्रयागजल શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી र्‌કારનો લોપ થાય ત્યારે पयागजल થાય છે શેષં પૂર્વવત્‌ पयागजलं રૂપ સિદ્ધ થાય છે.।

सुगओ,

सुगत શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે सुगअ થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે सुगओ રૂપ સિદ્ધ થાય.।

अगरू,

अगरु શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । ३ । १९ ॥ સૂત્રથી उકાર દીર્ઘ થાય ત્યારે अगरू સિદ્ધ થાય.।

सचावं,

सचाप શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २३१ ॥ સૂત્રથી पકારનો वકાર થાય ત્યારે (ચંદન) અર્થમાં सचाव થાય ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिનો म्‌કાર થાય ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म्‌કારનો અનુસ્વાર થાય ત્યારે सचावं રૂપ સિદ્ધ થાય.।

विजणं,

व्यजन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७८ ॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે वजन થાય ॥ ८ । १ । ४६ ॥ સૂત્રથી આદિ अકારનો इકાર થાય ત્યારે विजन થાય પછી ॥ ८ । १ । २२८ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે विजण થાય શેષં પૂર્વવત્‌ सिनो म्‌કાર અને તેનો અનુસ્વાર થાય ત્યારે विजणं રૂપ સિદ્ધ થાય,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

मुतारं,

मुतार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં પણ સરખુંજ રૂપ સિદ્ધ થાય છે શેષ પૂર્વવત્ मुतारं રૂપ સિદ્ધ થાય. ।

विदुरो,

विदुर શબ્દનું પણ પ્રાકૃતમાં તેવુંજ થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિનો ડો થાય ત્યારે विदुरो સિદ્ધ થાય.।

सपावं,

सपाप શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી पकारनो वकार થાય ત્યારે सपाव થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો म्‌કાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्‌કારનો અનુસ્વાર થાય ત્યારે सपावं રૂપ સિદ્ધ થાય.।

समवाओ,

समवाय શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી यकारनो લોપ થાય ત્યારે समवाअ થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે समवाओ રૂપ સિદ્ધ થાય. ।

देवो,

देव શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે देवो રૂપ સિદ્ધ થાય. ।

दाणवो,

दानव શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नकारनो णकार થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે दाणवो રૂપ સિદ્ધ થાય. ।

स्वरादित्येव। સ્વર થકી પર હોય તોજ ઉપર બતાવેલ क्–ग् વિગેરે અક્ષરોનો લોપ થાય છે. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

संकरो,

शंकर शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । २६० ॥ सूत्रथी शकारनो सकार थाय त्यारे संकर थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे संकरो रुप सिद्ध थाय. ।

संगमो,

संगम शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे संगमो थाय. ।

नक्कंचरो,

नक्तंचर शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । २ । ७७ ॥ सूत्रथी तकारनो लोप थाय त्यारे नकंचर थाय ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी ककार बेवडो थाय त्यारे नक्कंचर थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे नक्कंचरो रुप सिद्ध थाय. ।

धणंजओ,

धनंजय शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । २२८ ॥ सूत्रथी नकारनो णकार थाय त्यारे धणंजय थाय ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी यकारनो लोप थाय त्यारे धणंजअ थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे धणंजओ रुप सिद्ध थाय. ।

विसंतवो,

द्विषंतप शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । २ । ७७ ॥ सूत्रथी दकारनो लोप थाय त्यारे विषंतप थाय ॥ ८ । १ । २६० ॥ सूत्रथी षकारनो सकार थाय त्यारे विसंतप थाय ॥ ८ । १ । २३१ ॥ सूत्रथी पकारनो वकार थाय त्यारे विसंतव थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिनो डो थाय त्यारे विसंतवो थाय छे. ।

पुरंदरो,

पुरंदर शब्द संस्कृत छे तेनुं प्राकृतमां पण तेवुं ज रुप रहे छे. ॥८॥३॥२॥ सूत्रथी सिनो डो थाय त्यारे पुरंदरो थाय. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

संवुडो,

संवृत्त શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૩૧ ॥ સૂત્રથી આદિ ऋકારનો उકાર થાય ત્યારે संवुत्त થાય ॥ ૮ । ૧ । ૨૦૬ ॥ સૂત્રથી तકારનો डકાર થાય ત્યારે संवुड થાય ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે संवुडो રૂપ સિદ્ધ થાય. ।

संवरो,

संवर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી सिનો डो થાય ત્યારે संवरो સિદ્ધ થાય. ।

अक्को,

अर्क શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । २ । ७९ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે अक थाय ॥ ૮ । २ । ८९ ॥ સૂત્રથી कકાર બેવડો થાય ત્યારે अक्क થાય ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે अक्को રૂપ સિદ્ધ થાય. ।

वग्गो,

वर्ग શબ્દ સંસ્કૃત છે તેને પણ પૂર્વવત્ સૂત્રો લાગે ત્યારે वग्गो રૂપ સિદ્ધ થાય. ।

अव्वो अच्चो,

अर्व (अर्च) શ(થ)બ્દ સંસ્કૃત છે તેને પ્રાકૃતમાં પૂર્વવત્ સૂત્રો લગાડવાથી अव्वो अच्चो રૂપ સિદ્ધ થાય છે. ।

वज्जं,

वर्य શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । २ । २४ ॥ સૂત્રથી र्यनो ज થાય ત્યારે वज થાય પછી ॥ ૮ । २ । ८९ ॥ સૂત્રથી जકાર બેવડો થાય ત્યારે वज्ज થાય ॥ ૮ । ३ । २५ ॥ સૂત્રથી सिનો म्કાર થાય ॥ ૮ । ३ । २५ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે वज्जं રૂપ સિદ્ધ થાય. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

धुत्तो,

धूर्त शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । ८४ ॥ सूत्रथी दीर्घनो ह्रस्व थाय त्यारे धुर्त थाय पछी ॥ ८ । २ । ७९ ॥ सूत्रथी रकारनो लोप थाय त्यारे धुत थाय ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी तकार बेवडो थाय त्यारे धुत्त थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे धुत्तो रूप सिद्ध थाय. ।

उद्दामो,

उद्दाम शब्दनुं प्राकृतमां पण तेज रूप थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिनो डो थाय त्यारे उद्दामो सिद्ध थाय. ।

विप्पो,

विप्र शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । २ । ७९ ॥ सूत्रथी रकारनो लोप थाय त्यारे विप थाय पछी ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी पकार बेवडो थाय त्यारे विप्प थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे विप्पो रूप सिद्ध थाय. ।

कज्जं,

कार्य शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । ८४ ॥ सूत्रथी कानो क थाय त्यारे कर्य थाय ॥ ८ । २ । २४ ॥ सूत्रथी र्यनो जकार थाय त्यारे कज्ज थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिनो म्‌कार थाय ॥ ८ । १ । २३ ॥ सूत्रथी म्‌कारनो अनुस्वार थाय त्यारे कज्जं रूप सिद्ध थाय छे. ।

सव्वं,

सर्व शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । २ । ७९ ॥ सूत्रथी रकारनो लोप त्यारे सव थाय ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी वकार बेवडो थाय त्यारे सव्व थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिनो म्‌कार थाय ॥ ८ । १ । २३ ॥ सूत्रथी म्‌कारनो अनुस्वार थाय त्यारे सव्वं रूप सिद्ध थाय. ।

क्वचित्संयुक्तस्यापि-जेमके:—नक्तंचर पूर्ववत् जाणवुं. । अनादेरित्येव.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कालो गन्धो,चोरो,-जारो,

काल-गन्ध-चोर-जार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે कालो-गन्धो-चोरो અને जारो રૂપ સિદ્ધ થાય. ।

तरू,

तरु શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ३ । १९ ॥ સૂત્રથી उકારનો ऊકાર થાય ત્યારે तरू સિદ્ધ થાય. ।

दवो,

दव શબ્દ સંસ્કૃત તે તેનું ॥૮।३।२॥ સૂત્રથી સિનો ડો થાય ત્યારે दवो રૂપ સિદ્ધ થાય. ।

पावं,

पाप શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ૮ । १ । २३१ ॥ સૂત્રથી पકારનો वકાર થાય ત્યારે पाव થાય ॥ ૮ । ३ । २५ ॥ સૂત્રથી સિનો म्કાર થાય ॥ ૮ । १ । २३ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે पावं રૂપ સિદ્ધ થાય છે. ।

वण्णो,

वर्ण શબ્દ છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । २ । ७९ ॥ સૂત્રથી रકારનો લોપ થાય પછી ॥૮।२।८९॥ સૂત્રથી णકાર બેવડો થાય ત્યારે वण्ण થાય ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે वण्णो રૂપ સિદ્ધ થાય છે. । यकारस्य तु जत्वामादौवक्ष्यते समासे तु वाक्यविभक्त्यपेक्षयाभिन्नपदत्वमपि विवक्ष्यते तेन तत्र यथादर्शनमुभयमपि भवति ।

અર્થ:—આદિમાં यકારનો जકાર થાય તે કહેશે અને સમાસમાં વાકય અને વિભક્તિની અપેક્ષાથી તેના જુદા જુદા પદ પણ કહી શકાય છે તેથી તેમાં જેવો પ્રયોગ દેખાય તે પ્રમાણે બન્ને પણ થાય. ।

सुहकरो सुहयरो,

सुखकर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । १ ।१८७ ॥ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

खकारनो हकार थाय त्यारे सुहकर थाय बीजा पक्षमां ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी ककारनो लोप थाय पछी ॥ ८ । १ । १८० ॥ सूत्रथी अ वर्णनो यकार थाय त्यारे सुहयर थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे सुहकरो अने सुहयरो रूपो सिद्ध थाय छे.।

आगमिओ आयमिओ,

आगमित शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी तकारनो लोप थाय त्यारे आगमिअ थाय बीजा पक्षे ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी गकारनो लोप थाय पछी अवर्णनो ॥ ८ । १ । १८० ॥ सूत्रथी यकार थाय त्यारे आयमिअ थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे आगमिओ अने आयमिओ रूप सिद्ध थाय.।

जलचरो जलयरो,

जलचर शब्द संस्कृत छे तेनुं प्राकृतमां पूर्ववत् जलचरो अने जलयरो सिद्ध थाय.।

बहुतरो बहुयरो,

बहुतर शब्दनुं प्राकृतमां पूर्ववत् बहुतरो अने बहुयरो रूप सिद्ध थाय छे.।

सुहदो सुहओ,

सुखद शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी खकारनो हकार थाय त्यारे सुहद थाय अने ॥८।१।१७७॥ सूत्रथी दकारनो लोप थाय त्यारे सुहअ थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे सुहदो अने सुहओ रूप सिद्ध थाय इत्यादि-क्वचिदादेरपि क्यांक आदिमां होय तो पण लोप थाय.।

सउण,

सपुन शब्द संस्कृत छे तेनुं प्राकृतमां । ८ । १ । १७७ ॥ सूत्रथी पकारनो लोप थाय त्यारे सउन थाय ॥ ८ । १ । २२८॥ सूत्रथी नकारनो णकार थाय त्यारे सउण थाय.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

सो-अ,

सः च આ સંસ્કૃત વાક્ય છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે सो च થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી चકારનો લોપ થાય ત્યારે सो-अ થાય.।

इन्धं,

चिन्ह શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી चકારનો લોપ થાય ત્યારે इन्ह થાય ॥ ૮ । ૨ । ૫૦ ॥ સૂત્રથી न्हનો न्ध થાય ત્યારે इन्ध થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો म્કાર થાય ॥૮।૧।૨૩॥ સૂત્રથી म્કારનો અનુસ્વાર થાય ત્યારે इन्धं રૂપ સિદ્ધ થાય.।

क्वचिच्चस्य जः। ક્યાંક चકારનો લોપ ન થતાં તેને બદલે जકાર પણ થાય છે જેમકેઃ—

पिसाजी,

पिशाची શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં चકારનો जકાર થાય ત્યારે पिशाजी થાય પછી ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે पिसाजी રૂપ સિદ્ધ થાય.।

एगत्तं,

एकत्वम् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૪ । ૩૯૬ ॥ સૂત્રથી कકારનો गકાર થાય પછી ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી वકારનો લોપ થાય ત્યારે एगत થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી तકાર બેવડો થાય ત્યારે एगत्त થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો म્કાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म્કારનો અનુસ્વાર થાય ત્યારે एगत्तं રૂપ સિદ્ધ થાય.।

एगो,

एक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં कકારનો ॥ ૮ । ૪ । ૩૯૬ ॥ સૂત્રથી गકાર થાય ત્યારે एग થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે एगो રૂપ સિદ્ધ થાય.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

अमुगो,

अमुक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં પૂર્વવત્ अमुगो રૂપ સિદ્ધ કરવું.।

अमुगो,

अमुक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં પૂર્વવત્ अमुगो, રૂપ સિદ્ધ થાય.।

सावगो,

श्रावक શબ્દ સંસ્કૃત છે તનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે शावक થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે सावक થાય ॥ ૮ ।૪। ૩૯૬ ॥ સૂત્રથી कકારનો गકાર થાય ત્યારે सावग થાય ॥ ૮ ।૩। ૨ ॥ સૂત્રથી सिनो डो થાય ત્યારે सावगो રૂપ સિદ્ધ થાય. ।

आगारो,

आकारः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૪ । ૩૯૬ ॥ સૂત્રથી कકારનો गકાર થાય ત્યારે आगार થાય ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે आगारो રૂપ સિદ્ધ થાય. ।

तित्थगरो,

तीर्थंकर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી દીર્ઘનો હ્રસ્વ થાય ત્યારે तिर्थकर થાય ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે तिथकर થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી थકાર બેવડો થાય ત્યારે तिथ्थकर થાય ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ थકારનો तકાર થાય ત્યારે तित्थकर થાય ॥ ૮ । ૪ । ૩૯૬ ॥ સૂત્રથી कકારનો गકાર થાય ત્યારે तित्थगर થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે तित्थगरो રૂપ સિદ્ધ થાય. ।

आगरिसो,

आकर्ष શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૪ । ૩૯૬ ॥ સૂત્રથી कકારનો गકાર થાય ત્યારે आगर्ष થાય ॥ ૮ । ૨ । ૧૦૫ ॥ સૂત્રથી षકારની પૂર્વે इકાર આગમ થાય ત્યારે आगरिष થાય ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી षકારનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

सકાર થાય અને ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે आगरिसो રૂપ સિદ્ધ થાય. ।

लोगस्सुज्जोअगरा,

लोकस्य उद्योतकराः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥८।४।३९६॥ સૂત્રથી कકારનો गકાર થાય ત્યારે लोग થાય ॥ ८ । ३ । १० ॥ સૂત્રથી स्स થાય ॥ ८ । २ । २४ ॥ સૂત્રથી द्यનો जકાર થાય ત્યારે उजोतकराः થાય ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી जકાર બેવડો થાય ત્યારે उज्जोतकरा થાય પછી ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે लोगस्स उज्जोअकरा થાય ॥ ८ । ४ । ३९६ ॥ સૂત્રથી कકારનો गકાર થાય ત્યારે उज्जोअगरा થાય પછી ॥ ८ । १ । १० ॥ સૂત્રથી स्सકારમાંથી अકારનો લોપ થાય ત્યારે लोगस्सुज्जो-अगरा રૂપ સિદ્ધ થાય. ।

इत्यादिषु तु व्यत्ययश्च ॥ ८ । ४ ।४४७॥ इत्येवकस्यगत्वम्. । एगत्तंथी लोगस्स સુધીના નવે પ્રયોગોમાં જ્યાં જ્યાં कનો ग કરવામાં આવ્યો તેનો અપભ્રંશ ભાષાનું સૂત્ર હોવાથી પ્રાકૃતમાં કેમ લાગે ? એવી શંકાના સમાધાનમાં કહે છે:–કે ભાષાનાં સૂત્રો કયાંક ફેરફાર પણ થાય છે. વિસ્તાર ॥८।४।४४७॥ સૂત્રમાં જોઇ લેવો । आर्षे अन्यदपि दृश्यते । आर्ष ભાષામાં બીજો ફેરફાર પણ આવે છે જેમકે:—

आउण्टणं,

आकुञ्चन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી कકારનો લોપ ત્યારે आउञ्चन થાય આ ઠેકાણે चકારનું टકારપણું બીજા ફેરફારને હીસાબે થાય ત્યારે आउण्टन થાય ॥८ । १ । २२८॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે आउण्टण થાય ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिનો म्કાર થાય ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે आउण्टणं રૂપ સિદ્ધ થાય. ।

## यमुना-चामुण्डा-कामुकातिमुक्तके मोनुनासिकश्च ॥८।१।१७८॥

एषु मस्य लुग् भवति, लुकि च सति मस्य स्थाने अनुनासिको भवति ।

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

અર્થઃ—આ શબ્દોમાં મ્કારનો લુક્ થાય છે લુક્ થયે છતે મ્કારના સ્થાને અનુનાસિક થાય છે.।

**जँउणा,**

यमुना શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૪૫ ॥ સૂત્રથી યકારનો જકાર થાય ત્યારે जमुना થાય ॥૮।૧।૧૭૮॥ સૂત્રથી મ્કારનો લુક્ થાય ત્યારે जउणा થાય મ્ના સ્થાને અનુનાસિક થાય ત્યારે जँउना થાય ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર ત્યારે जँउणा રૂપ સિદ્ધ થાય.।

**चाँउण्डा,**

चामुण्डा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં પૂર્વવત્ चाँउण्डा થાય.।

**काँउओ,**

कामुक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૮ ॥ સૂત્રથી મ્કારનો લોપ થાય અને મ્કારનો લોપ થયે છતે અનુનાસિક થાય ત્યારે काँउक થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે काँउअ થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिનો डो થાય ત્યારે काँउओ રૂપ સિદ્ધ થાય.।

**अणिउँतयं,**

अतिमुक्तक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી तકારનો લોપ થાય અને कનો પણ લોપ થાય ત્યારે अइमुक्तअ થાય ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થયો ત્યારે अइमुतअ થાય પછી ॥ ૮ । ૧ । ૧૭૮ ॥ સૂત્રથી મ્કારનો લોપ થાય અને મ્ લોપ થયે છતે અનુનાસિક થાય ત્યારે अणिँउतअ થાય પછી ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી અવર્ણને સ્થાને યકાર થાય ત્યારે अणिँउतय થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે अणिँउतयं રૂપ સિદ્ધ થાય.।

क्वचिन्न भवति ક્યાંક મ્કારનો લોપ તથા અનુનાસિક બન્ને થતા નથી જેમકેઃ- अइमुन्तयं અને अइमुतयं રૂપો થાય છે ॥ ૮ । ૧ । ૨૬ ॥ સૂત્રમાં સાધેલ છે ત્યાં જોઈ લેવા.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## नावर्णात्पः ॥ ८ । १ । १७९ ॥

अवर्णात्परस्यानादेः पस्य लुग् न भवति।

અર્થ:—अवर्णथકી પર આદિભૂત નહિં એવા पકારનો લુક્ ન થાય.।

सबहो,

शपथ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે सपथ થાય ॥ ८ । १ । २३१ ॥ સૂત્રથી पકારનો बકાર થાય ત્યારે सबथ થાય ॥ ८ । १ । १८७ ॥ સૂત્રથી थકારનો हકાર થાય ત્યારે सबह થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે सबहो રૂપ સિદ્ધ થાય.।

सावो,

शाप શબ્દ સંસ્કૃત છે તેને પ્રાકૃતમાં પૂર્વવત્ સૂત્ર લાગે ત્યારે सावो રૂપ સિદ્ધ થાય.।

अनादिरित्येव,

अवर्णथકી પર હોય છતાં પણ શબ્દની આદિમાં ન હોય તોજ पકારનો લોપ ન થાય પણ જો બીજા શબ્દની આદિમાં હોય તો લોપ થાય.।

परउट्ठो,

परपुष्ट શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી पકારનો લોપ થાય ત્યારે परउष्ट થાય ॥ ८ । २ । ३४ ॥ સૂત્રથી ष्टના સ્થાને ठ થાય ત્યારે परउठ થાય ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી ठકાર બેવડો થાય ત્યારે परउठ्ठ થાય ॥ ८ । २ । ९० ॥ સૂત્રથી પૂર્વ ठકારનો टકાર થાય ત્યારે परउट्ठ થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે परउट्ठो રૂપ સિદ્ધ થાય છે.।

## अवर्णो य श्रुतिः ॥ ८ । १ । १८० ॥

क. ग. च. जेत्यादिना लुकि सति शेषः अवर्णः अवर्णात्परो लघु प्रयत्नतर यकारश्रुतिर्भवति।

અર્થ:—कगचज એ સૂત્ર વડે લુક્ થાય પછી જો अवर्ण પછી अवर्ण

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

આવે તો પૂર્વના અવર્ણ પછી લઘુ પ્રયત્નતર એવા यની શ્રુતિ થાય એટલે અકારના સ્થાને यકાર થાય.।

तित्थयरो सयढं नयरं,

तिर्थंकर शकट नयर मृगाङ्क कचग्रह આ બધા શબ્દો પૂર્વે સાધેલા છે તેથી मयंको कयग्गहो આ સ્થાને લખેલા નથી ॥ ૮।૧।૧૭૭॥ સૂત્રમાં જોઇ લેવું

कायमणी,

काचमणि શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી चકારનો લોપ થાય પછી ॥૮।૧।૧૮૦॥ સૂત્રથી અવર્ણનો यકાર થાય ત્યારે कायमणि થાય ॥૮।૩।૧૯॥ સૂત્રથી इકારનો ईકાર થાય ત્યારે कायमणी રૂપ સિદ્ધ થાય.।

रययं₁ पयावई₂-रसायलं₃,

रजत₁ प्रजापति₂ रसातल આ શબ્દો પણ સાધેલ છે ॥૮।૧।૧૭૭॥ સૂત્રમાં જોવા.

पायालं,

पाताल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી तકારનો લોપ થાય પછી ॥૮।૧।૧૮૦॥ સૂત્રથી અવર્ણનો यકાર થાય ત્યારે पायाल થાય ॥૮।૩।૨૫॥ સૂત્રથી सिनो म्કાર થાય અને ॥૮।૧।૨૩॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે पायालं રૂપ સિદ્ધ થાય.।

मयणो₁ गया₂ नयण₃,

मदन₁ गदा₂ नयन₃ दयालु₄ लावण्य₅ આ બધા શબ્દો ॥૮।૧।૧૭૭॥ સૂત્રમાં दयालू लायण्णं, આવી ગયા છે માટે ત્યાં જોઈ લેવા.।

अवर्ण इति किम् अ વર્ણ ન હોય તો કેમ થાય, તે હવે બતાવે છે.।

सउणो,

शकुन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી शકારનો सકાર થાય અને ॥૮।૧।૨૨૮॥ સૂત્રથી नકારનો णકાર થાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે સक्कुण થાય॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે सउण થાય॥ ૮ ।૩। ૨ ॥ સૂત્રથી સિનો ડો થાય ત્યારે सउणो રૂપ સિદ્ધ થાય. ।

पउणो,

प्रगुण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી गકારનો લોપ થાય ત્યારે पउण થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિનો ડો થાય ત્યારે पउणो થાય. ।

पउरं,

प्रचुर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮।૨।૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી चકારનો લોપ થાય ત્યારે पउर થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો म્કાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म્કારનો અનુસ્વાર થાય ત્યારે पउरं રૂપ સિદ્ધ થાય. ।

राईवं,

राजीव શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી जકારનો લોપ થાય ત્યારે राईव થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો म્કાર થાય ॥૮।૧।૨૩॥ સૂત્રથી म્કારનો અનુસ્વાર ત્યારે राईवं રૂપ સિદ્ધ થાય. ।

निहओ,

निहत શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ ।૧। ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે निहअ થાય ॥૮। ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે निहओ રૂપ સિદ્ધ થાય. ।

निनओ,

निनद શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી दકારનો લોપ થાય ત્યારે निनअ થાય ॥૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે निनओ રૂપ સિદ્ધ થાય. ।

वाऊ,

वायु શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે वाउ થાય ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી उકાર દીર્ઘ થાય ત્યારે वाऊ રૂપ સિદ્ધ થાય. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कई,

कति शબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ સૂત્રથી તકારનો લોપ થાય ત્યારે कइ થાય ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી इકાર દીર્ઘ થાય ત્યારે कई રૂપ સિદ્ધ થાય. ।

अवर्णादित्येव અવર્ણ થકી પર ન હોય તો યકારનું શ્રવણ થાય નહિ।

लोअस्स,

लोकस्य શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે लोअस्य થાય ॥ ૮ ।૩ । ૧૦ ॥ સૂત્રથી ङसनो स्स થાય लोअस्स સિદ્ધ થાય. ।

देअरो,

देवर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ ।૧। ૧૭૭ ॥ સૂત્રથી वકારનો લોપ થાય ત્યારે देअर થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે देअरो રૂપ સિદ્ધ થાય. ।

क्वचित् भवति ક્યાંક અવર્ણથકી પર ન હોય તો પણ યકારનું શ્રવણ થાય છે।

पियइ,

पिबति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી बકારનો લોપ થાય પછી ॥ ૮।૧।૧૮૦ ॥ સૂત્રથી અઅર્ણનો यકાર થાય ત્યારે पियति થાય ॥ ૮ । ૩ । ૧૩૯ ॥ સૂત્રથી तिના સ્થાને इ થાય ત્યારે पियइ રૂપ સિદ્ધ થાય. ।

## कुब्ज-कर्पर-कीले-कः खोऽपुष्पे ॥ ८ । १ । १८१ ॥

एषु कस्य खो भवति पुष्पं चेत् कुब्जाभिधेयं न भवति ।

અર્થ:—આ શબ્દોમાં कકારનો खકાર થાય છે પરંતુ कुब्जનો અર્થ પુષ્પ ન થતો હોય તો. ।

खुज्जो,

कुब्ज શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૧ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ककारने। खकार थाय त्यारे खुब्ज थाय ॥ ८ । २ । ७९ ॥ सूत्रथी ब्कारने। લોપ થાય ત્યારે खुज थाय पछी ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी जकार બેવડો થાય ત્યારે खुज्ज થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે खुज्जो રૂપ સિદ્ધ થાય. ।

खप्परं,

कर्पर શબ્દ સંસ્કૃત તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १८१ ॥ સૂત્રથી कने। ख થાય ત્યારે खर्पर થાય ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી रकारने। લોપ થાય ત્યારે खपर થાય ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી पकार બેવડો થાય ત્યારે खप्पर થાય ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिने। म्कार થાય ॥८ ।१। २३॥ સૂત્રથી म्कारने। અનુસ્વાર થાય ત્યારે खप्परं રૂપ સિદ્ધ થાય. ।

खीलओ,

कीलक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥८।१।१८१॥ સૂત્રથી ककारने। खकार થાય ત્યારે खीलक થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી ककारने। લોપ થાય ત્યારે खीलअ થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે खीलओ રૂપ સિદ્ધ થાય. ।

अपुष्प इति किम् પુષ્પ અર્થ હોય તો ન થાય એમ કહેલ છે માટે.

वंधेउं कुज्जय पमून,

वंधितुं-कुब्जक-प्रमूनं એ સંસ્કૃત વાકય છે તેનું પ્રાકૃતમાં वंध् ધાતુ છે તેને ॥ ८ । ४ । २३९ ॥ સૂત્રથી अकार આગમ થાય ત્યારે वंध થાય પછી લૌકિક વ્યાકરણના "क्त्वातुमम् भावे" ॥ ५ । १ । १३ ॥ એ સૂત્રથી तुम् પ્રત્યય થયો ત્યારે वंधतुम् થયું પછી ॥ ८ । ३ । १५७ ॥ સૂત્રથી तुम् પ્રત્યય પર છતાં अकारના સ્થાને "एकार" થાય ત્યારે वंधेतुम् થાય ॥८।१।१७७॥ સૂત્રથી तकारने। લોપ થાય ત્યારે वंधेउम् થાય ॥८।१।२३॥ સૂત્રથી म्कारने। અનુસ્વાર થયો ત્યારે वंधेउं રૂપ સિદ્ધ થયું कुब्जक શબ્દ સંસ્કૃત છે તેને ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી वकारने। લોપ થાય ત્યારે कुजक થાય ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી जकार બેવડો થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कકારનો લોપ થાય ત્યારે कुज्जअ થાય ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अનો य થયો ત્યારે कुज्जय થયું प्रसून શબ્દ સંસ્કૃત છે તેને ॥૮।૨।૭૯॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે पसून થાય ॥ ૮ ।૧। ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે पसूण રૂપ થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય અને ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે पसूणं રૂપ સિદ્ધ થાય.।

आर्षेऽन्यत्रापि આર્ષ ભાષામાં ઉપર જણાવેલ શબ્દો કરતાં બીજા શબ્દોમાં પણ कનો ख થાય છે જેમકેઃ—

**खासिअं खसिअं,**

कासित અને कसित શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૧ ॥ સૂત્રથી कનો ख થાય પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે खासिअ અને खसिअ થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે खासिअं અને खसिअं રૂપો સિદ્ધ થાય.।

## मरकत मदकले गः कंदुके त्वादेः ॥८।१।१८२॥

अनयोः कस्य गो भवति कंदुके त्वाद्यस्य कस्य ।

मरकत અને मदकल એ બે શબ્દોમાં क નો ग થાય ને कंदुक શબ્દમાં રહેલ પહેલા क નો ग થાય.

**मरगयं,**

मरकत શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૨ ॥ સૂત્રથી કકારનો गકાર થાય ત્યારે मरगत થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય. ત્યારે मरगअ થાય. ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अ વર્ણનો य કાર થાય ત્યારે मरगय થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય. ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે मरगयं રૂપ સિદ્ધ થાય.

**मयगलो,**

मदकल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૨ ॥ સૂત્રથી કકારનો गકાર થાય ત્યારે मदगल થાય. ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી दકારનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લોપ થાય પછી ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अ વર્ણનો यકાર થાય ત્યારે मयगल થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिનો डो થાય ત્યારે मयगलो થાય. ।

गेन्दुअं,

कन्दुक શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૨ ॥ સૂત્રથી પહેલા कકારનો गકાર થાય. મૂળ સૂત્રમાં કહેલ હોવાથી गन्दुक થાય ત્યારે ॥ ૮ । ૧ । ૫૭ ॥ સૂત્રમાં સાધનિકા થએલ છે. સંપૂર્ણ સાધનિકા ત્યાં જોવી. ત્યારે गेन्दुअं રૂપ સિદ્ધ થાય. ।

## किराते चः ॥ ८ । १ । १८३ ॥

किराते कस्य चो भवति ।

અર્થ:—किरातના कનો च થાય છે. ।

चिलाओ,

किरात શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૩ ॥ સૂત્રથી कનો चકાર થાય. ત્યારે चिरात થાય. ॥ ૮ । ૧ । ૨૫૪ ॥ સૂત્રથી रકારનો ल કાર થાય ત્યારે चिलात થાય પછી ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે चिलाअ થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય. ત્યારે चिलाओ રૂપ સિદ્ધ થાય. ।

पुलिन्द एवायं विधिः । कामरूपिणि तु नेष्यते એટલે किरात શબ્દનો અર્થ ભીલ જાતિ હોય તોજ આ નિયમ લાગુ પડે. પણ જો ઇચ્છાથી ભીલનું રૂપ લીધું હોય તો ન થાય જેમકે:—

नमिमो हर किरायं,

नमामो हर किरातं સંસ્કૃત વાકય છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૩ । ૧૫૫ ॥ સૂત્રથી अકારનો इકાર થાય ત્યારે नमिमो हर किरात તેમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી तકારનો લોપ થાય પછી ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अ વર્ણનો यકાર થાય ત્યારે नमिमो हर किराय થાય. ॥ ૮ । ૩ । ૫ ॥ સૂત્રથી अमના અકારનો લોપ થાય. ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म્કારનો અનુસ્વાર થાય ત્યારે नमिमो हर किरायं રૂપ સિદ્ધ થાય. ।

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

## शीकरे भहौ वा ॥ ८ । १ । १८४ ॥

शीकरे कस्य भहौ वा भवतः ।

અર્થ:—शीकर શબ્દના કકારનો भ અને ह વિકલ્પે થાય છે. ।

सीभरो सीहरो,

शीकर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે सीकर થાય ॥ ૮ । ૧ । ૧૮૪ ॥ સૂત્રથી कનો भકારને हકાર વિકલ્પે થાય ત્યારે सीभर અને सीहर થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે सीभरो અને सहिरो સિદ્ધ થાય. ।

(पक्षे) सीअरो,

शीकर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે सीकर થાય ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે सीअर થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिનો डो થાય ત્યારે सीअरो રૂપ સિદ્ધ થાય. ।

## चन्द्रिकायां मः ॥ ८ । १ । १८५ ॥

चन्द्रिका शब्दे कस्य मो भवति ।

અર્થ:—चंद्रिका શબ્દમાંના कનો मકાર થાય છે. ।

चन्दिमा,

चन्द्रिका શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે चन्दिका થાય ॥ ૮ । ૧ । ૧૮૫ ॥ સૂત્રથી कકારનો मકાર થાય ત્યારે चन्दिमा રૂપ સિદ્ધ થાય. ।

## निकष-स्फटिके-चिकुरे-हः ॥ ८ । १ । १८६ ॥

एषु कस्यहो भवति ।

અર્થ:—આ શબ્દોમાં कનો हકાર થાય છે. ।

निहसो,

निकष શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૬ ॥ સૂત્રથી कકારનો हકાર થાય ત્યારે निहष થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી षકારનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

सકાર થાય ત્યારે निहस થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે निहसो રૂપ સિદ્ધ થાય.।

फलिहो,

स्फटिक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૨।૭૭॥ સૂત્રથી स्કારનો લોપ થાય ત્યારે फलिक થાય ॥૮।૧।૧૯૭॥ સૂત્રથી टકારનો लકાર થાય ત્યારે फलिक થાય ॥ ૮ । ૧ । ૧૮૬ ॥ સૂત્રથી कકારનો हકાર થાય ત્યારે फलिह થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે फलिहो રૂપ સિદ્ધ થાય.।

चिहुरो,

चिकुर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૬ ॥ સૂત્રથી कકારનો हકાર થાય ત્યારે चिहुर થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે चिहुरो રૂપ સિદ્ધ થાય.।

चिहुर शब्दः संस्कृतेऽपि इति दुर्गः ॥ चिहुर શબ્દ સંસ્કૃતમાં પણ છે એમ દુર્ગ કોશમાં લખે છે.।

## ख. घ. थ. ध. भाम् ॥ ८ । १ । १८७ ॥

स्वरात्परेषामसंयुक्तानामनादिभूतानां ख. घ. थ. ध. इत्येतेषां वर्णानां प्रायो हो भवति।

અર્થ:—સ્વર થકીપર જોડા અક્ષર વગરના અને આદિમાં નહિ રહેલા એવા ख. घ. थ. ध. અને भ એ પાંચ અક્ષરોનો ઘણું કરીને ह થાય છે.।

साहा,

( खનો ह થાય તેનાં ઉદાહરણો ) शाखा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી खકારનો हકાર થાય ત્યારે शाहा થાય ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે साहा સિદ્ધ થાય.।

मुहं,

मुख શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી खકારનો हકાર થાય ત્યારે मुह થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिनो म्કાર

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

थाय पछी ॥ ८ । १ । २३ ॥ सूत्रथी म्‌कारनो अनुस्वार थाय त्यारे मुहं रूप सिद्ध थाय.।

मेहला,

मेखला शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १८७ ॥ सूत्रथी खनो ह थाय त्यारे मेहला सिद्ध थाय.।

लिहइ,

लिखति शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १८७ ॥ सूत्रथी खकारनो हकार थाय त्यारे लिहति थाय ॥ ८ । ३ । १३९ ॥ सूत्रथी तिनो इ थाय त्यारे लिहइ रूप सिद्ध थाय.।

मेहो,

(घनो ह थाय तेनां उदाहरणो) मेघ शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १८७ ॥ सूत्रथी घकारनो हकार थाय त्यारे मेह थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे मेहो रूप सिद्ध थाय.।

जहणं,

जघन शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १८७ ॥ सूत्रथी घकारनो हकार थाय त्यारे जहन थाय ॥ ८ । १ । २२८ ॥ सूत्रथी नकारनो णकार थाय त्यारे जहण थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिनो म्‌कार थाय ॥ ८ । १ । २३ ॥ सूत्रथी म्‌कारनो अनुस्वार थाय त्यारे जहणं रूप सिद्ध थाय.।

माहो,

माघ शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १८७ ॥ सूत्रथी घकारनो हकार थाय त्यारे माह थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे माहो रूप सिद्ध थाय.।

लाहइ,

श्लाघते शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । २ । ७७ ॥ सूत्रथी श्‌नो लोप थई पछी ॥ ८ । १ । १८७ ॥ सूत्रथी घकारनो हकार थाय त्यारे लाहते थाय ॥ ८ । ३ । १३९ ॥ सूत्रथी तेनो इ थाय त्यारे लाहइ रूप सिद्ध थाय.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

नाहो,

(थनो ह थाय तेनां उदाहरणो) नाथ शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १८७ ॥ सूत्रथी थकारनो हकार थाय त्यारे नाह थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे नाहो रूप सिद्ध थाय. ।

आवसहो,

आवसथ शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १८७ ॥ सूत्रथी थकारनो हकार थाय त्यारे आवसह थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे आवसहो रूप सिद्ध थाय. ।

मिहुणं,

मिथुन शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १८७ ॥ सूत्रथी थकारनो हकार थाय त्यारे मिहुन थाय ॥ ८ । १ । २२८ ॥ सूत्रथी नकारनो णकार थाय त्यारे मिहुण थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिनो म्‌कार थाय ॥ ८ ।१। २३ ॥ सूत्रथी म्‌कारनो अनुस्वार थाय त्यारे मिहुणं रूप सिद्ध थाय.।

कहइ,

कथ् शब्द संस्कृत धातु छे तेनुं प्राकृतमां ॥ ८ । ४ । २३९ ॥ सूत्रथी अकार आगम थयो त्यारे कथ थयुं अने ॥ ८ । १ । १८७ ॥ सूत्रथी थकारनो हकार थाय त्यारे कहति थाय ॥ ८ । ३ । १३९ ॥ सूत्रथी तिनो इकार थाय त्यारे कहइ रूप सिद्ध थाय छे. ।

साहू,

(धनो ह थाय तेनां उदाहरणो) साधु शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १८७ ॥ सूत्रथी धकारनो हकार थाय त्यारे साहु थाय ॥८।३।१९॥ सूत्रथी उकारनो ऊकार थाय त्यारे साहू रूप सिद्ध थाय. ।

वाहो,

व्याध्र शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ ।२। ७८ ॥ सूत्रथी यकारनो लोप थाय त्यारे वाध्र थाय ॥ ८ । १ । १८७ ॥ सूत्रथी धकारनो हकार थाय

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે વાહ થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે वाहो રૂપ સિદ્ધ થાય.।

वहिरो,

वधिर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી ધકારનો હકાર થાય ત્યારે वहिर થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે वहिरो રૂપ સિદ્ધ થાય.।

वाहइ,

वाधृ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૪ । ૨૩૧ ॥ સૂત્રથી અકાર આગમ થાય ત્યારે वाध થાય ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી ધકારનો હકાર થાય ત્યારે वाह થાય પછી ॥ ૮ । ૩ । ૧૩૯ ॥ સૂત્રથી તેનો इકાર થાય ત્યારે वाहइ રૂપ સિદ્ધ થાય.।

इन्दहणू,

इन्द्रधनु શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે इन्द થાય ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી ધકારનો હકાર થાય. ત્યારે इन्दहनु થાય. ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી નકારનો ણકાર થાય. ત્યારે इन्दहणु થાય. ॥ ૮ । ૩ । ૧૯ ॥ સૂત્રથી ઉકારનો ઊકાર થાય ત્યારે इन्दहणू સિદ્ધ થાય.।

सहा,

(ભકારનો હકાર થાય) તેનાં ઉદાહરણો:—

सभा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી ભકારાનો હકાર થાય ત્યારે सहा રૂપ સિદ્ધ થાય.।

सहावो,

स्वभाव શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી વકારનો લોપ થાય ત્યારે सभाव થાય. ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી ભકારનો હકાર થાય ત્યારે सहाव થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય. ત્યારે सहावो રૂપ સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

नहं,

नभ શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી भ કારનો हકાર થાય ત્યારે नह થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिनो मूકાર થાય. ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી मूકારનો અનુસ્વાર થાય ત્યારે नहं રૂપ સિદ્ધ થાય.।

थणहरो,

स्तनभर શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૪૫ ॥ સૂત્રથી स्तनो थકાર થાય ત્યારે थनभर થાય. ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો ण કાર થાય ત્યારે थणभर થાય. ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી भકારનો हકાર થાય. ત્યારે थणहर થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिनो डो થાય ત્યારે थणहरो રૂપ સિદ્ધ થાય.।

सोहइ सोहए,

शुभ् ધાતુ સંસ્કૃત છે તેનો ગુણ થઇ शोभ् થયું પછી તેને પ્રાકૃતમાં ॥ ૮ । ૪ । ૨૩૯ ॥ સૂત્રથી अકાર આગમ થાય. ત્યારે शोभ થાય. ॥ ૮।૧।૨૬૦॥ સૂત્રથી शકારનો सકાર થાય. ત્યારે सोभ થાય. ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી भકારનો हકાર થાય ત્યારે सोह થાય. ॥ ૮ । ૩ । ૧૩૯॥ સૂત્રથી ते ને સ્થાને इકાર અને एકાર થાય ત્યારે सोहइ અને सोहए રૂપો સિદ્ધ થાય.।

स्वरादित्येव સ્વરથકી પર ख–घ વિગેરે અક્ષરો હોય તોજ ને થાય અન્યથી નહિ. જેમકે:—

संखो,

शंख શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨[illegible] કારનો सકાર થાય. ત્યારે संख થાય. ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना [illegible] डो થાય ત્યારે संखो રૂપ સિદ્ધ થાય.।

संघो,

संघ શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥૮।૩।૨॥ સૂત્રથી सिना સ્થા[illegible] डो થાય ત્યારે संघो રૂપ થાય.।



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कंथा,

कंथा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃત તેજ પ્રમાણે રૂપ થાય અર્થાત્ તેજ રહે.

बंधो,

बंध શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सि સ્થાને डो થાય ત્યારે बंधो રૂપ થાય. ।

खंभो,

स्तंभ શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૮ ॥ સૂત્રથી स्तनो ख થાય ત્યારે खंभ થાય પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે खंभो રૂપ સિદ્ધ થાય. ।

આ પાંચે ઉદાહરણોમાં ख घ વિગેરે અક્ષરોની પહેલાં અનુસ્વાર છે. અનુસ્વાર સ્વર ન ગણાય માટે ત્યાં ख घ વિગેરેનો ह થયો નથી. ।

अक्खइ,

आख्याति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી આકારનો અકાર થાય ત્યારે अख्याति થાય. ॥ ૮ ।૨। ૭૮ ॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે अखाति થાય. ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી खકાર બેવડો થાય ત્યારે अख्खाति થાય. ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ ख् કારનો क्કાર થાય. ત્યારે अक्खति થાય ॥ ૮ । ૪ । ૨૩૮ ॥ સૂત્રથી ધાતુમાં સ્વરોના સ્થાને સ્વરો બહુલં થાય છે ત્યારે अक्खति થાય ॥ ૮ । ૩ । ૧૩૯ ॥ સૂત્રથી तिના સ્થાને इ થાય ત્યારે अक्खइ રૂપ સિદ્ધ થાય.।

अग्घइ,

राजति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૪ । ૧૦૦ ॥ સૂત્રથી राजના સ્થાને अग्घ થાય ॥ ૮ । ૩ । ૧૩૯ ॥ સૂત્રથી तिના સ્થાને इકાર થાય ત્યારે अग्घइ રૂપ સિદ્ધ થાય.।

कत्थइ,

कत्थति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૩ । ૧૩૯ ॥ સૂત્રથી तिના સ્થાને इકાર થાય ત્યારે कत्थइ રૂપ સિદ્ધ થાય છે.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

सिद्धओ,

सिध्रक शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । २ । ७९ ॥ सूत्रथी रकारनो लोप थाय त्यारे सिधक थाय ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी धकार बेवडो थाय अने ॥ ८ । २ । ९० ॥ सूत्रथी पूर्व धकारनो दकार थाय त्यारे सिद्धक थाय ॥ ८ । १ । १७७ ॥ सूत्रथी ककारनो लोप थाय त्यारे सिद्धअ थाय ॥ ८ । ३ । २ ॥ सूत्रथी सिना स्थाने डो थाय त्यारे सिद्धओ रूप सिद्ध थाय.।

वन्धइ,

वन्ध धातु संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । ४ । २३९ ॥ सूत्रथी अकार आगम थाय त्यारे वन्ध थाय ॥ ८ । ३ । १३९ ॥ सूत्रथी तिना स्थाने इकार थाय त्यारे वन्धइ रूप सिद्ध थाय.।

लब्भइ,

लभ्यते संस्कृत रूप छे तेनुं प्राकृतमां ॥ ८ ।४। २४९ ॥ सूत्रथी गमादिना अंत्यनो कर्मणी तथा भावे प्रयोगमां द्वित्व विकल्पे थाय अने द्विर्भाव थाय त्यारे कर्मणी तथा भावे प्रयोगमां आवेल क्य (य) प्रत्ययनो लोप थाय त्यारे लभ्भ थाय पछी ॥ ८ । २ । ९० ॥ सूत्रथी पूर्व भकारनो बकार थाय त्यारे लब्भ थाय ॥ ८ । ३ । १३९ ॥ सूत्रथी तेने स्थाने इकार थाय त्यारे लब्भइ रूप सिद्ध थाय.।

अनादेरित्येव आदिमां न होय तोज ख-घ विगेरे अक्षरोनो ह थाय पण आदिमां होय तो न थाय जेमकेः—

गज्जन्ते खे मेहा,

गर्जंति खे मेघाः संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । ३ । १४२ ॥ सूत्रथी अन्तिना स्थाने अन्ते थाय त्यारे गर्जंते थाय ॥८।२।७९॥ सूत्रथी रकारनो लोप थाय त्यारे गजंते थाय ॥ ८ । २ । ८९ ॥ सूत्रथी जकार बेवडो थाय त्यारे गज्जन्ते रूप सिद्ध थाय शेषं पूर्ववत् त्यारे गज्जंते खे मेहा एटले आकाशमां मेघो गाजे छे आ ठेकाणे खे रूपमां खनो ह न थयो कारणके आदिमां ख छे माटे न थाय.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

गच्छइ घणो,

गच्छति घन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮।૩।૧૩૯ ॥ સૂત્રથી तिના સ્થાને इકાર થાય ત્યારે गच्छइ घन થાય ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે गच्छइ घण થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે गच्छइ घणो રૂપ સિદ્ધ થાય.।

प्रायःइत्येव મૂલમાં प्रायः એમ કહ્યું છે. તેથી અહીં ન થાય જેમકેઃ-

सरिसव खलो,

सर्षपखल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૧૦૫ ॥ સૂત્રથી र्ष એ જોડાક્ષરના અન્ય વ્યંજન થકી પૂર્વ इકાર વિકલ્પે થાય પછી ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી षકારનો सકાર થાય ત્યારે सरिसप खल થાય ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી पકારનો वકાર થાય ત્યારે सरिसव खल થાય ॥૮।૩।૨॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે सरिसव खलो રૂપ સિદ્ધ થાય.।

पलयघणो,

प्रलयघन શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે पलयघन थाय ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે पलयघण થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે पलयघणो રૂપ સિદ્ધ થાય.।

अथिरो,

अस्थिर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી सકારનો લોપ થાય ત્યારે अथिर થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે अथिरो રૂપ સિદ્ધ થાય.।

जिणधम्मो,

जिनधर्म શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે जिणधर्म થાય ॥૮।૨।૭૯॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે जिणधम थाय ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી मકાર બેવડો થાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે जिणधम्म થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે जिणधम्मो રૂપ સિદ્ધ થાય.।

पणट्ठ भओ,

प्रनष्ट भय શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે पनष्ट भय થાય ॥૮ ।૧। ૨૨૮॥ સૂત્રથી નકારનો ણકાર થાય ત્યારે पणष्ट भय થાય ॥ ૮ । ૨ । ૩૪ ॥ સૂત્રથી ष्टનો ठ થાય ત્યારે पणठ भय થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ઠકાર બેવડો થાય ત્યારે पणठ्ठ भय થાય ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ ઠકારનો ટકાર થાય ત્યારે पणट्ठ भय થાય ॥ ૮ । ૧ । ૧૭૭॥ સૂત્રથી યકારનો લોપ થાય ત્યારે पणट्ठ भअ થાય ॥ ૮ ।૩। ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે पणट्ठ भओ રૂપ સિદ્ધ થાય.।

नभं,

नभस् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮।૧।૧૧ ॥ સૂત્રથી સ્કારનો લોપ થાય ત્યારે नभ થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય ॥૮।૧।૨૩॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે नभं રૂપ સિદ્ધ થાય.।

## पृथक्कि धो वा: ॥८।१।१८८॥

पृथक् शब्दे थस्य धो वा भवति।

પૃથક્ શબ્દમાં રહેલા થકારનો ધકાર વિકલ્પે થાય.।

पिधं, पुधं, पिहं, पुहं,

पृथक् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૮ ॥ સૂત્રથી થકારનો વિકલ્પે ધકાર થાય ત્યારે पृधक् થાય ॥ ૮ । ૧ । ૧૩૭ ॥ સૂત્રથી ऋકારનો इકાર અને उકાર થાય ત્યારે पिधक् અને पुधक् થાય ॥૮।૧।૧૧॥ સૂત્રથી અંત્યવ્યંજનનો લોપ થાય ત્યારે पिध અને पुध થાય ॥૮।૩।૨૫॥ સૂત્રથી સિનો મ્કાર થાય ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે पिधं અને पुधं રૂપ થાય બીજા પક્ષમાં ॥૮।૧।૧૮૭॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

घकारनो हकार थाय त्यारे पिहं अने पुहं रूप थाय तेनी ॥ ८ । ३ । १३७॥ सूत्रमां साधनिका जोई लेवी.

## शृङ्खले खः कः ॥ ८ । १ । १८९ ॥

शृङ्खले खस्य को भवति । शलङ्ख शब्दमां खनो क कार थाय छे. ।

सङ्कलं,

शृङ्खल शब्द संस्कृत छे. तेनुं प्राकृतमां ॥ ८ । १ । १२६ ॥ सूत्रथी ऋकारनो अकार थाय त्यारे शङ्खल थाय ॥ ८ । १ । २६० ॥ सूत्रथी शकारनो सकार थाय त्यारे सङ्खल थाय पछी ॥ ८ । १ । १८९ ॥ सूत्रथी खकारनो ककार थाय त्यारे सङ्कल थाय ॥ ८ । ३ । २५ ॥ सूत्रथी सिनो म्‌कार थाय ॥ ८ । १ । २३ ॥ सूत्रथी म्‌कारनो अनुस्वार थाय त्यारे सङ्कलं रूप थाय.।

## पुन्नाग-भागिन्योर्गो मः ॥ ८ । १ । १९० ॥

अनयोर्गस्य मो भवति ।

अर्थः–आ शब्दोमां रहेला गकारनो मकार थाय छे. ।

पुन्नामाइं वसन्ते,

पुन्नागानि वसन्ते शब्द संस्कृत छे. तेनुं प्राकृतमां ॥८।१।१९०॥ सूत्रथी गकारनो मकार थाय. त्यारे पुन्नाम थाय. ॥ ८ ।३। २६ ॥ सूत्रथी जस् अने शस्‌ना स्थाने इं थाय. पूर्वनो स्वर दीर्घ थाय. त्यारे पुन्नामाइं थाय वसन्त तेने ङि प्रत्यय आवे पछी ॥ ८ ।३ ।११ । सूत्रथी अकार थकी पर सप्तमीना एकवचनना प्रत्यय ङि ने स्थाने डित् एवो एकार थाय. त्यारे पुन्नामाइं-वसन्ते रूप सिद्ध थाय. ।

भामिणी,

भागिनी शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥ ८ । १ । १९० ॥ सूत्रथी गकारनो मकार थाय. त्यारे भामिनी थाय. ॥ ८ । १ । २२८ ॥ सूत्रथी नकारनो णकार थाय. त्यारे भामिणी रूप सिद्ध थाय. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## छागे लः ॥ ८ । १ । १९१ ॥

छागे गस्य लो भवति ।

અર્થ:–छागમાં રહેલ ગકારનો લકાર થાય છે. ।

छालो छाली,

छाग શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૯૧ ॥ સૂત્રથી ગકારનો લકાર થાય. ત્યારે छाल થાય. ॥ ૮ ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય. ત્યારે छालो રૂપ સિદ્ધ થાય. સ્ત્રીલિંગમાં ઉપર પ્રમાણે छाल શબ્દ થયા પછી લૌકિક વ્યાકરણના "जातेरयांत्यनित्यंस्त्रीशूद्रात्" એ સૂત્રથી ङी પ્રત્યય થાય. ત્યારે छाली રૂપ સિદ્ધ થાય. ।

## ऊत्वे दुभर्ग सुभगे वः ॥८।१।१९२॥

अन्योरुत्वे गस्य वो भवति ।

અર્થ:–આ શબ્દમાં રહેલ उકારનો જ્યારે ऊકાર થાય ત્યારે ગકારનો વકાર થાય છે. ।

दूहवो,

दुर्भग શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ ।૧। ૧૩ ॥ સૂત્રથી रકારનો વિકલ્પે લોપ થાય ત્યારે दुभग થાય ॥ ૮ । ૧ । ૧૯૨ ॥ સૂત્રથી उકારનો ऊકાર થાય ત્યારે ગકારનો વકાર થાય ત્યારે दूभव થાય ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી ભકારનો हકાર થાય ત્યારે दूहव थाय ॥ ૮ । ૩ ।૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે दहवो રૂપ સિદ્ધ થાય. ।

सूहवो,

सुभग શબ્દને પણ પૂર્વવત્ સૂત્રો લાગે ત્યારે પ્રાકૃતમાં सूहवो રૂપ સિદ્ધ થાય. । ऊत्व इति किम् મૂલમાં ऊકાર થાય. એમ કહેલ હોવાથી જ્યાં ऊ ન થાય ત્યાં ગકારનો વકાર પણ ન થાય. જેમ કે:–

दुहओ सुहओ,

दुर्भग सुभग શબ્દો સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૧૩ ॥

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

સૂત્રથી दुहओ સાધેલ છે. ત્યાં જોવું. दुर्भग શબ્દને ॥૮।૨।૭૨॥ સૂત્રથી રકારનો લોપ થાય. ત્યારે दुभग થાય ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી भકારનો हકાર થાય. ત્યારે दुहग થાય.॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી गકારનો લોપ થાય અને ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે दुहओ રૂપ સિદ્ધ થાય.

## खचित-पिशाचयोश्चः स-ल्लौ वा ॥ ८ । १ । १९३ ॥

अनयोश्चस्य यथासंख्यं स-ल्ल इत्यादेशौ वा भवतः।

અર્થઃ-खचित અને पिशाच શબ્દમાં રહેલ ચકારના અનુક્રમે स અને ल्ल એવા બે આદેશ થાય છે.।

खसिओ खइओ,

खचित શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૯૩ ॥ સૂત્રથી ચકારનો सકાર થાય ત્યારે खसित થાય ॥ ૮।૧।૧૭૭॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે खसिअ થાય અને બીજા પક્ષે ચકાર અને तકારનો લોપ થાય ત્યારે खइअ થાય એવી રીતે તૈયાર થએલ खसिअ અને खइअने ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે खसिओ અને खइओ સિદ્ધ થાય.।

पिसल्लो पिसाओ,

पिशाच શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૯૩ ॥ સૂત્રથી ચકારનો ल्लકાર થાય ત્યારે पिशाल्ल થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે पिसाल्ल થાય ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી હ્રસ્વ થાય ત્યારે पिसल्ल થાય બીજા પક્ષમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રથી ચકારનો લોપ થાય ત્યારે पिसाअ થાય પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે पिसल्लो અને पिसाओ રૂપો સિદ્ધ થાય છે.।

## जटिले जो झो वा ॥ ८ ॥ १ । १९४ ॥

जटिले जस्य झो वा भवति। અર્થઃ—जटिल શબ્દમાં રહેલ जકારનો झકાર વિકલ્પે થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

झडिलो-जडिलो,

जटिल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૧૪ ॥ સૂત્રથી જકારનો झકાર વિકલ્પે થાય ત્યારે झटिल અને झटिल થાય ॥ ૮ । ૧ । ૧૯૫ ॥ સૂત્રથી ટકારનો ડકાર થાય ત્યારે झडिल અને जडिल થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે झडिलो ने जडिलो સિદ્ધ થાય. ।

## टो-डः ॥ ८ । १ । १९५ ॥

स्वरात्परस्यासंयुक्तस्यानादेष्टस्य डो भवति ।

અર્થઃ—સ્વર થકી પર જોડાઅક્ષર વિનાનો આદિ ન હોય એવા ટકારનો ડકાર થાય. ।

नडो-भडो-घडो,

नट-भट-घट શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૯૫ ॥ સૂત્રથી ટકારનો ડકાર થાય ત્યારે नड-भड અને घड થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે नडो भडो અને घडो એ રૂપો સિદ્ધ થાય છે.।

घडइ,

घटते સંસ્કૃત ક્રિયાપદ છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૯૫ ॥ સૂત્રથી ટકારનો ડકાર થાય પછી ॥ ૮ । ૧ । ૧૩૧ ॥ સૂત્રથી તેને સ્થાને इકાર થાય ત્યારે घडइ રૂપ સિદ્ધ થાય. ।

स्वरादित्येव સ્વરથકી પર હોય તોજ થાય એમ કેમ કહ્યું છે ? જેમકે घंटा ત્યાં ન થાય असंयुक्तस्येत्येव જોડાક્ષર રહિત હોવો જોઇએ જેમકેઃ—

खट्टा,

खट्वा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી वકારનો લોપ થાય ત્યારે खटा થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ટકાર બેવડો થાય ત્યારે खट्टा રૂપ સિદ્ધ થાય. ।

अनादेरित्येव આદિભૂત ન હોય એમ કહેલ છે માટે આદિમાં રહેલ ટકારનો ડકાર થાય નહિ,



P. P. Ac. Gunratnasuri M.S.                    Jin Gun Aaradhak Trust

टक्को,

टङ्क શબ્દ સંસ્કૃત છે તેને ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને ङो થાય ત્યારે टक्को રૂપ સિદ્ધ થાય.।

क्वचिन्न भवति ક્યાંય ટકારનો ડકાર ન પણ થાય અર્થાત્ નિયમ લાગુ પડતો હોય તો પણ જેમકેઃ-

अटइ,

अटति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૩ । ૧૩૯ ॥ સૂત્રથી તિના સ્થાને इકાર થાય ત્યારે अटइ રૂપ સિદ્ધ થાય છે.।

## सटा-शकट-कैटभे ढः ॥ ८ । १ । १९६ ॥

एषु टस्य ढो भवति।

અર્થઃ—આ શબ્દોમાં રહેલ ટકારનો ઢકાર થાય છે.।

सढा,

सटा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૯૬ ॥ સૂત્રથી ટકારનો ઢકાર થાય ત્યારે सढा રૂપ સિદ્ધ થાય છે.।

सयढो,

शकट શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૭ ॥ સૂત્રમાં સાધેલ છે ત્યાં જોઇ લેવું ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે सयढो રૂપ સિદ્ધ થાય.।

केढवो,

कैटभ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૪૮ ॥ સૂત્રથી જાણી લેવું ત્યાં केढवो રૂપ થાય છે.।

## स्फटिके लः ॥ ८ । १ । १९७ ॥

स्फटिके टस्य लो भवति।

અર્થઃ—स्फटिक શબ્દમાં ટકારનો લકાર થાય છે.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

फलिहो,

स्फटिक શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૧૮૬॥ સૂત્રમાં જોઈ લેવું ત્યાં फलिहो રૂપ સિદ્ધ થાય છે.।

## चपेटा-पाटौ वा ॥ ८ । १ । १९८ ॥

चपेटाशब्दे ण्यन्ते च पटि धातौ टस्य लो वा भवति।

અર્થઃ—चपेटा શબ્દ અને ण्यंत એવા पटि ધાતુના टનો વિકલ્પે लકાર થાય છે.।

चविला-चविडा,

चपेटा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૯૮ ॥ સૂત્રથી टકારનો लકાર થાય ત્યારે चपेला થાય ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી पકારનો वકાર થાય ત્યારે चवेला થાય ॥ ૮ ।૧। ૧૪૬ ॥ સૂત્રથી एકારનો इકાર થાય ત્યારે चविला થાય चविडा રૂપ ॥ ૮ । ૧ । ૧૪૬ ॥ સૂત્રમાં સાધેલ છે ત્યાં જોઈ લેવું.।

फालेइ फाडेइ,

पाटयति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૩૨ ॥ સૂત્રથી पકારનો फકાર થાય ત્યારે फाटयति થાય ॥ ૮ । ૧ । ૧૯૮ ॥ સૂત્રથી टકારનો વિકલ્પે लકાર થાય ત્યારે फालयति થાય ॥ ૮। ૩ । ૧૪૯ ॥ સૂત્રથી णिना સ્થાને अत्-एत्-आव्-आवे એવા ચાર આદેશો થાય છે તે નિયમે अयने સ્થાને ए કરવાથી फालेति થાય ॥ ૮ । ૩ । ૧૩૯ ॥ સૂત્રથી તેના સ્થાને इકાર થાય ત્યારે फालेइ થાય બીજા પક્ષમાં टो-डः સૂત્રથી फाडेइ રૂપ સિદ્ધ થાય.।

## ठो-ढः ॥ ८ । १ । १९९ ॥

स्वरात्परस्यासंयुक्तस्यानादेष्ठस्य ढो भवति।

અર્થઃ—સ્વરથકી પર જોડાક્ષર વિના આદિભૂત ન હોય એવા ठકારનો ढકાર થાય ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

मढो सढो,

मठ-शठ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૯૯ ॥ સૂત્રથી ठકારનો ढકાર થાય ત્યારે मढ અને शढ થાય ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી शકારનો सકાર થાય અને ॥ ૮ ।૩। ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે मढो અને सढो રૂપ થાય. ।

कमठो,

कमठ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૯૯ ॥ સૂત્રથી ठકારનો ढકાર થાય ત્યારે कमढ થાય ॥૮।૩।૨॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે कमढो રૂપ સિદ્ધ થાય. ।

कुढारो,

कुठार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮ ।૧। ૧૯૯ ॥ સૂત્રથી ठકારનો ढકાર થાય ત્યારે कुढार થાય ॥ ૮। ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે कुढारो રૂપ સિદ્ધ થાય. ।

पढइ,

पठति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૯૯ ॥ સૂત્રથી ठકારનો ढકાર થાય ત્યારે पढति થાય ॥ ૮ । ૩ । ૧૩૯ ॥ સૂત્રથી तिना સ્થાને इ થાય ત્યારે पढइ રૂપ સિદ્ધ થાય. ।

स्वरादित्येव સ્વરથકી પર હોય તોજ ठકારનો ढકાર થાય અન્યથા ન થાય જેમકે:—

वेकुंठो,

वैकुंठ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૪૮ ॥ સૂત્રથી ऐકારનો एકાર થાય ત્યારે वेकुंठ થાય ॥૮।૩।૨॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે वेकुंठो રૂપ સિદ્ધ થાય. ।

આ ઠેકાણે ठકારની પહેલાં અનુસ્વાર છે તે સ્વર ન કહેવાય માટે ढકાર ન થયો. ।

असंयुक्तस्येत्येव જોડાક્ષર વિના કહ્યું છે માટે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

चिट्ठइ,

तिष्ठति धातु संस्कृत छे तेनुं प्राकृतमां ॥८।४।२९८। सूत्रथी तिष्ठनुं चिष्ठ थाय ॥ ८ । ३ । १३९ ॥ सूत्रथी तिना स्थाने इ थाय त्यारे चिष्ठइ थाय ॥ ८ । २ । ७७ ॥ सूत्रथी षकारनो लोप थाय त्यारे चिठइ थाय॥ ८ । २ ।८९॥ सूत्रथी ठकार बेवडो थाय अने ॥ ८ । २ । ९० ॥ सूत्रथी पूर्व ठकारनो टकार थाय त्यारे चिट्ठइ रूप सिद्ध थाय.।

हिअये ठाइ,

परुष શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૩૨ ॥ સૂત્રથી पકારનો फકાર થાય ત્યારે फरुष થાય ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી षકારનો सકાર થાય ત્યારે फरुस થાય પછી ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે फरुसो રૂપ સિદ્ધ થાય.।

फलिहो फलिहा,

परिघ અને परिखा શબ્દો સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૩૨॥ સૂત્રથી पકારનો फકાર થાય ત્યારે फरिघ અને परिखा થાય ॥૮।૧।૨૫૪॥ સૂત્રથી रકારનો लકાર થાય ત્યારે फलिघ અને फलिखा થાય ॥૮।૧।૧૮૭॥ સૂત્રથી घકાર અને खકારનો हકાર થાય ત્યારે फलिह અને फलिहा થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે फलिहो રૂપ થાય એવી રીતે फलिहो અને फलिहा રૂપો સિદ્ધ થાય.।

फणसो,

पनस શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૩૨ ॥ સૂત્રથી पકારનો फકાર થાય ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે फणस થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिનો डो થાય ત્યારે फणसो થાય.।

फालिहद्दो,

पारिभद्र શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૩૨ ॥ સૂત્રથી पકારનો फકાર થાય ॥ ૮ । ૧ । ૨૫૪ ॥ સૂત્રથી रકારનો लકાર થાય ત્યારે फालिभद्र થાય ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી भકારનો हકાર થાય ત્યારે फालिहद्र થાય ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય પછી ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી दકાર બેવડો થાય ત્યારે फालिहद्द થાય ॥ ૮ । ૩ । ૨ ॥સૂત્રથી सिનો डो થાય ત્યારે फालिहद्दो સિદ્ધ થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## प्रभूते वः ॥ ८ । १ । २३३ ॥

प्रभूते पस्य वो भवति ।

અર્થઃ—પ્રભૂત શબ્દમાં રહેલ પકારનો વકાર થાય છે.।

वहुत्तं,

प्रभूत શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૨।૭૯॥ સૂત્રથી રકારનો લોપ થાય પછી ॥ ૮ । ૧ । ૨૩૩ ॥ સૂત્રથી પકારનો વકાર થાય ત્યારે वभूत થાય ॥૮।૧।૧૮૭॥ સૂત્રથી મકારનો હકાર થાય ત્યારે वहूत થાય ॥૮।૨।૮૯॥ સૂત્રથી તકાર બેવડો થાય ત્યારે वहूत्त થાય ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી ऊકાર હ્રસ્વ થાય ત્યારે वहुत्त થાય ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી સિનો મ્‌કાર થાય પછી ॥૮।૧।૨૩॥ સૂત્રથી મ્‌કારનો અનુસ્વાર થાય ત્યારે वहुत्तं રૂપ સિદ્ધ થાય.।

## नीपापीडे मो वा ॥ ८ । १ ॥ २३४ ॥

अनयोः पस्य मो वा भवति ।

અર્થઃ—આ બે શબ્દોમાંના પકારનો મકાર વિકલ્પે થાય છે.।

नीमो नीवो,

नीप શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૩૪ ॥ સૂત્રથી પકારનો વિકલ્પે મકાર થાય ત્યારે नीम થાય અને પક્ષે ॥ ૮ । ૧ । ૨૩૧ ॥ સૂત્રથી પકારનો વકાર થાય ત્યારે नीव થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે नीमो અને नीवो રૂપ સિદ્ધ થાય.।

आमेलो आवेडो,

आपीड શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૦૫ ॥ સૂત્રમાં સાધેલ છે ત્યાં જોઇ લેવું.।

## पापर्द्धौ रः ॥ ८ । १ । २३५ ॥

पापर्द्धावपदादौ पकारस्य रो भवति ।

અર્થઃ–પદની આદિ ન હોય તેવા पापर्द्धि શબ્દના પકારનો રકાર થાય છે.।

पारद्धी,

पापर्द्धि શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૩૫ ॥ સૂત્રથી બીજા પકારનો રકાર થાય ત્યારે पारर्द्धि થાય ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય ત્યારે पारद्धि થાય પછી ॥ ૮ ।૩। ૧૯ ॥ સૂત્રથી અંત્યસ્વર દીર્ઘ થાય ત્યારે पारद्धी રૂપ સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## फो भ. हौ ॥ ८ । १ । २३६ ॥

स्वरात्परस्यासंयुक्तस्यानादेः फस्य भ.हौ भवतः ।

અર્થ:—સ્વરથકી પર જોડાક્ષર વિના અને આદિ ન હોય એવા શબ્દોમાંના फનો भકાર થાય છે क्वचित् भः કોઈ વખત भકાર થાય છે.। रेभो,

रेफ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २३६ ॥ સૂત્રથી फકારનો भકાર થાય ત્યારે रेभ થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે रेभो રૂપ થાય.।

सिभा,

शिफा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે सिफा થાય ॥ ८ । १ । २३६ ॥ સૂત્રથી फકારનો भકાર થાય ત્યારે सिभा સિદ્ધ થાય क्वचित्तु हः કોઇ વખત हકાર થાય.।

मुत्ताहलं,

मुक्ताफल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २३६ ॥ સૂત્રથી फકારનો हકાર થાય ॥ ८ । २ । ७७ ॥ સૂત્રથી क्કારનો લોપ થાય ત્યારે मुताहल થાય ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી तકાર બેવડો થાય ત્યારે मुत्ताहल થાય ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી સિનો म्કાર થાય પછી ॥८।१।२३॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે मुत्ताहलं રૂપ સિદ્ધ થાય.।

क्वचिदुभावपि કોઈ વખત બંને પણ થાય.।

सभलं सहलं,

सफल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥८।१।२३६॥ સૂત્રથી फકારનો भકાર અને हકાર બંને થાય ત્યારે सभल અને सहल થાય ॥ ८ ।३। २५ ॥ સૂત્રથી સિનો म्કાર થાય ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે सभलं અને सहलं રૂપ થાય.।

सेभालिआ सेहालिआ,

सेफालिका શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી शકારનો सકાર થાય પછી ॥ ८ । १ । २३६ ॥ સૂત્રથી फકારનો भકાર અને हકાર થાય ત્યારે सेभालिका અને सेहालिका થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી कકારનો લોપ થાય ત્યારે सेभालिआ અને सेहालिआ રૂપ સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

सभरी सहरी,

शफरी શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી शકારનો सકાર થાય. પછી ॥ ८ । १ । २३६ ॥ સૂત્રથી फકારનો भકાર અને हકાર થાય. ત્યારે सभरी અને सहरी રૂપ સિદ્ધ થાય.।

गुभइ गुहइ,

गुफति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २३६ ॥ સૂત્રથી फકારનો भકાર અને हકાર થાય ત્યારે गुभति અને गुहति થાય. ॥ ८ ।३। १३९ ॥ સૂત્રથી तिના સ્થાને इ થાય ત્યારે गुभइ અને गुहइ થાય.।

स्वरादित्येव गुंफइ મૂલમાં સ્વર થકી પર એમ કહ્યું છે માટે गुंफतिનું गुंफइ થાય.।

असंयुक्तस्येत्येव पुप्फं જોડાક્ષર વિના એમ કહ્યું છે માટે पुष्पं તેનું पुप्फं રૂપ થાય.।

अनादेरित्येव આદિભૂત ન હોય તો થાય એમ કહ્યું છે તેથી સંસ્કૃતમાં तिष्ठति फणो તેનું चिट्ठइ फणी એવું રૂપ થાય.। प्राय इत्येव। प्रायः એ ગ્રહણ કર્યું છે તેથી સંસ્કૃતમાં कृष्ण फणी તેનું कसण फणी એવું રૂપ થાય છે.।

## बो वः ॥ ८ । १ । २३७ ॥

स्वरात्परस्यासंयुक्तस्यानादेर्बस्य वो भवति।

અર્થઃ—સ્વર થકી પર જોડાક્ષર વિના અને આદિભૂત ન હોય એવા बકારનો वકાર થાય.।

अलाबू अलाऊ,

अलाबू શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २३७ ॥ સૂત્રથી बકારનો वકાર થાય ત્યારે अलावू થાય. પક્ષે ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી वકારનો લોપ થાય ત્યારે अलाऊ થાય.।

सवलो,

शबल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २३७ ॥ સૂત્રથી बકારનો वકાર થાય ત્યારે सवल થાય. ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે सवल થાય. ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે सवलो રૂપ સિદ્ધ થાય.।

## बिसिन्या भः ॥ ८ । १ । २३८ ॥

बिसिन्यां बस्य भो भवति।

અર્થઃ–बिसिनी શબ્દમાં बકારનો भકાર થાય છે.।



P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

भिसिणी,

बिसिनी શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૩૮ ॥ સૂત્રથી बकारनो मकार થાય ત્યારે भिसिनी થાય ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नकारनो णकार થાય ત્યારે भिसिणी રૂપ સિદ્ધ થાય.।

स्त्रीलिङ्गनिर्देशादिह न भवति–बिसिनी એવો સ્ત્રીલિંગનો ઉચ્ચાર કરીને આદેશ કરેલો છે. તેથી આ ઠેકાણે ન થાય बिस-तन्तु पेलवाणं થાય बिस-तन्तु पेलवानां સંસ્કૃત છે ॥ ૮ । ૩ । ૬ ॥ સૂત્રથી आम्नो ण થાય પછી ॥ ૮।૩।૧૨ ॥ સૂત્રથી દીર્ઘ થાય ત્યારે बिस-तन्तु-पेलवाण થાય ॥૮।૧।૨૭॥ સૂત્રથી અન્તમાં અનુસ્વાર થાય ત્યારે बिस-तन्तु-पेलवाणं રૂપ સિદ્ધ થાય.।

## कबन्धे मयौ ॥ ८ । १ । २३९ ॥

कबन्धे बस्य म-यौ भवतः।

અર્થ:–कबन्ध શબ્દમાં રહેલ बकारनो मकार અને यकार થાય છે.।

कमन्धो कयन्धो,

कबन्ध શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૩૯ ॥ સૂત્રથી बकारनो मकार અને यकार થાય ત્યારે कमन्ध અને कयन्ध થાય ॥૮।૩।૨॥ સૂત્રથી સિનો डो થાય ત્યારે कमन्धो ને कयन्धो થાય.।

## कैटभे भो वः ॥ ८ । १ । २४० ॥

कैटभे भस्य वो भवति।

कैटभ શબ્દના भकारनो वकार થાય છે.।

केढवो,

कैटभ શબ્દ ॥ ૮ । ૧ । ૧૯૬ ॥ સૂત્રમાં સાધેલ છે ત્યાં જોઇ લેવું केढवो રૂપ થાય.।

## विषमे मो ढो वा ॥ ८ । १ । २४१ ॥

विषमे मस्य ढो वा भवति।

અર્થ:–विषम શબ્દમાં રહેલ मकारनो ढकार વિકલ્પે થાય છે.।

विसढो विसमो,

विषम શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી षकारनो सकार થાય ત્યારે विसम થાય ॥ ૮ । ૧ । ૨૪૧ ॥ સૂત્રથી मकारनो ढकार વિકલ્પે થાય ત્યારે विसढ અને विसम થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે विसढो અને विसमो રૂપ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## मन्मथे वः ॥ ८।१।२४२ ॥

मन्मथे मस्य वो भवति।

અર્થ:-मन्मथ શબ્દમાંના મકારનો વકાર થાય છે.।

वम्महो,

मन्मथ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૪૨ ॥ સૂત્રથી મકારનો વકાર થાય છે ત્યારે वन्मथ થાય. ॥૮।૨।૬૧॥ સૂત્રથી न्मनो મકાર થાય ત્યારે वमथ થાય ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી મકાર બેવડો થાય ત્યારે वम्मथ થાય ॥૮।૧।૧૮૭॥ સૂત્રથી થકારનો હકાર થાય ત્યારે वम्मह થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે वम्महो રૂપ થાય।

## वाभिमन्यौ ॥ ८।१।२४३ ॥

अभिमन्युशब्दे मो वो वा भवति।

अभिमन्यु શબ્દમાં રહેલ મકારનો વકાર વિકલ્પે થાય છે।

अहिवन्नू-अहिमन्नू

अभिमन्यु શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી ભકારનો હકાર થાય પછી । ૮ । ૧ । ૨૪૩ । સૂત્રથી મકારનો વકાર વિકલ્પે થાય ત્યારે अहिवन्यु અને अहिमन्यु થાય. ॥ ૮ । ૨ । ૮૭ ॥ સૂત્રથી યકારનો લોપ થાય ત્યારે अहिवनु અને अहिमनु થાય. ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ન કાર બેવડો થાય ત્યારે अहिवन्नु અને अहिमन्नु થાય. ॥૮।૩।૧૯॥ સૂત્રથી અંત્યસ્વર દીર્ઘ થાય ત્યારે अहिवन्नू અને अहिमन्नू રૂપ સિદ્ધ થાય।

## भ्रमरे सो वा ॥ ८।१।२४४ ॥

भ्रमरे मस्य सो वा भवति।

અર્થ:—भ्रमर શબ્દમાં રહેલ મકારનો स વિકલ્પે થાય।

भसलो-भमरो,

भ्रमर શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૯ ॥ સૂત્રથી રકારનો લોપ થાય પછી ॥ ॥૮।૧।૨૪૪॥ સૂત્રથી મકારનો સકાર વિકલ્પે થાય ત્યારે भसर અને भमर થાય ॥ ૮ । ૧ । ૨૫૪ ॥ સૂત્રથી રકારનો લકાર થાય ત્યારે भसल અને भमर થાય. ॥૮।૩।૨॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે भसलो અને भमरो રૂપો થાય.।

# आदेर्यो जः ॥८।१।२४५॥

पदादेर्यस्य जो भवति ।

અર્થ:—પદની આદિમાં રહેલ યકારનો જકાર થાય છે. ।

जसो–जमो–जाइ,

यशस्–यम–याति સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૪૯ ॥ સૂત્રથી યકારનો જકાર થાય ત્યારે जशस्–जम–जाति થાય. ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી શકારનો સકાર થાય ॥ ૮ । ૧ । ૧૧ ॥ સૂત્રથી અંત્ય स्કારનો લોપ થાય અને ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે जसो રૂપ થાય. ।

जम શબ્દને ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે जमो થાય છે.।

जातिने ॥ ૮ । ૩ । ૧૩૨ ॥ સૂત્રથી તિના સ્થાને इ થાય ત્યારે जाइ રૂપ સિદ્ધ થાય. ।

आदेरिति किम् ? પદની આદિમાં હોય તો એમ શા માટે ? જો એમ ન હોય તો ન થાય જેમકે:—

अवयवो.

अवयव શબ્દનું પ્રાકૃતમાં ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિનો डो થાય ત્યારે अवयवो રૂપ સિદ્ધ થાય ત્યાં જકાર ન થાય.।

विणओ

विनय શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી નકારનો ણકાર થાય ત્યારે विणय થાય. ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી યકારનો લોપ થાય ત્યારે विणअ થાય. ॥ ૮ ।૩। ૨ ॥ સૂત્રથી સિના સ્થાને डो થાય. ત્યારે विणओ રૂપ સિદ્ધ થાય. । बहुलाधिकारात्सोपसर्गस्यानादेरपि બહુલ અધિકાર હોવાથી ઉપસર્ગ સહીત હોવાથી પદની આદિમાં ન હોય તો પણ થાય. જેમકે:—

संजमो-संजोगो,

संयम અને संयोग શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥ ૮।૧।૨૪૯ ॥ સૂત્રથી યકારનો જકાર થાય ત્યારે संजम અને संजोग થાય પછી ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે संजमो–संजोगो થાય ।

अवजसो,

अपयशस् શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૪૯ ॥ સૂત્રથી યકારનો જકાર થાય ત્યારે अपजशस् થાય ॥ ૮ ।૧। ૨૩૧ ॥ સૂત્રથી પકારનો વકાર થાય ત્યારે अवजशस् થાય ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી શકારનો સકાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થાય ત્યારે अवजसस् થાય પછી ॥ ८ । १ । ११ ॥ સૂત્રથી स्‌કારનો લોપ થાય ત્યારે अवजस થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે अवजसो રૂપ થાય.। क्वचिन्न भवति કોઈ વખત ન પણ થાય.।

पओओ,

જેમકે:—प्रयोग શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે पयोग થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી यકારનો લોપ થાય અને गકારનો લોપ થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે पओओ રૂપ થાય.।

आर्षे लोपोऽपि આર્ષમાં આદિ यકારનો લોપ પણ થાય છે.।

अहक्खायं,

यथाख्यात શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં आर्षे यકારનો લોપ થાય ત્યારે अथाख्यात થાય ॥ ८ । १ । १८७ ॥ સૂત્રથી थકારનો हકાર થાય ત્યારે अहाख्यात થાય પછી ॥ ८ । १ । ८४ ॥ સૂત્રથી હ્રસ્વ થાય ત્યારે अहख्यात થાય ॥ ८ । २ । ७८ ॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે अहखात થાય ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી खકાર બેવડો થાય પછી ॥८।२।९०॥ સૂત્રથી પૂર્વ खકારનો कકાર થાય ત્યારે अहक्खात થાય ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી तકારનો લોપ થાય પછી ॥ ८ । १ । १८० ॥ સૂત્રથી અવર્ણનો यકાર થાય ત્યારે अहक्खाय થાય ॥८।३।२५॥ સૂત્રથી सिनो म्‌કાર થાય ॥८।१।२३॥ સૂત્રથી म्‌કારનો અનુસ્વાર થાય ત્યારે अहक्खायं રૂપ સિદ્ધ થાય છે.।

अहाजायं,

यथाजात શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં પૂર્વવત્ થાય ત્યારે अहाजायं રૂપ થાય.।

## युष्मद्यर्थपरे तः ८ । १ । २४६ ॥

युष्मच्छब्देऽर्थपरे यस्य तो भवति ।

અર્થ:—युष्मद् શબ્દનો અર્થ તું તમે થતો હોય તો તેના यनो त થાય છે.।

तुम्हारिसो,

युष्मादृश શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २४६ ॥ સૂત્રથી यકારનો तકાર થાય ત્યારે तुष्मादृश થાય. ॥ ८ । २ । ७४ ॥ સૂત્રથી ष्मनो म्ह થાય ત્યારે तुम्हादृश થાય. ॥ ८ । १ । १४२ ॥ સૂત્રથી ऋકારનો रिકાર આદેશ થાય ત્યારે तुम्हादृिश થાય. ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી दકારનો

P. P. Ac. Gunratnasuri M.S.                                   Jin Gun Aaradhak Trust

લોપ થાય ત્યારે तुम्हारिश થાય. ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે तुम्हारिस થાય. ॥ ૮ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે तुम्हारिसो થાય. ।

तुम्हकेरो,

युष्मदीय શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૪૬ ॥ સૂત્રથી यકારનો तકાર થાય ત્યારે तुष्मदीय થાય. ॥ ૮ । ૨ । ૭૪ ॥ સૂત્રથી ष्मનો म्ह થાય ત્યારે तुम्हदीय થાય. ॥ ૮ । ૨ । ૧૪૭ ॥ સૂત્રથી इदम् અર્થના પ્રત્યયનો केर આદેશ થાય ત્યારે तुम्हकेर થાય. ॥૮।૩।૨॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે तुम्हकेरो રૂપ થાય. ।

अर्थे पर इति किम् ? युष्मद् શબ્દનો તું કે તમે અર્થ થતો હોય તોજ આદી यનો तકાર થાય પણ જો એ અર્થ ન થતો હોય તો तકાર થાય નહિ જેમકેઃ—

जुम्हदम्ह पयरणं,

युष्मदस्मत् प्रकरण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૪૫ ॥ સૂત્રથી यકારનો जકાર થાય પછી ॥ ૮ । ૨ । ૭૪ ॥ સૂત્રથી ष्म અને स्मનો म्ह થાય ત્યારે जुम्हदम्ह થાય प्रकरण તેનું ॥૮।૨।૭૯॥ સૂત્રથી रકારનો લોપ થાય પછી ॥૮।૧। ૧૭૭॥ સૂત્રથી क્કારનો લોપ થાય ત્યારે पअरण થાય ॥ ૮ । ૧ । ૧૮૦ ॥ સૂત્રથી अवर्णનો यકાર થાય ત્યારે जुम्हदम्हपयरण થાય ॥૮।૩।૨૫॥ સૂત્રથી सिનો म्કાર થાય ॥ ૮।૧।૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે जुम्हदहम्ह पयरणं રૂપ સિદ્ધ થાય.।

## यष्टयां लः ॥ ८ । १ । २४७ ॥

यष्टयां यस्य लो भवति ।

અર્થઃ—यष्टि શબ્દમાં રહેલ यકારનો लકાર થાય છે.।

लट्ठी,

यष्टि શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૪૭ ॥ સૂત્રથી यકારનો लકાર થાય ત્યારે लष्टि થાય ॥ ૮ । ૨ । ૩૪ ॥ સૂત્રથી ष्टનો ठકાર થાય પછી ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી ठકાર બેવડો થાય ॥ ૮ । ૨ । ૯૦ ॥ સૂત્રથી પૂર્વ ठકારનો टકાર થાય ત્યારે लट्ठी થાય ॥૮।૩।૧૯॥ સૂત્રથી અંત્યસ્વર દીર્ઘ થાય ત્યારે लट्ठी રૂપ થાય છે.।

वेणुलट्ठी,

वेणुयष्टिનું પણ પૂર્વવત્ वेणुलट्ठी રૂપ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

उच्छु-लट्ठी,

इक्षुयष्टि શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં इक्षु શબ્દ ॥ ૮ । ૧ । ૧૯ ॥ સૂત્રમાં સાધેલ છે ત્યાં उच्छु થાય અને यष्टि પૂર્વવત્ સાધવો ત્યારે उच्छुलट्ठी રૂપ સિદ્ધ થાય. ।

महुलट्ठी,

मधुयष्टि શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ ।૧ । ૧૮૭ ॥ સૂત્રથી ધકારનો હકાર થાય ત્યારે महु થાય અને यष्टि પૂર્વવત્ ત્યારે महुलट्ठी રૂપ સિદ્ધ થાય. ।

## वोत्तरीयानीय-तीय-कृद्ये ज्जः ॥ ८ । १ । २४८ ॥

उत्तरीयशब्दे अनीयतीयकृद्यप्रत्ययेषु च यस्य द्विरुक्तो जो वा भवति।

અર્થ:—उत्तरीय શબ્દમાં અને अनीय-तीय તથા કૃદંતના य પ્રત્યયનો વિકલ્પે બેવડો जકાર થાય. ।

उत्तरिज्जं उत्तरीयं,

उत्तरीय શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૪૮ ॥ સૂત્રથી यકારનો બેવડો जકાર વિકલ્પે થાય ત્યારે उत्तरीज्ज થાય. ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી હ્રસ્વ થાય ત્યારે उत्तरिज्ज થાય. પક્ષે उत्तरिय રહે. ॥ ૮ । ३ । ૨૫ ॥ સૂત્રથી सिनो म्કાર થાય. ॥ ૮ । ૧ । ૨३ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે उत्तरिज्जं અને उत्तरीयं રૂપ થાય. ।

अनीय પ્રત્યયોનાં ઉદાહરણો:—

करणिज्जं करणीयं,

करणीय શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૪૮ ॥ સૂત્રથી यકારનો બેવડો जકાર વિકલ્પે થાય ત્યારે करणीज्ज થાય. ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી હ્રસ્વ થાય ત્યારે करणिज्ज પક્ષે करणीय શેષં પૂર્વવત્ करणिज्जं અને करणीयं રૂપો થાય. ।

विम्हयणिज्जं, विम्हयणीयं,

विस्मयनीयं શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૪ ॥ સૂત્રથી स्मनो म्ह થાય ત્યારે विम्हयनीय થાય ॥૮।૧।૨૨૮॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે विम्हयणीय થાય. શેષં પૂર્વવત્ विम्हयणिज्जं-विम्हयणीयं ।

जवणिज्जं-जवणीअं,

यापनीय શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૪ । ૪૦ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S.                    Jin Gun Aaradhak Trust

यापनो जव थाय. ॥૮।१।२२८॥ સૂત્રથી નકારનો णકાર થાય ત્યારે जवणीय થાય ॥ ૮ । १ । २४८॥ સૂત્રથી जકાર બેવડો થાય. ત્યારે जवणीज्ज थाय ॥ ८ । १ । ८४ ॥ સૂત્રથી હ્રસ્વ થાય ત્યારે जवणिज्ज થાય પક્ષે जवणीय ॥ ૮ । ३ । २५ ॥ સૂત્રથી સિનો મ્કાર થાય. ॥ ૮।१।२३ ॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે जवणिज्जं અને ॥ ૮ । १ । १७७ ॥ સૂત્રથી यકારનો લોપ કરી પૂર્વવત્ સૂત્રો લગાડવાથી जवणीअं રૂપ સિદ્ધ થાય છે.।

तीय પ્રત્યયનાં ઉદાહરણોઃ—

विइज्जो–वीओ,

द्वितीय શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७७ ॥ સૂત્રથી द્કારનો લોપ થાય. ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી तકારનો લોપ થાય. विईय થાય. ॥ ૮।१।२४८॥ સૂત્રથી जકાર બેવડો થાય. ત્યારે विईज्ज થાય. ॥ ८।१।८४॥ સૂત્રથી હ્રસ્વ થાય ત્યારે विइज्ज ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી સિંના સ્થાને डो થાય. ત્યારે विइज्जो રૂપ થાય બીજા પક્ષમાં ॥ ૮।२।७७ ॥ સૂત્રથી द્કાર લોપ થાય, ॥ ૮।१।१७७॥ સૂત્રથી तકારનો લોપ થાય અને समानानां तेन दीर्घः એ સૂત્રથી वीय થાય પછી ॥૮।१।१७७॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે वीअ થાય. ॥૮।३।२॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે वीओ રૂપ સિદ્ધ થાય.।

कृद्य–કૃદંતના य પ્રત્યયનાં ઉદાહરણઃ—

पेज्जा–पेआ,

पेया શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २४८॥ સૂત્રથી जકાર બેવડો यકારનો થાય ત્યારે पेज्जा રૂપ થાય બીજા પક્ષમાં ॥ ૮।१।१७७ ॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે पेआ રૂપ થાય.

## छायायां होऽकान्तौ वा ॥ ८ । १ । २४९ ॥

अकान्तौ वर्तमाने छायाशब्दे यस्य हो वा भवति ।

અર્થઃ–જેનો અર્થ કાન્તિ ન થતો હોય એવા छाया શબ્દના यનો हકાર વિકલ્પે થાય.।

वच्छस्स छाही वच्छस्स छाया,

वृक्षस्य छाया શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १२६ ॥ સૂત્રથી ऋકારનો अકાર થાય. ત્યારે वक्षस्य छाया થાય ॥૮।२।१७॥ સૂત્રથી क्षનો छકાર થાય ત્યારે वछ થાય. ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી छકાર બેવડો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

थाय. ॥ ८ । २ । ९० ॥ સૂત્રથી પૂર્વ છકારનો ચકાર થાય ત્યારે वच्छ થાય. ॥ ८ । ३ । १० ॥ સૂત્રથી ङस्‌ના સ્થાને स्स થાય ત્યારે वच्छस्स થાય. ॥ ८ । २ । २४९ ॥ સૂત્રથી छायाના यકારનો हકાર વિકલ્પે થાય ત્યારે छाह થાય. ॥ ८ । ३ । ३४ ॥ સૂત્રથી વિકલ્પે સ્ત્રી લિંગે ङी થાય ત્યારે छाही થાય ત્યારે वच्छस्सछाही પક્ષે वच्छस्सछाया સિદ્ધ થાય. ।

आतपाभावः અહીં છાયા એટલે તડકાનો અભાવ એવો અર્થ છે. ।

सच्छाहं सच्छायं,

सच्छाय શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ચાલતા સૂત્રથી यકારનો हકાર વિકલ્પે થાય ત્યારે सच्छाह અને सच्छाय થાય. ॥ ८ ।३। २५ ॥ સૂત્રથી સિનો म्‌કાર થાય. ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म्‌કારનો અનુસ્વાર થાય ત્યારે सच्छाहं અને सच्छायं રૂપો થાય. ।

अकान्ताविति किम्? कान्ति અર્થ થતો હોય તો ન થાય એમ કહેલ છે માટે જ્યાં छाया શબ્દનો અર્થ કાંતિ એવો થતો હોય ત્યાં यકારનો हકાર ન થાય જેમકે:—

मुहच्छाया,

मुखच्छाया શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १८० ॥ સૂત્રથી खકારનો हકાર થાય ત્યારે मुहच्छाया એમને એમ રહે, એટલે મુખની કાંતિ એવો અર્થ થાય છે માટે यકારનો हકાર ન થાય. कान्तिरित्यर्थः

## डाह वौ कतिपये ॥ ८ । १ । २५० ॥

कतिपये यस्य डाह व इत्येतौ पर्यायेण भवतः ।

અર્થ:—कतिपय શબ્દના यને સ્થાને અનુક્રમે डाह અને व એવા આદેશો થાય છે. ।

कइवाहं कइअवं,

कतिपय શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે कइपय થાય. ॥ ८ । १ । २३१ ॥ સૂત્રથી पકારનો वકાર થાય ત્યારે कइवय થાય. ॥ ८ । १ । २५० ॥ સૂત્રથી डाह થાય ત્યારે कइवाह થાય. બીજા પક્ષમાં ॥ ८ । १ । १७७ ॥ સૂત્રથી पકારનો લોપ થાય પછી ॥ ८ । १ । २५० ॥ સૂત્રથી यકારનો वકાર થાય ત્યારે कइअव થાય. ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી સિનો म्‌કાર થાય. ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી म्‌કારનો અનુસ્વાર થાય ત્યારે कइवाहं અને कइअवं રૂપો થાય.।



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## किरि भेरे रो डः ॥८।१।२५१॥

अनयो रस्य डो भवति । અર્થ:—આ બે શબ્દોના રકારનો ડકાર થાય છે.।
किडी भेडो,

किरि અને भेर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૫૧॥ સૂત્રથી રકારનો ડકાર થાય ત્યારે किडि અને भेड થાય. ॥૮।૩।૧૯॥ સૂત્રથી અંત્યસ્વર દીર્ઘ થાય ત્યારે किडी થાય. ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે भेडो રૂપ સિદ્ધ થાય.।

## पर्याणे डा वा ॥८।१।२५२॥

पर्याणे रस्य डा इत्यादेशो वा भवति ।

અર્થ:—पर्याण શબ્દમાં રહેલ રકારનો डा આદેશ વિકલ્પે થાય છે.।
पडायाणं पल्लाणं,

पर्याण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૫૨॥ સૂત્રથી રકારનો डा આદેશ થાય ત્યારે पडायाण થાય. બીજા પક્ષમાં ॥૮।૨।૬૮॥ સૂત્રથી र्यनो ल्ल થાય ત્યારે पल्लाण થાય. ॥૮।૩।૨૫॥ સૂત્રથી સિનો મ્કાર થાય. ॥૮।૧।૨૩॥ સૂત્રથી મ્કારનો અનુસ્વાર થાય ત્યારે पडायाणं અને पल्लाणं થાય.।

## करवीरे णः ॥८।१॥२५३॥

करवीरे प्रथमस्य रस्य णो भवति ।

અર્થ:—करवीर શબ્દના પ્રથમ રકારનો णકાર થાય છે.।
कणवीरो

करवीर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૫૩॥ સૂત્રથી રકારનો णકાર થાય ત્યારે कणवीर થાય. ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે कणवीरो રૂપ સિદ્ધ થાય.।

## हरिद्रादौ लः ॥८।१।२५४॥

हरिद्रादिषु शब्देषु असंयुक्तस्य रस्य लो भवति ।

અર્થ:—हरिद्रादिમાં રહેલ અસંયુક્ત રકારનો લકાર થાય છે.।
हलिद्दी,

हरिद्रा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૫૪॥ સૂત્રથી રકારનો લકાર થાય ત્યારે हलिद्रा થાય ॥૮।૨।૮૦॥ સૂત્રથી द्रनो રકાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિકલ્પે લોપાય ત્યારે हलिदा થાય પછી ॥ ૮ । ૨ । ૮૯ ॥ સૂત્રથી દકાર બેવડો થાય ત્યારે हलिद्दा થાય ॥ ૮ । ૩ । ૩૪ ॥ સૂત્રથી સ્રીલીંગમાં ङी થાય ત્યારે हलद्दी રૂપ થાય.।

दलिद्दाइ,

दरिद्राति શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૫૪ ॥ સૂત્રથી રકારનો લકાર થાય ત્યારે दलिद्राति થાય ॥ ૮ । ૨ । ૮૦ ॥ સૂત્રથી द्रના રેફનો લોપ થાય પછી ॥૮।૨।૮૯॥ સૂત્રથી દકાર બેવડો થાય ત્યારે दलिद्दाति થાય ॥ ૮ ।૩। ૧૩૯ ॥ સૂત્રથી तिના સ્થાને इકાર થાય ત્યારે दलिद्दाइ રૂપ થાય.।

दलिद्दो,

दरिद्र શબ્દ પૂર્વવત્ दलिद्द થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે दलिद्दो થાય.।

दालिद्दं,

दारिद्रय શબ્દ પૂર્વવત્ વિશેષ ॥૮।૨।૭૮॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે दालिद्द થાય ॥ ૮ ।૩। ૨૫ ॥ સૂત્રથી सिના સ્થાને म्કાર થાય ॥૮।૧।૨૩॥ સૂત્રથી म्કારના સ્થાને અનુસ્વાર થાય ત્યારે दालिद्दं રૂપ સિદ્ધ થાય.।

हलिद्दो,

हरिद्र શબ્દ પૂર્વવત્ हलिद्द થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिનો डो થાય ત્યારે हलिद्दो થાય.।

जहुट्ठिलो,

युधिष्ठिर શબ્દનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૯૬ ॥ સૂત્રમાં સાધનિકા થએલ છે ત્યાં જોવું.

सिढिलो,

शिथिर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃત ॥ ૮ । ૧ । ૨૧૫ ॥ સૂત્રમાં સાધેલ છે ત્યાં જોઇ લેવું.।

मुहलो,

मुखर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૭ ॥ સૂત્રથી खકારનો हકાર થાય ॥ ૮ । ૧ । ૨૫૪ ॥ સૂત્રથી रકારનો લકાર થાય ત્યારે मुहल થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે मुहलो રૂપ સિદ્ધ થાય છે.।

चलणो,

चरण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૫૪ ॥ સૂત્રથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રકારનો લકાર થાય ત્યારે चलण થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે चलणो રૂપ થાય.।

वलुणो,

वरुण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૫૪ ॥ સૂત્રથી રકારનો લકાર થાય ત્યારે वलुण થાય ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે वलुणो રૂપ થાય.।

कलुणो,

करुण શબ્દની સાધનિકા પૂર્વવત્ સાધવી ત્યારે कलुणो રૂપ થાય.।

इङ्गालो,

अङ्गार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૪૭ ॥ સૂત્રમાં इङ्गालो થાય છે ત્યાં જોવું.।

सक्कालो,

सत्कार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૨ । ૭૭ ॥ સૂત્રથી તકારનો લોપ થાય પછી ॥૮।૧।૨૫૪॥ સૂત્રથી રકારનો લકાર થાય ત્યારે सकाल થાય ॥ ૮ ।૨। ૮૯ ॥ સૂત્રથી કકાર બેવડો થાય ત્યારે सक्काल થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી સિના સ્થાને ડો થાય ત્યારે सक्कालो રૂપ થાય.।

सोमालो,

सुकुमार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૭૧ ॥ સૂત્રમાં સાધનિકા જોવી.।

चिलाओ,

किरात શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૮૩ ॥ સૂત્રમાં સાધનિકા થએલ છે ત્યાં જોવું चिलाओ થાય છે.।

फलिहा फलिहो,

परिखा અને परिघ શબ્દો સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૩૨॥ સૂત્રમાં સાધનિકા થએલ છે ત્યાં જોઈ લેવું.।

फालिहद्दो,

पारिभद्र શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃત ॥ ૮ । ૧ । ૨૩૨ ॥ સૂત્રમાં સાધનિકા થએલ છે ત્યાં જોવું.।

काहलो,

कातर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૧૪ ॥ સૂત્રમાં સાધનિકા થએલ છે ત્યાં જોવું.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

लुक्को,

रुग्ण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २५४ ॥ સૂત્રથી ककारनो लुकार थाय पछी ॥ ८ ।२। २ ॥ સૂત્રથી સંયુક્ત ककार थाय त्यारे लुक्क थाय ॥८।३।२॥ સૂત્રથી सिना स्थाने डो थाय त्यारे लुक्को રૂપ થાય છે.।

अवद्दालं,

अपद्वार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २३१ ॥ સૂત્રથી पकारनो वकार थाय त्यारे अवद्वार थाय ॥ ८ । २ । ७९ ॥ સૂત્રથી वकारनो लोप थाय त्यारे अवदार थाय ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી दकार બેવડો થાય ત્યારે अवद्दार थाय ॥ ८ । १ । २५४ ॥ સૂત્રથી रकारनो लकार थाय त्यारे अवद्दाल थाय ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिनो मकार थाय ॥ ८ । १ । २३ ॥ मकारनो अनुस्वार थाय त्यारे अवद्दालं રૂપ સિદ્ધ થાય છે.।

भसलो,

भ्रमर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २४४ ॥ સૂત્રમાં સાધનિકા થએલ છે ત્યાં જોઈ લેવું.।

जढलं जढलो,

जठर અને बठर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १९९ ॥ સૂત્રથી ठकारनो ढकार थाय त्यारे जढर अने बढर थाय ॥ ८ । १ । २५४ ॥ સૂત્રથી रकारनो लकार थाय त्यारे जढल अने बढल थाय ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिनो मकार थाय ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી मकारनो अनुस्वार थाय त्यारे जढलं थाय ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिना स्थाने डो थाय त्यारे बढलो રૂપ સિદ્ધ થાય.।

निहुलो,

निष्ठुर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ३४ ॥ સૂત્રથી ष्टनो ठकार थाय ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી ठकार બેવડો થાય ॥८।२।९०॥ સૂત્રથી પૂર્વ ठकारनो टकार थाय त्यारे निट्ठुर थाय ॥८।१। २५४॥ સૂત્રથી रकारनो लकार थाय त्यारे निट्ठुल थाय ॥८।३।२॥ સૂત્રથી सिनो डो थाय त्यारे निट्ठुलो રૂપ સિદ્ધ થાય છે.। इत्यादि.

आर्षे दुवालसङ्गं इत्याद्यपि, આર્ષમાં

दुवालसङ्गे,

द्वादशांग શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં द्वारे वा। એ સૂત્રથી द અને व જુદા કરી वनी પહેલાં उकार थाय त्यारे दुवादशांग थाय

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી शકારનો सકાર થાય અને આર્ષ હોવાથી दકારનો लકાર થાય ત્યારે दुवालसांग થાય ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી હ્રસ્વ થાય ત્યારે दुवालसंग થાય માગધી ભાષામાં પુલિંગમાં सि સહિત ॥૮।૪।૨૮૭॥ સૂત્રથી પૂર્વ अકારનો ए થાય ત્યારે दुवालसङ्गे રૂપ થાય છે.।

## स्थूले लो रः ॥ ८ । १ । २५५ ॥

स्थूले लस्य रो भवति।

અર્થઃ—स्थूल શબ્દમાં રહેલ लકારનો रકાર થાય છે.।

थोरं,

स्थूल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૧૨૪ ॥ સૂત્રમાં સાધનિકા છે ત્યાં જોવું.। कथं थूलभद्दो ? स्थूलभद्रनुं थूलभद्दो કેમ થાય ? ત્યાં स्थूर શબ્દને ॥ ૮ । ૧ । ૨૫૪ ॥ સૂત્રથી लકાર થાય શેષં પૂર્વવત્ थूलभद्दो રૂપ થાય છે.। स्थूरस्य हरिद्रादिलत्वे भविष्यति । स्थूल શબ્દને हरिद्रादि ગણમાં ગણી લઈ ॥ ૮ । ૧ । ૨૫૪ ॥ સૂત્રથી रનો ल કરવાથી સિદ્ધ થશે.।

## लाहल-लाङ्गल-लाङ्गुले वादेर्णः ॥ ८ । १ । २५६ ॥

एषु आदेर्लस्य णो वा भवति ।

અર્થઃ—આ શબ્દોમાં આદિ लકારનો णકાર વિકલ્પે થાય છે.।

णाहलो लाहलो,

लाहल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૫૬ ॥ સૂત્રથી लકારનો णકાર વિકલ્પે થાય છે ત્યારે णाहल અને लाहल થાય. ॥૮।૩।૨॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે णाहलो અને लाहलो રૂપ સિદ્ધ થાય.।

णङ्गलं लङ्गलं,

लाङ्गल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૮૪ ॥ સૂત્રથી હ્રસ્વ થાય ત્યારે लङ्गल થાય. ॥ ૮ । ૧ । ૨૫૬ ॥ સૂત્રથી लકારનો णકાર વિકલ્પે થાય ત્યારે णङ्गल અને लङ्गल થાય. ॥ ૮ । ૩ । ૨૫ ॥ સૂત્રથી सिનો म्‌કાર થાય. ॥ ૮ । ૧ । ૨૩ ॥ સૂત્રથી म्‌કારનો અનુસ્વાર થાય ત્યારે णङ्गलं અને लङ्गलं રૂપ સિદ્ધ થાય છે.।

णङ्गूलं लङ्गूलं,

लाङ्गूल શબ્દ સંસ્કૃત છે. પૂર્વવત્ સૂત્રો લાગવાથી णङ्गूलं અને लङ्गूलं રૂપ સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ललाटे च ॥ ८ । १ । २५७ ॥

ललाटे च आदेर्लस्य णो भवति ।

અર્થ:—લલાટ શબ્દમાં આદિ લકારનો ણકાર થાય છે. चकार आदेरनुवृत्त्यर्थः મૂળ સૂત્રમાં ચકારનું ગ્રહણ કર્યું છે તે આદિપદની અનુવૃત્તિ માટે ગ્રહણ કરેલ છે. ।

णिडालं णडालं,

લલાટ, શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૪૭ ॥ માં સાધનિકા થએલ છે ત્યાં જોવું. ।

## शबरे मः ॥ ८ । १ । २५८ ॥

शबरे वस्य मो भवति ।

અર્થ:—शबर શબ્દમાં રહેલ बકારનો મકાર થાય છે. ।

समरो,

शबर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૬૦ ॥ સૂત્રથી श કારનો સકાર થાય ત્યારે सबर થાય ॥ ૮ । ૧ । ૨૫૮ ॥ સૂત્રથી बકારનો મકાર થાય ત્યારે समर થાય ॥ ૮ । ૩ । ૨ ॥ સૂત્રથી सिना સ્થાને डोथाय ત્યારે समरो રૂપ સિદ્ધ થાય. ।

## स्वप्न-नीव्योर्वा : ॥ ८ । १ । २५९ ॥

अनयोर्वस्य मो वा भवति ।

અર્થ:-આ બે શબ્દોમાં વકારનો મકાર વિકલ્પે થાય. ।

सिमिणो, सिविणो,

स्वप्न સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૪૬ ॥ સૂત્રમાં સાધનિકા થએલ છે. ત્યાં सिविणो, सिमिणो થાય છે. ।

नीवी नीमी,

नीवी શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮ । ૧ । ૨૫૯ ॥ સૂત્રથી વિકલ્પે મકાર થાય ત્યારે नीमी અને नीवी રૂપો સિદ્ધ થાય છે.

## शषोः सः ॥ ८ । १ । २६० ॥

शकारषकारयोः सो भवति ।

અર્થ:-शકાર અને षકારનો सકાર થાય છે. ।

सद्दो,

(शકારનો सકાર થાય તેનાં ઉદાહરણો) शब्द સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

॥ ८ । १ । २६० ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે शब्द થાય ॥८।२।७९॥ સૂત્રથી वકારનો લોપ થાય ત્યારે सद થાય ॥ ८ । २ । ८९ ॥ સૂત્રથી दકાર બેવડો થાય ત્યારે सद्द થાય ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डोथाय ત્યારે सद्दो થાય.

क्कुसो,

कुश શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે कुस થાય. ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે कुसो રૂપ સિદ્ધ થાય.।

निसंसो,

नृशंस શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । १२८ ॥ સૂત્રથી ऋકારનો इકાર થાય ત્યારે निशंस થાય. ॥८।१।२६०॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે निसंस થાય. ॥ ८ । ३ । २ ॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે निसंसो રૂપ સિદ્ધ થાય.।

वंसो,

वंश શબ્દને પૂર્વવત્ સૂત્રો લાગવાથી वंसो રૂપ સિદ્ધ થાય.।

सामा,

श्यामा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । २ । ७८ ॥ સૂત્રથી यકારનો લોપ થાય પછી ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે सामा રૂપ સિદ્ધ થાય.।

सुद्धं,

शुद्ध શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે सुद्ध થાય ॥ ८ । ३ । २५ ॥ સૂત્રથી सिનો मકાર થાય ॥ ८ । १ । २३ ॥ સૂત્રથી मકારનો અનુસ્વાર થાય ત્યારે सुद्धं થાય.।

दस,

दश શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે दस થાય.।

सोहइ,

शोभते ધાતુ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ८ । १ । २६० ॥ સૂત્રથી शકારનો सકાર થાય ત્યારે सोभते થાય ॥ ८ । १ ।१८७॥ સૂત્રથી भકારનો हકાર થાય ત્યારે सोहते થાય ॥ ८ । ३ । १३९ ॥ સૂત્રથી तेના સ્થાને इ થાય ત્યારે सोहइ રૂપ સિદ્ધ થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

विसइ,

विंशति શબ્દને પૂર્વવત્ સૂત્રો લાગવાથી विसइ રૂપ સિદ્ધ થાય છે.।

(षકારનો सકાર થાય તેનાં ઉદાહરણો)

सण्डो,

षण्ड શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥८।१।२६०॥ સૂત્રથી षકારનો सકાર થાય ત્યારે सण्ड થાય ॥૮।૩।૨॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે सण्डो થાય છે.।

निसहो,

निकष- શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥८।१।१८६॥ સૂત્રમાં સાધનિકા થએલ છે ત્યાં જોવું.।

कसाओ,

कषाय શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥८।१।२६०॥ સૂત્રથી षકારનો सકાર થાય ત્યારે कसाय થાય ॥ ८।१।१७७॥ સૂત્રથી यકારનો લોપ થાય ॥૮।૩।૨॥ સૂત્રથી सिનો डो થાય ત્યારે कसाओ થાય.।

घोसइ,

घोषति ધાતુનું રૂપ છે તેનું પ્રાકૃતમાં ॥८।१।२६०॥ સૂત્રથી षકારનો सકાર થાય ત્યારે घोसति થાય ॥८।१।१३९॥ સૂત્રથી तिનો इકાર થાય ત્યારે घोसइ, રૂપ થાય છે.।

उभयोरपि, ष અને शકાર બંનેનો કયાંક એક સાથે પણ सકાર થાય.।

सेसो,

शेष શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥८।१।२६०॥ સૂત્રથી બંનેનો सકાર થાય ત્યારે सेस થાય ॥८।३।२॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે सेसो રૂપ થાય.।

विसेसो,

विशेष શબ્દને પૂર્વવત્ સૂત્રો લાગવાથી विसेसो રૂપ થાય.।

## स्नुषायां ण्हो न वा ॥८।१।२६१॥

स्नुषाशब्दे षस्य ण्हः णकाराक्रान्तो हो वा भवति।

અર્થઃ-स्नुषा શબ્દમાં રહેલ षકારનો ण्ह વિકલ્પે થાય णકાર યુક્ત ह થાય.।

सुण्हा सुसा,

स्नुषा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૬૧॥ સૂત્રથી षકારનો વિકલ્પે ण्ह થાય ત્યારે स्नुण्हा થાય ॥૮।૨।૭૮॥ સૂત્રથી नકારનો લોપ થાય ત્યારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

सुण्हा થાય પક્ષે ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી ષકારનો સકાર થાય ત્યારે सुसा થાય છે.।

## दशपाषाणे हः ॥ ८ । १ । २६२ ॥

दशन्शब्दे, पाषाणशब्दे च शषोर्यथादर्शनं हो वा भवति ।

અર્થઃ–આ બંને શબ્દોમાંના शकार અને षकारनो हकार વિકલ્પે થાય છે.।

दहमुहो दसमुहो,

दशमुख શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૬૨॥ સૂત્રથી शकारनो हकार થાય ત્યારે दह થાય બીજા પક્ષમાં ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી शकारनो सकार થાય ત્યારે दस થાય ॥૮।૧।૧૮૭॥ સૂત્રથી मुखना खकारनो हकार થાય ત્યારે मुह થાય ॥૮।૩।૨॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે दहमुहो અને दसमुहो રૂપો થાય.।

दहबलो दसबलो,

दशबलने પૂર્વવત્ સૂત્રોથી दह અને दस થાય પછી ॥૮।૩।૨॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે दहबलो અને दसबलो રૂપ થાય છે.।

दहरहो दसरहो,

दशरथ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮।૧।૧૮૭ ॥ સૂત્રથી थकारनो हकार થાય ત્યારે दशरह થાય શેષં પૂર્વવત્ સૂત્રો લાગે ત્યારે दहरहो અને दसरहो રૂપ થાય.।

दह दस,

दश શબ્દને પૂર્વવત્ સૂત્રો લાગવાથી दह અને दस રૂપ સિદ્ધ થાય.।

एगारह बारह तेरह,

एकादश द्वादश અને त्रयोदश શબ્દો ॥૮।૧।૨૧૯॥ માં સાધેલ છે ત્યાં જોવું.।

पाहाणो पासाणो,

पाषाण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮।૧।૨૬૨ ॥ સૂત્રથી षकारनो हकार થાય બીજા પક્ષે ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી षकारनो सकार થાય ત્યારે पाहाण અને पासाण થાય ॥૮।૩।૨॥ સૂત્રથી सिना સ્થાને डो થાય ત્યારે पाहाणो અને पासाणो રૂપ થાય.।

## दिवसे सः ॥ ८ । १ । २६३ ॥

दिवसे सस्य हो वा भवति ।

અર્થઃ—दिवसमांना सकारनो हकार વિકલ્પે થાય છે.।

दिवहो दिवसो,

दिवस શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૬૩॥ સૂત્રથી सकारनो हकार થાય ત્યારે दिवह પક્ષે दिवस ॥૮।૩।૨॥ સૂત્રથી सिनो डोथाय ત્યારે दिवहो અને दिवसो થાય.।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ह्रो घोनुस्वारात् ॥ ८ । १ । २६४

अनुस्वारात् परस्य हस्य घो वा भवति ।

અર્થ:—અનુસ્વાર થકી પર હકારનો ઘકાર વિકલ્પે થાય છે. ।

सिंघो सीहो,

सिंह શબ્દ ॥૮।૧।૧૯॥ સૂત્રથી मांसादेर्वा સૂત્રમાં सिंघो ને सीहो સાધેલ છે ત્યાં જોવું. ।

संघारो संहारो,

संहार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૬૪॥ સૂત્રથી હકારનો ઘકાર વિકલ્પે થાય ત્યારે संघार અને संहार થાય ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે संघारो અને संहारो રૂપ સિદ્ધ થાય क्वचित् अननुस्वारादपि કોઇવાર અનુસ્વાર સિવાય પણ घ થાય જેમકે–

दाघो,

दाह શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૬૪॥ સૂત્રથી હકારનો ઘકાર થાય ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે दाघो રૂપ સિદ્ધ થાય. ।

## षट्-शमी-शाव-सुधा-सप्तपर्णेष्वादेश्छः ॥ ८ । १ । २६६ ॥

एषु आदेर्वर्णस्य छो भवति ।

અર્થ:—આ શબ્દોમાં આદ વર્ણનો छકાર થાય છે. ।

छट्ठो–छट्ठी–छप्पओ–छंमुहो,

षट्–षष्ठी–षट्पद्–षण्मुख શબ્દો સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૬૫॥ સૂત્રથી આદિ षકારનો छકાર થાય તેમાં બહુવચન षट् शब्दस्य प्रत्ययांतस्यापि ग्रहणार्थं આદિ छકાર षण्णां पुरणः षष्टः षट्–कति–कतिपयात् थट् ॥૭।૧।૧૬૨॥ સૂત્રથી थट् પ્રત્યય થાય પછી तवर्गस्य श्चवर्गष्टवर्गाभ्यांयोगे चटवर्गौ ॥૧।૩।૬૦॥ એ સૂત્રથી थનો ठ થાય પછી षट् આ સૂત્ર વડે षકારનો छકાર થાય. ત્યારે ॥૮।૨।૭૭॥ સૂત્રથી ट्કારનો લોપ થાય પછી ॥૮।૨।૮૯॥ સૂત્રથી ठકાર બેવડો થાય ॥૮।૨।૯૦॥ સૂત્રથી પૂર્વ ठકારનો टકાર થાય ત્યારે छट्ठ થાય. ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને डो થાય ત્યારે छट्ठो થાય.

षष्ठीનું પૂર્વવત્ સૂત્રો લાગવાથી छट्ठी રૂપ થાય.

षट्पदમાં ॥૮।૧।૨૬૫॥ સૂત્રથી षકારનો छકાર થાય ત્યારે छट्पद થાય. ॥૮।૨।૭૭॥ સૂત્રથી ट्કારનો લોપ થાય પછી ॥૮।૨।૮૯॥ સૂત્રથી पકાર બેવડો થાય. ત્યારે छप्पद થાય ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી दકારનો લોપ થાય ત્યારે छप्पअ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થાય. ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને ङो થાય ત્યારે छप्पओ રૂપ સિદ્ધ થાય.।

षण्मुख શબ્દની ॥૮।૧.૨૫॥ સૂત્રમાં સાધનિકા થએલ છે ત્યાં જોઇ લેવી.

छमी

शमी શબ્દ સંસ્કૃત છે. તેનું પ્રાકૃતમાં ॥૮।૧.૨૬૫॥ સૂત્રથી शકારનો छ થાય ત્યારે छमी થાય.।

छावो

शाव શબ્દને ॥૮।૧.૨૬૫॥ સૂત્ર લાગવાથી शકારનો छકાર થાય ત્યારે छाव થાય પછી ॥૮।૩।૨॥ સૂત્રથી सिના સ્થાને डो થાય ત્યારે छावो રૂપ થાય.

छुहा,

सुधा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧.૨૬૫॥ સૂત્રથી सકારનો छ કાર થાય પછી ॥૮।૧.૧૮૭॥ સૂત્રથી धકારનો हકાર થાય ત્યારે छुहा રૂપ થાય.।

छत्तिवण्णो

सप्तपर्ण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧.૨૬૫॥ સૂત્રથી सકારનો छકાર થાય ત્યારે छप्तपर्ण થાય. ॥૮।૨।૭૭॥ સૂત્રથી पકારનો લોપ થાય પછી ॥૮।૨।૮૯॥ સૂત્રથી तકાર બેવડો થાય ત્યારે छत्तपर्ण થાય. ॥૮।૧।૨૩૧॥ સૂત્રથી पકારનો वકાર થાય ત્યારે छत्तवर्ण થાય. ॥૮।૨।૭૯॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે छत्तवण થાય. ॥૮।૨।૮૯॥ સૂત્રથી णકાર બેવડો થાય ત્યારે छत्तवण्ण થાય. ॥૮।૧।૪૯॥ સૂત્રથી त्तમાં રહેલ અકારનો इકાર થાય ત્યારે छत्ति-वण्ण થાય. ॥૮।૩।૨॥ સૂત્રથી सिના સ્થાને डो થાય छत्तिवण्णो રૂપ સિદ્ધ થાય.।

## शिरायां वा ॥ ८ । १ । २६६ ॥

शिरा शब्दे आदेश्छो वा भवति ।

અર્થઃ—शिरा શબ્દમાં રહેલ शકારનો छકાર વિકલ્પે થાય છે.।

छिरा–सिरा,

शिरा શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧.૨૬૬॥ સૂત્રથી વિકલ્પે श કારનો छકાર થાય. ત્યારે छिरा થાય બીજા પક્ષમાં ॥૮।૧।૨૬૦॥ સૂત્રથી सકાર થાય ત્યારે सिरा થાય છે.।

## लुग् भाजन-दनुज-राजकुलेजः सस्वरस्य नवा॥८।१।२६७॥

एषु सस्वर जकारस्य लुग् वा भवति ।

અર્થ:-આ શબ્દોમાં સ્વર સહિત जકારનો લુક્ વિકલ્પે થાય છે.।

भाणं भायणं

भाजन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧.૨૬૭॥ સૂત્રથી जકારનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિકલ્પે લોપ થાય ત્યારે માન થાય બીજા પક્ષમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી જકારનો લોપ થાય પછી ॥૮।૧।૧૮૦॥ સૂત્રથી અવર્ણનો યકાર થાય ત્યારે માયન થાય ॥ ૮ । ૧ । ૨૨૮ ॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે माण અને मायण થાય ॥૮।૩।૨૫॥ સૂત્રથી સિનો मूકાર થાય ॥૮।૧।૨૩॥ સૂત્રથી मूકારનો અનુસ્વાર થાય ત્યારે माणं અને मायणं, થાય છે. ।

दणुवहो दणुअवहो,

दनुजवध શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૬૭॥ સૂત્રથી જકારનો વિકલ્પે લોપ થાય ત્યારે दनुवध થાય બીજા પક્ષમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી જ કારનો લોપ થાય ત્યારે दनुअवध થાય ॥૮।૧।૨૨૮॥ સૂત્રથી नકારનો णકાર થાય ત્યારે दणुवध અને दणुअवध થાય ॥ ૮।૧।૧૮૭ ॥ સૂત્રથી धકારનો हકાર થાય પછી ॥૮।૩।૨॥ સૂત્રથી સિના સ્થાને डोથાય ત્યારે दणुवहो અને दणुअवहो રૂપ થાય. ।

राउलं रायउलं,

राजकुल શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૬૭॥ સૂત્રથી जકારનો વિકલ્પે લોપ થાય ત્યારે राकुल થાય બીજા પક્ષમાં ॥ ૮।૧।૧૭૭ ॥ સૂત્રથી ज કારનો લોપ થાય પછી ॥૮।૧।૧૮૦॥ સૂત્રથી અવર્ણનો યકાર થાય ત્યારે राउल અને रायउल થાય ॥૮।૩।૨૫॥ સૂત્રથી સિનો मूકાર થાય ॥૮।૧।૨૩॥ સૂત્રથી मूકારનો અનુસ્વાર થાય ત્યારે राउलं અને रायउलं થાય. ।

## व्याकरण-प्राकारागते कगोः ॥ ८ । १ । २६८ ॥

एषु कोगश्च सस्वरस्य लुग् वा भवति ।

અર્થઃ—આ શબ્દોમાં સ્વરસહિત क અને गનો વિકલ્પે લુક્ થાય. ।

वारणं वायरणं,

व्याकरण શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૬૮॥ સૂત્રથી સ્વરસહિત कકારનો લોપ થાય ત્યારે व्यारण થાય બીજા પક્ષમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી क કારનો લોપ થાય ત્યારે व्याअरण થાય ॥૮।૧।૧૮૦॥ સૂત્રથી અવર્ણનો યકાર થાય ત્યારે व्यायरण થાય ॥૮।૨।૭૮॥ સૂત્રથી यકારનો લોપ થાય ત્યારે वारण અને वायरण થાય ॥૮।૩।૨૫॥ સૂત્રથી સિનો मूકાર થાય ॥૮।૧।૨૩॥ સૂત્રથી मूકારનો અનુસ્વાર થાય ત્યારે वारणं वायरणं થાય. ।

पारो पायारो,

प्राकार શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮।૨ ।૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ત્યારે पाकार થાય ॥૮।૧।૨૬૮॥ સૂત્રથી સ્વરસહિત कકારનો લોપ

થાય ત્યારે पार થાય પછી બીજા પક્ષમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી कકારનો લોપ થાય પછી ॥ ૮ ।૧। ૧૮૦ ॥ સૂત્રથી અવર્ણનો यકાર થાય ત્યારે पायार થાય ॥૮।૩।૨॥ સૂત્રથી सिનો डो થાય ત્યારે पारो અને पायारो થાય. ।

आओ आगओ,

आगत શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૬૮॥ સૂત્રથી સ્વરસહિત गકારનો લોપ થાય ત્યારે आत થાય પછી ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે आअ થાય. બીજા પક્ષમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી तકારનો લોપ થાય ત્યારે आगअ થાય પછી ॥૮।૩।૨॥ સૂત્રથી सिના સ્થાને डोथाय ત્યારે आओ અને आगओ રૂપ થાય. ।

## किसलय-कालायस-हृदये यः ॥८।१।२६९॥

एषु सस्वरयकारस्य लुग् वा भवति ।

અર્થઃ-આ શબ્દોમાં સ્વરસહિત य કારનો લુક્ વિકલ્પે થાય છે. ।

किसलं किसलयं,

किसलय શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૬૯॥ સૂત્રથી સ્વર સહિત य કારનો લોપ વિકલ્પે થાય છે માટે किसल અને किसलय થાય ॥૮।૩।૨૫॥ સૂત્રથી सिનો म्કાર થાય ॥૮।૧।૨૩॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે किसलं અને किसलयं થાય. ।

कालासं कालायसं,

कालायस શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૬૯॥ સૂત્રથી य કારનો લોપ થાય ત્યારે कालास થાય વિકલ્પ પક્ષમાં कालायस થાય ॥૮।૩।૨૫॥ સૂત્રથી सिનો म्કાર થાય ॥ ૮।૧।૨૩ ॥ સૂત્રથી म्કારનો અનુસ્વાર થાય ત્યારે कालासं અને कालायसं થાય. ।

महण्णव समा सहिआ,

महार्णव समाः सहृदयाः શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૮૪॥ સૂત્રથી હ્રસ્વ થાય ત્યારે महर्णव થાય ॥ ૮।૨।૭૯ ॥ સૂત્રથી रકારનો લોપ થાય ॥ ૮।૨।૮૯ ॥ સૂત્રથી णકારનો બેવડો થાય ત્યારે महण्णव થાય समा सहृदया ॥૮।૧।૧૨૮॥ સૂત્રથી हृનો हि થાય ॥૮।૧।૨૬૯॥ સૂત્રથી य કારનો લોપ થાય અને ॥ ૮।૧।૧૭૭ ॥ સૂત્રથી दકારનો લોપ થાય ત્યારે सहिआ થાય जसशसो लुक् ॥૮।૩।૪॥ સૂત્રથી લુક્ થાય ॥ ૮।૩।૧૨ ॥ સૂત્રથી દીર્ઘ થાય ત્યારે महण्णव समा सहिआ રૂપ સિદ્ધ થાય. ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

जाला ते सहिएहिं घेप्पन्ति,

संस्कृत यस्मिन् ते सहृदयैर्गृह्यंते वाकय छे तेनुं प्राकृतमां यद् तेने आदेर्यो जः ए सूत्रथी यकारनो जकार थाय ॥८।१।११॥ सूत्रथी द्कारनो लोप थाय ॥८।३।६५॥ सूत्रथी ङे ने स्थाने आला आदेश थाय त्यारे जाला ते सहृदयै तेने ॥८।१।१२८॥ सूत्रथी हृनो हि थाय ॥८।१।१७७॥ सूत्रथी द कार अने ॥ ८।१। २६१ ॥ सूत्रथी यकारनो लोप थाय त्यारे सहिअ थाय ॥८।३।७॥ सूत्रथी भिस् ने स्थाने हिं थाय पछी ॥८।३।१५॥ सूत्रथी अकारनो ए कार थाय त्यारे जाला ते सहिएहिं थाय ग्रह धातुने ॥८।४।२५६॥ सूत्रथी घेप्प आदेश थाय क्य लुक् पछी घेप्पन्ति रूप थाय त्यारे जाला ते सहिएहिं घेप्पन्ति रूप थाय एटले समान हृदयवाला रसिक पुरुषोथी ते गुणो ग्रहण कराय छे.।

निसमणुप्पिअ हिअस्स हिअयं,

निशमनार्पित हृदयस्य हृदयं संस्कृत वाकय छे तेनुं प्राकृतमां ।८।१।२६०। सूत्रथी शकारनो सकार थाय त्यारे निसमनार्पितहृदयस्य हृदयं थाय पछी ॥८।१।२२८॥ सूत्रथी नकारनो णकार थाय वार्प्पौ ए सूत्रथी अर्पि धातुना अकारनो उकार थाय त्यारे निसमणुर्पित थाय ॥८।२।७९॥ सूत्रथी रकारनो लोप थाय पछी ॥८।२।८९॥ सूत्रथी पकार बेवडो थाय त्यारे निसमणुप्पित थाय ॥ ८।१।१७७ ॥ सूत्रथी तकारनो लोप थाय त्यारे निसमणुप्पिअ थाय हृदयस्य तेने ॥८।१।१२८॥ सूत्रथी हृनो हि थाय ॥८।१।१७७॥ सूत्रथी द कार अने ॥८।१।२६१॥ सूत्रथी यकारनो लोप थाय पछी ॥८।३।१०॥ सूत्रथी ङस्नो स्स थाय त्यारे निसमणुप्पिअ हिअस्स थाय हृदयं तेने ॥८।१।१२८॥ सूत्रथी हृनो हि थाय ॥८।१।१७७॥ सूत्रथी दकानो लोप थाय त्यारे हिअय पछी ॥८।३।२५॥ सूत्रथी सिनो म्कार थाय ॥८।१।२३॥ सूत्रथी म्कारनो अनुस्वार थाय त्यारे निसमणुप्पिअ हिअस्स हिअयं थाय तेनो अर्थ-जेने पोतानुं हृदय श्रवण करवामां अर्पेलुं छे, तेम अर्थ थाय.।

## दुर्गादेव्युदुम्बर-पादपतन-पादपीठेऽन्तर्दः ॥ ८।१।२७० ॥

एषु सस्वरस्य दकारस्य अन्तर्मध्ये वर्तमानस्य लुग् वा भवति।

अर्थः—आ शब्दोमां मध्यमां रहेल अने स्वर सहित दकारनो लोप विकल्पे थाय छे.।

दुग्गा-वी-दुग्गा-एवी,

दुर्गादेवी शब्द संस्कृत छे तेनुं प्राकृतमां ॥८।२।७९॥ सूत्रथी रकारनो

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લોપ થાય પછી ॥૮।૨।૮૯॥ સૂત્રથી गकार બેવડો થાય ॥૮।૧।૨૭૦॥ સૂત્રથી સ્વરસહિત दकारनो લોપ થાય ત્યારે दुग्गा-वी થાય બીજા પક્ષમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી दकारनो લોપ થાય ત્યારે दुग्गा-एवी રૂપ સિદ્ધ થાય.।

उम्बरो–उउम्बरो,

उदुम्बर શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥ ૮।૧।૨૭૦ ॥ સૂત્રથી दकारनो સ્વરસહિત લોપ થાય ત્યારે उम्बर થાય બીજા પક્ષમાં ॥ ૮।૧।૧૭૭ ॥ સૂત્રથી दकारनो લોપ થાય ત્યારે उउम्बर થાય ॥૮।૩।૨॥ સૂત્રથી सिना સ્થાને ડોથાય ત્યારે उम्बरो અને उउम्बरो રૂપ થાય. ।

पा–वडणं–पायवडणं,

पादपतन શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૭૦॥ સૂત્રથી સ્વર સહિત दकारनो લોપ થાય ત્યારે पा–पतन થાય. બીજા પક્ષમાં ॥૮।૧।૧૭૭॥ સૂત્રથી दकारनो લોપ થાય પછી ॥૮।૧।૧૮૦॥ સૂત્રથી अवर्णनो यकार થાય ત્યારે पाय થાય पतन શબ્દને ॥૮।૧।૨૩૧॥ સૂત્રથી पकारनो वकार થાય ॥૮।૪।૨૧૯॥ सद पतोडः સૂત્રથી तकारनो डकार થાય ત્યારે वडन થાય ॥૮।૧।૨૨૮॥ સૂત્રથી नकारनो णकार થાય. ત્યારે पावडण અને पायवडण થાય. ॥૮।૩।૨૫॥ સૂત્રથી सिनो म्‌કાર થાય. ॥૮।૧।૨૩॥ સૂત્રથી म्‌કારનો અનુસ્વાર થાય ત્યારે पावडणं અને पायवडणं રૂપો સિદ્ધ થાય.।

पावीढं–पायवीढं,

पादपीठ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૭૦॥ સૂત્રથી પૂર્વવત્ पा અને पाय થાય पीठनो ॥૮।૧।૨૩૧॥ સૂત્રથી पकारनो वकार થાય ત્યારે वीठ થાય ॥૮।૧।૧૯૯॥ સૂત્રથી ठकारनो ढकार થાય ત્યારે पा-वीढ અને पाय-वीढ થાય. ॥૮।૩।૨૫॥ સૂત્રથી सिनो म्‌કાર થાય.. ॥૮।૧।૨૩॥ સૂત્રથી म्‌કારનો અનુસ્વાર થાય ત્યારે पावीढं અને पाय–वीढं રૂપો થાય. अन्तरिति किम्‌ ? दुर्गादेव्यामादौ माभूत्‌ મૂલમાં અંતર (મધ્ય)નું ગ્રહણ કરેલ છે તેથી दुर्गादेवीમાં આદિ दकारनो લોપ ન થાય.

## यावत्तावज्जीवितावर्त्तमानावट-प्रावारक-देवकुलैवमेवे वः ॥ ८।१।२७१ ॥

यावदादिषु सस्वरवकारस्यान्तर्वर्तमानस्य लुग्‌ वा भवति ।

અર્થ–यावत्‌ આદિ શબ્દોમાં રહેલ સ્વરસહિત वकारनो વિકલ્પે લુક્‌ થાય.

जा–जाव,

यावत्‌ શબ્દ સંસ્કૃત છે તેનું પ્રાકૃતમાં ॥૮।૧।૨૪૫॥ સૂત્રથી यकारनो

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust